પાનાં: ૧૨+૧૦ કિંમત: રૂ. ૭.૦૦** તા.૩ માર્ચ ૨૦૨૪ રવિવાર

અમદાવાદ, વડોદરા, સુરત, રાજકોટ, ભુજ, મુંબઇ અને ન્યુયોર્કથી પ્રગટ થાય છે *

# ગુજરાત સમાચાર

તંત્રી : બાહુબલી શાહ ▸ સંવત ૨૦૮૦, શકે ૧૯૪૫, મહા વદ-૭, વર્ષ: ૪૬, અંક : ૪૮ ▸ ટેનં ૨૪૯૨૧૬૪૦, ફેક્સ : ૨૪૯૦૧૨૯૦ ▸ http://www.gujaratsamachar.com MUMBAI

મેનેજિંગ તંત્રી : શ્રેયાંસ શાંતિલાલ શાહ ▸ મુદ્રક અને પ્રકાશક : શ્રેયાંસ શાંતિલાલ શાહ, શાહ એન્ડ નાહર ઈન્ડસ્ટ્રિયલ એસ્ટેટ, લોઅર પરેલ, મુંબઈ-૧૩ ▸ પો.બો.નં. ૧૬૩૨૫, R.N.I. Reg. No. 46931/85

વાંચન વિશેષ

રવિપૂર્તિ

મિશન ૩૭૦ : ૧૬ રાજ્યો, બે કેન્દ્રશાસિત પ્રદેશમાં નરેન્દ્ર મોદી, અમિત શાહ, રાજનાથ સહિતના ઉમેદવારો ચૂંટણી મેદાનમાં

# ભાજપનો શંખનાદ : ૧૯૫ ઉમેદવારોની પહેલી યાદી જાહેર

નવી દિલ્હી, તા.૨

આગામી લોકસભા ચૂંટણીમાં પોતાના માટે ૩૭૦ અને એનડીએ માટે ૪૦૦થી વધુ બેઠકો પર વિજયના લક્ષ્યાંકની જાહેરાત કરનારા ભાજપે શનિવારે લોકસભા ચૂંટણી યુદ્ધનો શંખનાદ કરી દીધો છે. પહેલો ઘા રાણાનો કહેવતને અનુસરતા ભાજપે શનિવારે તેની ૧૯૫ ઉમેદવારોની પહેલી યાદી જાહેર કરી છે, જેમાં વડાપ્રધાન નરેન્દ્ર મોદી તેમની વારાણસી, ગૃહમંત્રી અમિત શાહ ગાંધીનગર તથા રાજનાથ લખનઉની તેમની બેઠકો પરથી ચૂંટણીના રણમાં ઉતરશે. આ સાથે ભાજપે ગુજરાતમાં ૧૫, ઉત્તર પ્રદેશમાં સૌથી વધુ ૫૧ ઉમેદવારોના નામ જાહેર કર્યા છે. ભાજપે પહેલી યાદીમાં ૩૪ મંત્રીઓને ચૂંટણી મેદાનમાં ઉતાર્યા છે.

## લોકસભા ચૂંટણી : પહેલી યાદીમાં ૩૪ મંત્રીઓ, બે પૂર્વ સીએમ, ૨૮ મહિલા, ૪૭ યુવાનો, ૨૭ એસસી, ૧૮ એસટી, ૫૭ ઓબીસી ઉમેદવાર

લોકસભાની ચૂંટણીની જાહેરાતની ઘડીઓ ગણાઈ રહી છે. ચૂંટણી પંચ ૧૩ માર્ચ પછી કોઈપણ સમયે ચૂંટણી કાર્યક્રમની જાહેરાત કરી શકે છે. એવામાં ભાજપે લોકસભા ચૂંટણીમાં એનડીએ માટે ૪૦૦થી વધુ બેઠકો જીતવા માટે ચૂંટણીની જાહેરાત પહેલાં જ ૧૯૫ બેઠકોની યાદી જાહેર કરી દીધી છે. ભાજપે શનિવારે જાહેર કરેલી પહેલી યાદીમાં પીએમ મોદી સહિત ૩૪ કેન્દ્રીય મંત્રીઓના નામનો સમાવેશ કરાયો છે.

ભાજપે શનિવારે સાંજે ૬.૦૦ વાગ્યે એક પ્રેસ કોન્ફરન્સનું આયોજન કર્યું હતું. પક્ષના રાષ્ટ્રીય મહાસચિવ વિનોદ તાવડેએ પ્રેસ કોન્ફરને સંબોધન કરતા કહ્યું કે, પીએમ મોદીના અધ્યક્ષપદે ૨૯ ફેબ્રુઆરીએ પક્ષના મુખ્યાલયમાં



યોજાયેલી કેન્દ્રીય ચૂંટણી સમિતિની બેઠકમાં ૧૬ રાજ્યો અને બે કેન્દ્રશાસિત પ્રદેશોની લોકસભા બેઠકો માટે ઉમેદવારોના નામને અંતિમરૂપ અપાયું છે, જેની જાહેરાત અમે આજે કરી રહ્યા છીએ.

ભાજપે જાહેર કરેલી પહેલી યાદીમાં પીએમ મોદી, ગૃહમંત્રી અમિત શાહ અને સંરક્ષણ મંત્રી રાજનાથ સિંહ તેમની વર્તમાન બેઠકો અનુક્રમે વારાણસી, ગાંધીનગર અને લખનઉ પરથી ચૂંટણી મેદાનમાં ઉતરશે. વધુમાં આ યાદીમાં ૨૮ મહિલાઓ, ૪૭ યુવાન નેતા, ૨૭ એસટી, ૧૮ એસટી અને ૫૭ ઓબીસી નેતાઓના નામ જાહેર

(અનુસંધાન ૬ટ્ઠે પાને)

ANTARA
GOLD & DIAMONDS
DADAR | BORIVALI | GOREGAON
TODAY'S GOLD RATE
₹ 57,780/-
PER 10 GRAMS OF 22KT
BIS HALLMARKED JEWELLERY
DIAMOND JEWELLERY
VVS-VS F-G QUALITY
CERTIFIED NATURAL DIAMONDS
DADAR 022 4041 5565 | BORIVALI 022 6811 5565

### કયા રાજ્યમાં કેટલા ઉમેદવાર

| | | | |
|---|---|---|---|
| ઉત્તર પ્રદેશ - | ૫૧ | તેલંગણા - | ૯ |
| પશ્ચિમ બંગાળ - | ૨૦ | દિલ્હી - | ૫ |
| મધ્ય પ્રદેશ - | ૨૪ | ઉત્તરાખંડ - | ૩ |
| ગુજરાત - | ૧૫ | જમ્મુ-કાશ્મીર- | ૨ |
| રાજસ્થાન - | ૧૫ | અરૂણાચલ પ્રદેશ - | ૨ |
| કેરળ - | ૧૨ | ગોવા - | ૧ |
| અસમ - | ૧૧ | ત્રિપુરા - | ૧ |
| ઝારખંડ - | ૧૧ | અંદામાન-નિકોબાર- | ૧ |
| છત્તીસગઢ - | ૧૧ | દમણ દિવ - | ૧ |

### કેરળની મલપ્પુરમ બેઠક પર ડૉ. અબ્દુલ સલામને ટિકિટ આપી ભાજપનો મુસ્લિમોને સંકેત

### ઉત્તર પ્રદેશમાં ૫૧ માંથી માત્ર ચાર નવા ચહેરાને સ્થાન, અજય મિશ્રા ટેની સહિત ૪૭ વર્તમાન સાંસદો યથાવત્

### દિલ્હીમાં ૭માંથી પાંચ સાંસદો બદલાયા

ભાજપે રાષ્ટ્રીય રાજધાની દિલ્હીમાં ૭માંથી પાંચ બેઠકો પર ઉમેદવારોના નામ જાહેર કર્યા છે, જેમાં મનોજ તિવારીને ફરી એક વખત ઉત્તર પૂર્વી દિલ્હીમાંથી તક અપાઈ છે જ્યારે બાકીના ચાર નેતાઓ રમેશ બિધૂડી, ડૉ. હર્ષવર્ધન, મીનાક્ષી લેખી અને પ્રવેશ વર્માની ટિકિટો કપાઈ છે. હવે દક્ષિણ દિલ્હી પરથી રામવીર બિધૂડી, ચાંદની ચોક પરથી પ્રવીણ ખંડેલવાલ, પશ્ચિમી દિલ્હી પરથી કમલજીત સેહરાવત તથા સુષ્મા સ્વરાજની પુત્રી બાંસુરી સ્વરાજ ચૂંટણી લડશે. ભાજપે હજુ પૂર્વી દિલ્હી અને ઉત્તર પશ્ચિમ દિલ્હી પર ઉમેદવારોના નામ જાહેર નથી કર્યા. વધુમાં દિલ્હીમાંથી વર્તમાન સાંસદ અને ક્રિકેટર ગૌતમ ગંભીરે પણ હવે ચૂંટણીના રાજકારણમાંથી નિવૃત્તિ લેવાની જાહેરાત કરી છે. એટલે કે દિલ્હીમાં લોકસભાની કુલ ૭ બેઠકોમાંથી ઓછામાં ઓછી પાંચ બેઠકો પર વર્તમાન સાંસદો કપાયા છે.



આપણને નદીઓના ત્રિવેણી સંગમની ખબર છે, પરંતુ વાતાવરણનો ત્રિવેણી સંગમ અમદાવાદીઓએ અને સંભવતઃ ગુજરાતના ઘણા બધા હિસ્સાએ શનિવારે અનુભવ્યો હતો. એક જ દિવસમાં શિયાળો, ઉનાળો અને ચોમાસુ રીતસરનું અનુભવાયું હતુ. રસ્તા પરના બાળકોએ જે બાળસહજ નિર્દોષતાથી આ ઋતુઓના ત્રિવેણી સંગમને સ્વીકાર્યો, અમદાવાદીઓએ પણ તે જ નિર્દોષતાથી સ્વીકાર્યો હતો. ચોમાસામાં મહેર બનતી વર્ષા આ વખતે કમોસમી વરસાદના સ્વરુપમાં કેટલાય માટે કહેર બની ત્રાટકી છે.

## અમેરિકામાં ભરતનાટ્યમ ડાન્સર અમરનાથ ઘોષની ગોળી મારીને હત્યા

ન્યુયોર્ક, તા. ૨

અમેરિકામાં ભારતીય મૂળના નાગરિકો પર હુમલામાં ઉત્તરોત્તર વધારો થઈ રહ્યો છે. વધુ એક હુમલામાં સેન્ટ લુઈસ, મિઝોરીમાં ૩૪ વર્ષીય ભારતીય ક્લાસિકલ ડાન્સરની ગોળી મારીને હત્યા કરવામાં આવી છે.

### ભારતના શિકાગો સ્થિત દૂતાવાસની ફોરેન્સિક રિપોર્ટ સહિતની તપાસ પર નજર

એક રિપોર્ટ મુજબ, કુચીપુડી અને ભરતનાટ્યમ ડાન્સર અમરનાથ ઘોષ ગત વર્ષે ડાન્સમાં પીએચડી કરવા માટે અમેરિકા સ્થળાંતરિત થયો હતો. તેની સેન્ટ લુઈસ એકેડમી અને સેન્ટ્રલ વેસ્ટ એન્ડના પડોશની



સરહદ નજીક ગોળી મારીને હત્યા કરવામાં આવી હતી. મૃતકની મિત્ર અને ટીવી અભિનેત્રી દેવોલિના ભટ્ટાચાર્જીએ ટ્વીટ કરીને આ વિશે માહિતી આપી હતી. સેન્ટ લુઈસ

(અનુસંધાન ૬ટ્ઠે પાને)

પાંચ જોગાણી ભાઈઓ વચ્ચેના સંપત્તિ વિવાદનો ૨૧ વર્ષે ઉકેલ

## અમેરિકન કોર્ટનો ગુજરાતી વેપારીને ચાર ભાઈઓને ૨૦,૦૦૦ કરોડ ચૂકવવા આદેશ

લોસ એન્જલસ, તા.૨

અમેરિકામાં લોસ એન્જેલસની કોર્ટે ગુજરાતી મૂળના પાંચ ભાઈઓનો ૨૧ વર્ષ જૂના કાનૂની કેસમાં ઐતિહાસિક ચુકાદો સંભળાવ્યો છે. અમેરિકામાં હીરા અને લોસ એન્જેલસમાં રિયલ એસ્ટેટમાં કરોડો રૂપિયાની સંપત્તિ એકત્ર કરનારા પાંચ ભાઈઓમાંથી હરેશ જોગાણીને અમેરિકન કોર્ટે અન્ય ચાર ભાઈઓ શશિકાંત, રાજેશ, ચેતન અને શૈલેષ જોગાણીને ૨.૫ અબજ ડોલર એટલે કે રૂ. ૨૦,૦૦૦ કરોડથી વધુનું વળતર ચૂકવવા આદેશ કર્યો છે. વધુમાં કોર્ટે હરેશ જોગાણીને દક્ષિણ કેલિફોર્નિયાની મિલકતના શૅર્સ પરસ્પર વહેંચવા પણ આદેશ આપ્યો છે. આ મિલકતમાં ૧૭,૦૦૦ એપાર્ટમેન્ટનો સમાવેશ થાય છે.અમેરિકામાં હરેશ જોગાણીએ તેમના ભાઈઓ સાથે લાંબા સમયથી ચાલી રહેલી ભાગીદારીનો ભંગ કર્યો હોવાના આરોપ હેઠળ આ કેસ ચાલતો હતો. પાંચ મહિનાની શ્રેણીબદ્ધ સુનાવણી પછી જ્યુરીએ આ સપ્તાહે હરેશ જોગાણીને તેમના ભાઈઓને વળતર આપવા આદેશ આપ્યો હતો. આ સાથે આ ચૂકાદો



અમેરિકન ન્યાયિક ઈતિહાસમાં દાયકાઓમાં સૌથી મોટા ચૂકાદામાંનો એક હોઈ શકે છે.

ગુજરાતના પ્રખ્યાત હિરા વેપારી પરિવારે તેમનો કારોબાર યુરોપ, આફ્રિકા, મધ્ય પૂર્વ અને અમેરિકા સુધી ફેલાવ્યો તથા ઉત્તરી અમેરિકામાં પોતાનો બેઝ બનાવ્યો. વર્ષ ૨૦૦૩માં નોંધાવેલી એક ફરિયાદ અનુસાર શશિકાંત ઉર્ફે શશિ જોગાણી ૧૯૬૯માં ૨૨ વર્ષની વયે કેલિફો નયા આવ્યા હતા. જ્યાં તેમણે સિંગલ કંપની તરીકે હીરા અને રીયલ એસ્ટેટનો કારોબાર શરૂ કર્યો.

૧૯૯૦ના દાયકાની શરૂઆતમાં મંદી આવતા શશિ જોગાણીને ભારે નુકસાન થયું અને પછી ૧૯૯૪ના ભૂકંપ પછી સ્થિતિ વધુ કથળી હતી, જેને પગલે તેમણે ભાઈઓને પોતાની કંપનીમાં ભાગીદાર બનાવ્યા હતા. ત્યાર પછી હરેશ અને તેમના પરિવારે કારોબારમાં ખરીદીની શ્રેણી શરૂ કરી અને ૧૭,૦૦૦ એપાર્ટમેન્ટનું સામ્રાજ્ય સ્થાપિત કર્યું હતું.

જોકે, આ કેસની ફરિયાદ મુજબ એક દિવસ હરેશે તેમના ભાઈઓને બળજબરીથી કંપનીના મેનેજમેન્ટમાંથી કાઢી મુક્યા અને ભાગ આપવાનો પણ ઈનકાર કરી

(અનુસંધાન ૬ટ્ઠે પાને)

### શશિએ ૨૦૦૩માં કેસ કર્યો હતો : હરેશને ૧૭,૦૦૦ એપાર્ટમેન્ટ સહિતની મિલકતોના શૅર્સ વહેંચવા પણ આદેશ

સરકાર કુલ ઉપજના ૪૦ ટકા ખરીદી કરે છે : કેન્દ્ર

## વિશ્વ વ્યાપાર સંગઠનમાં ભારતની હાંસી ઉડાડનારી થાઈ રાજદૂતની હકાલપટ્ટી

નવી દિલ્હી, તા.૨

વિશ્વ વ્યાપાર સંગઠનમાં ભારતની મજાક ઉડાવવાનું થાઈલેન્ડની રાજદૂતન ભારે પડી ગયું છે. ભારતના વિરોધના પગલે થાઈલેન્ડની સરકારે તેની હકાલપટ્ટી કરી છે. થાઈ રાજદૂતે ભારતની અનાજ સંગ્રહ પ્રણાલિની હાંસી ઉડાવી હતી. થાઈ રાજદૂત પિમચાનોક વોનકોર્પોન પિટફિલ્ડને ડબલ્યુટીઓના ૧૩મા ત્રિસ્તરીય મહાસંમેલનમાંને છોડીને થાઈલેન્ડ પરત ફરવા કહેવામાં આવ્યું છે.

### થાઈ પ્રતિનિધિ હાજર હોય તેવા ચર્ચાસત્રોમાં ભાગ લેવાનું ભારતે ટાળતા થાઈલેન્ડે બરતરફી કરવી પડી

થાઈલેન્ડના વિદેશ સચિવે તેમનું સ્થાન લીધું છે. અધિકારીએ જણાવ્યું હતું કે ભારતે મંગળવારે એક સલાહકાર સમિતિની બેઠકમાં પિટફિલ્ડની ટીકાને લઈને નિરાશા વ્યક્ત કરી હતી.

થાઈ રાજદૂતે નવી દિલ્હી પર આરોપ મૂક્યો હતો કે જાહેર વિતરણ પ્રણાલિ માટે લઘુત્તમ ટેકારુપ ભાવે (એમએસપી)એ ચોખાની ખરીદીનો કાર્યક્રમ લોકો માટે નથી, પરંતુ નિકાસ બજાર પર કબ્જો કરવા માટે છે.

થાઈ રાજદૂતની આ ટિપ્પણી પછી ભારતે થાઈલેન્ડની સરકાર સામે તેનો વિરોધ નોંધાવ્યો અને ડબલ્યુટીઓ પ્રમુખ, કૃષિ સમિતિના પ્રમુખ કેન્યા અને યુએઈ સમક્ષ પણ આ નિવેદન અંગે વિરોધ નોંધાવ્યો.



આ મુદ્દાને લઈને વિરોધ વ્યક્ત કરવામાં આવ્યા પછી ભારતીય સલાહકારોએ થાઈ પ્રતિનિધિ હાજર હોય તેવી ચર્ચાઓમાં ભાગ લેવાનો ઈન્કાર કરી દીધો હતો.

સરકારી અધિકારીએ જણાવ્યું હતું કે તેમણે તેમની વાત ખોટી

(અનુસંધાન ૬ટ્ઠે પાને)

લગ્ન સંબંધો હવે લાંબો સમય ટકતા નથી : અલ્લાહાબાદ હાઈકોર્ટ

## છૂટાછેડા સરળ બનાવવા હિન્દુ લગ્ન કાયદામાં સુધારો જરૂરી : હાઈકોર્ટ

લખનઉ, તા. ૨

છૂટાછેડાના મામલામાં પતિની તરફેણમાં ચુકાદો આપતી વખતે અલ્લાહાબાદ હાઈકોર્ટે રસપ્રદ ટિપ્પણી કરી હતી. હાઈકોર્ટે કહ્યું હતું કે પ્રેમ લગ્નો જેટલી સરળતાથી થઈ રહ્યા છે તેટલી જ ઝડપથી વિવાદ પણ થઈ રહ્યા છે. હાઈકોર્ટે કેન્દ્ર સરકારને વિનંતી કરી રહી કે તે સુપ્રીમ કોર્ટના ૨૦૦૬ના આદેશો મુજબ હિન્દુ લગ્ન કાયદામાં ફેરફારો કરે. સુપ્રીમે કહ્યું હતું કે લગ્ન વિચ્છેદની સ્થિતિ સુધારી શકાય તેમ ના હોય તો તેને છુટાછેડાના આધારના રૂપમાં રજુ કરવામાં આવે.

### પતિથી લાંબો સમય સુધી અલગ રહેવાના પત્નીના નિર્ણયને હાઈકોર્ટે ક્રૂરતા ગણીને છૂટાછેડાને મંજૂરી આપી

ઈલ્હાબાદ હાઈકોર્ટના ન્યાયાધીશ વિવેક કુમાર બિરલા અને ન્યાયાધીશ ડોનાડી રમેશની બેંચે કહ્યું હતું કે ૧૯૫૫માં જ્યારે હિન્દુ લગ્ન કાયદો ઘડવામાં આવ્યો ત્યારે લગ્નો અને સંબંધોને લઈને જે ભાવનાઓ અને સન્માન હતા તે અલગ હતા. આજે જે કઈ થઈ રહ્યું છે તે આ કાયદો ઘડાયો ત્યારે તેનું અનુમાન પણ નહીં લગાવાયું હોય. શિક્ષણ, આર્થિક સ્વતંત્રતા, જાતિગત દીવારોનું તુટવું, આધુનિકતા અને પશ્ચિમી સભ્યતાની અસરને કારણે આ બદલાવ આવ્યા છે. આજે સમાજ વધુ આઝાદ અને સ્વતંત્ર છે, જે માટે ઈમોશનલ સપોર્ટની જરૂરિયાત બહુ ઓછી રહી ગઈ છે. લવ મેરેજ હોય કે એરેંજ મેરેજ બદલાઈ રહેલી

(અનુસંધાન ૬ટ્ઠે પાને)

### દિલ્હીની વાત

#### યુપીમાં સાથી પક્ષો ભાજપ માટે માથાનો દુઃખાવો

નવીદિલ્હી, તા.૨

ઉત્તર પ્રદેશમાં ભાજપ એક પછી એક પ્રાદેશિક પક્ષો સાથે જોડાણ કરી રહ્યો છે પણ આ જોડાણ તેના માટે માથાનો દુઃખાવો બન્યું છે. યોગી આદિત્યનાથ યુપીની ૮૦માંથી ૭૪ લોકસભા બેઠકો પર ચૂંટણી લડવા મક્કમ છે તેથી પ્રાદેશિક પક્ષો માટે છ બેઠકો જ બચે છે. અનુપ્રિયા પટેલ, ઓમપ્રકાશ રાજભર, સંજય નિષાદ અને જયંત ચૌધરી એમ ચાર પ્રાદેશિક પક્ષો વચ્ચે છ બેઠકો કઈ રીતે વહેંચવી એ ભાજપ માટે મોટી મૂંઝવણ છે. ભાજપ ચારેયને બે-બે બેઠક આપે તો પણ તેની પાસે ૭૨ બેઠકો બચે કે જેના માટે યોગી તૈયાર નથી.

અનુપ્રિયા પટેલ અને જયંત ચૌધરી પોતાને રાજભર અને નિષાદની સમકક્ષ ગણાય તે માટે પણ તૈયાર નથી. તેમનું કહેવું છે કે, રાજભર-નિષાદને અપાય તેના કરતાં એક-એક બેઠક વધારે મળવી

(અનુસંધાન ૬ટ્ઠે પાને)

પાકિસ્તાનના પરમાણુ કાર્યક્રમ માટે સામગ્રી હોવાનો શક

## મુંબઈના ન્હાવા શેવા બંદરે ચીનથી કરાચી જતા જહાજને અટકાવાયું

મુંબઈ, તા.૨

મુંબઈના ન્હાવા શેવા બંદર ખાતે સુરક્ષા એજન્સીઓએ ચીનથી કરાંચી જહાજને આંતરીને તેમાંથી પાકિસ્તાનના પરમાણુ અને બેલેસ્ટિક મિસાઈલ કાર્યક્રમો માટે સંભવિત ઉપયોગ ધરાવતી સામગ્રી જપ્ત કરી હતી. માલ્ટાનો ધ્વજ ધરાવતા જહાજમાં ચોકસાઈ માટે જાણીતુ ઈટાલિયન બનાવટનું સીએમએ સીજીએમ એટ્ટીલા કમ્પ્યુટર ન્યુમરીકલ કંટ્રોલ (સીએનસી) મશીન લઈ જવાઈ રહ્યું હતું જેનો બેવડો ઉપયોગ ચિંતા ઉપજાવનારો છે. આ મશીનનો ઉપયોગ ઉત્તર કોરિયાએ પણ તેના પરમાણુ અને બેલેસ્ટિક મિસાઈલ કાર્યક્રમ માટે કર્યો હતો.

### આંતરરાષ્ટ્રીય નિયમોનો ભંગ કરીને ચીન- પાકિસ્તાન વચ્ચે શંકાસ્પદ પરમાણુ અને બેલેસ્ટિક મિસાઈલ સહયોગ

અતિશય ચોકસાઈ ધરાવતા સીએનસી મશીનો આંતરરાષ્ટ્રીય આર્મ્સ કંટ્રોલ નિયમાવલી વાસેનાર અરેન્જમેન્ટ હેઠળ આવે છે. એજન્સીઓની ચકાસણીમાં સામગ્રી છુપાવવા અપનાવાયેલી વિવિધ વિસંગતીઓ બહાર આવી હતી. અગાઉ ચીનથી પાકિસ્તાન જતી બેવડા ઉપયોગની વસ્તુઓની જપ્તીએ ચિંતા સર્જી છે. ચાલી રહેલી તપાસનો હેતુ પ્રાપ્તકર્તા પાકિસ્તાનની ડીફેન્સ સાયન્સ એન્ડ ટેકનોલોજી ઓર્ગેનાઈઝેશન સાથે સંકળાયેલા છે કે કેમ તે શોધવાનો છે.

જહાજમાંથી ઝડપાયેલા દસ્તાવેજો અનુસાર મોકલનારનું નામ હતું શાંઘાઈ જેએક્સઈ ગ્લોબલ લોજિસ્ટિક્સ કં. લિ. અને પ્રાપ્તકર્તાનું નામ હતું સિયાલકોટ સ્થિત પાકિસ્તાન વિંગ્સ પ્રા.લિ. જો કે વધુ તપાસ પછી જાણ થઈ કે ૨૨,૧૮૦ કિલોની આ સામગ્રી પાકિસ્તાનમાં કોસ્મોસ એન્જિનીયરીંગ માટે તાઈયુઆન માઈનિંગ ઈમ્પોર્ટ દ્વારા મોકલવામાં આવી હતી.

આ પ્રથમ કિસ્સો નથી જ્યારે ભારતીય બંદરના અધિકારીઓએ ચીનથી પાકિસ્તાન મોકલાતી બેવડા વપરાશની સામગ્રી જપ્ત કરી હોય. અગાઉ ૧૨ માર્ચ, ૨૦૨૨માં પણ ભારતીય એજન્સીઓએ ઈટાલિયન બનાવટના થર્મોઈલેક્ટ્રિક સાધનો જપ્ત કર્યા હતા અને ત્યારથી જ

(અનુસંધાન ૬ટ્ઠે પાને)

એક લાખ લોકો રેલીમાં જોડાશે : ભાજપ

## ૭મીએ શ્રીનગરમાં મોદીની રેલી, ૩૭૦ રદ થયા બાદ પ્રથમ મુલાકાત

શ્રીનગર, તા. ૨

વડાપ્રધાન નરેન્દ્ર મોદી કલમ ૩૭૦ રદ કર્યા બાદ પ્રથમ વખત શ્રીનગરની મુલાકાત માટે જઈ રહ્યા છે. ભાજપને એવી આશા છે કે મોદીની રેલીમાં એક લાખ લોકો જોડાઈ શકે છે. સાતમી માર્ચે મોદી શ્રીનગરમાં બક્ષી સ્ટેડિયમમાં રેલીને સંબોધશે.

### કાશ્મીરીઓમાં મોદી પ્રત્યેનો વિશ્વાસ વધ્યો છે જે આ રેલીમાં જોવા મળશે : સુનિલ શર્મા


શ્રીનગરમાં મોદીની રેલીને લઈને સ્થાનિક ભાજપ નેતાઓ દ્વારા બેઠક યોજવામાં આવી હતી. ભાજપના જમ્મુ કાશ્મીરના પ્રવક્તા અલ્તાફ ઠાકુરે મીડિયાને જણાવ્યું હતું કે મોદીની રેલીની તૈયારીઓને ધ્યાનમાં રાખીને અમે બેઠક યોજી હતી. અમને આશા છે કે આ મેગા રેલીમાં જમ્મુ કાશ્મીરના એક લાખથી વધુ લોકો જોડાશે.

જ્યારે ભાજપના નેતા અને કાશ્મીરના ઈન્ચાર્જ સુનિલ શર્માએ કહ્યું હતું કે આ એક વિશાળ રેલી હશે, અમે બેઠકમાં તમામ જિલ્લાના પ્રમુખ અને નેતાઓને સામેલ કર્યા હતા.

બેઠકમાં રેલીમાં આવનારા લોકોની સંખ્યા પર ચર્ચા કરવામાં

(અનુસંધાન ૬ટ્ઠે પાને)

### બેધડક -મંજૂલ




હાઈકમાન્ડને મેં જ કહેલું કે મને ટિકિટ ના આપશો !

દાનની અપીલ માનવતાની માવજત એજ ધર્મ

૨૦૦૮ થી નવજ્યોત અંધજન મંડળ સંસ્થા દ્વારા પાલડી અમદાવાદમાં હાલ ભાડાના બે મકાનમાં છાત્રાલય ચલાવવામાં આવે છે. અને ગામડાઓમાંથી અમદાવાદમાં કોલેજમાં ભણવા આવતા અને નાનીનાની નોકરી કરવા આવતા અંધજન ભાઈઓ/બહેનોને ફ્રીમાં રહેવા/જમવાની સગવડ પુરી પાડવામાં આવે છે.

એમના માટે

ચા નાસ્તો રૂા.૨૦૦૦/- | સાદુ ભોજન રૂા.૪૦૦૦/- | મિષ્ઠાન ભોજન રૂા.૮૦૦૦/-

એક દિવસનો ભોજન ખર્ચ રૂા.૧૪,૦૦૦/-

સંસ્થા દ્વારા વર્ષ ૨૦૧૬માં ૨૦ અંધજન પરિવારોને અનાજ કરીયાણાની રાશન કીટ ફ્રીમાં આપવાનું શરૂ કર્યું હતું જેનો લાભ હાલમાં સમગ્ર ગુજરાતનાં ૬૦૦ પરિવારોને આ રાશન કીટનું વિતરણ દર મહિનામાં એકવાર ફ્રીમાં કરવામાં આવે છે.

- ૧ કુટુંબ ૧ માસ માટે રૂા. ૧,૫૦૦/- • એક વર્ષ માટે રૂા. ૧૮,૦૦૦/-
- ૫ કુટુંબ ૧ માસ માટે રૂા. ૭,૫૦૦/- • એક વર્ષ માટે રૂા. ૯૦,૦૦૦/-
- ૧૦ કુટુંબ ૧ માસ માટે રૂા. ૧૫,૦૦૦/-
- ૨૦ કુટુંબ ૧ માસ માટે રૂા. ૩૦,૦૦૦/-
- ૫૦ કુટુંબ ૧ માસ માટે રૂા. ૭૫,૦૦૦/-
- ૧૦૦ કુટુંબ ૧ માસ માટે રૂા. ૧,૫૦,૦૦૦/-

NAVJYOT ANDHJAN MANDAL ના વધુ વિડીયો જોવા માટે YouTube માં ચેનલને સર્ચ કરો, લાઇક કરો, શેર કરો અને સબસ્ક્રાઇબ કરો.

આ સંસ્થા દાતાઓના દાન થી ચલાવવામાં આવે છે અન્ય કોઈ સહાય મળતી નથી. ચાલો સાથે મળીને વધુ ને વધુ અંધજન ભાઇઓ/બહેનોને મદદ કરીએ.

દાતાઓને ઈન્કમટેક્ષમાં રાહત મળશે.

સંસ્થાની વેબસાઈટ પર જઈને દાન કરો અને ઓનલાઈન રસીદ મેળવો
www.navjyotandhjanmandal.org

SCAN HERE TO PAY

BANK DETAILS FOR ONLINE DONATION
NAVJYOT ANDHJAN MANDAL
Bank Name : HDFC Bank
Account No. : 50-1002-3940-6592
Branch : Paldi, Ahmedabad-7.
IFSC Code : HDFC0000299

બેંકમાં ઓનલાઈન આપેલ દાનની રસીદ મેળવવા સંસ્થાને સંપર્ક કરો.

નવજ્યોત અંધજન મંડળ. Mo.: 9726884422
ખોડિયાર માતાના મંદિર પાસે, પાલડી ગામ, અમદાવાદ-૦૭

## ગૂગલની A.I. કંપની 'જેમીની'ના છબરડાથી પ્રતિષ્ઠા ખરડાઈ

# ગૂગલના સીઈઓ તરીકે સુંદર પિચાઈને રાજીનામું આપવું પડે તેવી શક્યતા

અમદાવાદ, તા. ૨

ગુગલના સી.ઈ.ઓ. તરીકે સુંદર પિચાઈને રાજીનામુ આપવું પડે તે પ્રકારનું વાતાવરણ કંપનીમાં સર્જાયું છે. ગુગલની આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ (એ.આઈ) કંપની 'જેમીની'એ છેલ્લા કેટલાક દિવસોમાં વિશ્વના મહાનુભાવો અંગેનો પ્રતિભાવ પુછાતા જે અપમાનજક કોમેન્ટ કરી તેના પગલે 'જેમીની' સામે ભારે રોષ તો પ્રગટ્યો જ પણ એ.આઈ.ની રેસમાં ગુગલની વિશ્વસનિયતા પર ફટકો પડ્યો છે. તેના શેરની વેલ્યુને પણ નોંધપાત્ર નકારાત્મક અસર થઈ છે.

## ટેકનોજગતના વિશ્લેષકોનો મત: સુંદર પિચાઈના નેતૃત્વમાં A.I.ની રેસમાં ગૂગલ ઘણું પાછળ રહી ગયું છે

'જેમીની' માત્ર ભારતના વડાપ્રધાન મોદી કે ટેસ્લાના વડા મસ્ક માટે જ બેફામ તારણો નથી આપતું પણ અન્ય કેટલાક જોબમાં પણ તે ધાર્યું કામ પાર નથી પાડતું તેમજ પૂર્વગ્રહ સાથેની ટેક્સ્ટ આપે છે.

હવે પછીના યુગમાં એ.આઈ. ક્ષેત્રમાં જે મેદાન મારશે તેનું વિશ્વ પર પ્રભુત્વ હશે આ માટે ઓપન આઈ, ગુગલ, મેટા, ટેસ્લા, એમેઝોન, માઈક્રોસોફ્ટ, નીવિડિયા, એપલ વચ્ચે કટ્ટી સ્પર્ધા છે. જે માટે ટેકનોલોજીની રીતે એડવાન્સ હોવું તે માત્ર જ નહીં પણ વિશ્વસનિયતા પૂરવાર કરવી પણ અત્યંત જરૂરી બની રહેશે. ગુગલના એ.આઈ.ના 'જેમીની' પ્રોજેક્ટ માટે કંપનીએ સી.ઈ.ઓ. સુંદર પિચાઈને અમર્યાદ સત્તા, બજેટ અને ટીમ આપી હતી તો પણ 'જેમીની' તુમાખીભર્યું અને અવિશ્વસનીય પૂરવાર થયું છે.

બે દિવસ પહેલા સુંદર પિચાઈની 'જેમીની'ના વિવાદાસ્પદ ઉત્તરો બાબત પ્રતિક્રિયા પૂછવામાં આવી ત્યારે તેણે એટલો જ જવાબ આપેલો કે 'આ કોઈ પણ ભોગે ચલાવી ન લેવાય.' એ.આઈ. કંપની ઓપન આઈનું ચેટજીપીટી ગુગલ કરતા મેદાન મારી ગયું છે. 'જેમીની'ના ઈમેજ જનરેશન ફીચરમાં પણ ત્રૂટિ જોવા મળે છે. 'જેમીની'ના છબરડાઓને લીધે આ એ.આઈ. હાલ પૂરતું બંધ કરવાની ફરજ પડાઈ છે. ગુગલની પ્રતિષ્ઠા આ કારણે ભારે ખરડાઈ છે.

હવે 'બીઝનેસ ઈનસાઈડર'ના રીપોર્ટ તેમજ અમેરિકાના ટેકનોજગતના વર્તુળમાં ચાલતી ચર્ચા પ્રમાણે ગુગલના સીઈઓ તરીકે સુંદર પિચાઈનું રાજીનામું લેવાય તેવી શક્યતા છે.

અમેરિકામાં ટેકનોલોજી વિશ્લેષક બેન થોમ્પસનના સૂચનો બ્રહ્મ વાક્ય સમાન મનાતા હોય છે તેણે તેની બ્લોગ પોસ્ટમાં લખ્યું છે કે ગુગલને એ.આઈ. યુગમાં બદલાવ લાવવાની જરૂર છે. આ માટે સુંદર પિચાઈ યોગ્ય નેતૃત્વ પુરૂં પાડી શકે તેમ નથી. આ અલગ જ સ્પેશ્યલાઈઝેશન છે. અન્ય એક વિશ્લેષકે 'જેમીની'નો સ્ટડી કર્યા પછી લખ્યું છે કે એ.આઈ.ના સર્વ એન્જિન વોલ્યુમમાં ૨૦૨૬ સુધીમાં ૨૫ ટકાનો ઘટાડો જોવા મળશે.



### નાછૂટકે 'જેમીની' પ્રોજેક્ટ હાલ પૂરતો અટકાવી દેવામાં આવ્યો છે

## ટીએમસી એટલે 'તું...મેં...કરપ્શન' : વડાપ્રધાન

# તૃણમૂલે વિકાસ નહીં ભ્રષ્ટાચાર અને પરિવારવાદને મહત્ત્વ આપ્યું : મોદી

(પીટીઆઈ) કૃષ્ણનગર (પશ્ચિમ બંગાળ), તા. ૨

લોકસભા ચૂંટણીના પડઘમ વાગી રહ્યા છે ત્યારે સતત બીજા દિવસે વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ પશ્ચિમ બંગાળની મુલાકાત લીધી હતી. પશ્ચિમ બંગાળના કૃષ્ણનગરમાં પીએમ મોદીએ કહ્યું કે, તૃણમૂલ કોંગ્રેસે પશ્ચિમ બંગાળમાં વિકાસ નહીં પરંતુ ભ્રષ્ટાચાર અને પરિવારવાદને પ્રાથમિકતા આપી છે.

## વડાપ્રધાને ૬ રાજ્યોમાં ઓઈલ એન્ડ ગેસ સેક્ટરમાં રૂ. ૧.૯૨ લાખ કરોડના પ્રોજેક્ટોનું અનાવરણ કર્યું

નાદિયા જિલ્લાના કૃષ્ણનગરમાં એક રેલીને સંબોધન કરતાં પીએમ મોદીએ કહ્યું કે ભાજપના બંગાળ એકમે રાજ્યની બધી જ ૪૨ લોકસભા બેઠકો પર વિજય મેળવવાનું લક્ષ્ય નિર્ધારિત કર્યું છે. આ રેલીમાં આટલી મોટી સંખ્યામાં તમને બધાને જોઈને મને આત્મવિશ્વાસ મળી રહ્યો છે કે એનડીએ સરકાર ૪૦૦ને પાર થઈ જશે. તૃણમૂલ અત્યાચાર, વંશવાદના રાજકારણ અને વિશ્વાસઘાતનો પર્યાય છે. ફરી એક વખત સંદેશખલી વિવાદનો ઉલ્લેખ કરતાં પીએમ મોદીએ આક્ષેપ કર્યો કે 'માં, માટી, માનુષ'ની વાતો કરનારા મમતા દીદીએ સંદેશખલીમાં પરેશાન માતાઓ અને બહેનોનું સમર્થન કરવાના બદલે આરોપીનો પક્ષ લીધો. આજે ટીએમસીનો અર્થ છે-'તુ...મૈં...ઔર કરપ્શન.' રેલીને સંબોધન કરતા પહેલાં પીએમ મોદીએ બંગાળમાં રૂ. ૧૫,૦૦૦ કરોડના ડેવલપમેન્ટ પ્રોજેક્ટનું ઉદ્ઘાટન કર્યું હતું. તેમણે કહ્યું કે, આ પ્રોજેક્ટથી બંગાળને આત્મનિર્ભર બનાવવામાં મદદ મળશે. આ સિવાય વડાપ્રધાન મોદીએ બિહારના બેગુસરાય જિલ્લામાંથી દેશભરમાં ૧.૯૨ લાખ કરોડ રૂપિયાના મૂલ્યના ઓઈલ અને ગેસ સેક્ટરના પ્રોજેક્ટ્સનું અનાવરણ કર્યું હતું.

## હિમાચલ કોંગ્રેસમાં વિવાદ વધ્યો, વિક્રમાદિત્ય બળવાખોરોને મળ્યા

# મુખ્યમંત્રી સુખુ એક નંબરના જુઠા, નવ ધારાસભ્ય બળવો કરવાની તૈયારીમાં : રાણા

શિમલા, તા. ૨

હિમાચલ પ્રદેશ કોંગ્રેસમાં આંતરીક વિખવાદ વધી રહ્યો છે. અગાઉ જે ધારાસભ્યોએ ક્રોસ વોટિંગ કર્યું હતું તે બળવાખોરોમાં સામેલ રાજિન્દર રાણાએ કહ્યું હતું કે હજુ નવ ધારાસભ્યો અમારા સંપર્કમાં છે. સાથે જ તેમણે મુખ્યમંત્રી સુખવિંદરસિંહ સુખુની કામ કરવાની પદ્ધતી પર પણ સવાલો ઉઠાવ્યા હતા અને તેમને એક નંબરના જુઠા ગણાવ્યા હતા. દરમિયાન હિમાચલ કોંગ્રેસના જ અધ્યક્ષ પ્રતિભાસિંહે કહ્યું છે કે કોંગ્રેસ જમીની સ્તરે મોદી અને ભાજપ સામે નબળી છે.

## મોદી-ભાજપ સામે કોંગ્રેસ ફીલ્ડ પર નબળી છે, ધારાસભ્યોને અયોગ્ય જાહેર કરવા ઠીક નથી : પ્રતિભા

આ પહેલા ક્રોસ વોટિંગ કરનારા છ ધારાસભ્યોને સસ્પેન્ડ કરી દેવામાં આવ્યા હતા. જોકે તેમ છતા વિવાદ શાંત નથી પડી રહ્યો. બળવાખોર ધારાસભ્યો કાયદાકીય લડાઈ લડવા માટે મક્કમ છે. જ્યારે અધ્યક્ષ પ્રતિભાસિંહના પુત્ર અને મંત્રી વિક્રમાદિત્યસિંહ પણ હજુ શાંત નથી પડ્યા. અગાઉ તેઓએ રાજીનામુ આપી દીધુ હતું બાદમાં તેઓએ કહ્યું હતું કે રાજીનામુ સ્વીકારવા માટે હું મુખ્યમંત્રી પર દબાણ નહીં કરૂ. જોકે એવા અહેવાલો છે કે વિક્રમાદિત્યસિંહ બળવાખોર ધારાસભ્યોની સાથે મુલાકાત કરી રહ્યા છે.

જ્યારે વિક્રમાદિત્યસિંહના માતા પ્રતિભાએ સ્વીકાર કર્યો છે કે લોકસભા ચૂંટણીમાં ફીલ્ડમાં કોંગ્રેસ ભાજપ સામે નબળી પડી રહી છે. એટલુ જ નહીં જે બળવાખોર ધારાસભ્યોને સ્પીકરે અયોગ્ય જાહેર કર્યા હતા તેમને હવે પ્રતિભા સિંહ પણ સાથ આપી રહ્યા છે. તેઓએ કહ્યું હતું કે સ્પીકરે આ ધારાસભ્યોને અયોગ્ય જાહેર કરવાનો નિર્ણય કર્યો તે ઠીક નથી. આ ધારાસભ્યોની પણ નારાજગી હશે અને કેટલીક માગણીઓ હશે. અન્ય ધારાસભ્યો પણ એટલી સુરક્ષામાં છે કે તેની સાથે મુલાકાત પણ થઈ શકે તેમ નથી. તમામના મોબાઈલ પણ સ્વિચ્ડ ઓફ છે. જ્યારે મુખ્યમંત્રી સુખુએ કહ્યું હતું કે મે વિક્રમાદિત્યસિંહને બળવાખોર ધારાસભ્યોને મળવા માટેની છૂટ આપી હતી.



યુદ્ધના કારણે ખંડેર બનેલા ઉત્તરી ગાઝામાં ભૂખમરાનો સામનો કરી રહેલા લોકો માટે જોર્ડનની એરફોર્સ દેવદૂત બનીને ઊભરી છે. તેમણે ગાઝામાં લગભગ ૩૩ ટન તબીબી પુરવઠો, ખોરાક અને અન્ય જરૂરિયાતની વસ્તુઓ એરડ્રોપ કરી હતી. ઈઝરાયેલની સેના દ્વારા સહાય માટેના રસ્તાઓ બ્લોક કરવામાં આવતા જોર્ડને આ નવો રસ્તો અપનાવ્યો છે. હવે, અમેરિકાએ પણ જોર્ડનની જેમ જ સહાય એરડ્રોપ કરવાનો નિર્ણય લીધો છે. અમેરિકાના રાષ્ટ્રપતિ જો બાઈડને જાહેરાત કરી હતી કે, તેમની સરકાર પ્રથમ વખત ગાઝામાં સહાયને એરડ્રોપ કરશે. અમેરિકા તરફથી આ નિર્ણય ત્યારે સામે આવ્યો જ્યારે, સહાય માટેની લાઈનમાં ઊભેલા પેલેસ્ટાઈનના નાગરિકો પર ઈઝરાયેલનું રોકેટ ત્રાટક્યું હતું.



જાપાનમાં ૩ માર્ચના રોજ ઢીંગલી ઉત્સવ મનાવવામાં આવે છે. આ ઉત્સવમાં ખાસ કરીને હિના ડોલ્સનો ઉપયોગ કરવામાં આવે છે. કલાસિક હિના ઢીંગલીઓ એક પિરામિડલ બોડી ધરાવે છે. જેમાં, સ્ટ્રો અને લાડકાના બ્લોક્સ, લાકડાના હાથ અને ઘણા સ્તરવાળા કાપડનો ઉપયોગ કરાય છે. આ પરંપરાની શરૂઆત ૧૮૫૦થી થઈ હતી. હિના ડોલ્સના એક સેટમાં ઓછામાં ઓછી ૧૫ ઢીંગલીઓનો સમાવેશ કરવામાં આવે છે. હિના ડોલ્સમાં પુરુષ-માદાની જોડીને સમ્રાટ અને મહારાણી તરીકે ઓળખવામાં આવે છે. આ તસવીરોમાં ટોક્યોના એક મોલમાં હિના ડોલ્સના પ્રદર્શનને જોઈ શકાય છે.

## સંતાનોને હથિયાર ના બનાવો : દિલ્હી હાઈકોર્ટ

# બાળકોને પિતા વિરુદ્ધ ઉશ્કેરવા ક્રૂરતા : કોર્ટે છૂટાછેડા મંજૂર રાખ્યા

નવી દિલ્હી, તા. ૨

'દિલ્હી હાઈકોર્ટે પતિ-પત્નીના વિવાદને લઈને મહત્વપૂર્ણ ટિપ્પણી કરતા કહ્યું હતું કે જો કોઈ મહિલા પોતાના બાળકોના મનમાં પિતા વિરુદ્ધ ખરાબ વિચારો ઉપજાવવાનો પ્રયાસ કરે તો તે ક્રૂરતા ગણાય. અને તે છૂટાછેડાનો પણ આધાર બની શકે છે. એટલુ જ નહીં બાળકના મનમાં પિતા પ્રત્યે દ્વેશ કે ઘૃણા જગાવવી તે અમાનવીયતા પણ છે.

## પત્નીએ પતિ પર લગ્નેત્તર સંબંધનો આરોપ લગાવ્યો, બાળકી દ્વારા ફરિયાદ કરાવી

આ કેસમાં મહિલાએ પતિ પર લગ્નેત્તર સંબંધનો આરોપ લગાવ્યો છે. મામલામાં કોર્ટે મહિલા દ્વારા પોતાના પતિ સામે પુત્રીને હથિયાર તરીકે ઉપયોગ કરવા બદલ પણ ફટકાર લગાવી હતી. ન્યાયાધીશ સુરેશ કુમાર કૈત અને ન્યાયાધીશ નીના બંસલ કૃષ્ણાની બેંચે કહ્યું હતું કે પતિ-પત્ની વચ્ચે એક નહીં પણ અનેક કારણોસર મતભેદ હોઈ શકે છે. પણ આ વિવાદોમાં સંતાનોને સામેલ કરવા યોગ્ય નથી.

એન્જિનિયર પતિ અને પીએચડી ડિગ્રી ધારત પત્ની વચ્ચે લગ્નેત્તર સંબંધોને લઈને વિવાદ થયો હતો. મામલો હાઈકોર્ટ પહોંચ્યો હતો, હાઈકોર્ટે નોંધ્યું કે આ કેસની એક હકિકત એવી પણ છે કે પતિના ઘરે મહિલા પોતાની બાળકીને લઈ ગઈ હતી અને તેની હાજરીમાં પતિ પર વ્યભિચારનો આરોપ લગાવવામાં આવ્યો હતો. જેની અસર બાળકીના મન પર પણ પડી શકે છે. કોર્ટે કહ્યું હતું કે એક વ્યક્તિ એક ખરાબ પતિ હોઈ શકે પણ તેનો અર્થ એમ ના કાઢી શકાય તે એક ખરાબ પિતા પણ છે. બાળકીને પોતાના જ પિતાની સામે ભડકાવવાનો પ્રયાસ થયો છે. એટલુ જ નહીં આ બાળકી પાસે પોતાના જ પિતાની સામે ફરિયાદ પણ દાખલ કરાવવામાં આવી છે.

જે એક ગંભીર માનસિક ક્રૂરતા છે. આ મામલામાં પતિને નીચલી કોર્ટ દ્વારા છૂટાછેડા આપવાની ના પડાઈ હતી. જે બાદ હાઈકોર્ટમાં અપીલ કરાઈ હતી.

## સરકારે નિયમોમાં ફેરફાર કર્યો

# ૮૫ વર્ષથી ઓછી ઉંમરના મતદારોને પોસ્ટલ બેલેટનો લાભ નહીં મળે

નવી દિલ્હી, તા.૨

કેન્દ્ર સરકારે ચૂંટણી પંચ સાથે મંત્રણા કર્યા બાદ ચૂંટણી સંચાલન નિયમ (૧૯૬૧)માં સંશોધન કર્યું છે. હવેથી ૮૫ વર્ષથી ઓછી ઉંમરના વૃદ્ધોએ મતદાન કરવા માટે ફરજિયાત પણે મતદાન કેન્દ્ર પર જવું પડશે. આ પહેલા ૮૦ વર્ષથી ઉપરના મતદારોને પોસ્ટલ બેલેટની સુવિધા મળતી હતી.

કેન્દ્ર સરકારે ચૂંટણી પંચ સાથે વિચારણા કર્યા બાદ ચૂંટણી સંચાલન નિયમ (૧૯૬૧)માં સંશોધન કર્યું છે. છેલ્લી ૧૧ વિધાનસભા ચૂંટણીઓમાં ૮૦ વર્ષથી ઉપરની ૯૭ થી ૯૮ ટકા વૃદ્ધોએ પોસ્ટલ બેલેટની જગ્યાએ મતદાન કેન્દ્રો પર જવાનું નક્કી કર્યું હતું.

ચૂંટણી પંચના રિપોર્ટ અનુસાર, ૧૧ વિધાનસભા ચૂંટણીઓમાં ૮૦ વર્ષથી ઉપરના મતદાતાઓમાંથી માત્ર ૨ થી ૩ ટકા વૃદ્ધોએ પોસ્ટલ બેલેટનો વિકલ્પ પસંદ કર્યો હતો. ઉલ્લેખનીય છે કે, દેશભરમાં ૮૦ વર્ષથી ઉપરના નાગરિકોની સંખ્યા ૧.૭૫ કરોડ છે. જેમાંથી, ૮૦ થી ૮૫ વર્ષની ઉંમરવાળા નાગરિકોની સંખ્યા ૯૮ લાખ છે.

# ઠાકરે જૂથના નેતા અનિલ દેસાઈને આર્થિક ગુના શાખાના સમન્સ

(પ્રતિનિધિ દ્વારા) મુંબઈ,તા.૨

ઉદ્ધવ ઠાકરે જૂથના નેતા અનિલ દેસાઈને મુંબઈ પોલીસની આર્થિક ગુના શાખાએ સમન્સ આપ્યા છે. શિવસેનાના બેન્ક ખાતામાંથી રૂા.૫૦ કરોડ કાઢવાનો દેસાઈ પર આરોપ છે. આર્થિક ગુના શાખાએ દેસાઈને પાંચ માર્ચના પૂછપરછ માટે હાજરી રહેવાનો આદેશ આપ્યો છે.

## શિવસેનાના ખાતામાંથી રૂા.૫૦ કરોડ કાઢી લીધા હોવાનો આરોપ

મુખ્યપ્રધાન એકનાથ શિંદેના બંડ બાદ અસલી શિવસેના કોની છે તે તે પુરવાર કરવા વિવાદ થયો હતો. છેવટે કાયદાકીય કાર્યવાહી બાદ એકનાથ શિંદે જૂથ જ અસલી શિવસેના હોવાનું જાહેર કરવામાં આવ્યું હતું દરમિયાન અનિલ દેસાઈએ શિવસેના પક્ષના બેન્કના ખાતામાંથી રૂા.૫૦ કરોડ કાઢી લીધા હોવાનું કહેવાય છે.

થોડા સમય પછી શિંદે જૂથને આની જાણ થઈ હતી. આથી પોલીસમાં ફરિયાદ નોંધાવવામાં આવી હતી. આ મામલાની આર્થિક ગુના શાખા તપાસ કરી રહી છે.

વાચકોએ નોંધ લેવી કે કોઈપણ જાહેરખબરમાં જણાવેલી માહિતીની સત્યતા બાબતે અમો કોઈ બાંયેધરી આપતા નથી. વાચકોએ પોતાની રીતે પૂરતી ચકાસણી કરીને યોગ્ય નિર્ણય લેવાનો રહેશે.
- જાહેરખબર મેનેજર

## બાઈક પર ભારત ભ્રમણ માટે નીકળેલા પતિ-પત્ની સાથે અત્યાચાર

# ઝારખંડમાં સ્પેનની મહિલા પર્યટક પર સાતનો ગેંગરેપ, ત્રણની ધરપકડ

રાંચી, તા. ૨

ભારતમાં ફરવા માટે આવેલી સ્પેનની એક મહિલા સાથે ગેંગરેપની ઘટના સામે આવી છે. સ્પેનની આ મહિલા અને તેનો પતિ બન્ને બાઈક પર સવાર થઈને ઝારખંડના હંસદીહા વિસ્તારમાં પહોંચ્યા હતા. અહીંયા તેઓએ એક ટેન્ટ બનાવીને રાત્રી રોકાણ કર્યું હતું. જે દરમિયાન અસામાજિક તત્વો આવ્યા હતા અને બન્ને સાથે મારપીટ કરી હતી. બાદમાં મહિલા પર ગેંગરેપ કર્યો હતો.

## બળાત્કાર બાદ માર મારવામાં આવ્યો, મહિલા બાઈકની મદદથી હોસ્પિટલ પહોંચી : અન્ય આરોપીઓ હજુ ફરાર

પ્રાપ્ત માહિતી અનુસાર આ ટુરિસ્ટ કપલ બાંગ્લાદેશથી દુમકા બાઈક પર પહોંચ્યા હતા, જ્યાંથી તેઓ બિહાર અને બાદમાં નેપાળ જવાના હતા. જોકે વચ્ચે રાત પડી જતા તેઓ તંબુમાં રોકાયા હતા. આ દરમિયાન છથી સાત લોકોએ તેના પર રેપ ગુઝાર્યો હતો. એટલુ જ નહીં મારપીટ પણ કરવામાં આવી હતી. હાલ પીડિત મહિલાને હોસ્પિટલમાં સારવાર આપવામાં આવી રહી છે. ઘટનાની જાણ થતા સ્થાનિક એસપી પિતાંબરસિંહ ખેરવાર સ્થળ પર પહોંચ્યા હતા, સાથે જ ફોરેન્સિક ટીમ પણ તપાસ કરી રહી છે. હાલ આ મામલામાં ત્રણ શંકાસ્પદોની ધરપકડ કરવામાં આવી છે. જ્યારે અન્યોની શોધખોળ ચાલી રહી છે. આરોપીઓને પકડવા માટે ફોરેસ્ટ વિભાગની ટીમને પણ રવાના કરવામાં આવી છે. બન્ને ટુરિસ્ટ કપલ પાકિસ્તાન થઈને બાંગ્લાદેશ અને બાદમાં ઝારખંડ આવ્યા હતા.

## મોદી સરકારે ૧,૫૦૦ બિનજરૂરી કાયદા નાબૂદ કર્યા: મેઘવાલ

ઉજ્જૈન, તા.૨

નરેન્દ્ર મોદી સરકારે નાગરિકોને અડચણરૂપ ૧,૫૫૦થી વધુ જૂના કાયદાઓ નાબૂદ કર્યા છે, આ માહિતી કેન્દ્રીય કાયદા મંત્રી અર્જુન મેઘવાલે શનિવારે આપી હતી. તેઓ ઉજ્જૈનમાં ચાલી રહેલી પ્રાદેશિક પરિષદના સમાપન સત્રમાં બોલી રહ્યા હતા. તેમણે વધુમાં કહ્યું કે, મોદી સરકારે ૧,૫૫૦થી વધુ બિનજરૂરી કાયદાઓ નાબૂદ કર્યા છે જે લોકોને અને વેપારીઓને પરેશાન કરી રહ્યાં હતા. મેઘવાલે કહ્યું કે, કેન્દ્ર સરકારે ઉદ્યોગની માંગણીઓ પર કામ કરતી અલગ કોમર્શિયલ કોર્ટ અને આર્બિટ્રેશન સેન્ટરની સ્થાપના કરી છે. કેન્દ્રએ સંબંધિત જોગવાઈઓમાં ફેરફાર કરીને આર્બિટ્રેટર્સને કાનૂની સત્તા આપી હોવાનું તેમણે ઉમેર્યું હતું.

## હવામાન ખાતાના બે સંકેત : આંતરરાષ્ટ્રીય એજન્સીઓનો વરતારો

# ૨૦૨૪નો ઉનાળો બહુ બળબળતો રહેશે : મહારાષ્ટ્ર કદાચ ઉકળતી ભઠ્ઠી બની જાય

(પ્રતિનિધિ દ્વારા) દિલ્હી/મુંબઈ,તા. ૨

હવામાન ખાતાએ માર્ચ માં જ ચેતવણી સૂચક સંકેત આપ્યો છે કે ૨૦૨૪નો ઉનાળો અગાઉના ઉનાળાની સરખામણીએ વધુ આકરો રહે તેવાં કુદરતી પરીબળો છે. હાલ ભારત સહિત વિશ્વના મોટાભાગના દેશમાં અલ નીનો (પ્રશાંત મહાસાગરના ગરમ પ્રવાહોને અલ-નીનો જ્યારે ઠંડા પ્રવાહોને લા -નીના કહેવાય છે)ની અસર વરતાઈ રહી છે. અલ --નીનોની અસરને કારણે જ મહારાષ્ટ્ર સહિત ભારતનાં મોટાભાગના વિસ્તારોમાં શિયાળો પણ અગાઉના શિયાળાની જેમ ટાઢોબોળ નથી રહ્યો.

## અલ -નીનો પરીબળની અસર ઘટવાની અને લા -નીના શરૂ થવાની શક્યતા હોવાથી ભારતનું ચોમાસુ ભરપૂર વરસવાની આગાહી

બીજીબાજુ હવામાન ખાતાએ એવો સંકેત પણ આપ્યો છે કે અલ-નીનો પરીબળનો ન્યુટ્રલ ફેઝ (એલ નીનો કે લા નીનો એમ બેમાંથી એક પણ પરીબળની અસર નહીં) ૨૦૨૪ના ચોમાસાની શરૂઆત પહેલાં જ શરૂ થવાની શક્યતા છે. એટલે ૨૦૨૪ની વર્ષાૠતુમાં ભારત પર વરૂણદેવની ભરપૂર કૃપા વરસે તેવા સાનુકુળ સંકેત પણ મળે છે.

હવામાન ખાતાનાં સૂત્રોએ એવી માહિતી આપી છે કે અલ-નીનો પરીબળની વ્યાપક અસરથી ભારતનાં મહારાષ્ટ્ર સહિત આંધ્ર પ્રદેશ, તેલંગણા, કર્ણાટક, ઓડિશા વગેરે રાજ્યોમાં હીટ વેવ (ગરમીનું મોજું)ના દિવસોની સંખ્યા વધે તેવી શક્યતા છે.

હવામાન ખાતાના (મુંબઈ કેન્દ્ર)ના ડેપ્યુટી ડાયરેક્ટર જનરલ સુનિલ કાંબળેએ બહુ મહત્વનો મુદ્દો રજૂ કરતાં ગુજરાત સમાચારને કહ્યું હતું કે ૨૦૨૩--૨૪ના શિયાળામાં કશ્મીરમાં જે બરફ વર્ષા થઈ છે તે લગભગ બે મહિના મોડી થઈ છે. કુદરતી ચક્ર મુજબ તો કશ્મીર સહિત હિમાચલ પ્રદેશ, ઉત્તરાખંડ વગેરેમાં નવેમ્બર-ડિસેમ્બરમાં જ બરફ વર્ષા શરૂ થઈ જાય છે. પ્રકૃતિના આ ચક્રમાં જાણે કે અવરોધ સર્જાયો હોય તેમ આ વર્ષના શિયાળાની બરફ વર્ષા છેક ૨૯, જાન્યુઆરીએ થઈ છે. વળી, કશ્મીર, ઉત્તરાખંડ, હિમાચલપ્રદેશની બરફ વર્ષા પણ બહુ નજીવી કહી શકાય તેવી છે. ખરેખર તો શિયાળામાં કશ્મીર સહિત હિમાલયમાં ભારે બરફ વર્ષા થવી જોઈએ. ભારે બરફ વર્ષાથી વાહન વ્યવહાર બંધ થઈ જાય. પર્વતો અને ટેકરીઓ બરફની ચાદરથી ઢંકાઈ જાય. આવી ભારે બરફ વર્ષા થાય તો જ તેની સીધી અને વ્યાપક અસર આખા ભારતમાં થાય. શિયાળો બરાબર જામે. આ વરસે જોકે કશ્મીરમાં અને હિમાલયમાં આવી ભારે બરફ વર્ષા નથી થઈ.

મહત્વનું પરીબળ તો એ પણ છે કે કશ્મીરની ભારે બરફ વર્ષાને મુંબઈ -મહારાષ્ટ્રના હવામાન સાથે સીધો સંબંધ રહે છે. એટલે કે કશ્મીર સહિત હિમાલય, હિમાચલપ્રદેશ, ઉત્તરાખંડ વગેરેમાં ભરપૂર બરફ વર્ષા થાય તો તેના ૪૮ કલાક બાદ મુંબઈ સહિત આખા મહારાષ્ટ્રમાં પણ ઠંડીનો માહોલ સર્જાય. જોકે ૨૦૨૩--૨૪ના શિયાળામાં કશ્મીર અને હિમાલયમાં બરફ વર્ષા બે મહિના મોડી થઈ હોવાથી મુંબઈ-મહારાષ્ટ્રમાં પણ કડકડતા અને ટાઢાબોળ શિયાળાનો અનુભવ નથી થયો.

આશ્ચર્ય સાથે ચિંતાજનક બાબત તો એ છે કે ૨૦૨૩-૨૪ના શિયાળામાં મહારાષ્ટ્ર આખામાં કોલ્ડ વેવનો એક પણ દિવસ જાહેર નથી થયો. દર શિયાળામાં મહારાષ્ટ્રના વિદર્ભ (અકોલા, અમરાવતી, ચંદ્રપુર, નાગપુર, વર્ધા, બ્રહ્મપુરી)માં ઠંડીનો પારો ૧૦, ૯, ડિગ્રી કરતાં પણ વધુ નીચો રહેતો હોવાથી કોલ્ડ વેવ જાહેર થાય છે.

હવામાન ખાતાના એડિશનલ ડાયરેક્ટર જનરલ અને ભારત સરકારના હવામાન વિષયક સલાહકાર ડો. અનુપમ કશ્યપીએ ગુજરાત સમાચારને એવી વિશેષ માહિતી આપી હતી કે ૨૦૨૪નો ઉનાળો થોડો વધુ ગરમ રહે તેવાં પરીબળો છે. એટલે કે માર્ચની શરૂઆતમાં આંધ્ર, તેલંગણા, કર્ણાટક, ઓડિશા, મહારાષ્ટ્ર વગેરે રાજ્યોમાં ગરમીનો પારો સરેરાશ કરતાં થોડો વધુ ઉંચો રહેવાની સંભાવના છે. કારણ છે અલ -- નીનો પરીબળની અસર. અલ નીનોની તીવ્ર અસરથી વાતાવરણ ગરમ રહે. પરિણામે ગરમીનો પારો પણ ઉંચો રહે.

આમ છતાં ભારત માટે ૨૦૨૪નું ચોમાસુ સારું રહે તેવાં સાનુકુળ પરીબળો પણ છે. એટલે કે અમેરિકાના નેશનલ ઓશનિક એન્ડ એટમોસ્ફિયરિક એડમિનિસ્ટ્રેશન (એન.ઓ.એ.એ. —નોઆ) તથા યુરોપિયન યુનિયન્સ કોપરનિક્સ ક્લાઈમેટ ચેન્જ સર્વિસ (સી ૩ એસ) દ્વારા થયેલા અભ્યાસ મુજબ અલ -- નીનો પરીબળના ન્યુટ્રલ ફેઝ (અલ—નીનો કે લા નીના એક પણ પરીબળની અસર નહીં તેવો તબક્કો)ની અસર ચોમાસાની શરૂઆતના તબક્કા પહેલાં થવાની શક્યતા છે. સાથોસાથ, લા -નીના (પેસિફિક મહાસાગરના ઠંડા પ્રવાહ) પરીબળની અસર જુન-ઓગસ્ટમાં શરૂ થવાની સંભાવના છે.

કુદરતનાં આ બધાં પરીબળોની ગતિવિધિ દ્વારા એવો સંકેત મળે છે કે ૨૦૨૪ની વર્ષાૠતુ ભારત માટે ભરપૂર રહેશે. દેશમાં સારો વરસાદ વરસશે.

Owned By Lokprakashan Ltd, For Mumbai Edition, Printer & Publisher Sheryansh Shah, Printed From B-2, Hatkesh Udyog Nagar, Mira Road, Mumbai-401107, Published From A-1/340, Shah & Nahar Ind. Estate, Lower Parel-400013, Editor- Bahubali Shantilal Shah RNI No. 46931/85



આકરા તાપમાં અગરિયા : મુંબઈના વડાલા વિસ્તારમાં આવેલા મીઠાના અગરોમાં તાતડિયે તડકે મીઠું પકાવવાનો પરિશ્રમ કરતા અગરિયા.

### પુનર્વસન માટે અન્ય એજન્સી પર આધાર રાખવો નહીં પડે

# પ્રોજેક્ટ અસરગ્રસ્તો માટે ઘરો બાંધવામાં મુંબઈ મહાપાલિકાને અધિકાર મળ્યો

(પ્રતિનિધિ દ્વારા) મુંબઈ, તા.૨

વિવિધ પ્રોજેક્ટ અસરગ્રસ્તોના પુનર્વસન માટે ઘર બાંધવા માટે મુંબઈ મહાનગરપાલિકાને હવે અન્ય ઓથોરીટી પર આધાર રાખવો નહિ પડે. ઝૂંપડપટ્ટી પુનર્વસન ઓથોરીટી (એસ.આર.એ.) અને એમ.એમ.આર.ડી.એ. (મુંબઈ મેટ્રોપોલિટન રિજનલ ડેવલપમેન્ટ ઓથોરીટી)ની માફક ઘર બાંધવાનો અધિકાર પાલિકાને મળ્યો છે. આથી શહેરના રસ્તાઓ અને સ્ટોમ વોટર ડ્રેનેજ પ્રોજેક્ટના અસરગ્રસ્તો માટે પાલિકા ફ્લેટ ઉપલબ્ધ કરી દેવાનું શક્ય બનશે.

## મુંબઈ મહાનગરમાં ૭૪ હજાર ઘરોની આવશ્યકતા

વર્ષ ૨૦૧૯માં પાલિકાને ૩૫ હજાર પુનર્વસન માટે ફ્લેટની જરૂર હતી. આજે વર્ષ ૨૦૨૩માં તે વધીને ૭૪૭૫૨ ફ્લેટની જરૂર છે. અત્યારે પાલિકા પાસે ફ્લેટ તેની સંખ્યા ઓછી છે. આથી હવે ઘર બાંધવાનો પાલિકાનો માર્ગ મોકળો બનતા પાલિકા અસરગ્રસ્તો માટે ફ્લેટો ઉપલબ્ધ કરી શકશે. અસરગ્રસ્તોને ૩૦૦ ચો. ફૂટના ક્ષેત્રફળના ફ્લેટ આપવામાં આવે છે.

ઝૂંપડપટ્ટી પુનર્વસન ઓથોરીટી અને એમ.એમ.આર.ડી.એ. ને તેમના પ્રોજેક્ટમાં પ્રોજેક્ટ અસરગ્રસ્તો માટે સાર્વજનિક પ્લોટ ખુલ્લા કરીને તેના પર ઘર બાંધવાનો અધિકાર છે. એ જ રીતે અધિકાર મુંબઈ મહાનગરપાલિકાને મળવો જોઈએ. એવી માગણી પાલિકાએ રાજ્ય સરકારના સમક્ષ કરી હતી. તે અનુસાર સરકારે નિયમાવલી ૩૩ (૧૦) (૩.૧)માં જોગવાઈ કરવાનો નિર્ણય લીધો છે.

રસ્તો પહોળો, વરસાદી પાણીના નિકાલ માટેની સ્ટોમ વોટર ડ્રેનેજ, લિંકરોડ, પુલના નિર્માણ, કોસ્ટલ રોડના વિસ્તાર, સફાઈ કર્મચારીઓની વસાહતના પુનર્વિકાસ, પાણી પુરવઠો, જૂની પાણીની પાઈપલાઈન બદલવી, જેવા અનેક પ્રોજેક્ટ પાલિકા હાથમાં લીધા છે. વધતા પ્રોજેક્ટ અને પ્રોજેક્ટ અસરગ્રસ્તોની વધતી સંખ્યા જોતા પુનર્વસન માટે ઘર ઓછા પડી રહ્યા છે.

### ૨૦૧૮ના કેસમાં એસઆઈટી નીમાયા પછી પણ પ્રગતિ નથી

# સુરેન્દ્ર રાણા બનાવટી એન્કાઉન્ટરની તપાસને લઈ હાઈકોર્ટની નારાજગી

મુંબઈ, તા.૨

નાલાસોપારામાં ૨૦૧૮ના કથિત બનાવટી એન્કાઉન્ટર કેસમાં અસંતુષ્ટ તપાસને લઈને બોમ્બે હાઈ કોર્ટે મહારાષ્ટ્ર પોલીસને ખખડાવી હતી. કેસમાં ચોરીના કેટલાંક કેસમાં વોન્ટેડ જોગિંદર રાણા ઠાર થયો હતો.

## કોર્ટે સરકારી વકિલને સવિસ્તર નિવેદન કરવા નિર્દેશ આપ્યો

ન્યા. રેવતી મોહિતે ઢેરે અને ન્યા. મંજુશા દેશપાંડેની બેન્ચે જણાવ્યું હતું કે ૨૦૧૮માં થણે પોલીસ કમિશનર જયજીત સિંહના નેજા હેઠળ રચાયેલી સ્પેશ્યલ ઈન્વેસ્ટિગેશન ટીમ બાદ કેસમાં કોઈ મહત્ત્વની પ્રગતિ થઈ નથી.

હત્યાનો ગુનો નોંધાયા બાદ જરૂરી પગલાં લેવામાં નહીં અવાતાં કોર્ટે પોલીસની ટીકા કરી હતી. ઉલ્હાસનગરના ડેપ્યુટી પોલીસ કમિશનરે ૧૨ સપ્તાહમાં તપાસ પૂરી થશે એવી નવેમ્બર ૨૦૨૩માં આપેલી બાંયધરી સામે પણ સવાલ કર્યો હતો. કોર્ટે અતિરિક્ત સરકારી વકિલ પીપી શિંદેને કેસમાં થયેલી પ્રગતિ વિશે ડેપ્યુટી કમિશનર પાસે તપાસ કર્યા બાદ સવિસ્તર નિવેદન કરવા જણાવીને સુનાવણી સોમવાર પર રાખી હતી.

સુરેન્દ્ર રાણાના ભાઈ જોગિન્દર રાણાએ ૨૦૧૮માં કોર્ટમાં અરજી કરીને સીબીઆઈ દ્વારા તપાસ કરાવવા અથવા કોર્ટના નિરીક્ષણ હેઠળ તપાસ કરાવાની માગણી કરતાં આ કેસ પ્રકાશમાં આવ્યો હતો.

રાણાએ આરોપ કર્યો હતો કે વિડિયો અને તસવીરો સહિતના પુરતા પુરાવા હોવા છતાં પોલીસે એફઆઈઆર નોંધવાનો ઈનકાર કરીને માત્ર અકસ્માત મૃત્યુની નોંધ કરી હતી.

કોર્ટે થાણે પોલીસ કમિશનરને એસઆઈટી રચીને તપાસનો આદેશ આપ્યો હતો. તુળિંજ પોલીસે નાલાસોપારાની સ્થાનિક ક્રાઈમ બ્રાંચના બે પોલીસ કર્મટારી સામે ગુનો નોધ્યો હતો. ત્યાર બાદ કેસની તપાસમાં કોઈ પ્રગતિ સધાઈ નથી.

### વિદ્યાર્થીઓનો પાયો મજબૂત બનાવવા ફરી પરીક્ષાઓ ઉમેરાઈ

# ધો.૫ અને ૮ના વિદ્યાર્થીઓને આ વર્ષથી વાર્ષિક પરીક્ષામાં પાસ થવું ફરજિયાત

મુંબઈ, તા.૨

રાજ્યના ધો.૫ અને ૮ના વિદ્યાર્થીઓની પરીક્ષા લેવાનું નક્કી કરાયું છે. આ પરીક્ષા તથા તેના માટેના પ્રશ્નપત્રો તૈયારી કરવાની જવાબદારી સંબંધિત સ્કૂલોને સોંપવામાં આવી છે. તે માટેની સૂચના સ્ટેટ કાઉન્સિલ ઓફ એજ્યુકેશનલ રીસર્ચ એન્ડ ટ્રેનિંગ દ્વારા આપવામાં આવી છે. આ સાથે જ વાર્ષિક પરીક્ષા, પુનઃપરીક્ષા તેમજ મૂલ્યમાપનના નિયોજનની સૂચના પણ આપવામાં આવી છે.

## વિષય દીઠ ધો.૫માં ૧૮ તો ધો.૮માં ૨૧ માર્ક લાવવા ફરજિયાત, પરીક્ષામાં ગેરહાજર વિદ્યાર્થી નાપાસ ગણાશે, ફેરપરીક્ષા આપી શકાશે

શૈક્ષણિક વર્ષ ૨૦૨૩-૨૪થી આ પરીક્ષાઓની અમલબજાવણી કરવામાં આવવાની છે. વિદ્યાર્થી નાપાસ થશે તો તે જ વર્ષે તેની ફેરપરીક્ષા લેવામાં આવશે. તેમાં પણ જો વિદ્યાર્થી નાપાસ થાય તો તેને એ વર્ષે એજ વર્ગમાં રહેવું પડશે. ધો.૫ અને ૮ની વાર્ષિક પરીક્ષા લેવા બાબતે સ્કૂલ શિક્ષણ વિભાગ દ્વારા વિવિધ પ્રકારની સમિતિઓ પણ સ્થાપિત કરવામાં આવી હતી. તે સમિતિના અહેવાલ બાદ આ પરીક્ષાઓ લેવાનું નક્કી કરાયું છે.

વિદ્યાર્થીઓને પ્રેક્ટિસ મળી રહે તે માટે વેબસાઈટ પર પ્રશ્નપત્રો અપલોડ કરાયા છે. તેનો આધાર લઈ તમામ મેનેજમેન્ટની સ્કૂલો એ તેમના સ્તરે પ્રશ્નપત્રો તૈયાર કરવા, એવું પરિષદે જણાવ્યું છે. પાંચમા અને આઠમા ધોરણના વિદ્યાર્થીઓ માટે પ્રેક્ટિકલ્સ પરીક્ષાના ૧૦ માર્ક, લેખિત પરીક્ષાના અનુક્રમે ૫૦ અને ૬૦ માર્ક હશે. વિષય માટે વધુમાં વધુ પાંચ ગ્રેસ માર્ક આપી શકાશે. પાંચમામાં પાસ થવા માટે પ્રત્યેક વિષયમાં ઓછામાં ઓછાં ૧૮ માર્ક તો ધો. ૮માં પાસ થવા માટે ઓછામાં ઓછાં ૨૧ માર્ક લાવવા ફરજિયાત રહેશે. પરીક્ષામાં ગેરહાજર રહેનાર વિદ્યાર્થીને નાપાસ જ ગણાશે. પરંતુ તેને ફેરપરીક્ષાની તક મળશે.

# રવિવારે સવારે વિરાર- સુરત વચ્ચે ટ્રાફિક બ્લોકથી અમુક લોકલોને અસર

મુંબઈ, તા.૨

પશ્ચિમ રેલવેના વિરાર- તથા સૂરત સ્ટેશનો વચ્ચે ટ્રેનોની ગતિ ૧૬૦ કિ.મી. પ્રતિ કલાક વધારવા માટેનું કામ પાર પાડવા રવિવારે ત્રીજી માર્ચના રોજ ટ્રાફિક સહિત પાવર બ્લોક રખાયો છે. આ બ્લોક સવારે ૯.૧૦ વાગ્યાથી ૧૦.૩૦ વાગ્યા સુધી રહેશે. અપ તથા ડાઉન બંને લાઈનો પર બ્લોક હોવાથી કેટલીક ટ્રેનો રેગ્યુલેટ, શોર્ટ ટર્મિનેટ કે આંશિક રદ કરાશે. જેની માહિતી નીચે મુજબ છે.

- ટ્રેન નંબર ૧૨૯૩૪ અમદાવાદ- મુંબઈ સેન્ટ્રલ કર્ણાવટી એક્સપ્રેસ ૨૫ મિનિટ વિલંબથી દોડશે.
- ચર્ચગેટથી દહાણુ માટે છુટનારી સવારે ૭.૧૭ વાગ્યાની ટ્રેનને વાણગાવ સ્ટેશને ટર્મિનેટ કરાશે અને વળતા પ્રવાસમાં દહાણું રોડ- વિરાર લોકલના રૂપમાં આ ટ્રેન વાણગાંવથી સવારે ૯.૫૦ વાગ્યે છુટશે.
- ચર્ચગેટ- દહાણુ લોકલ જે સવારે ૭.૪૨ વાગ્યે ચર્ચગેટથી પ્રસ્થાન કરશે. તે વાણગાવ સુધી જ દોડશે અને વળતી દિશામાં આ લોકલ દહાણું- વિરાર લોકલ તરીકે દોડશે. વાણગાંવથી આ ટ્રેન ૧૦.૨૫ વાગ્યે ઉપડશે.

# પીઢ અભિનેતા ધર્મેન્દ્રને પગમાં થયું ફ્રેકચર

મુંબઈ તા.૨

વિતેલા વર્ષોના મશહૂર અભિનેતા ધર્મેન્દ્રને પગની ઘૂંટીમાં ફ્રેકચર થયું છે. સોશ્યલ મિડિયામાં જૈફ અભિનેતાએ જણાવ્યું હતું કે સહુ ચાહકોની દુઆને લીધે હું જલ્દી સાજો થઈ જઈશ.

૮૮ વર્ષના ધર્મેન્દ્રની તબિયત થોડા વખતથી નરમગરમ રહે છે. તેણે પોતે જ માઈક્રોબ્લોગિંગ સાઈટ પર પગની ઘૂંટીમાં ફ્રેકચર થયાની જાણકારી આપી હતી. જોકે ફ્રેકચર કેવી રીતે થયું એ વિશે કોઈ માહિતી આપી નહોતી. ગયા સપ્ટેમ્બરમાં એવી વાત વહેતી થઈ હતી કે ધર્મેન્દ્રને તબીબી સારવાર માટે અમેરિકા લઈ જવામાં આવ્યા છે. જોકે ખુદ ધર્મેન્દ્રએ જ આ સમાચારને રદિઓ આપ્યો હતો.

# બદલાપુર સ્ટેશન પાસે એક્સપ્રેસ ટ્રેનનો કોચ આગમાં ખાક

મુંબઈ, તા.૨

બદલાપુર રેલવે સ્ટેશન નજીક સાઈડિંગમાં પાર્ક કરેલી એક્સપ્રેસ ટ્રેનના એક ડબ્બામાં શુક્રવારે રાત્રે એક વાગ્યે ભીષણ આગ લાગી હતી. સદ્ભાગ્યે આ દુર્ઘટનામાં કોઈ જાનહાનિ થઈ નથી, પરંતુ કોચ બળીને ખાક થયો છે.

## ટ્રેન સાઈડિંગમાં ઉભી હોવાથી જાનહાનિ ટળી

૨૦ મિનિટ બાદ ઘટનાની માહિતી મળતા જ બદલાપુર રેલવે પ્રશાસને ફાયર બ્રિગેડને જાણ કરી હતી. ઘટનાસ્થળે ૧.૪૫ વાગ્યે ફાયરબ્રિગેડના વાહનો આવી પહોંચ્યા હતા. અંદાજે એક કલાકની જહેમત બાદ આગ કાબુમાં લેવાઈ હતી. જે ટ્રેનના કોચમાં આગ લાગી હતી તે ટ્રેન ૨૨મી ફેબ્રુઆરીથી સાઈડિંગમાં જ ઉભી હતી. આ ટ્રેન પુણે જવાની હતી પરંતુ તેને કોઈ કારણસર બદલાપુર સ્ટેશન નજીક સાઈડિંગમાં ઉભી રખાઈ હતી. આગ લાગવાનું કારણ રેલવે પ્રશાસન શોધી રહ્યું છે. આગની ઘટના દરમિયાન થોડો સમય સુધી રેલ વ્યવહાર અસરગ્રસ્ત રહ્યો હતો.

### બે મહિલા સહિત સાત આરોપીની ધરપકડ

# થાણેમાં ઢોંગી બાબા દ્વારા ચલાવવામાં આવતા સેક્સ રેકેટનો પર્દાફાશ

(પ્રતિનિધિ દ્વારા) મુંબઈ, તા.૨

ધનવાન બનવાની ઈચ્છા ધરાવતી મહિલાઓને પૈસાનો વરસાદ પાડવાના સ્વપ્ન દાખવીને વિધિ કરવાના બહાને સેક્સ રેકેટ ચલાવતી ગેંગની થાણે પોલીસે ધરપકડ કરી છે. આ મામલામાં ઢોંગી બાબા, બે મહિલા સહિત સાત આરોપીની ધરપકડ કરવામાં આવી છે.

## પૈસાનો વરસાદ પાડવા વિધિ કરવાને બહાને મહિલાને વાસનાનો ભોગ બનાવતા

થાણેના રાબોડીમાંથી ૧૫ વર્ષની છોકરી ગુમ થયા બાદ આ રેકેટની તપાસની શરૂઆત થઈ હતી. પોલીસે અપહરણનો કેસ નોંધ્યો હતો. પોલીસે ૨૫ ફેબ્રુઆરીએ અસલમખાન અને સલીમ શેખની ધરપકડ કરી હતી. તેમની પૂછપરછ દરમિયાન મુખ્ય આરોપી ઢોંગી બાબા સાહેબલાલ વઝીર શેખ ઉર્ફે યુસુફ બાબાની માહિતી મળી હતી. પોલીસે તેને ઝડપી લીધો હતો.

આ ટોળકી આર્થિક મુશ્કેલીનો સામનો કરતી મહિલાઓને નિશાન બનાવતી હતી. તેઓ મહિલાને મેલી વિદ્યાથી પૈસાનો વરસાદ પાડવાના સ્વપ્ન દાખવતા હતા. મોબાઈલ ફોનમાં રેકોર્ડિંગ કરેલો વીડિયો દાખવતી હતા. વીડિયોમાં નગ્ન અવસ્થામાં સૂતેલી મહિલા પાસે પૈસાનો ઢગલો પડેલો હોવાનું દાખવીને પીડિતાનો આરોપીઓ વિશ્વાસ જીતી લેતા હતા. આમ મહિલાને મેલીવિદ્યા માટે તૈયાર કરવામાં આવતી હતી. મહિલાને આ વિધી વખતે હાજર વ્યક્તિ સાથે શારીરિક સમાગમ કરાવવામાં આવતો હતો. આમ તેઓ સેક્સ રેકેટ ચલાવતા હતા.

આરોપીઓના મોબાઈળ ફોનમાંથી અનેક અશ્લીલ વીડિયો અને અન્ય ગુનાહિત પુરાવાઓ મળી આવ્યા છે. પોલીસે થાણે, વસઈ, પાલઘરથી અત્યાર સુધી ઢોંગીબાબા, બે મહિલા સહિત સાત આરોપીની ધરપકડ કરી છે. આરોપીઓ સામે અપહરણ, બળાત્કાર, છેતરપિંડી પ્રોટેક્શન ઓફ ચિલ્ડ્રન ફ્રોમ સેક્સ્યુલ ઓફેન્સીસ (પોક્સો) એક્ટ અને અન્ય કલમ હેઠળ કેસ નોંધવામાં આવ્યો છે.

### નવી મુંબઈની માર્કેટમાં નવું લસણ ઠલવાયું

# હૉલસેલ માર્કેટમાં લસણના ભાવ ૩૦થી ૪૦ રુપિયા ઊતર્યા

મુંબઈ, તા.૨

છેલ્લાં એક મહિનાથી લસણના ભાવ ૨૫૦ થી ૩૦૦ રુપિયા કિલોએ પહોંચી ગયા હતાં. તેજ ભાવ હવે ઘટીને ૨૦૦ થી ૨૫૦ રુપિયા કિલોએ આવી ગયાં છે. જથ્થાબંધ માર્કેટમાં ભાવ ઘટ્યો હોવા છતાં રીટેલ માર્કેટમાં હજી લસણ ૨૫૦ થી ૩૦૦ રુપિયા કિલોએ જ મળી રહ્યું છે.

## હૉલસેલ માર્કેટમાં દેશી લસણના ૫૦ થી ૧૫૦ રુપિયા, સંગ્રહખોરીને પરિણામે ભાવ વધ્યો હતો



મુંબઈ એપીએમસીમાં રાજસ્થાન, ગુજરાત, મધ્યપ્રદેશ અને ઉત્તરપ્રદેશ આ ચાર રાજ્યોમાંથી લસણની આવક થાય છે. અત્યારે માત્ર મધ્યપ્રદેશમાંથી જ લસણની આવક થઈ રહી છે. રોજ ૧૦થી ૧૨ વાહન ભરી લસણ એપીએમસીમાં ઠલવાય છે. આ તમામ નવા લસણ છે અને તેની માગણી પણ માર્કેટમાં સારી છે. નવું લસણ માર્કેટમાં આવતાં જ તેના દર ઘટી ગયા છે. હૉલસેલ માર્કેટમાં ઉટી લસણ કે જે હૉટેલોમાં ખાસ કરી વાપરવામાં આવે છે, તે ૮૦થી ૨૦૦ રુપિયા કિલો તો દેશી (ગાવઠી) લસણ ૫૦ થી ૧૫૦ રુપિયા કિલોએ વેંચાઈ રહ્યું છે.

દાદરના એક હૉલસેલ વેપારીના જણાવ્યાનુસાર, મોટા વેપારીઓએ લસણની સંગ્રહખોરી કરતાં લસણના ભાવ ત્રણગણાં વધી ગયા હતાં. પરિણામે ગ્રાહકો પહેલાં જ્યાં એક કિલો લસણ લેતાં તેને બદલે હવે ૨૫૦ ગ્રામ લસણ લેતાં થઈ ગયાં છે. હવે માર્કેટમાં જૂના લસણ સાથે નવું લસણ આવતાં માર્કેટમાં તેના ભાવ ઘટી ગયાં છે.

# કુવૈતની જેલમાંથી નાશિકના બે યુવકનો છુટકારો

મુંબઈ, તા.૨

કુવૈતના કારાગૃહમાં છેલ્લાં લગભગ બે મહિનાથી બંધ નાશિક જિલ્લાના બે યુવકનો આખરે છુટકારો થતા ગઈ કાલે વિમાન માર્ગે મુંબઈ આવી પહોંચ્યા હતા.

## ડૂબેલા જહાજમાંથી બચી ગયેલા આ ખેડૂતપુત્રો લાઈફ બોટમાં કિનારે પહોંચતા જ ઝડપાઈ ગયા હતા

નાશિક જિલ્લાના ખેડૂત પરિવારના આવિષ્કાર જગતાપ અને નિવૃત્તી બાગુલ નામના બે યુવકો ઈરાની જહાજ પર નોકરીએ રહ્યા હતા. તેમનું જહાજ કુવૈતના દરિયા કિનારા પાસેથી પસાર થતું હતું ત્યારે અકસ્માતે ડૂબી ગયું હતું. આ બંને યુવકો દરિયામાં કૂદી પડયા હતા. તેમના હાથમાં એક નાનકડી લાઈફબોટ આવી જતા બંને એમાં ચડી ગયા હતા અને હાથેથી હલ્લેસા મારી કુવૈતના કિનારે પહોંચી ગયા હતા. કિનારે તહેનાત કુવૈતના સુરક્ષા રક્ષકોએ બંનેને પકડી લીધા હતા. પહેલાં તો બંને જખમી થયા હોવાથી હોસ્પિટલમાં દાખલ કરી સારવાર કરી હતી.

આ બંને યુવકોનો સરસામાન તો જહાજ સાથે ડૂબી ગયો હોવાથી તેમની પાસે પાસપોર્ટ અને બીજા કાગળો ન હોવાથી જેલમાં ધકેલી દેવામાં આવ્યા હતા. બંનેના પરિવારને જાણ થતા તેમણે યુવકોને છોડાવવા ઓલ ઈન્ડિયા સીફેરર્સ યુનિયનનો સંપર્ક સાધ્યો હતો. યુનિયને કુવૈત સ્થિત ભારતીય દૂતાવાસનો સંપર્ક કર્યા બાદ યુવકોને છોડાવવાની તજવીજ કરી હતી. આ પ્રવાસ સફળ થયા બાદ બે દિવસ પહેલાં જ કુવૈતની જેલમાંથી મુક્ત કરવામાં આવ્યા બાદ ગઈ કાલે તેઓ મુંબઈ આવી ગયા હતા અને ત્યારબાદ નાસિક પહોંચતા બંનેના પરિવારોએ રાહતનો શ્વાસ લીધો હતો.

### પોલીસે આરોપી સામે કેસ નોંધી તપાસ શરુ કરી

# કસ્ટમના ગોદામમાં તોડફોડ કરીને રૂ. ૧૬.૬ કરોડની સોપારી અને મરીની ચોરી

(પ્રતિનિધિ દ્વારા) મુંબઈ તા.૦૨

પનવેલમાં ત્રણ વિદેશી કંપનીઓ દ્વારા કસ્ટમ ડ્યુટીની ઉચાપત કરીને વિદેશમાંથી આયાત કરાયેલ રુ. ૧૬.૬ કરોડના મૂલ્યની સોપારી અને મરી પર કસ્ટમ ડ્યુટી ચૂકવણી ન કરવા બદલ, બધો મુદ્દામાલ કસ્ટમ વિભાગે જપ્ત કર્યો હતો. તેમજ ગોદામમાં સીલ કરી રાખવામાં આવ્યો હતો. પરંતુ તે જ માલ કસ્ટમ વિભાગના ગોદામમાંથી ચોરી થઈ ગયો હોવાની ઘટના પ્રકાશમાં આવી છે. હાલ આ મામલે કેસ નોંધવામાં આવ્યો છે.૨૦૨૨માં ત્રણ વિદેશી કંપનીઓએ કસ્ટમ ડ્યુટીની ઉચાપત કરીને વિદેશમાંથી કરોડો રૂપિયાની સોપારી અને મરીનો માલ આયાત કર્યો હતો. ડિસેમ્બર ૨૦૨૨માં, કસ્ટમ વિભાગ દ્વારા આ ત્રણેય કંપનીઓનો માલ જપ્ત કરવામાં આવ્યો હતો અને માલ જેએનપીટી બંદર પર આવ્યા પછી કસ્ટમ ડ્યુટીની ચુકવણી ન કરવા બદલ , જપ્ત કરવામાં આવ્યો હતો અને પનવેલના શિરધોનમાં અશેરા ગોદામ પાર્કમાં અલગ અલગ ગોદામમાં રાખવામાં આવ્યો હતો.



જો કે, ડાયરેક્ટોરેટ ઓફ રેવન્યુ ઈન્ટેલિજન્સના અધિકારીઓને આ સામાનની ચોરીની માહિતી મળી હતી. જેના આધારે ડિસેમ્બર, ૨૦૨૨માં જ્યારે કસ્ટમ અધિકારીઓએ આ વિસ્તારમાં જઈને માલસામાનની તપાસ કરી, ત્યારે જાણવા મળ્યું હતું કે, એક વિદેશી કંપનીનો જપ્ત કરાયેલ મરીના કન્ટેનરમાંથી રુ. ૬.૩૩ કરોડના કિંમતના ૧૨૮ મેટ્રિક ટન મરીની ચોરી થઈ હતી.

આથી કસ્ટમ વિભાગે માલ સીલ કરીને બીજી કંપનીનો માલ જ્યાં કસ્ટડીમાં રાખ્યો હતો .તે જગ્યાએ આ મરીને રાખવામાં આવી હતી. જો કે, ઓગસ્ટ ૨૦૨૩માં ડીઆરઆઈની ટીમને માહિતી મળી હતી કે , આ જ ગોદામમાં રાખવામાં આવેલી અન્ય વિદેશી કંપનીઓના સામાનની પણ ચોરી થઈ રહી છે. તેથી કસ્ટમ વિભાગે, ડીઆરઆઈ અને સીઆઈયુ અને ઓડિટ વિભાગના અધિકારીઓએ સમ્રગ કન્સાઈનમેન્ટનું નિરીક્ષણ કર્યું હતું. આ સમયે ઘટના પ્રકાશમાં આવી હતી કે, કસ્ટમ વિભાગના ગોદામની દિવાલમાંથી તોડફોડ કરીને આ સામનની ચોરી કરવામાં આવી હોવાનું જાણવા મળ્યુ હતું. કસ્ટમ વિભાગે આ માલસામની ચોરી અંગે વધુ તપાસ કરતાં જાણવા મળ્યું હતું કે, ત્યાંના કેટલાક શખ્સોએ કસ્ટમની કસ્ટડીમાંથી રુ. ૧૬. ૬ કરોડની કિંમતની સોપારી અને મરીની ચોરી કરવાનું કાવતરું ઘડ્યું હતું.આ મામલે હજુ વધુ તપાસ કરતા, આ ચોરી ગોદામના સંચાલક માલિકોએ કરી હોવાનું બહાર આવ્યું હતું. આ મામલે પનવેલ પોલીસે કસ્ટમ વિભાગે આપેલી ફરિયાદના આધારે ગુનો નોંધ્યો છે. હાલ વધુ તપાસ ચાલુ છે.

## ૨૦૨૨માં કસ્ટમ ડ્યુટીની ઉચાપત કરીને વિદેશમાંથી કરોડો રુપિયાનો માલ આયાત કર્યો હતો

### માનસિક દિવ્યાંગ છ બાળકીઓના જાતીય શોષણનો કેસ

# સમસ્યા નિવારણ માટે લોકો તાંત્રિકો પાસે જાય છે એ કમનસીબી છે: હાઈકોર્ટ

મુંબઈ, તા.૨

માનસિક રીતે અક્ષમ છ બાળકીઓનું જાતીય શોષણ કરવા બદલ આરોપીને થયેલી સજા કામ રાખીને બોમ્બે હાઈ કોર્ટે નોંધ કરી હતી કે સમસ્યાનો નિકાલ લાવવા લોકો તાંત્રિક અને બાબાઓના દરવાજા ખખડાવે છે એ આજના સમયની દુર્ભાગ્યપૂર્ણ હકીકત છે.

## તાંત્રિક હોવાનો દાવો કરનાર અરોપીની જન્મટીપની સજા બહાલ કરાઈ

તાંત્રિક હોવાનો ડોળ કરનારા ૪૫ વર્ષના આરોપીને અપાયેલી જન્મટીપની સજાને પણ કોર્ટે બહાલ કરી હતી. અંધશ્રદ્ધાનો આ ભયંકર કેસ છે અને આરોપી દયાને પાત્ર નથી. બાળકીઓને સાજી કરવાના બહાને આરોપીએ તાંત્રિક હોવાનો દાવો કરીને તેમનું જાતીય શોષણ કર્યું હતું. બાળકીઓના માતાપિતા પાસેથી પણ સારવારના નામે રૂ. ૧.૩૦ કરોડ પડાવ્યાનો આરોપ છે.

૨૦૧૦માં પહેલી એફઆઈઆર થઈ હતી. ૨૦૧૬માં સેશન્સ કોર્ટે કસૂરવાર ઠેરવીને જન્મટીપની સજા સંભળાવી હતી. આરોપીએ હાઈકોર્ટમાં અપીલ કરી હતી. હાઈકોર્ટે અપીલ ફગાવીને સજાય કાયમ રાખી હતી.

લોકો સમસ્યાના નિવારણ માટે તાંત્રિકો પાસે જાય છે એ દુર્ભાગ્યની વાત છે અને આવા બાબાઓ તેનો લાભ લઈને લોકોનું આર્થિક જ નહીં પણ શારીરિક શોષણ કરે છે, એમ કોર્ટે નોંધ્યું હતું.

### કેન્દ્રની જિયો પારસી યોજનાના નાણાં લાભાર્થીઓનાં બેન્કખાતામાં જમા થશે

# જિયો પારસી યોજનાનો અમલ કરવાની જવાબદારી રાજ્ય સરકારોને સોંપાઈ

(પ્રતિનિધિ દ્વારા) નવી દિલ્હી, તા.૨

ભારતમાં વસતી સતત વધી રહી છે અને દુનિયામાં સૌથી વધારે વસ્તી ધરાવતાં દેશ તરીકે ભારત પ્રથમ ક્રમે આવી ગયો છે ત્યારે બીજી તરફ પારસી કોમની સતત ઘટતી જતી વસ્તીથી ચિંતિત કેન્દ્ર સરકારે તેની પારસીઓની વસ્તી વધારવાની જિયો પારસી યોજનાના નિયમોમાં હકારાત્મક ફેરફારો કર્યા હોવાનું જાણવા મળ્યું છે. તાજેતરમાં નવી દિલ્હીમાં લઘુમતિ બાબતોના પ્રધાન સ્મૃતિ ઈરાની તથા પારસી કોમના અગ્રણીઓ વચ્ચે યોજાયેલી બેઠકમાં આ બાબતે મહત્વના નિર્ણયો લેવામાં આવ્યા હતા.

## હવે રાજ્ય સરકારો પારસી અંજુમનોની સહાયથી જિયો પારસી યોજનાનો અસરકારક અમલ કરશે

આ બેઠકમાં હાજર રહેલાં બોમ્બે પારસી પંચાયતના ટ્રસ્ટી ડો. આદિલ માલિયાએ જણાવ્યું હતું કે જિયો પારસી યોજનાનો અમલ હવે અગિયારીઓ અને પારસી અંજુમનોની સહાયથી રાજ્ય સરકારો દ્વારા કરવામાં આવશે. હવે આ યોજનાના લાભાર્થીઓને તેમના નાણાં સીધાં બેન્ક ખાતામાં મળી જશે. પારસીઓની વસ્તી વધારવા માટે બહુપાંખિયો વ્યૂહ અપનાવવામાં આવ્યો છે. હવે યોજનાનો અમલ કરવા સ્ટેટ લેવલની પ્રોજેક્ટ કમિટી, સેન્કશનિંગ કમિટી અને ઓવરસાઈટ કમિટીની રચના કરવામાં આવશે. પંદરમા નાણાં પંચની મુદત પુરી થવા સમયે આ યોજનાનો રિવ્યુ કરવામાં આવશે અને સરકારના મંત્રાલય દ્વારા મીડટર્મ રિવ્યુ પણ કરવામાં આવશે.

દેશમાં ૨૦૧૧માં જ્યારે છેલ્લી વસ્તીગણતરી કરવામાં આવી હતી ત્યારે પારસીઓની વસ્તી મોટા પ્રમાણમાં ઘટી રહી હોવાનું જણાયું હતું. ૨૦૦૧માં પારસીઓની વસ્તી ૬૯,૬૦૧ હતી તે ૨૦૧૧માં ઘટીને ૫૭,૨૬૪ થઈ ગઈ હતી. એ જ રીતે અગાઉ ૧૯૭૧થી ૧૯૮૧ના દાયકામાં પણ પારસીઓની વસ્તીમાં ૨૦ ટકાનો ઘટાડો નોંધાયો હતો. પારસીઓની વસ્તી સતત ઘટવાના અનેક પરિબળો છે. જેમાં ઓછો ફળદ્રુપતા દર, માઈગ્રેશન, અપરિણિતોની મોટી સંખ્યા તથા મોડાં લગ્ન કરવાની વૃત્તિનો સમાવેશ થાય છે. વળી જે પારસી મહિલાઓ બિન પારસીઓને પરણી હોય તેમના સંતાનોને પારસી ગણવામાં આવતાં નથી. પારસી મહિલાઓનો ફળદ્રુપતા દર એક અને તેનાથી પણ ઓછો જણાયો છે. બીજા શબ્દોમાં કહીએ તો પારસી મહિલાઓ સરેરાશ એક બાળકને જન્મ આપે છે. યુવાન પારસીઓની નવી પેઢી હવે નોર્થ અમેરિકા, ઓસ્ટ્રેલિયા અને ન્યુ ઝીલેન્ડમાં સ્થાયી થવા માંડી હોવાથી પણ પારસીઓની સંખ્યામાં ઘટાડો થઈ રહ્યો છે.

ડો. આદિલ માલિયાએ જિયો પારસી યોજનાને કારણે ૪૦૦ કરતાં વધારે જન્મ થયા હોવાથી આ યોજનાને સફળ ગણાવી હતી. અન્ય આગેવાનોએ પારસી કોમને ફરી જીવંત બનાવવા માટે આ સંખ્યા ઘણી ઓછી હોવાનું જણાવ્યું હતું. સરકારી યોજના ઉપરાંત બોમ્બે પારસી પંચાયત દ્વારા પણ પારસીઓની વસ્તી વધારવા માટે વિવિધ પગલાં ભરવામાં આવ્યા છે. જેમાં તાજા પરણેલાં યુવાન દંપતીઓને ફ્લેટ ભાડે આપવામાં અગ્રક્રમ આપવામાં આવે છે. હવે ત્રણથી છ મહિનામાં યુવાન દંપતીઓને ફ્લેટ ફાળવી દેવામાં આવે છે. આ ઉપરાંત જે પારસી દંપતીઓ બીજા અને ત્રીજા બાળકને જન્મ આપે તેમને સ્ટાઈપેન્ડ પણ આપવામાં આવે છે.






## સુપ્રભાતમ્

आचारः प्रथमो धर्मः
आचारः प्रथमं तपम् ।
आचारः परमम् ज्ञानम्
आचारात् किं न साध्यते ॥

આચાર એ પરમ ધર્મ છે, આચાર એ પરમ તપ છે. આચાર એ સર્વોચ્ચ જ્ઞાન છે, આચારથી (સદાચારથી, શાસ્ત્રોક્ત મુજબના આચારથી) શું સાધી શકાતું નથી ? અર્થાત્ બધું જ સાધી શકાય છે.

**- અનુ. ડૉ. કુલીનચંદ્ર પો. યાજ્ઞિક**

## આજનું પંચાંગ

**ભાનુસપ્તમિ**

**શ્રીનાથજી પાટોત્સવ (નાથદ્વારા)**

**દિવસના ચોઘડિયા :** ઉદ્વેગ, ચલ, લાભ, અમૃત, કાળ, શુભ, રોગ, ઉદ્વેગ

**રાત્રિના ચોઘડિયા :** શુભ, અમૃત, ચલ, રોગ, કાળ, લાભ, ઉદ્વેગ, શુભ

**અમદાવાદ સૂર્યોદય :** ૭ ક. ૦૩ મિ., સૂર્યાસ્ત : ૧૮ ક. ૪૧ મિ.

**સુરત સૂર્યોદય :** ૬ ક. ૫૯ મિ., સૂર્યાસ્ત : ૧૮ ક. ૪૨ મિ.

**મુંબઈ સૂર્યોદય :** ૬ ક. ૫૮ મિ., સૂર્યાસ્ત : ૧૮ ક. ૪૩ મિ.

**નવકારસી સમય :** (અ) ૭ ક. ૫૧ મિ. (સુ) ૭ ક. ૪૭ મિ. (મું) ૭ ક. ૪૬ મિ.

**જન્મરાશિ :** વૃશ્ચિક (ન, ય) રાશિ આવે.

**નક્ષત્ર :** અનુરાધા ૧૫ ક ૫૫ મિ. સુધી પછી જ્યેષ્ઠા નક્ષત્ર આવે. જ્યેષ્ઠા નક્ષત્રની શાંતિ વિધિ કરાવવી

**ગોચર ગ્રહ :** સૂર્ય-કુંભ, મંગળ-મકર, બુધ-કુંભ, ગુરુ-મેષ, શુક્ર-મકર, શનિ-કુંભ, રાહુ-મીન, કેતુ-કન્યા, ચંદ્ર-વૃશ્ચિક

હર્ષલ (યુરેનસ) મેષ નેપ્ચ્યુન-મીન પ્લુટો-મકર રાહુકાળ ૧૬:૩૦થી ૧૮:૦૦ (દ.ભા.)

**વિક્રમ સંવત :** ૨૦૮૦ રાક્ષસ સંવત્સર શાકે : ૧૯૪૫ શોભન જૈનવીર સંવત : ૨૫૫૦

ઉત્તરાયણ વસંત ઋતુ રાષ્ટ્રીય દિનાંક : ફાગણ ૧૩ વ્રજ માસ : ફાગણ

**માસ-તિથિ-વાર :** મહા વદ સાતમ
- ભાનુસપ્તમિ
- શ્રીનાથજી પાટોત્સવ (નાથદ્વારા)
- કાલાષ્ટમી
- World Wildlife Day
- અષ્ટકા શ્રાધ્ધ

**મુસલમાની હિજરીસન :** ૧૪૪૫ શાબાન માસનો ૨૧ રોજ

**પારસી શહેનશાહી વર્ષ :** ૧૩૯૩ મેહેર માસનો ૨૧ રોજ રામ

## આજની આગાહી

**મેષ :** દિવસના પ્રારંભથી જ આપને સુસ્તી બેચેની, તબીયતની અસ્વસ્થતા જેવું અનુભવાય. નાણાંકીય વ્યવહારમાં ધ્યાન રાખવું.

**વૃષભ :** આપના કાર્યની સાથે જાહેર ક્ષેત્રના કામમાં, સંસ્થાકીય કામમાં વ્યસ્ત રહેવાનું બને. ધર્મકાર્ય થઈ શકે. પરદેશના કામ થાય.

**મિથુન :** મોસાળપક્ષ સાસરીપક્ષના કામકાજમાં વ્યસ્ત રહેવાનું બને. આકસ્મિક ખર્ચ-ખરીદીના લીધે નાણાંભીડ અનુભવાય.

**કર્ક :** આપને કામમાં સાનુકુળતા મળી રહેતાં કામનો સરળતાથી ઉકેલ લાવી શકો. સંતાનનો સાથ સહકાર મળી રહે.

**સિંહ :** આપની ગણત્રી ધારણા પ્રમાણેનું કામકાજ ન થવાથી ઉચાટ-ઉદ્વેગ અનુભવો. માતૃપક્ષે બીમારી ચિંતા જણાય.

**કન્યા :** ધર્મકાર્ય શુભકાર્યની આનંદ જણાય. યાત્રા પ્રવાસ મિલન-મુલાકાત થાય. ભાઈભાંડુનો સહકાર મળી રહે.

**તુલા :** કૌટુંબિક પારિવારીક સામાજિક વ્યવહારિક કામમાં દોડધામ શ્રમ ખર્ચ જણાય. પરંતુ આનંદ અનુભવો.

**વૃશ્ચિક :** આપના કાર્યમાં વ્યસ્ત રહિને દિવસ પસાર કરી શકો. ઈચ્છિત વ્યક્તિ સાથે મિલન મુલાકાતથી આનંદ રહે.

**ધન :** આપના કાર્યમાં કોઈને કોઈ રૂકાવટ મુશ્કેલીના લીધે કામમાં વિલંબ જણાય. વાદ-વિવાદ ગેરસમજથી સંભાળવું.

**મકર :** આપના કાર્યમાં સંતાનનો સાથ સહકાર મળી રહેતા આનંદ થાય. સીઝનલ ધંધામાં આકસ્મિક ઘરાકી આવી જાય.

**કુંભ :** ઘર-પરિવાર, સગા-સંબંધીવર્ગ મિત્રવર્ગના કામમાં આપે વ્યસ્ત રહેવું પડે. ધીરે ધીરે કામનો ઉકેલ આવતો જાય.

**મીન :** દેશ-પરદેશના કામમાં આયાત-નિકાસના કામમાં સાનુકુળતા રહે. ધર્મકાર્ય શુભકાર્યથી હૃદય-મન પ્રસન્નતા અનુભવે.

**- અગ્નિદત્ત પદમનાભ**

## જન્મતારીખ વર્ષ સંકેત (તા. ૩ માર્ચ)

**આ**જથી શરૂ થઈ રહેલું આપનું જન્મવર્ષ સાનુકુળતાવાળું રહે. **નોકરી-ધંધો :** નોકરી ધંધામાં વર્ષ દરમ્યાન આપના મહત્ત્વના કામનો ઉકેલ આવતો જાય. આપને કામ કરવાનો ઉત્સાહ રહે. આપના કાર્યમાં અન્યનો સાથ - સહકાર મળી રહે. **નાણાંકીય સુખાકારી :** નાણાંકીય સુખાકારીની દ્રષ્ટિએ વર્ષ સારું પસાર થાય. ખોટા ખર્ચા, આકસ્મિક ખર્ચા ઘટતા આપની નાણાંકીય સ્થિતિમાં સુધારો થાય. જૂની ઉઘરાણીના નાણા છૂટા થવાથી આનંદ રહે. **વિદ્યાર્થી વર્ગ :** વિદ્યાર્થી વર્ગ માટે વર્ષ સારુ રહે. અભ્યાસમાં સફળતા પ્રાપ્ત કરી શકો. પરંતુ મિત્રતા-લાગણીના ચક્કરમાં અભ્યાસ બગડે નહીં તેની તકેદારી રાખવી.

## મંત્રમુગ્ધ

● સારા કે નરસા કોઈને દેજે ન ઓ ખુદા,
એવા અનુભવો કે જે ભૂલી શકાય ના. **- ગની દહીંવાલા**

● **-: વાતમાં દમ છે બોસ ! :-**

♦ તમારી કારકિર્દી તમારા જીવનનો હિસ્સો માત્ર છે, પરિવાર જ સાચું જીવન છે.

♦ સફળતાના વસ્ત્રો ક્યારેય તૈયાર નથી મળતા, એને બનાવવા માટે 'મહેનત'ના હુન્નરને કામે લગાડવું પડતું હોય છે.

♦ જો બધાને આપણે જ જવાબ આપીશું તો સમય શું કરશે. થોડો સમય ચૂપ રહો, સમય આપોઆપ જવાબ આપશે.

♦ દરેક વ્યક્તિને એકવાર તો અનુભવ થાય જ છે કે લાગણી ખોટી ન હતી પણ ખોટી જગ્યાએ હતી.

♦ નેતા પાસેથી ઘણી અપેક્ષાઓ એટલા માટે રાખવામાં આવે છે કેમકે, તેઓ અપેક્ષાના વેપારી છે. **- સંકલિત**

● શરીરને સંપૂર્ણ સ્વસ્થ ને તંદુરસ્ત રાખવાની આપણી ફરજ છે, કર્તવ્ય છે. જો એમાં ચૂકી જઈશું તો આપણે આપણા મગજને મજબૂત અને સ્થિર નહીં રાખી શકીએ. **- ભગવાન બુધ્ધ**

● જુલ્મીનું મૃત્યુ થતાં તેના શાસનનો અંત આવે છે. શહીદનું મૃત્યુ થતાં શાસનનો પ્રારંભ થાય છે. **- ડેન્માર્કના દાર્શનિક કિરકેગાર્ડ**

● એક આભૂષણ એવું છે જે સ્ત્રી અને પુરુષ બંનેને શોભે- તે છે ક્ષમા. ક્ષમા દાન છે, ક્ષમા સત્ય છે, ક્ષમા યશ છે, ક્ષમા ધર્મ છે. ક્ષમામાં જગત પ્રતિષ્ઠિત છે. **- મહર્ષિ વાલ્મીકિ (રામાયણમાં)**

● મૌનના ઝાડ પર શાંતિના ફળ આવે છે. **- આરબ કહેવત**

**સંકલન : ઋષભ શાહ**
email: russhabhshahgs@gmail.com

# રાજ્યની વિવિધ આઈટીઆઈમાં વિદ્યાર્થીઓના ધર્માંતરણનો અહેવાલ

મુંબઈ, તા.૨

રાજ્યની વિવિધ ઈન્ડસ્ટ્રીઅલ ટ્રેનિંગ ઈન્સ્ટિટ્યૂટ્સ (આઈટીઆઈ) સંસ્થાઓમાં એડમિશન લીધેલાં અનુસૂચિત જમાતીના કુલ ૨૫૭ વિદ્યાર્થીઓએ હિંદુ ઉપરાંત અન્ય ધર્મના નામે પોતાનું રજીસ્ટ્રેશન કરાવ્યું હોવાની માહિતી સામે આવી છે. તેમણે બૌદ્ધ, મુસ્લિમ, ક્રિશ્ચન, શીખ તેમજ અન્ય ધર્મોનો તેમના ફોર્મમાં ઉલ્લેખ કર્યો હોવાનું અહેવાલમાં સામે આવ્યું છે.

## ૨૫૭ અનુસૂચિત જમાતીના વિદ્યાર્થીઓએ હિંદુ ઉપરાંત અન્ય ધર્મ નોંધાવ્યાની માહિતી

આ અહેવાલ મુજબ હવે આ આદિવાસીઓને અપાતી સુવિધા તથા સવલતો લાગુ રહેશે કે નહિ તે બાબતે નક્કી કરવા એક સમિતિની સ્થાપના કરી તેનો અહેવાલ રજૂ કરવાનું સૂચન કરાયું છે. વિધાનસભાના બંને સભાગૃહમાં કૌશલ્ય વિકાસમંત્રી મંગલપ્રભાત લોઢાએ શુક્રવારે આ અહેવાલ રજૂ કર્યાની માહિતી મળી છે. અહેવાલ મુજબ અનુસૂચિત જમાતી વર્ગમાંથી એડમિશન મેળવેલ ૨૫૭ વિદ્યાર્થીઓએ હિંદુ ઉપરાંત અન્ય ધર્મ નોંધાવ્યો છે.

## ફેબ્રુઆરીમાં નોંધાયો અનોખો વિક્રમ

# મુંબઈમાં રોજના ૪૧૬ ફ્લેટ વેચાયા: સરકારને ૮૬૫ કરોડની આવક

મુંબઈ, તા.૨

રિયલ એસ્ટેટ ક્ષેત્રમાં ગયા વર્ષની જેમ આ વર્ષે પણ તેજીનો ટ્રેન્ડ જળવાયો છે. ફેબ્રુઆરી દરમિયાન દરરોજ સરેરાશ ૪૧૬ ફ્લેટ વેંચાયા હતા, સરકારને સ્ટેમ્પ ડ્યુટી પેટે ૮૬૫ કરોડ રૂપિયાની આવક થઈ હતી.

## ગયા વર્ષની સરખામણીએ આ વર્ષના ફેબ્રુઆરીમાં ૨૧ ટકા વધુ વેચાણ

પ્રોપર્ટી રજિસ્ટ્રેશન વિભાગના જણાવ્યા પ્રમાણે ફેબ્રુઆરીમાં સૌથી વધુ પ્રોપર્ટીનું રજિસ્ટ્રેશન થયું હતું. મુંબઈમાં છેલ્લા ૨૯ દિવસ દરમિયાન ૧૨,૦૫૬ પ્રોપર્ટીનું રજિસ્ટ્રેશન થયું હતું. જાન્યુઆરીમાં ૧૦,૯૬૭ ઘર વેંચાયા હતા. રિયલ એસ્ટેટ ક્ષેત્રની તેજીને પગલે સરકારને સ્ટેમ્પ ડ્યુટીની આવક પણ વધવા માંડી છે. ફેબ્રુઆરીમાં ૮૦ ટકા રહેણાંક ઘરો અને ૨૦ ટકા કમર્શિયલ જગ્યાનું વેચાણ થયું હતું. ૨૦૨૩ના ફેબ્રુઆરીની સરખામણીએ ફેબ્રુઆરી ૨૦૨૪માં ૨૧ ટકા વધુ મિલકતોનું વેચાણ થયું છે.

# નવી મુંબઈમાં પત્નીને ટ્રિપલ તલાક આપનારા પતિ સામે કેસ

(પ્રતિનિધિ દ્વારા) મુંબઈ તા.૨

**નવી મુંબઈમાં પત્નીને તેના કાર્યસ્થળ પર ટ્રિપલ તલાક આપનારા ૪૩ વર્ષીય પતિ સામે કેસ નોંધવામાં આવ્યો છે, એમ શનિવારે પોલીસે જણાવ્યું હતું.**

## કલાર્ક પત્ની કોલેજમાં હતી ત્યારે સાથીદારો સામે ટ્રિપલ તલાક આપ્યા

મહિલાએ તેની ફરિયાદમાં દાવો કર્યો હતો કે ખારઘરની એક કોલેજમાં તે કલાર્ક તરીકે કામ કરે છે. ગત ડિસેમ્બર મહિનામાં તે કોલેજમાં હતી ત્યારે પતિ અલ્તાફ મુબારક અતરે તેના સાથીદારોની સાથે ટ્રિપલ તલાક આપ્યા હતા. આ મામલે મહિલાએ ખારઘર પોલીસમાં ફરિયાદ નોંધાવી હતી પોલીસે આરોપી પતી સામે મુસ્લિમ મહિલા એક્ટ, ૨૦૧૯ હેઠળ કેસ દાખલ કર્યો છે. આ કેસની તપાસ ચાલી રહી છે અને હજી સુધી કોઈની ધરપકડ કરવામાં આવી નથી એમ પોલીસે જણાવ્યું હતું.

## જૈન જગત

### પૃથ્વી ખાડો ખોદનારને પાણી આપે, આપણે તો માણસ છીએ આપણું ખોદે તેને પ્રેમ ન અપાય ? - પં.રાજરક્ષિતવિજયજી

શ્રી સુમતિનાથ જિનાલય મસૂર જૈનસંઘમાં પંન્યાસ રાજરક્ષિતવિજયજી, પંન્યાસ નયરક્ષિતવિજયજી પધાર્યા હતાં. પં.રાજરક્ષિતવિજયજીએ પ્રવચનમાં જણાવ્યું કે, આંખ ખુલે એટલે સ્વપ્ન ખતમ થાય. આંખ મીંચાય એટલે સંસાર ખતમ થઈ જાય. ગતિ બદલાય તે પહેલાં મતિ બદલી દેજો. આજ સુધીમાં આપણે પૈસા-પ્રોપર્ટીને મહત્વ આપીને ખૂબ જ ગુમાવ્યું છે. હવે પ્રેમને જ વધુ મહત્વ આપવાનું શરૂ કરીએ. સ્વાથી જીવન ખૂબ જ જીવ્યાં, હવે પરાથી જીવન જીવવાનું શરૂ કરીએ. કુદરતની તરફ નજર કરો તો સમજાશે, આંબો પથ્થર મારનારને કેરી આપે છે. ધૂપસળી સળગીને પણ બીજાને સુગંધ આપે છે. ચંદન ઘસાઈને પણ ઠંડક આપે છે. પૃથ્વી ખાડો ખોદનારને મીઠું પાણી આપે છે. આપણે તો માણસ છીએ આપણું કોઈ હલકું બોલે, નિંદા કરે તો તેને પ્રેમ ન આપી શકીએ? પ્રેમ અને પૈસામાં મહત્વ પ્રેમને જ આપજો પૈસાને નહિ. ૩ માર્ચ કરાડ રાજસ્થાની જૈનસંઘમાં રોકાણ છે. પ્રવચનમાં દીક્ષાર્થીની આમંત્રણ પત્રિકાનું આલેખન છે.

### શ્રી આદિનાથ દાદાના શિખરબંધી જિનાલયે યશોવર્મસૂરીજીની નિશ્રામાં જાહોજલાલીથી ધજાચઢી

સારો માણસ જેમ સારી જગ્યામાં જાય એમ સારો પૈસો આવ્યો હોય તો જ સારી જગ્યાએ જાય. બાકી પાપી પૈસો સારા કાર્યમાં કે ક્ષેત્રમાં જતો નથી. એ સારા ઠેકાણે તો જાય નહિ પણ મેળવનારને ઠેકાણે પાડી દે. પૈસો મળે તો સારા કામમાં વાપરવાનો સંકલ્પ કરો.. એમ ગુરૂદેવ શ્રી યશોવર્મસૂરીશ્વરજીએ જણાવ્યું હતું. આજે ૮૯ ફૂટનાં વિશાલકાય શ્રી આદિનાથ દાદાના વાપી અશોક વાટીકા જિનાલયની ૧૧મી ધજા અત્યંત દબદબા સાથે ચઢી હતી. આજે રવિવાર જાહેર પ્રવચન સવારે ૯થી ૧૦ક.ને ૧૦થી ૧૨ ક. શક્રસ્તવ મહાભિષેક તા.૪ અવધમાં સેજલ-પ્રસંગ ઘરે પ્રભુ પ્રતિષ્ઠા તા.૫ માર્ચ પારડી તા.૬/૭ વલસાડ રોજ પ્રવચન થશે.

## વાજતેગાજતે હોસ્પિટલનું ઉદ્‌ઘાટન થયું પણ

# મીરા-ભાયંદરની નવી કેશલેસ હોસ્પિટલમાં નિઃશુલ્ક ઈલાજની પ્રતીક્ષા

મુંબઈ, તા. ૨

મીરા-ભાયંદર મહાપાલિકાએ ગયા મહિને વાજતેગાજતે ઈન્દિરાબાઈ બાબુરાવ સરનાઈક કેશલેસ હોસ્પિટલ ખુલ્લી મૂકી. પરંતુ કેશલેસ (નિઃશુલ્ક) ઈલાજ માટે દરદીઓએ હજી રાહ જોવી પડશે.

## મ્યુનિસિપલ હોસ્પિટલમાં અત્યારે માત્ર પ્રાથમિક ઉપચાર



મીરા-ભાયંદર મનપા દ્વારા વેસ્ટર્ન એક્સપ્રેસ હાઈવે પાસે ૧૦૦ બેડની સુપરસ્પેશ્યાલિટી હોસ્પિટલનું લોકાર્પણ કર્યું હતું. મીરા રોડ અને ભાયંદરની પહેલવહેલી કેશલેસ હોસ્પિટલ તરીકે પ્રસિદ્ધિ આપવામાં આવી હતી. આથી દૂર દૂરથી લોકો મફત ઈલાજની આશાએ આવવા માંડ્યા. પરંતુ અત્યારે તો આ હોસ્પિટલમાં માત્ર પ્રાથમિક ઉપચારની જ સુવિધા છે.

પાલિકા સત્તાવાળાઓના જણાવ્યા પ્રમાણે આ સુપરસ્પેશ્યાલિટી હોસ્પિટલમાં ધીરે ધીરે નિઃશુલ્ક ઉપચારની શરૂઆત થઈ જશે. મુખ્યત્વે પીળા અને કેસરી રેશનકાર્ડવાળા દરદીઓનો મફત ઈલાજ કરવામાં આવશે. હોસ્પિટલમાં એન્જિયોપ્લાસ્ટી, બાયપાસ સર્જરી સહિત બધી જ બીમારીઓનો ઈલાજ કરવામાં આવશે. મ્યુનિસિપલ કમિશનરે જણાવ્યું હતું કે આ હોસ્પિટલને મહાત્મા ફૂલે યોજના અને આયુષ્માન યોજના સાથે જોડવાની પ્રક્રિયા ચાલી રહી છે. રાજ્ય સરકારને પ્રસ્તાવ મોકલ્યો છે અને વહેલી તકે મંજૂરી મળી જવાની શક્યતા છે.

# દહિસર પૂર્વથી મીરા ભાયંદર મેટ્રો-લાઇન નવના ત્રણ સ્ટેશનો પર એક રાતમાં કુલ ૨૨ ગર્ડર બેસાડાયા

મુંબઈ, તા. ૨

દહિસર પૂર્વથી મીરા ભાયંદર વચ્ચેની મેટ્રો-લાઇન-૯ના બાંધકામ માટે એક જ રાતમાં એમએમઆરડીએએ ૨૨ ગર્ડર ઊભા કરવાનું કામ પાર પાડ્યું હતું. ગુરુવારે રાત્રે આ રૂટ પરના ત્રણ મેટ્રો સ્ટેશનો પર ગર્ડર બેસાડવામાં આવ્યા હતા.

મેટ્રો લાઇન નવને બને તેટલી જલ્દી ખોલવાના પ્રયાસ રૂપે એમએમઆરડીએએ કામની ગતિ વધારી છે. ત્રણ મેટ્રો સ્ટેશનો સુભાષચંદ્ર બોઝ સ્ટેશન, શહીદ ભગતસિંહ સ્ટેશન અને દહિસર ઈસ્ટ સ્ટેશને મળીને કુલ ૨૨ ગર્ડર ઊભા કર્યા હતા. વેસ્ટર્ન એક્સપ્રેસ હાઈવે પરના ટ્રાફિકને ખલેલ ન પહોંચાડતા માત્ર સાડા આઠ કલાકમાં આ કામ પાર પાડવામાં આવ્યું હતું.

**આજે કલ્યાણ-તળોજા મેટ્રો-૧૨ રૂટનું ભૂમિપૂજન**

**રવિવારે ત્રીજી માર્ચના રોજ કલ્યાણ-ડોમ્બિવલી-તળોજા મેટ્રો લાઇન-૧૨નું ભૂમિપૂજન કરવામાં આવશે. તેથી હવે આ લાઇનના બાંધકામ માટેનો માર્ગ મોકળો થતા ટૂંક સમયમાં કામ શરૂ થશે. કલ્યાણ-તળોજા એલિવેટેડ મેટ્રો રૂટ ૨૦.૭૫ કિ.મી. લાંબો છે. આ રૂટ પર ૧૯ સ્ટેશનો હશે. નિર્માણાધીન થાણે-ભિવંડી કલ્યાણ મેટ્રો-પાંચ માર્ગનો આ રૂટ વિસ્તાર છે. મેટ્રો-૧૨ના બાંધકામ ૧,૮૭૭ કરોડ રૂપિયા ખર્ચ થશે. બાંધકામ માટે એમએમઆરપીએએ ડિસેમ્બરમાં ટેન્ડરો મગાવ્યા હતા. જેને ત્રણ કંપનીનો પ્રતિસાદ મળ્યો છે.**

## મુંબઈની જેલોમાં ક્ષમતા કરતા ત્રણ ગણા વધુ કેદી

# રાજ્યના ૬૦ કારાગૃહો પૈકી આઠ કારાગૃહો હાઉસફૂલ

મુંબઈ, તા.૨

મહારાષ્ટ્રના ૬૦ કારાગૃહો પૈકી આઠ કારાગૃહો પૂર્ણપણે હાઉસફૂલ થઈ ગયા છે. એમાંથી પણ મુંબઈ અને થાણાના કારાગૃહમાં સૌથી વધુ કેદી હોવાની જાણકારી જેલ પ્રશાસને આપી છે. મુંબઈના કારાગૃહમાં ક્ષમતાથી ત્રણ ગણા વધુ જ્યારે થાણેના કારાગૃહમાં ક્ષમતાથી ચાર ગણા વધુ કેદી છે. પરિણામે જેલ પ્રશાસન નવા કારાગૃહ ઊભી કરવાની દ્રષ્ટિએ નવી યોજના બનાવી રહ્યું છે.

રાજ્યમાં કુલ ૬૦ કારાગૃહો છે જેમાંથી સેન્ટ્રલ નવ, જિલ્લા ૨૮, વિશેષ કારાગૃહ રત્નાગીરી ૧, મુંબઈ જિલ્લા મહિલા ૧, કિશોર સુધારાલય નાશિક ૧, ખુલ્લી જેલ ૧૯ જ્યારે ખુલ્લી વસાહત ૧નો સમાવેશ થાય છે. ઉલ્લેખનીય છે કે કારાગૃહમાં આરોપી ઠરેલા કેદીઓની સરખામણીએ જ્યુડિશિયલ કેદીઓની સંખ્યા વધુ છે. મહારાષ્ટ્રના કારાગૃહમાં ૨૬ હજાર ૩૭૭ કેદીઓની ક્ષમતા છે જ્યારે ૩૧ જાન્યુઆરી, ૨૦૨૪ના રોજ તેમાં ૪૦ હજાર ૪૮૫ કેદીઓ છે જેમાં ૩૮ હજાર ૮૫૭ પુરુષ કેદીઓ, ૧૬૦૬ મહિલા કેદીઓ જ્યારે ૨૨ તૃત્તીયપંથી કેદીઓ સામેલ છે.

કેદીઓ પાસે વકીલ નિયુક્ત કરવા માટે તેમજ જામીન માટે પૈસા ન હોવાથી તેમણે કારાગૃહમાં બંદી રહેવું પડે છે. પરિણામે જેલ પ્રશાસન પર દબાણ વધે છે. એના માટે જેલ વિભાગે ગરીબ કેદીઓના જામીન માટે આર્થિક મદદ કરવાની દ્રષ્ટિએ પગલા લેવાનું શરૂ કર્યું છે.

## અવસાન નોંધ

### હિન્દુ

**નાથળિયા ઉનેવાળ બ્રાહ્મણ**

સ્વ. ચંપાબેન છેલશંકર જોષી (ઉ.વ.૮૮) ગામ સીમર હાલ કાંદિવલી તા.૨૯-૨-૨૪ના સ્વર્ગવાસ થયેલ છે. તે છેલશંકર પરમાણદ જોષીના પત્ની તે ભારતી રાજેન્દ્ર જોષીના સાસુ તે પુનીત, જય તથા તેજસ્વીનીના દાદી સાસુ તથા રિધ્ધી નીરવ લખલાણીના દાદી. તેમની પ્રાર્થનાસભા તા.૩-૩-૨૪ના રવિવારે સાંજે ૪થી ૬માં રાખેલ છે. સ્થળ : હાલાઈ લુહાણા મહાજન વાડી, ૧લે માળે, એસ. વી. રોડ, કાંદિવલી-વેસ્ટ.

**કચ્છી લોહાણા**

સ્વ. દમયંતીબેન મોરારજી લાલજી ખાંટ કચ્છ દર્શડીવાળાના મોટા પુત્ર, હર્ષદભાઈ (ઉ.વ.૭૮) તે વિજ્યાના પતિ, રૂપેશ-ભાવિનના પિતા, સ્વ. દેવજી વેલજી ક્તીરાના જમાઈ, જાગ્રુતી, રીનાના સસરા, નૈશદ, ભરત, પ્રીતી ઠક્કર, સ્વ. રક્ષા સુરેન્દ્ર ઠક્કર, અંજની ઠક્કરના ભાઈ, જાન્વી, સલોની, પાર્થ, પલકના દાદા, તા.૧-૩-૨૪ના શ્રીરામશરણ પામ્યા છે. લૌકિક વ્યવહાર સદંતર બંધ છે.

**કપોળ**

શિહોરવાળા હાલ ગીરગામ મુંબઈ સ્વ. નવીનચંદ્ર ભગવાનદાસ મેહતાના પત્ની ગંગાસ્વરૂપ કુંદનબેન (ઉ.વ.૮૧) તા.૨૯-૨-૨૪ના ગુરૂવારે શ્રીજીચરણ પામેલ છે. તે સ્વ. મોહનલાલ ઝવેરલાલ પારેખના પુત્રી, સ્વ. કાંતિભાઈ, સ્વ. રમેશભાઈ અને કિરીટભાઈ પારેખના બેન, તે સ્વ. રમણીકલાલ, સ્વ. કન્હૈયાલાલ અને સ્વ. મુકુંદરાય, સ્વ. નિર્મળાબેન, સ્વ. પુષ્પાબેનના ભાભી, તે સ્વ. ભાનુમતી, સ્વ. લલિતાબેનના દેરાણી અને ગં. સ્વ. ચારૂબેનના જેઠાણી, તે સ્વ. વિજય, યોગેન સતીષ અને કૌશલના કાકી. સર્વે લૌકિક ક્રીયા બંધ રાખેલ છે.

**હાલાઈ બ્રહ્મક્ષત્રિય**

કુતિયાણા નિવાસી હાલ ડોંબીવલી સ્વ. જયેન્દ્રભાઈ એન. કકૈયાના પત્ની હર્ષાબેન (ઉ.વ.૭૭) તા.૨૯-૨-૨૪ના શ્રીજીચરણ પામ્યા છે. તે સનીના મમ્મી, એકતાનાં સાસુ, ચંપાબેન જગન્નાથ મામતોરાનાં દીકરી. લૌકિક પ્રથા બંધ છે.

**કચ્છી લોહાણા**

ગામ કાલીતલાવડી મધુલતાબેન (ઉ.વ.૮૦) સ્વ. દયારા મોરારજી રવજી ચોથાણીના પત્ની. સ્વ. હીરજી શામજી માણેકના પુત્રી (અંજાર) તા.૨૯-૨-૨૪ ગુરૂવારના નાસિક ખાતે શ્રીજીચરણ પામેલ છે. જીતેન્દ્રભાઈ, હિતેશભાઈ, સૌ. પૂર્ણિમાબેન કીર્તિભાઈ સોમૈયા, સૌ. મમતાબેન નીતિનભાઈ કારીયાના માતા તેમજ સૌ. કીરણ તથા સૌ. સોનલના સાસુ. મીનલ બીરેનભાઈ ગણાત્રા, મીતલ ધીરેનભાઈ અનમ, જીનલ કૌશિકભાઈ બારૂ તથા કરણ અને હીરલના દાદી. તેમની પ્રાર્થનાસભા રવિવાર તા.૩-૩-૨૪ના સાંજે ૪થી ૫માં રાખેલ છે. સ્થળ - કચ્છી લોહાણા મહાજનવાડી, દીડોરી રોડ, પંચવટી, નાસિક. લૌકિક વ્યવહાર બંધ છે.

**કચ્છી લોહાણા**

ગામ ભુજ કચ્છ હાલે મુલુંડ (વે) નાહુર ગાંવ ગં.સ્વ. જશોદા બેન બિહારીલાલ કોટકનાં દ્વીતીય પુત્ર નરેન્દ્રભાઈ (ઉ.વ.૭૨) તે ખુશલતાબેનના પતિ, તા.૨૯-૨-૨૪ને શ્રીહરિશરણ પામેલ છે, તે આશાબેન, કીર્તિ ભાઈ, પરેશ ભાઈ, સંજય ભાઈ, પ્રણવ ભાઈનાં ભાઈ તે સ્વ. દેવજી નારાયણજી તન્નાનાં જમાઈ તે લક્ષ્મીકાંત ભાઈ, શશીકાંત ભાઈ, સુષ્મા રાજેશ સોમૈયાનાં બનેવી તે સેજલ મોનાણી, ધર્મિષ્ઠા મૃગ અને દર્શનનાં પિતા જેન્ડીશભાઈ રાજેશભાઈ તન્વીનાં સસરા તે જશન અને દિવ્યાંશનાં નાનાબાપા પ્રાર્થનાસભા રવિવાર તા.૩-૩-૨૪નાં સ્થળ : ગોપુરમ હોલ, ડો.રાજેન્દ્ર પ્રસાદ રોડ, મુલુંડ (વે) ટાઈમ સાંજે ૫-૭. લૌકિક વહેવાર બંધ છે.

**ગામડિયા દરજી**

વલસાડ (હાલર નિવાસી) હાલ મુંબઈ મલાડ સ્વ. જયંતિલાલ પ્રાણજીવન ટેલર (ઉ.વ.૮૫) ગં.સ્વ. પુષ્પાબેન જયંતીલાલ ટેલરના પતિ. સ્વ. રતનબેન પ્રાણજીવન ટેલરના પુત્ર. સ્વ. કૌશિક, નરેન્દ્રના પિતા. સ્વ. શાંતાબેન ડાહ્યાભાઈ ટેલરના જમાઈ પુષ્પા, ગીતા, સરલા, રમીલા, સ્વ. હંસા. પદમાના ભાઈ. તા. ૨૪-૨-૨૪ના દેવલોક પામ્યા છે. તેમનું બેસણું તા.૫-૩-૨૪ મંગળવારના સાંજે ૪થી ૬માં રાખેલ છે. બેસણાનું સ્થળ : કે, ઈ/ધીરજ સરસ્વતી, ગ્રાઉન્ડ ફ્લોર, ધીરજ પ્લેટિનમ ની સામે, રામનગર, ચીંચોલી બંદર રોડ, મલાડ (વે) મુંબઈ-૬૪

**કપોળ**

પાલીતાણા વાળા હાલ ભાયંદર સ્વ. હર્ષદરાય કાંતિલાલ પારેખના પત્ની ગં. સ્વ. પ્રફુલાબેન (ઉ.વ. ૬૮) તે કમલેશ, રેખા, સોનલ, સ્વ. ધારા, દિપીકાના માતા, તે પારુલ, વિપુલ મહેતા, અલ્પેશ કરવત, સત્યેન મોદી, હાર્દિક પારેખના સાસુ, તે સ્વ. બળવંતરાય પ્રભુદાસ દેસાઈની પુત્રી, તે સ્વ. સવિતાબેન ભૂપતરાય પારેખના દેરાણી, સ્વ. છોટાલાલના ભાભી, સ્વ. ભારતી, ગીતા, જ્યોતીન્દ્ર, બીના, અલકા, તૈલેષ, જાગૃતિના કાકી. સર્વ પક્ષની પ્રાર્થનાસભા તા. ૩-૩-૨૪ના રવિવાર સાંજના ૪થી ૬ સ્થળ : ભાયંદર કપોળ વાડી, ગીતાનગર, ભાયંદર (વેસ્ટ) ખાતે રાખેલ છે.

**ઔદિચ્ય સહસ્ત્ર ઝાલા. બ્રાહ્મણ**

મૂળ વતન આસોદર હાલ મુંબઈ સ્થિત રમણીકલાલ લક્ષ્મીશંકર વ્યાસના પત્ની ભારતીબેન રમણીકલાલ વ્યાસ (ઉ.વ.૯૨) તા.૧-૩-૨૪ના અવસાન-કૈલાશવાસ થયેલ છે. તે કિરીટભાઈ યજ્ઞેશભાઈના મમ્મી જ્યોતિબેન ડિમ્પલબેનના સાસુ ઈન્દ્રવદનભાઈ મેતાના બહેન. તેમની પ્રાર્થનાસભા તા.૪-૩-૨૪ સોમવારના સાંજના ૪થી ૬માં રાખેલ છે સ્થળ : ૧૦૪ -મંગલ મહેશ બાગ, કોરાકેન્દ્ર બસ સ્ટોપ પાસે, ગણપતિ મંદિર ની પાછળ, એ.સ. વી રોડ, નોબેલ મેડિકલ ની સામે, બોરીવલી (વે).

**હાલાઈ ભાટિયા**

મુંબઈ નિવાસી અંજનાબેન નેગાંધી તે સ્વ. યશવન્ત નરોત્તમ ગાંધી ના પત્ની તે તા. ૨૯-૨-૨૪ શ્રીજીચરણ પામેલ છે. તે ભાવેશ મોન્ટુ નેગાંધીના માતા, ગાયત્રી ભાવેશના સાસુ ભક્તિ અને ખાવાઈશના દાદી. તે સ્વ. પ્રતાપસિંહ વસનજી તથા કુસુમબેન કજારિયાના દીકરી, તે સ્વ. પ્રતાપસિંહ, ચિતરંજન, કીર્તિ, ઈન્દુમતી અનીલકુમાર ભાટિયા અને હેમકલા માનસિંહ ઉદેશીના ભાભી, લૌકિક વ્યવહાર બંધ છે.

### જૈન

**ઝાલા. દશા શ્રી. શ્વે. મૂ. જૈન**

સાયલા નિવાસી હાલ ડોંબીવલી સ્વ. નટવરલાલ ચત્રભુજ શાહનાં પત્ની સ્વ. ધીરજબેન (ઉ.વ.૯૦) તે મોહીનીબેન દિલીપભાઈ, અલ્કાબેન, રાજેન્દ્રભાઈ તથા પ્રફુલાબેન ભાવેશભાઈનાં માતા. તે સોનાલી, રૂચિન- ગૌરાંગ - પીનલ પૂજનકુમાર - મનાલી અનીષકુમારનાં નાની. તથા પિયર પક્ષે સ્વ. કલાવતીબેન અમીલાલ શાહની પુત્રી તા.૧-૩-૨૪ ગુરૂવારના અરિહંતશરણ પામેલ છે. લૌકિક વ્યવહાર બંધ છે. એડ્રેસ : નીલકંઠધારા બિલ્ડિંગ-બી-૭૦૨, ફેસ-૨-રાજુલનગર, ડોંબીવલી-વેસ્ટ.

**દશા ઓસવાળ જૈન**

સાયન નિવાસી સ્વ. મંગળાબેન હિરાભાઈ મલબારીના પુત્ર તથા સ્વ. રશ્મિબેનના પતિ દેવેન્દ્રભાઈ હિરાભાઈ મલબારી (ઉ.વ.૭૭) તા. ૨-૩-૨૪ના શનિવારે અરિહંત શરણ પામેલ છે. તે મનિષાબેન અને રૂપેનભાઈના પિતા તથા ટિનાબેન અને દિપલભાઈના સસરા તથા નીશી, હર્ષ અને રેહાનના દાદા. તથા સ્વ. રવિન્દ્રભાઈ, સ્વ. નવીનભાઈ, સ્વ. ચંદ્રકુમારભાઈ, સ્વ. મહેન્દ્રભાઈ, સ્વ. હંસાબેન, સ્વ. ગુણિયલાબેન અને માલતીબેનના ભાઈ તથા સ્વ. સુશીલાબેન ચંપકલાલ દમણિયાના જમાઈ. લૌકિક વ્યવહાર બંધ છે.

**દશા શ્રીમાળી સ્થા. જૈન**

લાઠી નિવાસી હાલ તિલકનગર સ્વ. કાંતિભાઈ ચુનીલાલ મોટાણીના ધર્મપત્ની ચંદ્રિકાબેન (ઉ.વ.૮૧) તા. ૧-૩-૨૪ના અરિહંતશરણ પામ્યા છે. તે પારૂલ રાજેશ દેસાઈ, ફાલ્ગુની જયદીપ શાહ, જુગ્નુ વિકાસ લાખાણી, ભાબિની રિન્કુ વોરાના માતા, મિતુલ, પ્રણવ, માનસી, તેજસ, વિક્તી, જીમીતના નાની, સ્વ. ખુશાલભાઈ, સ્વ. મનસુખભાઈ, સ્વ. હસમુખભાઈ, સ્વ. શાંતિભાઈ, જીતેન્દ્રભાઈ, નલીની બળવંતરાય ઘાટલીયા, વિલાસ ભરત કપાસીના ભાભી, સ્વ. પ્રાણજીવન લક્ષ્મીચંદ ગોડાના દિકરી, સ્વ. મહેન્દ્રભાઈ, રેણુકાબેન, સ્વ. નલિનીબેન, કુમુદબેન, જયપ્રકાશનબેન, પ્રાર્થનાસભા અને લૌકિક વ્યવહાર બંધ રાખેલ છે.

**દશા શ્રીમાળી સ્થા. જૈન**

ઢસા જંકશન નિવાસી હાલ વસઈ સ્વ. કાંતાબેન ગીરધરલાલ બોટાદરા નાં પુત્ર મહેશભાઈ (ઉ.વ.૬૬) તા. ૨-૩-૨૪ શનિવારે અરિહંતશરણ પામેલ છે. તે નીતાબેન નાં પતિ, મોના તથા મલયનાં પિતા, તે પ્રવીણભાઈ, પંકજભાઈ, રાજેશભાઈ, ચંદ્રિકાબેન અજયભાઈ શાહ, સીમાબેન રશ્મિકાંત મડીયાનાં ભાઈ, તે વીરપુર નિવાસી સ્વ. કાંતિલાલ નાગરદાસ મકાણીનાં જમાઈ. બંને પક્ષની પ્રાર્થનાસભા સોમવાર તા. ૪-૩-૨૪નાં બપોરે ૩ થી ૫ સ્થળ : માણેકપૂર સ્થાનાકવાસી જૈન ઉપાશ્રય, વસઈ વેસ્ટ માં રાખેલ છે.

**દશા શ્રીમાળી સ્થા. જૈન**

સમઢીયાળા (જેતપૂર) નિવાસી હાલ ભાઈંદર, સ્વ. રમાબેન ચુનીલાલ પારેખના પુત્ર, હિતેશ (રાજૂ) (ઉ.વ.૬૨) તા. ૧-૩-૨૪ના અરિહંત શરણ પામેલ છે. તે સતિષભાઈ નિલેશભાઈ મિનાક્ષીબેન દોશી પ્રતિભાબેન વોરા, આરતીબેન મહેતાના ભાઈ, તે ગિતાબેન આશાબેનના દિયર, તે રાહૂલ રૂષભ જૈનમના કાકા પ્રાર્થનાસભા તથા લૈકિક વ્યવહાર બંધ રાખેલ છે.

**દશા શ્રીમાળી સ્થા. જૈન**

લાઠી નિવાસી હાલ સુરત સ્વ. ચંદ્રાબેન મુળજીભાઈ ભાયાણીના પુત્ર હરસુખભાઈ (ઉ.વ.૭૯) પ્રમોદાબેનના પતિ તે સ્વ. ઈલાબેન રસિકલાલ ગાંધી, નીલમબેન રમેશચંદ્ર શાહ, વિભાબેન મહેન્દ્રભાઈ કપાસી, જયશ્રીબેન ભરતભાઈ ડેલિવાલા ના ભાઈ સુધાબેન વર્ધમાનભાઈ, નીતા, ચંદ્રેશ, રાહુલ, સ્વેતાના પિતા, ભરતભાઈ વોરા, હિતેષભાઈ મહેતા, કૃપા ભાયાણીના સસરા, પક્ષે સ્વસુર પક્ષે શાંતિલાલ ભાઈચંદ શાહના જમાઈ તા ૨૮-૨-૨૪ના સુરત મુકામે અરિહંત શરણ પામેલ છે. પ્રાર્થના સભા તથા લૌકિક વ્યવહાર બંધ રાખેલ છે.

**ક. વિ .ઓ. જૈન**

નાના ભાડીયાના જીગ્નેશ ઠાકરશી રાંભીયા (ઉ.વ. ૪૨) તા. ૨૯-૨-૨૪ના અવસાન પામેલ છે. ગં.સ્વ. જયવંતી ઠાકરશીના પુત્ર. પીંકીના પતિ. આયુશી, યશના પિતા. રાજેશ, સંજયના ભાઈ. સંજાણના મીનાબેન વિપુલ શાહના જમાઈ. પ્રાર્થના રાખેલ નથી. નિ. જયવંતી ઠાકરશી રાંભીયા, એ-૧, ઓમ શ્રીનાથ કુંજ, કાર્ટર રોડ નં.૨, બોરીવલી (ઈ.), મું. ૬૬.

***

કોડાયના અમર કાનજી સાવલા (યુ.એસ.એ.) (ઉ.વ. ૭૬) તા. ૨૩-૨-૨૪ના અવસાન પામેલ છે. ચંદ્રીકાના પતિ. બંસીના પિતા. કસ્તુરબેન કાનજી આશધીરના પુત્ર. વશનજી, લક્ષ્મીચંદ, ખુશાલ, મુલચંદ, જયા, વિજયા, વિમળા, મુક્તા, માયાના ભાઈ. રતાડીયા (ગ.)ના રતનબેન પોપટલાલ લધુના જમાઈ. પ્રાર્થના રાખેલ નથી. એડ્રેસ : અમર સાવલા, ૪૮૭૮ શેરબ્રુક, ઓલ્ડસ્મર, ફ્લોરીડા-૩૪૬૭૭. યુ.એસ.એ.

***

ભોરારાના લાલજી ઉમરશી દેઢિયા (ઉ.વ.૯૨) તા. ૧-૩-૨૪ના દેહપરિવર્તન કરેલ છે. ભાણબાઈ ઉમરશી રતનશી દેઢિયાના પુત્ર. સુંદરબેનના પતિ. વિમળા, નરેન્દ્ર, બીના, ભરત, સ્વ. કુસુમના પિતા. મોરારજી, વાંકીના દેવકાંબેનના ભાઈ. છારાના હીરબાઈ કરમશી પાસુ છેડાના જમાઈ. પ્રાર્થના રાખેલ નથી. નિ. શા. લાલજી ઉમરશી દેઢિયા, ૨-બી/૭૨ મહિન્દ્ર પાર્ક, ૭મે માળે, નારાયણ નગર નજીક, ઘાટકોપર (પ.), મુંબઈ-૪૦૦૦૮૬.

**વાગડ વિ.ઓ.જૈન**

ગામ લાકડીયાના માતા વિશાબેન હીરજી ઉગમશી રીટાના પૌત્રવધુ. માતુશ્રી લક્ષ્મીબેન શામજી હીરજી રીટાના પુત્રવધુ, ધનજીના પત્ની ઝવેરબેન (ઉ.વ.૭૩) ગુરૂવાર તા. ૨૯-૨-૨૦૨૪ના મુંબઈ મધ્યે અવસાન પામેલ છે. કમલેશ, સ્વ. નિમેષ, નીતાના માતા. દિવ્યા, નીતુ, મુકેશ દામજી કુરીયાના સાસુ. પાર્થ, વિધી, પ્રેયાંશ, પ્રિયાંશીના દાદી. મિત હરેશ ગડા, રીયાના દાદીજીસાસુ. હિત, વૃષ્ટીના નાની, રાજ ભરત નિસરના નાનીજીસાસુ, ગાગોદરના માતુશ્રી દિવાળીબેન વીરજી હેમરાજ ગાલાના દીકરી નિવાસસ્થાન : સી-૭૦૨, કૈલાસ એવેન્યુ, કામા લેન, જોલી જીમખાનાની બાજુમાં, ફાતીમા સ્કુલની સામે, ઘાટકોપર (વેસ્ટ),

***

ગામ ભચાઉના સ્વ. દિવાળીબેન શાંતિલાલ નંદુ (ઉ.વ.૮૪) મુંબઈ મધ્યે શુક્રવાર તા. ૧-૩-૨૦૨૪નાં અવસાન પામેલ છે. માતા કરમાબેન રાયશી દુદાના પુત્રવધુ, શાંતિલાલનાં પત્ની, રાજેન્દ્ર, સ્વ. બિપિન, નિર્મળા, મંજુલા, સરલાનાં માતા, ગં.સ્વ. દિવ્યા, કેશવજી, અમરશી, વિનોદનાં સાસુ, નિરાલીનાં દાદી, વૈશાલી, વિધિ, અક્ષય, નિરવનાં નાની. ભચાઉનાં માનુબેન/ક્સરબેનનાં દિકરી, પ્રાર્થનાસભા સોમવાર તા. ૪-૩-૨૪ સવારે ૧૦.૩૦થી ૧૨.૩૦ પછી જાપ, પ્રાર્થના સ્થળ કરશન લધુ નિસર હોલ, દાદર-વેસ્ટ, નિવાસ સ્થાન. બી-૪, શુભલક્ષ્મી, સાંતાક્રુઝ-ઈસ્ટ, મુંબઈ.

## એરાઉન્ડ ધ વર્ડ્સ

રીટા શાહ

| | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| ૧ | ■ | ૨ | ■ | ■ | ■ | ૩ | | | ૪ |
| | ■ | ૫ | | | ૬ | ■ | ■ | ■ | |
| | ■ | | ■ | ■ | ૭ | ૮ | | ૯ | ■ |
| ■ | ૧૦ | ■ | ૧૧ | ૧૨ | ■ | | ■ | ૧૩ | |
| ■ | | ■ | ૧૪ | | ૧૫ | ■ | ૧૬ | | ■ |
| ■ | ૧૭ | | ■ | ૧૮ | | ૧૯ | ■ | | ■ |
| ૨૦ | | ■ | ૨૧ | ■ | ૨૨ | | ■ | | ■ |
| ■ | ૨૩ | | | ૨૪ | ■ | ■ | ૨૫ | ■ | ૨૬ |
| ૨૭ | ■ | ■ | ■ | ૨૮ | | | | ■ | |
| ૨૯ | | | | ■ | ■ | ■ | | ■ | |

**આડી ચાવી**

૩. રાખચોળનાર બાવો (૪)
૫. નળ જેવા આકારનું (૪)
૭. ખોરાકમાં હોતું એક પોષક તત્ત્વ (૪)
૧૧. તીણી બૂમ, રાડ (૨)
૧૩. વિશ્વ, જગત (૨)
૧૪. ભારતીય—પાર્ટી (૩)
૧૬. વાર્તા રે વાર્તા ભાભો—ચારતા (૨)
૧૭. એક રાશિ (૨)
૧૮. યુરોપિયન ગોરી સ્ત્રી (૩)
૨૦. તાળી પાડો છોકરા—લાવે ટોપરા (૨)
૨૨. શરીરમાં સાંભળવાનો અવયવ (૨)
૨૩. સૈંયા જૂઠોં કા બડા—નિકલા (૪)
૨૮. લોકોના કલ્યાણની વાત છે (૪)
૨૯. ડરી જવાય એવું સપનું હતું (૪)

**ઊભી ચાવી**

૧. અજાણ્યોને—બન્ને સરખા (૩)
૨. બાધા, આખડી (૩)
૪. ચૂંટણીનો મત (૨)
૬. રજાનો વાર (૨)
૮. —વાય સહુને એક ન વાય વહુને (૨)
૯. નજર આગળથી ખસે નહિ તેટલા પૂરતી કેદ (૫)
૧૦. દુકાળમાં—(૫)
૧૧. વસ્તુ, સરસામાન (૨)
૧૨. માશૂક, પ્રેયસી (૩)
૧૫. રાવણની બહેન (૩)
૧૯. અન્ન જુદા તેના—જુદા (૨)
૨૧. —મેં ના કી કહાની તો પુરાની (૨)
૨૪. ન્યાયાધીશ (૨)
૨૫. મૂળ ગામ કે દેશ (૩)
૨૬. રવીન્દ્રનાથ—(૩)
૨૭. વાઘની—માં હાથ નાખવો (૨)

**ઉકેલ**

આડી ચાવી : [illegible]

ઊભી ચાવી : [illegible]

આજે 'વિશ્વ શ્રવણ દિવસ' છે ત્યારે ચિંતાનો વિષય

# હેડફોનના વધુ ઉપયોગથી શ્રવણશક્તિ નબળી પડવાનું પ્રમાણ ૧૦ ટકા વધ્યું

અમદાવાદ,તા.૨

અદ્યતન ટેક્નોલોજી બેધારી તલવાર સમાન હોય છે. જેમાં તેનો વધારે પડતો ઉપયોગ નુકસાનીને જ નોતરું આપે છે. છેલ્લા કેટલાક વર્ષોથી હેડફોનના વધારે પડતાં ઉપયોગથી બાળકોમાં શ્રવણ શક્તિ નબળું પડવાનું પ્રમાણ ૧૦ ટકા જેટલું વધ્યું છે. આવતીકાલે 'વર્લ્ડ હિયરિંગ ડે' (વિશ્વ શ્રવણ દિવસ) છે ત્યારે નાની વયથી જ શ્રવણશક્તિ નબળું પડવાનું પ્રમાણ ચિંતાનો વિષય છે.

## વધારે વોલ્યૂમ સાથે હેડફોનનો કલાકો સુધી ઉપયોગ કરવાથી શ્રવણશક્તિ નબળું પડવાનું પ્રમાણ વધ્યું

વર્લ્ડ હેલ્થ ઓર્ગેનાઈઝેશન દ્વારા વર્ષ ૨૦૦૭થી ૩ માર્ચની ઉજવણી 'વર્લ્ડહિયરિંગ ડે' તરીકે કરવામાં આવે છે. જેમાં આ વર્ષની થીમ 'ચેન્જિંગ માઈન્ડસેટ્સ: લેટ્સ મેક ઈયર એન્ડ હિયરિંગ કેર એ રિયાલિટી ફોર ઓલ' છે. વર્લ્ડ હેલ્થ ઓર્ગેનાઈઝેશનના મત અનુસાર વ્યક્તિએ બહેરાશ અંગે પોતાનું વલણ બદલવાની જરૂર છે. જોઈ નહીં શકાતી આ વિકલાંગતા પ્રત્યે સમાજ જે પ્રકારે કલંક સમજે છે તે વલણને બદલવામાં આવે તો કાન અને શ્રવણશક્તિ દરેક માટે સામાન્ય કરી શકાય એમ છે. સરેરાશ ૧ હજાર વ્યક્તિએ ૧ વ્યક્તિ સંપૂર્ણ બહેરાશની સમસ્યા ધરાવતી હોય છે. સામાન્ય ભાષામાં કહેવામાં આવે તો ૩૫ ડેસિબલ સુધીનો અવાજ જેને સંભળાય નહીં તે બહેરાશની શ્રેણીમાં હેઠળ આવે છે. અગાઉ વૃદ્ધાવસ્થામાં જ શ્રવણશક્તિ નબળું પડવાનું પ્રમાણ વધારે જોવા મળતું હતું. પરંતુ હવે સ્થિતિ બદલાઈ છે અને બાળકોમાં પણ શ્રવણશક્તિ નબળી પડવાનું પ્રમાણ વધ્યું છે. જેના માટે હેડફોન, એરપોડ, હેન્ડ્સફ્રીનો વધારે પડતો ઉપયોગ જવાબદાર છે. અનેક બાળકો ખૂબ જ હાઈવોલ્યુમ સાથે તેનો ઉપયોગ કરતાં હોવાથી તેના કારણે તેમની શ્રવણશક્તિ નબળી પડી હોવાનું પણ સામે આવ્યું છે.

છેલ્લા ત્રણેક વર્ષમાં બાળકોમાં શ્રવણશક્તિ નબળી પડવાની ફરિયાદ સાથેના કેસમાં ૧૦ ટકાથી વધુનો વધારો નોંધાઈ ચૂક્યો છે. આ અંગે સોલા સિવિલ હોસ્પિટલના ઈએનટી ડિપાર્ટમેન્ટનાં હેડ-પ્રોફેસર ડો. નીના ભાલોડિયાએ જણાવ્યું કે, 'આંખોમાં સહેજ ઝાંખું દેખાય તો લોકો તુરંત જ ડૉક્ટર પાસે પહોંચી જાય છે, પરંતુ સાંભળવાની સમસ્યા સર્જાય તો હજુ તેના અંગે બેદરકારીનું પ્રમાણ હજુ યથાવત્ છે. સાંભળવાની સમસ્યામાં ખૂબ જ વધારો થાય ત્યારે અનેક લોકો ડૉક્ટરનો સંપર્ક કરતાં હોય છે. શ્રવણશક્તિ નબળી પડવાના સંકેત મળે એ સાથે જ ડોક્ટરનો સંપર્ક કરવો હિતાવહ છે. કિશોરાવસ્થા અને યુવાનોમાં પ્રોગ્રેસિવ હિયરિંગના કેસમાં પણ વધારો થઈ રહ્યો છે. જેમાં તબક્કાવાવાર શ્રવણશક્તિ નબળી પડતી હોય છે.

**સાંભળી નહીં શકવાની સમસ્યાથી વૃદ્ધોને ડિપ્રેશનનું જોખમ**

ડોક્ટરોના મતે, વયોવૃદ્ધમાં સાંભળવાની સમસ્યા માઈલ્ડ, મોડરેટ અને સિવિયર એમ ત્રણ વિભાગમાં વહેંચી શકાય. માઈલ્ડ, મોડરેટમાં હિયરિંગ એઈડ ઉપયોગી પુરવાર થાય છે. મગજના ટીબી, સખત તાવ, મેલેન્જાઈટિસને કારણે અનેક મોટી ઉંમરના લોકોને સંપૂર્ણ બહેરાશ આવી જતી હોય છે. આ સમસ્યા માટે હિયરિંગ એઈડ આવતી કામ આવતી નથી અને તેમને કોક્લેર ઈમ્પ્લાન્ટની મદદ લેવી પડે છે. સાંભળી નહીં શકવાની સમસ્યાને કારણે અનેક વૃદ્ધોને ડિપ્રેશન જોવા મળતું હોય છે.

---

અખબારો અને સોશિયલ મીડિયામાં જાહેરખબર મોકલી ઠગાઈ

# નોકરીની લાલચ આપી ૬૫૦૦ લોકો સાથે ઠગાઈ: દિલ્હીની ગેંગ પકડાઈ

અમદાવાદ, તા.૨

સરકારી સંસ્થાઓ હોય તેવી આભા સર્જતી છ અલગ અલગ સંસ્થાઓના નામે જાહેરખબર આપીને ૬૫૦૦ લોકો સાથે છેતરપિંડી કરનાર દિલ્હીની ટોળકીને અમદાવાદ ક્રાઈમ બ્રાન્ચે પકડી પાડી છે. છ સંસ્થાઓના નામે નોકરીની જાહેરખબરો અખબાર અને સોશિયલ મીડિયામાં આપીને ગુજરાત અને મધ્યપ્રદેશના યુવકો પાસેથી લાખો રૂપિયાની વસુલાત કરતાં ત્રણ શખ્સો પોલીસના સકંજામાં આવતા વધુ તપાસ હાથ ધરાઈ છે.

## છ સંસ્થાઓના નામે નોકરીની જાહેરખબરો આપીને ફી-પેટે ગુજરાત, મધ્યપ્રદેશના લોકો પાસેથી લાખો રૂપિયા વસૂલ્યા હતાં

નવી દિલ્હીના સ્વાસ્થ્ય ગ્રામીણ કલ્યાણ સંસ્થાના નામે અખબારોમાં જાહેરાત આપી દરેક જિલ્લામાં ગ્રામ વિકાસ અધિકારી, કાર્યકર્તા અને સહાયકની પોસ્ટ ઉપર ભરતી કરવા ઉમેદવારી પત્રો મગાયા હતા. ખાસ વેબસાઈટ બનાવવા ઉપરાંત ભરતીની જાહેરાતને ફેસબૂક અને ઈન્સ્ટાગ્રામ જેવા સોશિયલ મીડિયામાં પ્રસિધ્ધી આપવામાં આવી હતી.

આવી પ્રસિધ્ધીથી ગુજરાત અને મધ્યપ્રદેશ સહિતના વિસ્તારોમાંથી અંદાજે ૬૫૦૦થી પણ વધુ લોકોએ ઉમેદવારી પત્રો ભર્યાં હતાં. ફીપેટે રાખવામાં આવેલી ૨૪૫૦ રૂપિયાની રકમ ઓનલાઈન ભરાવવામાં આવી હતી. નોકરી ઈચ્છૂક વ્યક્તિઓ પાસેથી ટ્રેનિંગમાં મોકલવાના બહાને વધુ રકમની માગણી કરવામાં આવતી હતી. આ પ્રકારે છેતરપિંડી થતી હોવાની જાણ થતાં ક્રાઈમ બ્રાન્ચનો સંપર્ક સાધવામાં આવતા વિધીવત ફરિયાદ નોંધાઈ હતી.

ક્રાઈમ બ્રાન્ચે પુર્વ દિલ્હી અને ઉત્તરપ્રદેશમાં કાર્યવાહી કરી અકરમ અસ્ફાકહુસેન તુર્ક (ઉ.વ. ૪૯), મનોજ જયપ્રકાશ શર્મા (ઉ.વ. ૫૨) અને શિવશંકર વૃંદાવન અવસ્થી (ઉ.વ. ૫૫)ને ઝડપી લીધા હતા. આરોપીઓ પાસેથી પાંચ મોબાઈલ ફોન અને એક લેપટોપ પણ કબજે કરાયું છે. આરોપીઓએ ગુજરાતના નાગરિકોને સરકારી હોય તેવી છ અલગ અલગ સંસ્થાના નામ આપીને નોકરી આપવાની લાલચ આપી હતી. સ્વાસ્થ્ય ગ્રામીણ સંસ્થાન, ગ્રામીણ જન સ્વાસ્થ્ય સંસ્થાન, શહેરી ગ્રામીણ સ્વાસ્થ્ય કલ્યાણ સંસ્થાન, ભારતીય કૃષિ ગ્રામીણ અનુસંધાન સંસ્થાન, રાષ્ટ્રીય ગ્રામીણ શિક્ષા મિશન અને રાષ્ટ્રીય કૃષિ ગ્રામીણ અનુસંધાન સંસ્થાનમાં નોકરી આપી ૬૫૦૦થી વધુ લોકો પાસેથી ૧૮ લાખથી વધુ રકમ ફી પેટે મેળવી હતી. અકરમ તુર્ક સામે અગાઉ ભોપાલમાં પણ ગુનો નોંધાયેલો છે.

---

# લોકોએ વિદેશ જવા એજન્ટોને ચૂકવેલા રૂ.૪૧.૧૪ કરોડ પાછા લાવી શકાયા નથી

ગાંધીનગર, તા.૨

ગુજરાતમાં વિદેશ જવા ઈચ્છુક પરિવારોના સભ્યો પાસેથી રૂપિયા પડાવવાનો ધંધો કરતા એજન્ટો સામે ફરિયાદ દાખલ થતાં પોલીસ કાર્યવાહી થાય છે પરંતુ લોકોને તેમના ગુમાવેલા રૂપિયા પાછા મળતા નથી. ત્રણ વર્ષમાં છેતરપીંડીની થયેલી ૧૪૦ જેટલી ફરિયાદોમાં લોકોએ ૪૧.૮૮ કરોડ ગુમાવ્યા છે જે પૈકી માત્ર ૭૪ લાખ રૂપિયા જ પાછા મળી શક્યા છે.

વિદેશ જવાની ઘેલછાના કારણે ઘણાં પરિવારો તેમની જીવનભરની કમાણી અથવા તો જર-ઝવેરાત અને જમીન ગુમાવે છે. ગૃહ વિભાગની સત્તાવાર માહિતી પ્રમાણે સૌથી વધુ ફરિયાદો અમદાવાદ, સુરત, રાજકોટ, વડોદરા, આણંદ, મહેસાણા, ગાંધીનગરમાંથી આવે છે. ફરિયાદના આધારે પોલીસ એજન્ટોની તપાસ કરે છે પણ કેટલાક એજન્ટો દુકાનનું શટર પાડીને છૂમંતર થઈ ગયા હોય છે.

છેતરપીંડી થઈ હોવાની ફરિયાદના આધારે પોલીસ કાર્યવાહી કરીને એજન્ટો સામે પગલાં ભરી રહી છે પરંતુ ધરપકડ થઈ હોવાનો કેસોમાં ઝડપથી રિકવરી થતી હોતી નથી. જે તે વિસ્તારની સ્થાનિક પોલીસે કુલ ૧૯૩ આરોપીઓની ધરપકડ કરી છે તેમ છતાં હજી ૧૧૪ આરોપીઓને પોલીસ પક્કડમાંથી બહાર છે.

વિદેશમાં સ્થાયી થવાની, વિદેશમાં અભ્યાસ કરવાની અને નોકરી આપવાની વાતો કરીને આવા એજન્ટો સામાન્ય પરિવારોને છેતરતાં હોય છે. પ્રલોભનમાં આવી ચૂકેલા લોકો એજન્ટોને વિદેશ ગયા પહેલાં એડવાન્સમાં માગેલા રૂપિયા આપી દેતાં હોય છે પરંતુ લાંબા સમય પછી જવાબ નહીં મળતાં અરજદારો જ્યારે પૃચ્છા કરે છે ત્યારે એજન્ટોનો પત્તો હોતો નથી, પરિણામે છેતરાયાની અનુભૂતિ થાય છે.

---

૧૧૦૦૦ વિદ્યાર્થીઓનું યુવા મતદાર સંમેલન

# ભાજપ પ્રમુખ પાટીલનું પારૂલ યુનિ. ખાતે સંબોધન

વડોદરા,શનિવાર

**પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ રાષ્ટ્રીય મતદાતા દિવસ પ્રસંગે દેશભરમાં મોટી સંખ્યામાં યુવાનો અને પ્રથમ વખતના મતદાતાઓ સાથે વાર્તાલાપ કરીને ઈતિહાસ રચ્યો હતો.**

## પારૂલ યુનિ.એ વૈશ્વિક સ્તરે ગુજરાતનું નામ રોશન કર્યું : પાટીલ

આ અંતર્ગત પારૂલ યુનિવર્સિટી કેમ્પસમાં આયોજિત નવ મતદાતા સંમેલનમાં ૧૧,૦૦૦ જેટલાં વિદ્યાર્થીઓએ ગુજરાત ભાજપના પ્રમુખ અને સાંસદ સી. આર. પાટિલની ઉપસ્થિતિમાં પ્રધાનમંત્રીનું પ્રેરક સંબોધન વર્ચ્યુલ માધ્યમથી સાંભળ્યું હતું તથા દેશની લોકશાહી પ્રક્રિયામાં સકારાત્મક યોગદાન આપવાનો નિર્ધાર કર્યો હતો. આ અંતર્ગત આયોજિત એક કાર્યક્રમમાં વિદ્યાર્થીઓએ વિવિધ દેશોની ઓળખ ધરાવતા વેશભૂષામાં સજ્જ બનીને તથા વિદ્યાર્થીઓની એક ટીમે શિસ્તબધ્ધ પરેડ સાથે સી.આર. પાટિલનું સ્વાગત કર્યું હતું. ત્યારબાદ યુનિ.ના પ્રમુખ ડૉ. દેવાંશુ પટેલે તેમનું સ્વાગત કર્યું હતું અને કાર્યક્રમનો ઔપચારિક પ્રારંભ કરાવ્યો હતો. પારૂલ યુનિ.ના ૧૧,૦૦૦ વિદ્યાર્થીઓ અને મહેમાનોને સંબોધન કરતાં સી. આર. પાટિલે જણાવ્યું હતું કે, ભારતના મજબૂત આર્થિક વિકાસના પાયામાં મજબૂત લોકશાહી છે અને તેથી જ દરેક વ્યક્તિએ મતદાન ફરજિયાત પણે કરવું જોઈએ તથા નવા મતદાતાઓએ મતદાર યાદીમાં તેમનું નામ નોંધાવવું જોઈએ.

યુનિ.ના આધુનિક અને વિશાળ કેમ્પસની પ્રશંસા કરતાં તેમણે ઉમેર્યું હતું કે, પારૂલ યુનિ. ગુણવત્તાયુક્ત શિક્ષણનું પર્યાય રહ્યું છે તથા યુનિ.ના વિદ્યાર્થીઓએ માત્ર ભારત જ નહીં, પરંતુ સમગ્ર વિશ્વમાં દેશને ગૌરવ અપાવ્યું છે. ***

---


॥ શ્રી શંખેશ્વર પાર્શ્વાથાય નમઃ ॥

# એક એવી વાસ્તવિકતા જેનાથી જૈન સંઘ અજાણ છે.
# જૈન શ્રમણો ઉપર ગુજારવામાં આવેલો સિતમનો સિલસિલો

૩ જૂન,૨૦૨૦ ના દિવસે કોરોના મહામારી દરમ્યાન થરાદના એક દીકરાની દીક્ષા થઈ. વાત એમ બની કે આચાર્યશ્રી કીર્તિયશ સૂરીશ્વરજી મહારાજાના પ્રવચનોથી વૈરાગ્ય વાસિત બની થરાદ નિવાસી કૌશલભાઈ કુમારપાળભાઈ સંઘવીના સુપુત્રે જયારે દીક્ષા સ્વીકારી ત્યારે કોરોનાના કારણે મહોત્સવાદિ થઈ શક્યા નહિ. પરિવારની ભાવનાને ન્યાય મળે એ હેતુથી આચાર્યશ્રી કીર્તિયશ સૂરીશ્વરજી મહારાજાએ સુયોગ્ય અવસરે ભાવના પૂર્ણ કરવાનું વચન આપ્યું. થોડા સમય બાદ માત-પિતા વગેરે સ્વજન પરિવાર જનોએ મુંબઈ - વાલ્કેશ્વર ચંદનબાળાના ગૃહાંગણે પધારવા માટે પૂજ્યશ્રીને વિનંતી કરી. પરંતુ પંદરમાં માળે આવેલા એમના નિવાસ સ્થાને પધરામણી પૂજ્યશ્રી માટે શક્ય ન હતી. પરિવારની ભાવના અધૂરી જ રહી. કોરોના મહામારી પછી સુરત ચાતુર્માસ થયું - એ પછી અમદાવાદ પૂજ્ય આચાર્યશ્રી કીર્તિયશ સૂરીશ્વરજી મહારાજાનું ચાતુર્માસ થયું. એ દરમ્યાન શ્રી ભોરોલતીર્થના આંગણે ભગવાન શ્રી નેમિનાથની ૨૭મી વાર્ષિક પ્રતિષ્ઠા તિથિ અને આચાર્યશ્રી ગુણયશ સૂરીશ્વરજી મહારાજા તથા આચાર્યશ્રી કીર્તિયશ સૂરીશ્વરજી મહારાજાની આચાર્ય પદ સ્થાપનાની ૨૭ માં વર્ષની પૂર્ણતાની તિથિને અનુલક્ષીને મહોત્સવ નક્કી થયો. (કોરોના દરમ્યાન રજત વર્ષ ઉજવવાની ભાવના બે વર્ષ બાદ પૂર્ણ થઈ) આ સમાચાર સાંભળતા નૂતન દીક્ષિતના પરિવારજનો ખુશ - ખુશાલ થઈ ગયા. તેઓએ અમદાવાદ આવીને વારંવાર પૂજ્યશ્રીને વિનંતી કરી. આચાર્યશ્રી કીર્તિયશ સૂરીશ્વરજી મહારાજાનું પર્યુષણ બાદનું ચાતુર્માસ સ્મૃતિમંદિર - સાબરમતી ખાતે હતું. તા. ૨૩/૧૦/૨૦૨૩, આસો સુદ ૯ ના દિવસે પરિવારના મોભી કુમારપાળભાઈ તેમના સુપુત્ર કૌશલભાઈ અને પુત્રવધુ તૃષાબેન અને થરાદના સંઘવી, અદાણી, ધરુ તેમજ વોરા વગેરે ૫૦ પરિવારોના પુણ્યાત્માઓ આચાર્યશ્રીની પાસે આવ્યા. થરાદ ખાતે આવેલા પોતાના નિવાસ સ્થાને પધરાવાની વિનંતી સમેત એક દિવસીય મહોત્સવ રંગે - ચંગે ઉજવવાની ભાવના વ્યક્ત કરી. વિહાર દરમ્યાન થરાદ વચ્ચે જ આવનાર હોવાથી આચાર્યશ્રીએપણ પરિવારની વિનંતીનો સ્વીકાર કર્યો. પરિવારે પણ ઉલ્લાસભેર તૈયારીઓ ચાલુ કરી સહું પ્રથમ આ પ્રસંગના આગમનની વધામણી રૂપે તા. ૧૬ ડિસેમ્બર ૨૦૨૩ ના રોજ સુંદર કાંસાના જગના વિતરણનો પ્રારંભ કર્યો. સવા ચારસો ઘરોની અંદર આ જગનું વિતરણ થયું. સવા ચારસો ઘર પૈકી ચારસો ઘરો થરાદના હતા. થરાદના તમામ પરિવારોએ-ઘરોએ આદર પૂર્વક આમંત્રણના સ્વીકાર સાથે જગનો સ્વીકાર કર્યો હતો. થરાદના માત્ર ચાર પરિવારોએ જગ પાછો મોકલાવ્યો.(એક દિવસ રાખીને બીજા દિવસે પાછો મોકલાવ્યો.) એ ચાર પરિવારોમાંથી બે પરિવારના વડીલો થરાદ ત્રિસ્તુતિક સમાજના કેટલાક વર્ગના આગેવાનો હતા. બંને આગેવાનોએ બીજી કોઈપણ જાણકારી કે વાટાઘાટ વગર જ આ જગનો અસ્વીકાર કર્યો હતો.

બીજી તરફ આચાર્યશ્રી કીર્તિયશ સૂરીશ્વરજી મહારાજાની નિશ્રામાં જગાણા - પાલનપુરમાં ઉપધાનતપની આરાધના ઉલ્લાસભેર ચાલી રહી હતી. અંતિમ પંદર વર્ષથી પૂજ્યશ્રીના માર્ગદર્શનથી જેતડાના જીર્ણોદ્ધારનું કાર્ય ચાલી રહ્યું હતું. વહેલી તકે પરમાત્માની પ્રતિષ્ઠા થાય એ માટે જેતડાના શ્રાવકો પણ નિયમિત માર્ગદર્શન લઈને દેરાસરનું કાર્ય આગળ વધારી રહ્યા હતા. પ્રતિષ્ઠા યોગ્ય દેરાસર તૈયાર થઈ જતા, જેતડાનો સંઘ પૂજ્યશ્રી પાસે આવ્યો. પ્રતિષ્ઠા માટે સુયોગ્ય દિવસ પ્રદાન કરવાની વિનંતી કરી. પૂજ્યશ્રીએ પ્રતિષ્ઠાના મુહૂર્ત ગ્રહણ માટે તેમજ ચડાવા વગેરે માટે ૨૫ જાન્યુઆરી ૨૦૨૪, પોષ સુદ ૧૫ દિવસ આપ્યો. જેતડા સાથે જોડાયેલા તમામ પરિવારોને આમંત્રણ આપવામાં આવ્યું. એ દરમ્યાન અચાનક જ ચડાવાના-પ્રતિષ્ઠા મુહર્ત પ્રદાનના ત્રણ દિવસ પૂર્વે તા.૨૨ જાન્યુઆરી ૨૦૨૪, પોષ સુદ ૧૨ ના દિવસે લગભગ ત્રીસેક શ્રાવકો પૂજ્ય આચાર્યશ્રી કીર્તિયશ સૂરીશ્વરજી મહારાજા પાસે આવ્યા. અનેક જવાબદારીઓ અને કાર્યવ્યસ્તતા તથા ઉપધાનના પ્રસંગોની વચ્ચે આચાર્યશ્રીએ તેમને ત્રણ કલાક જેટલો સમય ફાળવ્યો. પૂજ્યશ્રીએ પૂછવા છતાં કોઈપણ વ્યાજબી કારણ દર્શાવ્યા વગર જ તે શ્રાવકોએ આકરી ભાષામાં આચાર્યશ્રીને પ્રતિષ્ઠા રોકવાની વાત કરી.જો કે અંતિમ પંદર વર્ષમાં ક્યારેય આ શ્રાવકો આચાર્યશ્રી પાસે આવ્યા નથી. આજે પહેલીવાર આ બધા જ શ્રાવકો આવ્યા હતા. તેમજ આવનાર શ્રાવકોમાં ઘણા પોતાના નામ સાથે જેતડા ગામનો ઉલ્લેખ માત્ર ક્યારેય કરનારા ન હતા. પૂજ્યશ્રીએ ખૂબ શાંતિથી દરેકની વાતો સાંભળી.

ત્યારપછી ખૂબ જ ઠંડા કલેજે આ શ્રાવકોને સમજાવવાનો અને સમાધાન આપવાનો પ્રયત્ન કર્યો અને કહ્યું 'હજી પ્રતિષ્ઠા મુહૂર્ત પ્રદાનને ત્રણ દિવસ બાકી છે તો તમે બંને પક્ષો ભેગા મળીને આવો યોગ્ય સમાધાન ચોક્કસ કરીશું' પરંતુ પ્રતિષ્ઠા રોકવા સિવાયની બીજી કોઈ જ વાત આ બધાને મંજુર ન હતી. એટલે અણગમા અને ધિક્કારની ભાવના સાથે બધા નીકળી ગયા. એ પછી સોશીયલ મીડિયા ઉપર આક્ષેપબાજીઓનો સીલસીલો શરૂ થયો. બનાવટી ઘટનાઓ ઉભી કરવામાં આવી. ત્રિસ્તુતિક સમાજમાં આક્રોશ ફેલાય એ હદે બદતરમા બદતર મેસેજો ફેલાવવામાં આવ્યા. હદ તો ત્યારે થઈ જયારે 'જાહેર ચેતવણી' ના બેનર હેઠળ મોતની ધમકી આપવામાં આવી. એક જૈનાચાર્યને શ્રાવકોના પગ પકડવાનું કહેવામાં આવ્યું. આટ આટલુ થવા છતા આચાર્યશ્રી મૌન રહ્યા. કોઈપણ જાતનો પ્રતિકાર કે આક્રોશ કર્યા વગર સમતાભાવે સહન કરતા રહ્યા. જેતડાના સંઘે પણ સાથે મળીને વાસ્તવિક રજુઆત કરતો આઠ પાનાનો એક પત્ર બહાર મુક્યો. આ પત્રથી સાચો ઈતિહાસ બહાર આવ્યો. એના પરિણામે વિકટ પરિસ્થિતિઓ વચ્ચે પણ જેતડાની પ્રતિષ્ઠા તા.૨૨ ફેબ્રુઆરી ના રોજ સવારે ૧૧:૦૦ કલાકે ખૂબ જ રંગે ચંગે ઉજવાઈ. જેતડાના જિનાલયની રંગીન પ્રતિષ્ઠાથી થરાદ ત્રિસ્તુતિક સંઘના કેટલાક વર્ગનો અહં ઘવાયો. જેતડાના ચુનંદા શ્રાવકોએ પ્રતિષ્ઠાચાર્યને ક્યાંય ઈજા ન પહોંચે એ માટે જડબેસલાક વ્યવસ્થા કરી હતી. આ બધાથી ઉશકેરાઈને થરાદ ત્રિસ્તુતિક સમાજના ગચ્છાધિપતિ સમેત કેટલાક શ્રમણોએ પણ આખા સમાજને ઉશ્કેરતી વાતો અને મિટિંગો કરી. તેથી થરાદ ત્રિસ્તુતિક સમાજનાં કેટલાક વર્ગમાં આચાર્યશ્રી સામે આક્રોશનું વાવાઝોડું ફૂંકાયું અને અચાનક જ એક નવી વાતે આકાર લીધો. વાઘજીભાઈ અને શશિવોરાની આગેવાની હેઠળ જોર જુલ્મી નિર્ણય કરાયો કે કોઈપણ સંજોગોમાં કીર્તિયશસૂરીજીને 'થરાદમાં પગ ન મુકવા દેવો. દેરાસરમાં પણ પગ ન મુકવા દેવો.' વાસ્તવિક રીતે ડેમોક્રેટિક ગણાતા ભારતદેશમાં કોઈપણ ગામમા કોઈને પણ આવતા અટકાવી શકાય નહી. તેમજ આચાર્યશ્રીને ત્રિસ્તુતિક સંઘના આંગણે પધરાવવાના હોય તો ચોક્કસ સંઘ સમાજની સંમતિ લેવી અનિવાર્ય ગણાય. પરંતુ પોતાના ગૃહઆંગણે લાવવા માટે સંમતિની જરૂર હોય? ચાર થોય બે તિથી પક્ષના ઉપાશ્રયમાં લાવવા માટે સંમતિ ની જરૂર હોય? પરંતુ ટોળાશાહીના જોરે આ સમાજના કેટલાક વર્ગે આ નવું પગલું લેવાનો ગોઝારો(ખોટો) નિર્ણય કર્યો અને અલગ અલગ સ્થળેથી થરાદમાં પબ્લિકને ઠાલવવા માટે બસો મુકવામાં આવી.

આ બાજુ ૨૪ ફેબ્રુઆરીએ આચાર્ય ભગવંત દીકરા મુનિશ્રીને લઈને પધારવાના હોઈ થરાદ નિવાસી કુમારપાળભાઈ તથા પુત્ર કૌશલભાઈ વગેરે સ્વાગતની તૈયારીમાં લાગેલા હતા. થરાદ ત્રિસ્તુતિક સમાજના અદાણી-સંઘવી અને વોરા પરિવાર તેમજ કલ્યાણમિત્રો એમ કરીને કુલ ૧૨૦ સભ્યોની ટિકિટો આ પરિવારે કરાવી હતી. તેમજ ૧૯ ફેબ્રુઆરીથી ૨૪ ફેબ્રુઆરી સુધી જેઠીબા ધર્મશાળાનું બુકીંગ પણ ત્રણેક મહિના અગાઉ કરાયું હતું. મુંબઈ ખાતે આવેલી શાંતિભાઈ દૈયપની(નિર્માતા પરિવાર) ઓફિસમાં ચિ. પિન્ટુભાઈ સાથે બેસીને તા.૨૪/૧૦/૨૦૨૩ ના રોજ આ જેઠીબાઈ ધર્મશાળા નક્કી કરવામાં આવી હતી.૧૮ ફેબ્રુઆરી ૨૦૨૪ના દિવસે નાના કાપરામાં પરિવારના સભ્યોએ આવીને 'વહેલા પધારો અને અમારી ભૂમિને પાવન કરો'ની વિનંતી કરી.૧૯ ફેબ્રુઆરીના દિવસે દીક્ષિત મુનિવરના પિતાએ સપરિવાર જેઠીબા ધર્મશાળામાં ઉતારો લીધો. ઉતારા પછી થોડા જ સમયમાં પ્યુને આવીને પૂછતાછ કરી ત્યારે કૌશલભાઈએ પૂછ્યું કે 'ભાઈ!તું શા માટે આ બધું પૂછે છે? તારો અધિકાર નથી, મેનેજરને મોકલ' આવેલો પ્યુન જતો રહ્યો અને મેનેજર પણ ઉપર આવ્યો નહિ. ૨૦ ફેબ્રુઆરીની સવારે ધર્મશાળાના મેનેજર આનંદભાઈનો રૂમ ખાલી કરવા માટે ફોન આવ્યો. ત્યારે કૌશલભાઈએ પ્રતિપ્રશ્ન પૂછીને જવાબ માંગ્યો. જવાબમાં મેનેજરે કહ્યું કે 'મને સાત જણના ફોન આવ્યા છે માટે તમારે રૂમ ખાલી કરવાની છે.' કૌશલભાઈએ ડાયરેકટ ધર્મશાળાના નિર્માતા પરિવારને કોલ કર્યો. (શાંતિભાઈના સુપુત્ર પીન્ટુભાઈ સાથે જ મુંબઈમાં ધર્મશાળાનું બુકીંગ કર્યું હતું) પીન્ટુભાઈએ કહ્યું કે 'અમે ખાલી કરવાનું કીધું જ નથી તમે આરામથી રોકાવો, હું મેનેજર સાથે વાતચીત કરું છું.' આ રીતે વાતને થોડો વિરામ મળ્યો. થોડા કલાકો બાદ ફરીથી હા-ના ની વાટાઘાટો શરૂ થઈ. આખરે ૨૧ તારીખે સાંજે પીન્ટુભાઈનો કૌશલભાઈ ઉપર ફોન આવ્યો અને ધર્મશાળાની રૂમો કેન્સલ કરવામાં આવી. આ જ દિવસે થરાદ ત્રિસ્તુતિક સમાજનો લેટર જાહેરમાં મુકાયો. જેમાં 'પરિવારને કોઈએ પણ ઉતારો આપવો નહીં. તેમજ બે તિથી પક્ષ નાં શ્રમણ શ્રમણીને પણ ઉતારવા દેવા નહીં' એવી રજુઆત કરાઈ હતી. થરાદ ત્રીસ્તુતિક સમાજના સાત પ્રમુખોની સહીથી બહાર પડેલો પત્ર મળતાં જેઠીબા ધર્મશાળાના નિર્માતા પરિવારે બૂકિંગ કેન્સલ કરવું પડયું હતું. આ અરસામાં પરિવારના મોભી કુમારપાળભાઈ ઉપર બે અજાણ્યા નંબર ઉપરથી ધમકીના ફોન આવ્યા. થરાદમાં જ પોતાનું ઘર હોવાથી પરિવાર ધર્મશાળાની રૂમ ખાલી કરીને પોતાના ઘરે ગયો.

ગ્રામ્યજનોને સુપુત્ર મુનિના આગમનની વધામણી આપવા રૂપે ૨૦૦ કિલો ગોળ લાવીને ઘર ઘરમાં આપવાનું શરૂ કર્યું.પહેલાં દિવસે પચીસ ઘરોમાંથી માત્ર એક ઘરે ગોળનો રવો પાછો આપ્યો. બીજા દિવસે બાકીનો ગોળ વિતરણ કરાયો થોડા કલાકો બાદ ૧૦૦ કિલો ગોળ પાછો આવ્યો. ૨૩ ફેબ્રુઆરીની સવારે પરિવારના સભ્યો કલ્યાણમિત્રો સાથે આચાર્યશ્રી પાસે વિનંતી માટે આવ્યા. આચાર્યશ્રી ૨૪ તારીખે જ પધારવાના હતા. પરંતુ પરિસ્થિતિ ગંભીર જોતા અચાનક જ સાંજે વિહાર નક્કી થયો. વિહારમાર્ગમાં થરાદ વચ્ચે જ આવતું હતું એટલે થરાદને ઓળંગ્યા વગર જવું જરાય શક્ય ન હતું. સાથોસાથ વિહાર પણ લાંબો હતો એટલે રાત થરાદમાં વિતાવવી અને વહેલી સવારે આગળ નીકળી જવું એમ નક્કી કર્યું. થરાદમાં પાવડની શેરીમાં આવેલ ચાર થોય - બે તિથિ પક્ષના ઉપાશ્રયમાં પૂજ્યશ્રીની સ્થિરતા નક્કી થઈ. જો કે જયંતિલાલ અમૃતલાલ શાહે બી.કે ન્યુઝ ચેનલને જણાવ્યું હતું કે 'આચાર્યશ્રી કીર્તિયશ સૂરીજી અત્રે થરાદમાં પધારે તો અમને કશોજ વાંધો નથી. માત્ર બેન્ડ-વાજા સાથે ન આવવા જોઈએ.' આ જાણકારી પોલીસો ધ્વારા કુમારપાળભાઈને અપાઈ. તેથી સામૈયું કેન્સલ કરીને પરિવારે પૂજ્યશ્રીની પાવન પધરામણી થરાદમાં કરાવવાનું નક્કી કર્યું. પરિવાર અને ભક્ત શ્રાવકોને તોફાન થવાની દહેશત હતી જ, તેથી પોલીસ અને સિક્યોરિટી સાથે રાખીને આચાર્યશ્રીનો થરાદમાં પ્રવેશ કરાવાયો. થરાદ તીર્થના અધિનાયક ભગવાન શ્રી મહાવીર પ્રભુના દર્શન કરવા માટે આચાર્યશ્રીએ જેવો ગામમાં પ્રવેશ કર્યો કે દિલીપ કુંભારા નામનો વ્યક્તિ પીળું બેનર લઈને 'પ્રવેશ નિષેધ' ની સૂચના બતાવતા ઉભો રહી ગયો. તેમજ આ વ્યક્તિ અને એના સાથીદારો રસ્તેથી પસાર થતી ગાડીઓને રોકી તેમાં બેસેલા અજૈનોને ખોટી વાતોથી ભડકાવી આચાર્યશ્રી તેમજ સાધુઓ ઉપર ગાડી ફેરવી દેવા ઉશ્કેરતો હતો. જેમ જેમ આગળ વધતા ગયા તેમ તેમ જુદી જુદી જગ્યાએ બે - પાંચ - દસ જણાના ટોળાંઓ અલગ અલગ બેનરો લઈને અભદ્ર નારાઓ સાથે વિરોધ દર્શાવવા લાગ્યા.આચાર્યશ્રી કેટલાક સાધુ ભગવંતો સાથે દેરાસર પહોંચ્યા. ત્યારે ત્યાં તોફાની તત્વોએ શોર મચાવી દીધો. એ બધાની વચ્ચે આચાર્યશ્રીએ શાંતિથી દર્શન ભક્તિ કરી. દર્શન માટે પધારેલા આચાર્યશ્રીને રોકનાર વ્યક્તિને ત્યાંના જ એક પુણ્યાત્મા વસંતભાઈએ અટકાવતા કહ્યું કે - 'દર્શન કરવા દો' ભક્તિ પૂર્ણ કરી. આચાર્યશ્રી ખૂબ જ થોડા મહાત્માઓ સાથે કુમારપાળભાઈના ઘરે પધાર્યા. સાથે કોઈ સાધ્વીજી ભગવંતો પણ ન હતા. ત્રિવિધ સંઘની હાજરીમાં માંગલિક ફરમાવી આચાર્યશ્રી રાજેન્દ્ર સોસાયટી માં આવેલા પાવડ વાળા બે તિથિના ઉપાશ્રયે પધાર્યા. એ દરમ્યાન ત્યાંના ભાડુતી લોકલ હલકા માણસોએ ઉપાશ્રયની બહાર દેકારો મચાવવાનું શરૂ કર્યું. રાતના બે - અઢી વાગ્યાં બાદ અમદાવાદ -ડીસા વગેરેથી નીકળેલી બસો અને ગાડીઓનું આગમન શરૂ થયું. પબ્લિકના ધાડા ઠલવાતા ગયા. રાતના અઢી વાગ્યાથી આચાર્યશ્રીને હલકામાં હલકા શબ્દો વાપરી ગાળો દેવા લાગ્યા. આચાર્યશ્રી વગેરે તમામ મુનિવરો ઉપાશ્રયમાં આરાધના રત હતા અને બીજી બાજુ કહેવાતા જૈનોનું ટોળું બે તિથિ પક્ષના સાધુ ભગવંતોને ભાંડી રહ્યું હતું.પાંચ વાગ્યાં સુધીમાં ૫૦૦થી અધિક વ્યક્તિઓએ ઉપાશ્રયના બંને તરફના દરવાજાને ઘેરી લીધા. ગંદી ગલિચ ભાષામાં સતત નારા પોકારાવા લાગ્યા. આચાર્યશ્રી સમેત પચાસ મુનિવરો અને ભક્ત શ્રાવકો વિફરેલા જૈનોની વચ્ચે હતા. છતાં પણ આચાર્યશ્રીએ તમામ શ્રાવકોને તેમજ પ્રોટેકશન માટે આવેલા સુરક્ષા કર્મીઓને ભલામણ કરી કે કોઈએ પણ કોઈ જ પ્રકારનો શાબ્દિક કે શારીરિક પ્રતિકાર કરવાનો નથી. એ પછી સવારે ૫:૨૦કલાકે સાધુ ભગવંતોને લઈને આચાર્યશ્રી ઉપાશ્રયની બહાર આવ્યા. પ્રોટેકશન માટે આવેલી પોલીસ રસ્તો ખુલ્લો કરવા આગળ વધી ત્યાં તો સામેથી ધસારો વધુ શરૂ થયો. એની વચ્ચેથી થોડો રસ્તો કરીને ભીડમાં હજુ આગળ વધે એ પહેલાં જ શ્રમણોપાસક કહેવાતા શ્રાવક - શ્રાવિકાઓએ ધક્કા મુક્કી શરૂ કરી. ગાળોનો વરસાદ વરસાવ્યો. એક સામાન્ય માણસને માટે પણ ન વાપરી શકાય એવા અભદ્ર વાક્ય પ્રયોગોના મારા શરૂ કર્યા. સાથોસાથ આચાર્યશ્રી ઉપર વધારેને વધારે ભીંસ લાવવામાં આવી. શ્રમણોનેય ધક્કા મારીને દબાવવામાં આવ્યા. બાર - પંદર વર્ષની કહેવાતા જૈન સમાજની દીકરીઓએ પણ આચાર્યશ્રીને ભાંડવાનું ચાલુ રાખ્યું. એક સમય તો એવો આવ્યો કે આચાર્યશ્રીની આગળ આવીને છોકરીઓએ રસ્તો રોકી લીધો. ત્યારે બાજુમાં રહેલી લેડીસ પોલીસે વચ્ચે આવીને છોકરીઓને સાઈડ કરી. પાછળથી આચાર્યશ્રીના કપડાં ખેંચવાનો પણ પ્રયત્ન કરાયો એ જ સમયે સાવચેત બની ગયેલા ભક્ત શ્રાવકોએ કોર્ડન કરીને ખેંચવા આવનારને દૂર કર્યા. બહેનોએ કોણીઓ મારી શ્રાવકોને ઉશ્કેરવાના પ્રયત્નો કર્યો.ગંદામાં ગંદી ગાળો બોલીને ભક્ત શ્રાવકોને ભડકાવવાની કોશિશ પણ કરી. પરંતુ ગુરુદેવના આદેશથી ભક્ત શ્રાવકો ચૂપ રહ્યા. ટોળું વધતું જતું હતું. સાથોસાથ ઉગ્ર આક્રોશ પણ વધતો જતો હતો. શ્રમણોના શ્વાસ રૂંધાઈ જાય એ હદે ટોળું ભીંસ વધારી દેતું હતું. આ ટોળાની આગેવાની લેનારા વાઘજી ભાઈ, શશિભાઈ, નવીન વિરવાડી વગેરે પણ બેનર પકડીને સમગ્ર બે તિથિ પક્ષના પ્રવેશનો નિષેધ કરતા ઉભા હતા. લગભગ બે - અઢી કિ.મી. કેનાલ સુધી આ જ રીતે નબળા વ્યવહારોનો ભોગ આ સાધુ ભગવંતો બનતા રહ્યા. પોણો કલાકથી વધુ સમય માત્ર બે કિ.મી. પસાર કરવામાં થયો. સાધુ ભગવંતોની પાછળ આવતી આચાર્યશ્રીની ડોળી અને ડોળીવાળાઓ ઉપર પણ પ્રહાર કરવામાં આવ્યા. તેમની પાછળ આવતી ગાડીમાં બેસેલા ભક્ત શ્રાવકને કેટલાક લોકો ઓળખી ગયા અને ધમકી આપી કહ્યું કે 'તમે બોલો કીર્તિડો ચોર છે' જ્યારે ભક્ત શ્રાવકોએ કશો જ જવાબ ન આપ્યો ત્યારે તેમની ગાડીના કાચ તોડી નંખાયા. ગાડીમાં ઘણી ઘણી ભાંગફોડ કરવામાં આવી. ત્યાં અચાનક જ પોલીસ આવી જતાં ગાડીમાં રહેનારા શ્રાવકો જીવ બચાવીને ભાગ્યા. બીજી તરફ રાત્રે ૧.૦૦ વાગે અગમચેતી વાપરીને પરિવારના સભ્યો પોતાના ઘરેથી નીકળી ગયા હતા. સવારે ૬ વાગ્યાની આસપાસ કુમારપાળભાઈના ઘરના દરવાજા તોડી નાંખવામાં આવ્યા. ઘરની અંદર ભયાનક રીતે ભાંગફોડ કરવામાં આવી. બહાર બંધાયેલો મંડપ પણ તોડી પાડવામાં આવ્યો. સારુ થયું કે પરિવારના સભ્યો રાતના જ નીકળી ગયા, નહીંતર કેવી હાલત એમની થાત એ કલ્પી શકાય એમ નથી.. જૈનશાસનના ઈતિહાસમાં જૈનો દ્વારા આચરાયેલી કલંક સમાન આ અદ્વિતીય ઘટના હતી.

- જે સાધુભગવંતોને સ્થાન આપવા અજૈનો પોતાના ઘર ખાલી કરી દેતા હોય તે સાધુ ભગવંતોને ગામમાંથી કાઢી મુકવાનું કાર્ય કહેવાતા જૈનોએ કર્યું!!!
- વીરનો વેષ ઓઢીને ગામ ગામ નિર્ભય રીતે વિચરનારા શ્રમણસંઘને ભય તળે જીવવા મજબુર બનાવવાનું કામ આ થરાદના કહેવાતા જૈનોએ કર્યું!!!
- જો જૈનો જ શ્રમણોને હડસેલવાનું અને હેરાન કરવાનું કાર્ય કરશે તો આ જૈનશાસનની મૂડી સમાન શ્રમણ શ્રમણીને સાચવશે કોણ?
- જે જૈનોએ સુરક્ષાનું કવચ પૂરું પાડવું જોઈએ એ જ જૈનો તલવાર બનીને શ્રમણોને હેરાન પરેશાન કરશે તો શ્રમણ શ્રમણી સંઘનું થશે શું?
- જે શ્રમણ શ્રમણીને આંગણે પધરાવવા અહોભાવની અને સદ્-ભાવની લાગણીઓ ઉમટવી જોઈએ એના બદલે બહાર નીકાળવા માટે સેંકડો જૈનો કામે લાગે, ધિક્કાર ફીટકાર અને આક્રોશ વરસાવે એ કેવું કહેવાય?
- વિચારોમાં પણ ન શોભે એવા શબ્દોનો વપરાશ એક પ્રતિષ્ઠિત જૈનાચાર્ય માટે આજના દીકરા દીકરીઓ કરે અને જૈન સમાજ જોયા કરે એ યોગ્ય કહેવાય?
- લાંબા વિહારના અંતે થરાદ પહોંચેલા શ્રમણી ભગવંતોને ગુપ્ત રીતે લોક અપમા રહીને રાત પુરી કરવી પડે એ શું જૈનશાસન માટે કલંક નથી?
- એક માત પિતા પોતાના દીકરા મુનિવરને પોતાના ઘરે 'ય ન પધરાવી શકે એવી પરિસ્થિતિનું ખુદ જૈનો સર્જન કરે એ કેટલું યોગ્ય છે?
- આજે જૈન કહેવાતા વર્ગ તરફથી સાધુભગવંતોને કોઈપણ જાતના વાંક-ગુના વગર ધક્કે ચડાવવામાં આવ્યા છે.આવતીકાલે શું આવા દુષ્કૃત્ય સાધુ સાધ્વી સાથે અજૈનો બિનધાસ્ત બનીને નહીં આચરે?
- આ ઘટનાને આગળ કરીને સાધુ સાધ્વીને હેરાન પરેશાન કરનારા અજૈનોને ભવિષ્યમાં કોઈ અટકાવી શકશે ખરું?
- શ્રી રાજેન્દ્રસૂરિજી કે ત્રિસ્તુતિક સમાજ માટે અપમાન જનક એક શબ્દ સુદ્ધા આચાર્યશ્રી દ્વારા ક્યાંય લખાયો નથી કે બોલાયો નથી છતાં અંતિમ દોઢ દોઢ વર્ષથી મહાન જૈનાચાર્યને કલંકિત કરવા કેટલું યોગ્ય છે?
- અહિંસાપ્રેમી એક જૈન સાધુ કે એક આચાર્ય, સન્માનીય જૈનાચાર્ય માટે ઉશ્કેરણી જનક ઉપદેશ આપે, એ માટે હિંસક શબ્દો વાપરે એ શું શોભ સ્પદ ગણાશે?

હૃદય વાલોવાઈ જાય છે અને આંખો ચોધાર આંસુએ વરસી રહી છે.જૈનશાસન જેના બળે ૨૧૦૦૦ વર્ષ ચાલવાનું એવા શ્રમણસંઘની આટલી ખરાબ હાલત માત્ર ૨૬૦૦ વર્ષમાં જ થઈ, એ પણ જૈનો દ્વારા થઈ. તો પછી શ્રમણસંઘની આવતીકાલ કેવી? આ વિચાર પણ થથરાવી મૂકે છે.!!!

(આ તમામ ઘટનાઓના વિડીયો મોજુદ છે)

**લિ. અમો નીચે સહી કરનાર સમસ્ત ભારતભરના વિવિધ જૈન સંઘોવતી થરાદમાં તા. ૨૪ મી ફેબ્રુઆરીના રોજ પંચમહાવ્રતધારી આચાર્ય ભગવંતો અને સાધુ ભગવંતો ઉપર થયેલ અત્યાચારની શરમજનક ઘટનાને વખોડી છે અને ઉગ્ર વિરોધ કરીએ છીએ.**

શેઠ શ્રી મોતીશા લાલબાગ જૈન ચેરિટીઝ અને સંઘ - ભૂલેશ્વર, મુંબઈ
શ્રી ધાનેરા તપાગચ્છ જૈન સંઘ, ધાનેરા
શ્રી રત્નત્રયી આરાધક સંઘ, નવસારી
શ્રી ગૌતમ પ્રભાવ જૈન સંઘ, થાણા
શ્રી જિનાજ્ઞા આરાધક શ્વે. મૂ. તપા. જૈન ટ્રસ્ટ - શ્રી રામનગર જૈન સંઘ, મુંલુંડ (વેસ્ટ)
શ્રી મુલુંડ ગોવર્ધનનગર - વીણાનગર શ્વેતા. મૂ.ત. જૈન સંઘ, મુલુંડ (વેસ્ટ)
જયંતિલાલ એમ. શાહ ગોળાવાલા
હસ્તીમલ એસ. સાકરીયા
કેસરીચંદ બાલુભાઈ ઝવેરી પરિવાર - રત્નપુરી
ભરતભાઈ રિખવચંદ શાહ - લાલબાગ
ભરત એમ. તાતેડ - થાણા
ઓમકારભાઈ કાંતિલાલ જૈન - લાલબાગ
દિપેનકુમાર મહેન્દ્રભાઈ રોલિયા - ભાભર
પારસ અભયકુમાર શાહ - વિધિ પરીવાર
શ્રી રામચંદ હકમચંદ પરિવાર રામપુરા
શ્રી શાહ લાલભાઈ મંગલદાસ પરિવાર
શ્રી મૌલિકભાઈ સુરેશભાઈ શાહ
શ્રી રુપેન નવીનચંદ્ર દેસાઈ વિરોચન નગર
શ્રી સુરેશભાઈ રવિચંદભાઈ મેહતા - હળવદ
શ્રી મિતેષભાઈ શેઠ (નંદપ્રભા પરીવાર)
શ્રી વસંતરાય મગનલાલ મેહતા
શ્રી રમેશચંદ્ર કનૈયાલાલ પાનસોવોરા
ભરતભાઈ રસિકલાલ સંઘવી, ભોરોલ
મહાસુખલાલ જેવતલાલ વોહેરા, ભોરોલ
મફતલાલ રામચંદ વોહેરા, રામપુરા
જયચંદભાઈ રવચંદભાઈ વોહેરા, દૈયપ

## અંબાણીના

(છેલ્લા પાનાનું ચાલુ)

જણાવ્યું હતું. મુખ્ય મંત્રીએ ચાંદીવાલા આયોગની નિમણૂક કરીને તપાસ હાથ ધરી હતી. ચાંદીવાલા આયોગના અહેવાલ આવ્યાને દોઢ વર્ષ વીતી ગયો છે. પણ આજ સુધી સરકાર આ અહેવાલને જાહેર કર્યો નથી. ગઈકાલે બજેટ અધિવેશન પૂરું થયું છે પણ ત્યાં સુધી આ અહેવાલ સરકારે વિધાનસભામાં મૂક્યો નહિં. મેં સરકારને વિધાનસભામાં રિપોર્ટ રજૂ કરવા વિનંતી કરી હતી. પણ તેમણે સાંભળ્યું નહીં. આ અહેવાલ જનતા સમક્ષ જાહેર કરવો જોઈએ જેથી આયોગનો નિષ્કર્ષ બધાની સામે આવવો જરૂરી છે. જેથી જનતાને હકીકતની ખબર પડે એમ અનિલ દેશમુખે પોતાના બચાવમાં કહ્યું હતું.

સરકારે અધિવેશનમાં અહેવાલ રજૂ કર્યો નહિં. હવે એમ એમની વ્યથા આ રિપોર્ટ જાહેર થવો જોઈએ એવી અપીલ દેશમુખે કરી છે.

## સાકીનાકામાં બે

(છેલ્લા પાનાનું ચાલુ)

આગની ઘટનામાં કોઈ જાનહાનિ થઈ નથી. પરંતુ આ આગ લાગવાને કારણે અંધેરી- કુર્લા રોડ પર વાહનવ્યવહાર ખોરવાય ગયો હતો. તેમજ આગ લાગવાનું ચોક્કસ કારણ હજુ સુધી જાણી શકાયું નથી, હાલ આ મામલે વધુ તપાસ ચાલી રહી છે.

## મુંબઈમાં અચાનક

(છેલ્લા પાનાનું ચાલું)

દિશાના હિમાલય તરફથી ટાઢાબોળ પવનો પણ ફૂંકાવા શરૂ થયા છે. હિમાલય તરફના આ પવનો વાતાવરણના નીચેના પટ્ટામાં ફૂંકાઈ રહ્યા હોવાથી વાતાવરણમાં ઠંડકનો ગમતીલો અનુભવ થઈ રહ્યો છે. આવો ટાઢો માહોલ હજી થોડા દિવસ રહે તેવી સંભાવના છે.

## ભાજપનો શંખનાદ

(પહેલા પાનાનું ચાલુ)

કરાયા છે. દિલ્હીમાંથી સુષ્મા સ્વરાજની પુત્રી બાંસુરી સ્વરાજને ટિકિટ અપાઈ છે.

ભાજપે સૌથી વધુ બેઠકો ધરાવતા ઉત્તર પ્રદેશમાં કુલ ૮૦ બેઠકોમાંથી ૫૧ બેઠકો પર ઉમેદવારોના નામ જાહેર કર્યા છે, જેમાં માત્ર ચાર નવા ચહેરાને તક અપાઈ છે જ્યારે બાકીના ૪૭ વર્તમાન સાંસદો પર પક્ષે વિશ્વાસ જાળવી રાખ્યો છે. ઉત્તર પ્રદેશમાંથી સૌથી ચર્ચાસ્પદ બેઠક અમેઠી પરથી ફરી એક વખત સ્મૃતિ ઈરાનીને ટિકિટ અપાઈ છે, જેમણે ૨૦૧૯ની લોકસભા ચૂંટણીમાં કોંગ્રેસના નેતા રાહુલ ગાંધીને હરાવીને ગાંધી પરિવારના ગઢ પર કબજો જમાવ્યો હતો.

ઉત્તર પ્રદેશમાં ચાર નવા ચહેરામાં શ્રાવસ્તીથી સાકેત મિશ્ર, આંબેડકરનગરથી રિતેશ પાંડે, જૌનપુરથી કૃપા શંકર સિંહ અને નગીનાથી ઓમ કુમારને ટિકિટ મળી છે. ૨૦૧૯ની લોકસભા ચૂંટણીમાં મોદી લહેર છતાં ભાજપ આ ચારેય બેઠક હારી ગયું હતું. આશ્ચર્યજનક રીતે લખીમપુર ખીરી બેઠક પર ખેડૂત આંદોલન દરમિયાન કથિત રીતે ખેડૂતો પર કાર ચઢાવી દેનારા આશિષ મિશ્રાના પિતા અજય મિશ્રા ટેનીને પણ જાળવી રખાયા છે.

મધ્ય પ્રદેશમાં ભાજપે પૂર્વ મુખ્યમંત્રી શિવરાજ સિંહ ચૌહાણને વિદિશા પરથી ઉતાર્યા છે જ્યારે કેન્દ્રીય મંત્રી જ્યોતિરાદિત્ય સિંધિયાને ગુના, ખજુરાહોથી વીડી શર્માને ટિકિટ અપાઈ છે. ભોપાલના વર્તમાન સાંસદ સાધ્વી પ્રજ્ઞા ઠાકુરે ૨૦૧૯માં પૂર્વ મુખ્યમંત્રી દિગ્વિજય સિંહને હરાવીને જંગી વિજય મેળવ્યો હતો, પરંતુ તેમના વિવાદાસ્પદ નિવેદનોને કારણે પક્ષે આ વખતે તેમને પડતા મૂક્યા છે અને ભોપાલથી આલોક શર્માને ઉમેદવાર બનાવ્યા છે.

રાજસ્થાનમાં ૧૫ બેઠકો પર ઉમેદવારોના નામ જાહેર કર્યા છે, જેમાં કેન્દ્રીય મંત્રીઓ અર્જુન રામ મેઘવાલ, ભૂપેન્દ્ર યાદવ, વર્તમાન સ્પીકર ઓમ બિરલા ચૂંટણી લડશે. છત્તીસગઢમાં ભાજપે કુલ ૧૧ બેઠકો પર ઉમેદવારોના નામ જાહેર કર્યા છે. અહીં માત્ર બે બેઠકો પર વર્તમાન સાંસદો પર પક્ષે વિશ્વાસ જાળવ્યો છે જ્યારે ૭ સાંસદોની ટિકિટ કપાઈ છે. છત્તીસગઢમાંથી પક્ષે ૩ મહિલાઓને મેદાનમાં ઉતારી છે.

વધુમાં ભાજપે પહેલી યાદીમાં કેરળમાંથી એક મુસ્લિમ નેતાને ટિકિટ આપી છે. પક્ષે કેરળની મલપ્પુરમ બેઠક પર ડૉ. અબ્દુલ સલામમાં વિશ્વાસ વ્યક્ત કર્યો છે. ભાજપનો આ નિર્ણય અનેક રીતે ચોંકાવનારો છે. ભાજપ સંભવતઃ મુસ્લિમ ઉમેદવારને ટિકિટ આપીને મુસ્લિમોને પોતાના તરફ ખેંચવા માગે છે. ભાજપે કેરળમાંથી ૧૨ ઉમેદવારોને મેદાનમાં ઉતાર્યા છે, જેમાં કેન્દ્રીય મંત્રી રાજીવ ચંદ્રશેખરને તિરુવનંતપુરમથી, કોંગ્રેસના નેતા એ.કે. એન્ટનીના પુત્ર અનિલ એન્ટનીને પત્તનમતિટ્ટા પરથી ટિકિટ આપી છે. તિરુવનંતપુરમમાં વર્તમાન સાંસદ કોંગ્રેસના શશી થરૂર છે. કેરળમાં ભાજપની હાલમાં લોકસભામાં એક પણ બેઠક નથી, તેથી આ ચૂંટણી રસપ્રદ બની રહેશે.

### કરુણાંતિકામાં કુલ ૧૪ના મોત થયા હતા

# ડ્રાઈવર મેચ જોવામાં મગ્ન થતાં આંધ્રમાં ટ્રેન અકસ્માત થયો હતો

નવી દિલ્હી,તા.૨

**રેલ્વે પ્રધાન અશ્વિની વૈષ્ણવે ગયા વર્ષે ૨૯ ઓક્ટોબર ૨૦૨૩ના રોજ આંધ્ર ટ્રેન અકસ્માતના કારણ અંગે ફોડ પાડતા જણાવ્યું હતું કે ડ્રાઈવર અને આસિસ્ટન્ટ ડ્રાઈવર ફોન પર મેચ જોતાં હતા અને ટ્રેન બીજી ટ્રેનને અથડાઈ ગઈ હતી અને તેના કારણે ૧૪ના મોત થયા હતા.**

## ગયા વર્ષે આંધ્રપ્રદેશની હૃદયવિદારક ઘટનાના કારણ અંગે વૈષ્ણવે ફોડ પાડ્યો

આંધ્રપ્રદેશના વિઝિયાન્ગરમ જિલ્લામાં કંટકપલ્લી ખાતે હાવરા-ચેન્નાઈ લાઈન પર સાંજે સાત વાગ થયેલા ટ્રેન અકસ્માતમાં રાયગઢ પેસેન્જર ટ્રેન વિશાખાપટ્ટન પલાસા ટ્રેનને અથડાઈ હતી અને તેમા ૧૪ પેસેન્જરના મોત થયા હતા અને ૫૦ને ઈજા થઈ હતી.

વૈષ્ણવે જણાવ્યું હતું કે આંધ્રપ્રદેશના ટ્રેન અકસ્માતના પગલે રેલ્વેએ હવે સલામતીના નવા પગલા અપનાવવાની જરુર પડી છે અને તેના પર કામ ચાલી રહ્યુ છે. આ અકસ્માત થવાનું મુખ્ય કારણ એ હતું કે લોકો પાયલોટ અને કો-પાયલોટ બંને ટ્રેન ચાલતી હતી ત્યારે ક્રિકેટ મેચ જોતા હતા, તેના લીધે તેમનું પૂરતુ ધ્યાન ન હતુ. હવે અમે જ્યારે નવી સિસ્ટમ ઈન્સ્ટોલ્સ કરતુ તે સિસ્ટમ આવી કોઈપણ પ્રકારની વિસંવાદિતા ચલાવી નહી લે અને તે સુનિશ્ચિત કરશે કે પાયલોટ અને આસિસ્ટન્ટ પાયલોટ ટ્રેન ચલાવવા પર જ ધ્યાન કેન્દ્રિત કરે.

તેમણે ઉમેર્યુ હતું કે અમે સલામતી પર અમારુ ધ્યાન કેન્દ્રિત કરીશુ. અમે દરેક બનાવના મૂળમાં જવા પ્રયત્ન કરીએ છીએ અને અમે તેના તેવા ઉકેલ લાવીએ છીએ જેથી તેનું પુનરાવર્તન ન થાય.



અમેરિકન ડ્રીમની ઘેલછા લઈને અમેરિકામાં ગેરકાયદેસર પ્રવેશ કરનારા લોકોની સંખ્યામાં ઉત્તરોત્તર વધારો થઈ રહ્યો છે. યુએસ ઈમિગ્રેશન એજન્ટોએ ડિસેમ્બર, ૨૦૨૩માં જ લગભગ ૩ લાખ લોકોને અટકાવ્યા હતાં. આ સંખ્યા બે દાયકાની સૌથી મોટી સંખ્યા છે. ડિસેમ્બર, ૨૦૨૨માં આ સંખ્યા ૨.૫ લાખ હતી. સરહદ પર અટકાવવામાં આવેલા મોટાભાગના લોકોને પ્રવેશ આપવામાં આવતો નથી. પરંતુ, આશ્રયની માંગ કરતા અથવા માનવતાવાદી રાહત માટેના દાવાઓ દરમિયાન તેમને દેશનિકાલની કાર્યવાહી સાથે અમેરિકામાં પ્રવેશ આપવામાં આવે છે. નાણાકીય વર્ષ ૨૦૨૩માં લગભગ ૨,૦૦,૦૦૦ સ્થળાંતરકારોની કેસ મેનેજમેન્ટ પ્રોગ્રામ હેઠળ નોંધણી કરવામાં આવી હતી અને તેમને મુક્ત કરવામાં આવ્યા હતાં. બાઈડનના સત્તા સંભાળ્યા બાદ બોર્ડર પર ગેરકાયદેસર પ્રવેશ કરવા માંગતા લોકોની સંખ્યામાં પાંચ ગણો વધારો જોવા મળ્યો છે. આ તસવીરમાં ઈગલ પાસ, ટેક્સાસ સરહદે અમેરિકામાં ગેરકાયદેસર પ્રવેશ કરતા ઘુસણખોરોને જોઈ શકાય છે.

### ગુનેગારની ધરપકડનો સીએમને વિશ્વાસ

# બેંગ્લુરુ બ્લાસ્ટમાં પોલીસ તપાસે વેગ પકડ્યો : ચારની અટકાયત

બેંગ્લુરુ-મૈસૂર,તા.૨

**પોલીસે શનિવારે પહેલી માર્ચના રોજ બેંગ્લુરુ કાફેમાં થયેલા બોમ્બ બ્લાસ્ટની તપાસ વધુ તીવ્ર બનાવી છે. બેંગ્લુરની ઈટરીમાં થયેલા બ્લાસ્ટમાં દસને ઈજા થઈ હતી. આ સંદર્ભમાં પૂછપરછ માટે ચારની અટકાયત કરવામાં આવી છે.**

## શુક્રવારે બેંગ્લુરુના ટેકનોલોજી કોરિડોરમાં આવેલી ઈટરીમાં બ્લાસ્ટ થયો હતો

કર્ણાટક સરકારે વિશ્વાસ વ્યક્ત કર્યો છે કે આ ઘટના પાછળ જે પણ સંડોવાયેલા હશે તેને પકડી પાડવામાં આવશે. હાલની ક્ષણે તો આ ઘટના પાછળ કયું સંગઠન હોય તે જાહેર કરવું શક્ય નથી. શહેરના પોલીસ કમિશ્નર બી દયાનંદે જણાવ્યું હતું કે શુક્રવારે પૂર્વી બેંગ્લુરુના ઈન્ફોર્મેશન ટેકનોલોજી કોરિડોરમાં બ્રુકફિલ્ડ એરિયામાં આવેલી ક્વિક સર્વિસ ઈટરીમાં શુક્રવારે બપોરે બ્લાસ્ટ થયો હતો. હજી સુધી આ કેસમાં કોઈની ધરપકડ કરવામાં આવી નથી. તેમણે જણાવ્યું હતું કે કેસની તપાસ ચાલી રહી છે, આ ધડાકો ઈમ્પ્રોવાઈઝ્ડ એક્સ્પ્લોઝિવ ડિવાઈસ (આઈઈડી) દ્વારા કરવામાં આવ્યો હતો. આ કેસમાં કેટલીય ટીમ કામ કરી રહી છે. પોલીસે જણાવ્યું હતું કે ગઈકાલે ધ રામેશ્વરમ કાફેમાં નીચી તીવ્રતાવાળા ધડાકાના કેસમાં પૂછપરછ માટે ચાર જણને અટકાયતમાં લેવામાં આવ્યા છે. તેઓને ધારવાડ, હુબલી અને બેંગ્લુરુમાંથી અટકાયતમાં લેવામાં આવ્યા હતા. સીએમ સિદ્ધારામૈયાએ આરોપીની ધરપકડ કરવામાં આવશે તે અંગે વિશ્વાસ વ્યક્ત કર્યો છે અને હાલમાં તો કોઈપણ પ્રકારના સંગઠનની સંડોવણી સામેલ હોવાના સમાચાર આવ્યા નથી. ગૃહવિભાગે પણ આ કેસમાં જરુર પડે તે ટેક્નોલોજીનો ઉપયોગ કરીને લોકો સમક્ષ સત્ય લાવવા જણાવ્યું છે.

## અમેરિકન કોર્ટનો

(પહેલા પાનાનું ચાલુ)

**દીધો. હરેશ જોગાણીએ તર્ક કર્યો કે લેખિત સમજૂતી વિના તેમના ભાઈ એ સાબિત ના કરી શકે કે તેમની વચ્ચે ભાગીદારી હતી. પરંતુ સાક્ષીઓને સાંભળ્યા પછી જ્યુરીએ નોંધ્યું હતું કે, હરેશે મૌખિક કોન્ટ્રાક્ટનો ભંગ કર્યો હતો. શશિ જોગાણીના વકીલ સ્ટીવ ફ્રીડમેને દલીલ કરી હતી કે ગુજરાતીઓ અને હીરા વેપારીઓમાં મૌખિક કોન્ટ્રાક્ટ થાય છે, જે લેખિત કોન્ટ્રાક્ટ જેટલો જ મૂલ્યવાન છે.**

**જ્યુરીએ નિષ્કર્ષ કાઢ્યો કે, હવે ૭૭ વર્ષના થઈ ગયેલા શશિ પાસે રિયલ એસ્ટેટ ભાગીદારીમાં ૫૦ ટકા છે. ત્યાર પછી ૨૪ ટકા હિસ્સો હરેશનો, ૧૦ ટકા રાજેશનો, ૯.૫ ટકા શૈલેષનો અને ૬.૫ ટકા હિસ્સો ચેતનનો છે. હરેશ દ્વારા હીરાની ભાગીદારીના ઉલ્લંઘન પર ભાઈઓ ચેતન અને રાજેશને ૧૬.૫ કરોડ ડાૅલરનું વળતર અપાવ્યું. સાથે જ રિયલ એસ્ટેટ ભાગીદારીના ઉલ્લંઘન બદલ શશિને ૧.૮ અબજ ડાૅલર અને ચેતનને ૨૩.૪ કરોડ ડાૅલર તથા રાજેશને ૩૬ કરોડ ડાૅલરનું વળતર અપાવ્યું છે. આ કેસ વર્ષ ૨૦૦૩માં દાખલ કરાયો હતો અને લોસ એન્જેલસ સુપીરિયર કોર્ટમાં ૧૮ અપીલો કરાઈ હતી.**

## છૂટાછેડા સરળ

(પહેલા પાનાનું ચાલુ)

પરિસ્થિતિની અસર તમામ સંબંધો પર પડી રહી છે. કોઈ ફરક નથી પડતો કે કોના માટે કોણ જવાબદાર છે. પણ હવે સંબંધો લાંબા નથી ચાલી રહ્યા.

ઈલ્હાબાદ હાઈકોર્ટમાં એક ડોક્ટર કપલનો મામલો પહોંચ્યો હતો. પતિ ૩૦ વર્ષ સુધી સૈન્યમાં ડોક્ટર તરીકે સેવા આપી ચુક્યો છે. પત્ની તેનાથી છ વર્ષ સુધી અલગ રહી, જે બાદ ૨૦૧૫માં બન્નેએ છૂટાછેડા માટે અરજી કરી. જોકે ફેમેલી કોર્ટે અરજી સ્વીકારવાની ના પાડી દીધી. વર્ષ ૨૦૧૯માં મામલો હાઈકોર્ટ પહોંચ્યો. જોકે પત્ની સુનાવણી દરમિયાન ઉપસ્થિત નહોતી રહી, જ્યારે પતિએ એવી દલીલ કરી હતી કે પત્ની લાંબા સમયથી મારાથી દૂર છે જે માનસિક ક્રૂરતામાં આવે છે. હાઈકોર્ટે આ અંગે વિચાર કર્યો અને કહ્યું કે સુપ્રીમ કોર્ટે લાંબા સમયથી અલગ રહેતા પતિ-પત્ની વચ્ચેના છૂટાછેડાને માન્ય આપી છે. ૨૦૦૬માં નવીન કોહલી અને નીલૂ કોહલી મામલાનો ઉલ્લેખ કરાયો છે.

આ કેસની હકીકતો જોતા લાગી રહ્યું છે કે આ લગ્નમાં લાગણીનો કોઈ સંબંધ નથી રહ્યો. જેને કારણે છુટાછેડા માન્ય રાખી શકાય. હાઈકોર્ટે આ મામલામાં છૂટાછેડાને મંજૂરી આપી હતી. સાથે કોર્ટે કેન્દ્રને કહ્યું હતું કે આવા કેસોમાં સરળતાથી છૂટાછેડા લઈ શકાય તે માટે હિન્દુ લગ્ન કાયદામાં સુધારા જરૂરી છે.

## મુંબઈના ન્હાવા શેવા

(પહેલા પાનાનું ચાલુ)

કોસ્મોસ એન્જિનીયરીંગ પર ભારતીય એજન્સીઓની હતી.

આ સામગ્રી જપ્ત થવાથી સાબિત થયું છે કે આંતરરાષ્ટ્રીય નિયમો છતાં પાકિસ્તાન અને ચીન વચ્ચે વૈશ્વિક કરારોનો ભંગ થાય તેવી પ્રવૃત્તિ ચાલુ રહી છે જે સંભવિત ગેરકાયદે પરમાણુ કાર્યક્રમો વિશે ચિંતા ઉપજાવે છે. તાજેતરમાં યુએસ બ્યુરો ઓફ ઈન્ડસ્ટ્રી એન્ડ સેક્યુરિટી દ્વારા ચીની કંપનીઓ પર મિસાઈલ સંબંધિત વસ્તુઓમાં સામેલ થવા બદલ પ્રતિબંધો મુકવામાં આવ્યા હતા.

## વિશ્વ વ્યાપાર

(પહેલા પાનાનું ચાલુ)

હતી, કેમકે સરકાર ખાદ્ય સુરક્ષા પૂરી કરવા માટે ઉપજનો ૪૦ ટકા હિસ્સો ખરીદે છે. બાકીના હિસ્સાને સરકારી માલિકીની એજન્સીઓ ખરીદતી નથી. તેને ભારતમાંથી બજારકિંમતે નિકાસ કરવામાં આવે છે.

ભારતની જેમ થાઈલેન્ડ પણ ચોખાના નિકાસકાર દેશોમાં એક છે. જુદા-જુદા મંચો પર કેટલાક વિકસિત અને વિકાસશીલ દેશોએ આરોપ લગાવ્યો છે કે ભારતમાં ચોખા જેવી ચીજોનો જાહેર સંગ્રહ વૈશ્વિક ભાવ પર વિપરીત અસર પાડે છે.

## અમેરિકામાં

(પહેલા પાનાનું ચાલુ)

મેટ્રોપોલિટન પોલીસ વિભાગના જણાવ્યા અનુસાર, ડેલમાર બુલવાર્ડ અને ક્લેરેન્ડન એવન્યુમાં તેની પર ગોળીબાર કરવામાં આવ્યો હતો. અમરનાથ વોશિંગ્ટન યુનિવર્સિટીના પરફોર્મિંગ આર્ટસ વિભાગમાં માસ્ટર્સ કરી રહ્યો હતો. અમેરિકામાં છેલ્લા થોડા સમયમાં પાંચ ભારતીય વિદ્યાર્થીઓના મોતના મામલા સામે આવ્યા છે.

## ૭મીએ શ્રીનગરમાં

(પહેલા પાનાનું ચાલુ)

આવી હતી. આ રેલીને લઈને લોકોમાં પણ કુતુહલ છે. શર્માએ દાવો કર્યો હતો કે કાશ્મીરના ગરીબો, મહિલાઓ સહિત તમામ નાગરિકોનો મોદી પરનો વિશ્વાસ વધ્યો છે. વડાપ્રધાન મોદીની રેલીમાં આ વિશ્વાસ જોવા મળશે.

## દિલ્હીની વાત

(પહેલા પાનાનું ચાલુ)

જોઈએ. યોગીએ આ શરત માનવા માટે રાજભર-નિષાદને એક-એક અને અનુપ્રિયા-જ્યંતને બે-બે બેઠકો આપવાની ફોર્મ્યુલા મૂકી છે.

### વિક્રમાદિત્ય ભાજપમાં જોડાઈ ચૂંટણી લડે એવી શક્યતા

હિમાચલ પ્રદેશમાં કોંગ્રેસના ધારાસભ્યોને સમજાવી લેવાયા હોવાના દાવા વચ્ચે પ્રદેશ પ્રમુખ પ્રતિભા સિંહ અને તેમના દીકરા વિક્રમાદિત્યના તેવર કોંગ્રેસ માટે ખતરાની ઘંટી છે. પ્રતિભાએ નિવેદન આપ્યું છે કે, લોકસભાની ચૂંટણીમાં કોંગ્રેસ મેદાનમાં ભાજપ કરતાં નબળી લાગી રહી છે અને મોદી સામે ટકવાની તેની તાકાત નથી. બીજી તરફ વિક્રમાદિત્યસિંહે પોતાના સોશિયલ મીડિયા એકાઉન્ટ્સમાં પીડબલ્યુડી મિનિસ્ટર અને ધારાસભ્ય તરીકેનો પરિચય કાઢીને હિમાચલ કા સેવક લખી દીધું છે. તેના કારણે એવી અટકળો ચાલી રહી છે કે, વિક્રમાદિત્ય કોંગ્રેસમાંથી રાજીનામું આપીને ભાજપમા જોડાઈ જશે અને મંડી લોકસભા બેઠક પરથી ભાજપના ઉમેદવાર તરીકે ચૂંટણી લડશે.

હિમાચલના મુખ્યમંત્રી સુખવિંદર સુખુએ સવારે ધારાસભ્યોને પોતાના સત્તાવાર સરકારી નિવાસસ્થાન પર બ્રેકફાસ્ટ માટે બોલાવ્યા હતા પણ વિક્રમાદિત્ય આવ્યા ન હતા. તેના કારણે પણ વિક્રમાદિત્યે કોંગ્રેસને રામ રામ કરવાનો નિર્ણય લઈ લીધો હોવાની શક્યતા વ્યક્ત કરાઈ રહી છે.

### કાશ્મીરમાં ભાજપ સામે ત્રણ પક્ષોએ હાથ મિલાવ્યા

કેન્દ્ર સરકારે જમ્મુ અને કાશ્મીરમાં લોકસભાની ચૂંટણીની સાથે જ વિધાનસભાની ચૂંટણી લડવાની શરત ના માનતાં નેશનલ કોન્ફરન્સે કોંગ્રેસ સાથે હાથ મિલાવવાનું નક્કી કર્યું છે. કોંગ્રેસ, નેશનલ કોન્ફરન્સ અને મહેબુબા મુફ્તીની પીડીપી લોકસભાની ચૂંટણી સાથે મળીને લડશે.

ત્રણેય પક્ષો વચ્ચે બેઠકોની વહેંચણી અંગે ચર્ચા ચાલી રહી છે. એકાદ અઠવાડિયામાં નિર્ણય લેવાઈ જશે એવો કોંગ્રેસનાં સૂત્રોનો દાવો છે. સુપ્રીમ કોર્ટે સપ્ટેમ્બર સુધીમાં વિધાનસભા ચૂંટણી કરાવવા કહ્યું છે. સૂત્રોનો દાવો છે કે, જમ્મુ અને કાશ્મીર તથા લદાખની છ લોકસભા બેઠકોમાંથી નેશનલ કોન્ફરન્સ ત્રણ લોકસભા બેઠક પર પોતાના ઉમેદવારો ઉતારવા માગે છે. ૨૦૧૯માં નેશનલ કોન્ફરન્સે બારામુલ્લા, શ્રીનગર અને અનંતનાગ બેઠકો જીતી હતી. આ ત્રણેય બેઠકો ડો. ફારૂક અબ્દુલ્લાની પાર્ટી માગી રહી છે પણ કોંગ્રેસનો અનંતનાગ પર દાવો છે. જમ્મુ કોંગ્રેસને મળશે જ્યારે લડાખ અને ઉધમપુર પીડીપીને મળી શકે છે.

### નવિનને મનાવવા બિજુને ભારતરત્ન અપાશે

ઓડિશામાં બીજેડી ભાજપ સાથે જોડાણ કરે એ માટે મોદી સરકાર બિજુ પટનાયકને ભારરરત્ન આપશે એવી અટકળો ચાલી રહી છે. ઓડિશામાં છેલ્લા ૨૫ વર્ષથી સત્તા ભોગવી રહેલા મુખ્યમંત્રી નવિન પટનાઈકને ભાજપ સાથે જોડાણ માટે સમજાવવામાં મોદી સહિતના તમામ નેતા નિષ્ફળ રહ્યા છે. બીજી તરફ ઓડિશામાં નવિનને બીજેડીને હરાવી શકાય એવું પણ લાગતું નથી તેથી ભાજપે હથિયાર હેઠાં મૂકીને નવીનના પિતા અને ભૂતપૂર્વ મુખ્યમંત્રી બિજુ પટનાયકને ભારતરત્ન આપવાની ઓફર કરી હોવાનું કહેવાય છે.

ઓડિશામાં લોકસભાની સાથે જ વિધાનસભાની ચૂંટણી છે. ઓડિશામાં બીજેડી, ભાજપ અને કોંગ્રેસ વચ્ચે ત્રિપાંખિયો જંગ છે. ૨૦૧૯ની વિધાનસભા ચૂંટણીમાં ૧૪૭ બેઠકોમાંથી ભાજપને માત્ર ૨૩ બેઠકો મળી હતી જ્યારે લોકસભામાં ૨૧ બેઠકોમાંથી ભાજપને ૮ બેઠકો મળી હતી. ભાજપ પોતાની તાકાત પર આ વખતે ૮ બેઠકો જાળવી શકે તેમ નહીં હોવાથી નવિનને શરણે જવા મથી રહ્યો છે.

### ગુરદાસપુરથી ચૂંટણી લડવાનું નકારતા યુવકાજસિંઘ

પૂર્વ ભારતીય ક્રિકેટર યુવરાજસિંઘ (૪૨)એ પોતે ગુરદાસપુર (પંજાબ)થી આગામી લોકસભા ચૂંટણી લડીને રાજકારણમાં પ્રવેશનાર હોવાના મીડિયા રિપોર્ટને નકારી કાઢીને એક્સ પરની પોસ્ટમાં ઉમેર્યું છે કે હું વિવિધ ક્ષમતાનો ઉપયોગ કરીને પ્રજાકીય કાર્યોમાં મદદરૂપ બનવા માગું છું. મારાં યુવીકેન ફાઉન્ડેશનનો ઉપયોગ કરીને હું એ સેવા-કાર્યો કરતો રહીશ, એમ એમણે ઉમેર્યું. નોંધનીય છે કે ગુરદાસપુરના વર્તમાન સાંસદ એક્ટર સની દેઓલના સ્થાને ભાજપ આ વખતે કોઈ નવા ચહેરાને તક આપે એવી પ્રબળ શક્યતા છે.

- ઈન્દર સાહની


**પશ્ચિમ રેલ્વે**

**મુંબઈ ડિવિઝન પર તમામ વાહનોના પે એન્ડ પાર્કનું સંચાલન**

ડિવિઝનલ રેલવે મેનેજર, કોમર્શિયલ ડિપાર્ટમેન્ટ, પાર્કિંગ સેક્શન મુંબઈ સેન્ટ્રલ, મુંબઈ-400008

| | |
|---|---|
| હરાજી સૂચિ નં.: પાર્કિંગ-2324-74 | કરારની મુદતઃ 03 વર્ષ |
| ઈ-હરાજીની તારીખઃ 13.03.2024 | ઈ-હરાજી નો સમયઃ 12:00 કલાક |

| ક્રમ નંબર | સ્ટેશન | સ્થાન | વિસ્તાર (ચો.મી.) |
|---|---|---|---|
| 1 | ડુંગરી | પશ્ચિમ | 356.4 |
| 2 | માધી | નવી બિલ્ડીંગની નજીક. | 757.87 |
| 3 | ઉમરગાંવ રોડ | પશ્ચિમ પરિભ્રમણ વિસ્તાર | 304.28 |
| 4 | મરોલી | પશ્ચિમ | 600 |
| 5 | દોંડાઇચા | દક્ષિણ/પશ્ચિમ | 850 |
| 6 | દહાણુ રોડ | પૂર્વ | 100.66 |
| 7 | દાદર | પોડિયમ | 1794 |
| 8 | પ્રભાદેવી | પશ્ચિમ | 309.29 |
| 9 | બોરીવલી | ઉત્તર પૂર્વ | 551.55 |
| 10 | કેલવે રોડ | પશ્ચિમ | 477.61 |
| 11 | દહિસર | પૂર્વ | 883.53 |
| 12 | વિરાર | પૂર્વ | 727.29 |

નોંધઃ વધુ વિગતો માટે, સંભવિત બિડર્સને IREPS વેબસાઇટ (www.ireps.gov.in) પર ઇ-ઓક્શન લીઝિંગ મોડ્યુલની મુલાકાત લેવાની વિનંતી કરવામાં આવે છે. સાઇટ્સ સંબંધિત માહિતી ઉપરોક્ત સૂચિમાં લોટ વિગતોમાં ઉપલબ્ધ છે. 1224

અમને લાઈક કરોઃ facebook.com/WesternRly

**પશ્ચિમ રેલ્વે**

**સૂચના**

ચર્ચગેટ, મુંબઈ સેન્ટ્રલ, મહાલક્ષ્મી, લોઅર પરેલ, બોરીવલી, પાલઘર નંદુરબાર અને મુંબઈ વિભાગની સબ ડિવિઝનલ હોસ્પિટલ-વલસાડમાં નિષ્ણાત (ઓર્થો/ઓપ્થલ/સર્જન/સ્ત્રીરોગચિકિત્સક) ખાતેના આરોગ્ય એકમમાં કરારના આધારે તબીબી પ્રેક્ટિશનરોની નિમણૂક. મુખ્ય તબીબી અધિક્ષક, મુંબઈ વિભાગ, પશ્ચિમ રેલ્વે 14.03.2024 ના રોજ 10.00 કલાકે મુખ્ય તબીબી અધિક્ષક કાર્યાલય, મુંબઈ સેન્ટ્રલ ખાતે પૂર્ણ-સમયના એક વર્ષનો કરારના ધોરણે કોન્ટ્રાક્ટ મેડિકલ પ્રેક્ટિશનરોની જગ્યાઓ ભરવા માટે વોક-ઈન/ઓનલાઈન ઈન્ટરવ્યુ લેશે.

ઉમેદવાર વિગતો માટે અમારી અધિકૃત વેબસાઇટનો સંદર્ભ લઈ શકે છેઃ https://.wr.indianrailways.gov.in ઉમેદવારો સૂચનાની તારીખથી 12મી માર્ચ 2024, 16.00 કલાક સુધી અરજી કરી શકે છે. નિયત ફોર્મેટમાં અરજી અને સહાયક દસ્તાવેજો acmsbct@gmail.com પર મોકલો ઉમેદવારો ઈન્ટરવ્યુની તારીખે આવશ્યક શૈક્ષણિક લાયકાત ધરાવતા હોવા જોઈએ. પોસ્ટની વિગત, વય મર્યાદા, મહેનતાણું જેના માટે અરજી આમંત્રિત કરવામાં આવી છે.

| ક્રમ નંબર | હોદ્દો | કુલ ખાલી જગ્યા | મહેનતાણું |
|---|---|---|---|
| 1. | CMP-GDMO | 08 - CCG, MMCT, MX, PL, BVI, PLG NDB. | 75,000/- પ્રતિ માસ |
| 2. | જનરલ ઓર્થો/ઓપ્થેલ્મિક/સર્જન/સ્ત્રીરોગચિકિત્સક* | 02-BL | 95,000/-પ્રતિ માસ (1 વર્ષ) 1,05,000/- (2 વર્ષ પછી) |

જો ખાલી જગ્યા ઉપલબ્ધ ન હોય તો યોગ્ય GDMO ઉમેદવાર દ્વારા ભરવામાં આવશે. પોસ્ટ માટે અનામત ભરતી નિયમો અનુસાર રહેશે. પ્રથમ વખતની નિમણૂક. માટે મહત્તમ વય 53 વર્ષ છે અને પુનઃસંલગ્નતા માટે મહત્તમ વય મર્યાદા 65 વર્ષ છે અથવા 12 શરતો પૂર્ણ કરવી, બેમાંથી જે વહેલું હોય તે છે. નિમણૂકની દરેક મુદત એક વર્ષથી વધુ ન હોવી જોઈએ. નિવૃત્ત/સરકારી ડોકટરો માટે, મહત્તમ વય મર્યાદા 67 વર્ષ અને 07 શરતો છે.

મદદનીશ કર્મચારી અધિકારી (બીલ)
ડિવિઝનલ રેલવે મેનેજર ઓફિસ/મુંબઈ સેન્ટ્રલ

1226

અમને લાઈક કરોઃ facebook.com/WesternRly

**પશ્ચિમ રેલવે**

**મટીરીયલ મેનેજમેન્ટ ડીપાર્ટમેન્ટ**

**વિવિધ મટીરીયલો પૂરા પાડવા**

ઈ-પ્રોક્યોરમેન્ટ ટેન્ડર નોટિસ નં. એસ/11/2024 તારીખ 29/02/2024

| ક્રમ નંબર | આઈટમનું ટૂંકુ વર્ણન | જથ્થો | ટી.ઓ.ડી. |
|---|---|---|---|
| 96 | હાઈડ્રોલિક ઓપરેટેડ લિફ્ટિંગ અને સ્વિવેલિંગ પ્લેટફોર્મને પુરૂ પાડવું, સ્થાપવુ પરીક્ષણ અને કાર્યરત કરવું | 10 સેટ | 18-03-2024 |
| 97 | હાઈ રીચ પેન્ટોગ્રાફ | 10 નંગ | 18-03-2024 |
| 98 | સેટ ઓફ 1/1/4" એંજલ ક્લોક | 1751 સેટ | 18-03-2024 |
| 99 | રિઓસ્ટેટિક બ્રેકિંગ રેસિસ્ટોર | 36 સેટ | 18-03-2024 |
| 100 | ડીઈટીસી 8 વ્હીલર માટે હાઈડ્રોલિક ઓપરેટેડ લિફ્ટિંગ અને સ્વિવેલિંગ પ્લેટફોર્મ પુરૂ પાડવું, સ્થાપવું, પરીક્ષણ અને કાર્યરત કરવું | 10 સેટ | 19-03-2024 |
| 101 | 150 સ્કે મીમી હાર્ડ ડ્રોન સ્ટ્રાન્ડેડ કોપર કંડકટર | 7500 મીટર | 20-03-2024 |
| 102 | મેટરિંગ પંપ (વોટર પંપ) | 260 નંગ | 20-03-2024 |
| 103 | કમ્પ્લેટ બ્રેક ગીયર એરેંજમેન્ટ | 25 નંગ | 20-03-2024 |
| 104 | ડબલ્યુએજી-7 ઈલેક્ટ્રિક લોકોમોટિવ્સ માટે CO-CO બોગીફ્રેમ | 12 સેટ | 20-03-2024 |
| 105 | એલેક્ષ બોક્સ | 160 નંગ | 20-03-2024 |
| 106 | ઈન્ટરમિડિયેટ ઓવરહોલિંગ કિટ | 192 સેટ | 21-03-2024 |
| 107 | કેપકિટોર હાર્મોનિક ફિલ્ટર | 500 નંગ | 21-03-2024 |
| 108 | આરસીએફ ડ્રો. નં. એલડબલ્યુ-71248 એલ્ટ 'સી' મુજબ | 9307 નંગ | 22-03-2024 |
| 109 | કોઈલ સ્પ્રિંગ માટે એરલેસ સેન્ટ્રીફુગલ શોટ | 1 નંગ | 22-03-2024 |
| 110 | રીવર્સર અને સીટીએફ માટે ફિંગર કોન્ટેક્ટ અને ફ્લેક્સિબલ શન્ટ એસ્લે જે સીએલડબલ્યુ ડ્રો. નં. 4TWD-101-064 Alt-6 (શીટ "O") ક્ષમતા 1500 AMPS | 519 નંગ | 22-03-2024 |
| 111 | ઈપી કોન્ટાક્ટર | 120 નંગ | 25-03-2024 |
| 112 | ઈલેક્ટ્રિક લોકો માટે 1000 લિટર મિનિટ દીઠ માટે મેઈન કોમ્પ્રેસર એસેમ્બલી | 36 નંગ | 25-03-2024 |
| 113 | બ્રેક કંટ્રોલ સિસ્ટમ | 2 નંગ | 25-03-2024 |
| 114 | લેબીરિન્થ અને બેરીંગ કેપ અને ક્લેંપ પ્લેટનો સેટ | 102 સેટ | 26-03-2024 |
| | **રિવર્સ ઓકસન** | | |
| 9 | સસ્પેન્સન ટ્યૂબ | 360 સેટ | 27-03-2024 |
| 10 | વાઈડર બેઝ પીએસસી સ્લીપર્સ માટે 10 મીમી થીક | 2101252 નંગ | 03-04-2024 |

**સુધારો**

ટેન્ડર નોટિસ નં. એસ/8/2024 તારીખ 09/02/2024 માટે કૃપા કરી વાંચો જથ્થો "23 KM" અને નિયત તારીખ "14/03/2024"

વિગતવાર નોટિસ સંબંધી ઈએમડી, ખરીદીના નિયંત્રણો અને વિગતવાર ટેન્ડરની શરતો માટે, કૃપા કરી મુલાકાત લો. વેબસાઈટ www.ireps.gov.in અને www.wr.indianrailways.gov.in

1236 પ્રિન્સીપલ ચીફ મટીરીયલ્સ મેનેજર

અમને લાઈક કરોઃ facebook.com/WesternRly • અમને ફોલો કરોઃ twitter.com/WesternRly

BRIHANMUMBAI MAHANAGARPALIKA

એજ્યુકેશન ડિપાર્ટમેન્ટ
No.CPD/1173 તારીખ:૦૧-૦૩-૨૦૨૪
ઈ-ટેન્ડર નોટિસ

બિડ નં.: 2024_MCGM_1022831 તારીખ: ૦૨-૦૩-૨૦૨૪

બીએમસીના એજ્યુકેશન ડિપાર્ટમેન્ટ આમંત્રે છે. ઈ-ટેન્ડર્સ, ખ્યાતનામ અને અનુભવી બોલિકર્તાઓ પાસેથી, "સપ્લાય, ઈનસ્ટોલેશન, ટેસ્ટીંગ, કમીશનીંગ, ઓપરેશન અને મેઈન્ટેનન્સ - સીસીટીવી સર્વેલન્સ સિસ્ટમ માટે, સીએસએમસી સાથે, જુદી જુદી મ્યુનિસીપલ સ્કુલોમાં."

| ઈએમડી | ઓનલાઈન બિડ ડાઉનલોડિંગ શરૂ તારીખ અને સમય | પ્રી-બિડ તારીખ અને સમય | ઓનલાઈન બિડ સબમિશનની અંતિમ તારીખ અને સમય | ટેન્ડર માન્યતા સમયગાળો |
|---|---|---|---|---|
| રૂા. ૩૧,૩૦,૦૦૦.૦૦/- | ૦૨-૦૩-૨૦૨૪ ૩.૦૦પી.એમ.થી | ૦૬-૦૩-૨૦૨૪ ૧૨.૩૦પી.એમ.થી | ૧૮-૦૩-૨૦૨૪ ૧૧.૦૦એ.એમ.સુધી | ૧૮૦ દિવસ |

(ઈએમડી રકમના ૯૦% રૂા.૨૮,૧૭,૦૦૦/-, પેમેન્ટ ગેટવે જીઓએમના દ્વારા ચૂકવવા જોઈએ URL https://www.mahatenders.gov.in ઉપર અને બાકીના ઈએમડીના ૧૦% રકમ રૂા.૩,૧૩,૦૦૦ ડીડી દ્વારા, બીએમસીની તરફેણમાં)

બાકીની તમામ વિગતો ટેન્ડર ફોર્મ જ્યાં ઉપલબ્ધ છે તે (http://www.mahatenders.gov.in) ચોક્કસ નંબર પ્રમાણે CA/FRG/03 તા.૧૧-૦૫-૨૦૨૩ વેન્ડરો કે જેમણે તેમના બિડ રજૂ કર્યા છે. તેઓએ સિક્યોરીટી ફીના રૂા.૧૫૦૦૦/- + ૨૭૦૦ (૧૮% જીએસટી) = ૧૭૭૦૦/- ચૂકવવા પડશે.

ઉપરોક્ત કોઈપણ બીએમસીના CFC માં જમા કરાવી શકાશે. સિક્યૂરીટી ફી ચૂકવવા માટે, એજ્યુકેશન ડિપાર્ટમેન્ટના સીપીડી સેક્શનમાંની ચલણ રજૂ કરાશે.

પીઆરઓ/3162/એડીવી/૨૦૨૩-૨૪

એજ્યુકેશન ઓફિસર
બૃહન્મુંબઈ મ્યુનિસિપલ કોર્પોરેશન

BRIHANMUMBAI MAHANAGARPALIKA

ચીફ એન્જિનિયર (બ્રિજીસ) ડીપાર્ટમેન્ટ
No.Ch. E./૧૬૨૯૭/બ્રિજીસ, તારીખ ૦૨-૦૩-૨૦૨૪
ઈ-ટેન્ડર નોટિસ

બૃહદ્મુંબઈ મહાનગરપાલિકા (બીએમસી)નીચેના કામ માટે કોન્ટ્રાક્ટર નિયુક્ત કરવા ઈ-ટેન્ડર્સ આમંત્રિત કરે છે. "(૧) કે/ડબલ્યુ અને પી/એન વોર્ડમાં મઢ અને વર્સોવા વચ્ચે બ્રિજની ડિઝાઈન અને બાંધકામ. (૨) એચ/ઈ અને એચ/ડબલ્યુ વોર્ડમાં ખાર સબવે અને બાન્દ્રા ટર્મિનસને જોડવા પૂર્વ પશ્ચિમ કનેક્ટિવીટી સ્થાપવા માટે એલિવેટેડ રોડની ડિઝાઈન અને બાંધકામ જે માટે પ્રતિષ્ઠીત, મલ્ટીડિસીપ્લીન એન્જિનિયરિંગ સંસ્થા એટલે પ્રતિષ્ઠિત પેઢી, પ્રોપ્રાયટરશીપ / ભાગીદારી પેઢી / ખાનગી લિમિટેડ કંપની / પબ્લીક લિમિટેડ કંપની / ભારતીય કંપની કાયદો ૨૦૧૩ હેઠળ નોંધાયેલ કંપની, નીચેના ટેબલમાં દર્શાવ્યા પ્રમાણે કોન્ટ્રાક્ટરો બૃહદ્મુંબઈ મહાનગર પાલિકા (બીએમસી)માં નોંધાયેલ જેમા નવી નોંધણી પ્રમાણે અથવા જેમને ભારત સરકાર અથવા રાજ્ય સરકાર / સેમિ ગર્વનમેન્ટ સંસ્થા / કેન્દ્ર અથવા રાજ્ય હેઠળની જાહેર સાહસ જેમને સમકક્ષ અથવા વધુ અનુભવ હોય, તેમને શરત મુજબ મંજૂરી આપવામાં આવે છે. જેઓ કોન્ટ્રાક્ટરો બીએમસી સાથે નોંધાયેલા નથી. તેઓએ તેમની કંપનીને કોન્ટ્રાક્ટ મળ્યાના ત્રણ મહિનામાં નોંધણી માટે અરજી કરવાની રહેશે, અન્યથા તેમની બીડ સિક્યોરિટી એટલે ઈએમડી (અર્નેસ્ટ મની ડિપોઝીટ) જપ્ત / વસૂલ કરાશે અને કરારના ૦.૧ ટકા પેનેલ્ટી અથવા રૂા.૧૦,૦૦૦/- જે વધુ હશે તે કોન્ટ્રાક્ટરની ચુકવણી / બિલમાંથી એક્ઝીક્યૂટીવ ડીપાર્ટમેન્ટ વસૂલાતા બાદ કરશે. બિડીંગ પ્રક્રિયા ત્રણ ઈ-પેકેટ (એ,બી અને સી) મુજબ રહેશે.

કામની વિગતો અને બિડીંગ પ્રક્રિયાની સમયમર્યાદા ટેબલમાં નીચે આપવામાં આવી છે.

| ક્રમ નં. | કામનું નામ | ટેન્ડર આઈડી/બિડ નં. | વર્ગ | ઈએમડી રૂા.માં | કરારનો સમયગાળો | ટેન્ડર ચકાસણી ફી રૂા.માં |
|---|---|---|---|---|---|---|
| ૧. | કે/ડબલ્યુ અને પી/એન વોર્ડમાં મઢ અને વર્સોવા વચ્ચે બ્રિજની ડિઝાઈન અને બાંધકામ. | 2024_MCGM_1022271_1 | ક્લાસ I (એ) અને ઉપર | રૂા.૧૮,૦૦,૦૦,૦૦૦ (રૂા.૧૬,૦૦,૦૦,૦૦૦ બીજી સ્વરૂપે અને રૂા.૨,૦૦,૦૦,૦૦૦ ઓનલાઈન વોલેટ) | ૩૬ (છત્રીસ) મહિના (ચોમાસા સહિત) | રૂા.૨૫,૦૦૦/-+ ૧૮% જીએસટી |

| | |
|---|---|
| ટેન્ડર બહાર પાડવાની તારીખ (શરૂ થવાની તારીખ) | ૦૬-૦૩-૨૦૨૪ના ૧૫.૦૦ કલાકથી |
| પ્રિ-બિડ મિટીંગ | ૧૩-૦૩-૨૦૨૪, ૧૫.૦૦ કલાકે એડિશનલ મ્યુનિસિપલ કમિશનર (પ્રોજેક્ટ)ની ઓફિસ, બીજો માળ, મ્યુનિસિપલ હેડ ઓફિસ, ફોર્ટ, મુંબઈ-૪૦૦૦૦૧. |
| ઈ-ટેન્ડરના વેચાણ માટેની છેલ્લી તારીખ અને સમય | ૨૦-૦૩-૨૦૨૪ના ૧૫.૦૦ કલાક સુધી |
| ઈ-પેકેટ 'એ', ઈ-પેકેટ 'બી' અને ઈ-પેકેટ 'સી' માં કોમર્શિયલ દરખાસ્તમાં દસ્તાવેજ અપલોડ કરવાની છેલ્લી તારીખ અને સમય | ૨૦-૦૩-૨૦૨૪ના ૧૫.૦૦ કલાક સુધી |
| ઈ-પેકેટ 'એ' અને ઈ-પેકેટ 'બી' ટેકનીક્લ ખુલવાની તારીખ અને સમય | ૨૧-૦૩-૨૦૨૪ના ૧૫.૦૦ કલાકથી |
| ઈ-પેકેટ 'સી', ઈ-ટેન્ડર ખુલવાની તારીખ અને સમય | પેકેટ એ અને બીની ચકાસણી થયા બાદ જાણ કરવામાં આવશે. |
| સંપર્ક ઈ-મેલ | che.br@mcgm.gov.in |

ટેન્ડરની કોપી ડાઉનલોડ કરી શકાશે મહાટેન્ડર પોર્ટલ પરથી (https://mahatenders.gov.in/nicgep/app)

સહી/-
૦૨-૦૩-૨૦૨૪
ચીફ એન્જિનિયર (બ્રિજીસ)

પીઆરઓ/3163/એડીવી/૨૦૨૩-૨૪

**પશ્ચિમ રેલવે**

**OHE કામ**

ડેપ્યુ. ચીફ વીજળી ઈજનેર (બાંધકામ), પશ્ચિમ રેલવે, નિર્માણ ભવન, અસારવા, અમદાવાદ, ગુજરાત - ૩૮૨૩૪૫ આમંત્રે છે. ઈ-ટેન્ડર નોટિસ નં.: EL/C/ADI/TRD/30/2023-24 કામનું નામઃ ડિઝાઈન, સપ્લાય, ઈરેક્શન, ટેસ્ટીંગ અને કમીશનીંગ. 25 KV AC હાઈરાઈઝ OHE નું, કડી (inc. યાર્ડ)થી કોટોસણ રોડ (inc. યાર્ડ) વચ્ચે અને કન્વેન્શનલ OHE, કલોલ થી કડી વચ્ચે, અને સબ સેક્શનીંગ અને પેરલલીંગ પોસ્ટ (SP/SSP) ના સંલગ્નમાં કલોલ - કોટોસણ રોડ ગેજ કન્વર્સન કામ સાથે, અમદાવાદ ડિવિઝનના પશ્ચિમ રેલવે (43 TKM) ના. કામની અંદાજીત કિંમતઃ રૂા.૧૭,૨૫,૫૩,૮૭૮/- ઈએમડીઃ IREPS પોર્ટલ ઉપર દર્શાવ્યા પ્રમાણે. બિડ રજૂ કરવાની અને ખુલવાની તારીખ અને સમયઃ IREPS પોર્ટલ ઉપર દર્શાવ્યા પ્રમાણે. વેબસાઈટની વિગતો અને નોટિસ બોર્ડ કે જ્યાં ટેન્ડરની વિગતો જોઈ શકાશે તે અને ઓફિસનું એડ્રેસ : www.ireps.gov.in નોટિસ બોર્ડ અને ઉપરોક્ત ઓફિસ એડ્રેસ.

1225

અમને લાઈક કરોઃ facebook.com/WesternRly



# નવા સપ્તાહમાં નિફ્ટી ૨૨૬૬૬ થી ૨૨૦૬૬ વચ્ચે અને સેન્સેક્સ ૭૪૯૬૬ થી ૭૨૬૬૬ વચ્ચે અથડાતાં જોવાશે

## એચડીએફસી બેંક હસ્તક ૫૦.૩૭ ટકા પ્રમોટર્સ હોલ્ડિંગ ધરાવતી, ભારતમાં ખાનગી લાઈફ ઈન્સ્યોરન્સ સાહસિકોમાં અગ્રણી કંપની, HDFC LIFE INSURANCE COMPANY LTD., પૂર્ણ નાણાકીય વર્ષ ૨૦૨૪-૨૫માં અપેક્ષિત શેર દીઠ આવક રૂ.૧૧.૮ સામે રૂ.૧૦ પેઈડ-અપ શેર રૂ.૫૯૨ના ભાવે એનએસઈ, બીએસઈ પર ઉપલબ્ધ

### માર્કેટ વિઝન

(ગુજરાત સમાચાર પ્રતિનિધિ) મુંબઈ, તા. ૨

વિદેશી સંસ્થાકીય રોકાણકારોની શેરોમાં સતત વેચવાલી સપ્તાહના અંતે અટક્યા છતાં નજીવી ખરીદી સામે સ્થાનિક સંસ્થાકીય રોકાણકારોએ શેરોમાં કરેલી મોટી ખરીદીના પરિણામે સપ્તાહના અંતે બજાર નવા વિક્રમો સર્જતું રહી સેન્સેક્સ ૭૩૯૯૪ અને નિફ્ટી ૨૨૪૧૯ની નવી ઐતિહાસિક ટોચ બનાવી છે. વૈશ્વિક બજારોમાં સપ્તાહના અંતે અમેરિકાના ફુગાવાના આંક વ્યાજ દરમાં ટૂંકાગાળામાં ઘટાડાનો કોઈ સંકેત નહીં આપતાં હોવા છતાં વ્યાજ દર વધવાની હાલ તુરત શકયતા નહીં હોવાના સંકેતે વૈશ્વિક બજારોમાં રિકવરી આપી છે, જેનો સપોર્ટ પણ બજારને મળ્યો છે. અલબત સૌથી મોટું પોઝિટીવ પરિબળ લોકસભા ચૂંટણી પૂર્વે ભારતના જીડીપી વૃદ્ધિના આંકડા ૮.૪ ટકા આવ્યાએ આશ્ચર્ય સર્જ્યું છે. ભારતીય અર્થતંત્ર ઝડપી વિકાસ સાધવા સક્ષમ હોવાનો અને અહીં વિકાસની વિપુલ તકો પડેલી હોવાનો વિદેશી રોકાણકારોને અહેસાસ કરાવી ભારતીય બજારોમાં વિદેશી ફંડોના રોકાણને આકર્ષવા માટેનો આ મોટો પ્રયાસ હોવાનું જોવાઈ રહ્યું છે. જો કે વેલ્યુએશન મામલે હજુ સ્મોલ, મિડ કેપ ઘણા શેરો ઓવરવેલ્યુઅડ હોવાને લઈ રેગ્યુલેટરી ઓથોરિટી સેબીએ ગત સપ્તાહમાં મ્યુચ્યુઅલ ફંડોના એસેટ મેનેજરોને તેમના ફંડો સાથે સંકળાયેલા જોખમોની માહિતી રોકાણકારોને આપવા કરેલી તાકીદે કોઈપણ અણધાર્યા નેગેટીવ પરિબળના સંજોગોમાં બજારમાં આગામી દિવસોમાં સંભવિત ધબડકો બોલાય તો એવા સંજોગોમાં સેબી કે સરકાર પર લોકો માછલા ન ધોવે એ માટે અગમચેતીના પગલાં લીધા હોવાનું જાહેર કરી દીધું છે. અલબત આ અગમચેતીના પગલાં લીધા બાદ તુરત જીડીપીના આંકડાએ બજારને યુ-ટર્ન આપી તોફાની તેજીમાં લાવી દીધું છે. લોકલ ફંડો શેરોમાં નવું રોકાણ ઠાલવતા રહી અત્યારે બજારને નવી ઊંચાઈએ તો લઈ જઈ રહ્યા છે, પરંતુ ઓવરવેલ્યુએશનનું પરિબળ હજુ યથાવત હોવાથી શેરોમાં અસાધારણ વધી ગયેલા શેરોમાં નફો બુક કરતાં રહીને કેશ હાથ પર રાખવી પણ એટલું જ સલાહભર્યું છે. પસંદગીના શેરો સિવાય શેરોમાં તેજીને અનુસરવામાં સાવચેતી રાખવી જરૂરી છે. સેન્સેક્સ, નિફ્ટી બેઝડ બજાર હજુ નવા ફૂંફાળા બતાવીને આગામી દિવસોમાં નવા વિક્રમો સર્જી શકે છે. જો કે આ તેજીમાં એકાએક કોઈ વૈશ્વિક પરિબળ તેજીના રંગમાં ભંગ પાડે તો એવા સમયે અટવાઈ ગયાનો અફસોસ ન થાય એ માટે ઓવરબોટ પોઝિશન હળવી કરીને સંભવિત કોઈપણ કરેકશનમાં સારા શેરોની તક ઝડપી શકાય એવો વ્યુહ અપનાવવા આ તબક્કે સલાહભર્યું રહેશે. નવા સપ્તાહમાં સેન્સેક્સ ૭૪૯૬૬ થી ૭૨૬૬૬ વચ્ચે અને નિફ્ટી સ્પોટ ૨૨૬૬૬ થી ૨૨૦૬૬ વચ્ચે અથડાતાં જોવાઈ શકે છે.

### અર્જુનની આંખે
### HDFC LIFE INSURANCE COMPANY LTD.

બીએસઈ(૫૪૦૭૭૭), એનએસઈ(HDFCLIFE), રૂ.૧૦પેઈડ-અપ, વર્ષ ૨૦૦૦માં સ્થપાયેલી એચડીએફસી લાઈફ ઈન્સ્યોરન્સ કંપની લિમિટેડ(HDFC LIFE INSURANCE COMPANY LIMITED) વિવિધ ગ્રાહકોની જરૂરીયાતો જેવી કે પ્રોટેકશન, પેન્શન, સેવિંગ્સ, રોકાણ, એન્યુઈટી અને હેલ્થ જેવી આવશ્યકતાઓ મુજબ ભારતમાં વ્યક્તિગત અને ગ્રુપ ઈન્સ્યોરન્સ સોલ્યુશન્સમાં લાંબા ગાળાની લાઈફ ઈન્સ્યોરન્સ સોલ્યુશન્સ પૂરી પાડતી અગ્રણી કંપની છે. કંપની વ્યક્તિગત અને ગ્રુપ પ્રોડક્ટસ સહિતમાં ટર્મ ઈન્સ્યોરન્સ, ઈન્વેસ્ટમેન્ટ પ્લાન્સ, રીટાર્યમેન્ટ અને પેન્શન પ્લાન્સ, યુલિપ પ્લાન્સ, હેલ્થ ઈન્સ્યોરન્સ અને લાઈફ ઈન્સ્યોરન્સમાં ૬૦થી વધુ પ્રોડક્ટસ અને ઓપ્શનલ રાઈડર્સ ધરાવે છે. હાઉસીંગ ડેવલપમેન્ટ ફાઈનાન્સ કોર્પોરેશન લિમિટેડ-એચડીએફસી લિમિટેડ અને અબેરદિન(મોરિશિયસ હોલ્ડિંગ્સ) ૨૦૦૬ લિમિટેડ (અગાઉ સ્ટાન્ડર્ડ લાઈફ-મોરિશિયસ હોલ્ડિંગ્સ) ૨૦૦૬ લિમિટેડ વૈશ્વિક ઈન્વેસ્ટમેન્ટ કંપની દ્વારા પ્રમોટ કરાઈ હતી. એચડીએફસી લિમિટેડનું એચડીએફસી બેંક સાથે અમાલ્ગમેશન થતાં ૧, જુલાઈ ૨૦૨૩થી એચડીએફસી લાઈફની પ્રમોટર એચડીએફસી બેંક બની છે. આ સાથે સેબી રેગ્યુલેશન મુજબ અબેરદિન પણ પ્રમોટર કેટેગરીમાંથી પબ્લિક કેટેગરીમાં આવતાં એચડીએફસી બેંક ૧૨, ડિસેમ્બર ૨૦૨૩થી કંપનીની એકમાત્ર પ્રમોટર બની છે.

**નેટવર્ક :** એચડીએફસી લાઈફ દેશવ્યાપી પોતાની શાખાઓ અને વધારાના ડિસ્ટ્રીબ્યુશન ટચ-પોઈન્ટસ સાથે અસ્તિત્વ ધરાવે છે. કંપની બેંકો, એનબીએફસીઝ, એમએફઆઈઝ, એસએફબીઝ, બ્રોકરો અને ન્યુ ઈકોસિસ્ટમ પાર્ટનર્સ સહિત મળીને ૩૪૫થી વધુ ડિસ્ટ્રીબ્યુટશન પાર્ટનરશીપ ધરાવે છે. કંપનીએ નાણા વર્ષ ૨૦૨૪ના પ્રથમ નવ મહિનામાં ૫૦,૦૦૦થી વધુ એજન્ટોનો ઉમેરો કર્યો છે, આ સાથે એજન્ટોનું નબે લાખથી વધુ પહોંચ્યું છે અને ખાનગી લાઈફ ઈન્સ્યોરર્સમાં બીજી સૌથી મોટી એજન્સી બની છે. કંપનીએ નવા બેંક એસ્યોરન્સ પાર્ટનરશીપ્સમાં કર્ણાટક બેંક, કરૂર વૈશ્ય બેંક અને એનકેજીએસબી કો-ઓપરેટીવ બેંક સાથે જોડાણ જાહેર કર્યું છે. ભારતમાં કંપની ૪૯૮ શાખા અને ૪૮ ડિજિટલ શાખા થકી કાર્યરત છે.

**એવોર્ડસ :** ભારતમાં મહિલા માટે ૧૦૦ બેસ્ટ કંપની તરીકે અવતાર એન્ડ સેરામાઉન્ટ દ્વારા ૨૦૨૩માં નવાજીત, બીજો એન્યુઅલ ટેકનોલોજી એક્સિલેન્ડ એવોર્ડસ ૨૦૨૩, ત્રીજો બીએફએસઆઈ એન્ડ ફિનટેક એવોર્ડસ ૨૦૨૨ગોલ્ડન પીકોક એવોર્ડ ફોર એક્સિલેન્ડ ઈન કોર્પોરેટ ગવર્નનન્સ ૨૦૨૩, એબીબીવાય એવોર્ડ, ગોવાફેસ્ટ ૨૦૨૩ સહિતના એવોર્ડ વિજેતા એચડીએફસી લાઈફ ઈન્સ્યોરન્સ કંપનીના વહીવટ હેઠળની એસેટ્સ એટલે કે એયુએમ ડિસેમ્બર ૨૦૨૩ના અંતે રૂ.૨,૭૯,૭૦૦ કરોડ રહ્યા સાથે ૬.૮૨ કરોડ લોકોને ઈન્સ્યોર્ડ કર્યા છે.

**બજાર હિસ્સો :** કંપની ઉદ્યોગના સરેરાશ બજાર હિસ્સામાં વૃદ્ધિની તુલનાએ ઊંચી વૃદ્ધિ હાંસલ કરતી રહી છે. નાણાકીય વર્ષ ૨૦૨૩માં ઉદ્યોગની સરેરાશ ૧૦.૮ ટકાની વૃદ્ધિ સામે એચડીએફસી લાઈફે ૧૬.૫ ટકા વૃદ્ધિ મેળવી છે. કંપનીનો બજાર હિસ્સો જે નાણા વર્ષ ૨૦૧૯માં ૭.૨ ટકા હતો, એ ૧.૫ ગણો વધીને નાણા વર્ષ ૨૦૨૩માં ૧૦.૮ ટકા થયો છે. આ સાથે કંપની છેલ્લા પાંચ વર્ષથી ખાનગી સાહસિકોમાં ગ્રુપ બિઝનેસમાં સતત નંબર વન રહી છે.

**શેર હોલ્ડિંગ પેટર્ન :**

પ્રમોટર્સ એચડીએફસી બેંક લિમિટેડ પાસે ૫૦.૩૭ ટકા, મ્યુચ્યુઅલ ફંડો પાસે ૪.૪૬ ટકા પૈકી એસબીઆઈ મ્યુચ્યુઅલ ફંડ પાસે ૨.૧૧ ટકા, ઈન્સ્યોરન્સ કંપનીઓ પાસે ૧.૪૩ ટકા, ફોરેન પોર્ટફોલિયો ઈન્વેસ્ટરો પાસે ૩૧.૨૭ ટકા પૈકી કામાસ ઈન્વેસ્ટમેન્ટ પીટીઈ લિ. પાસે ૧.૭૦ ટકા, કેપિટલ વર્લ્ડ ગ્રોથ એન્ડ ઈન્કમ ફંડ પાસે ૧.૮૮ ટકા, ગર્વમેન્ટ ઓફ સિંગાપુર પાસે ૨.૭૬ ટકા છે. કોર્પોરેટ બોડીઝ પાસે ૪.૬૮ ટકા પૈકી એક્સાઈડ ઈન્ડસ્ટ્રીઝ લિમિટેડ પાસે ૪.૦૫ ટકા છે. જ્યારે રૂ.૨ લાખ સુધીની વ્યક્તિગત શેરમૂડી ધારકો પાસે ૪.૭૩ ટકા છે.

**નાણાકીય પરિણામો :**

**(૧) પૂર્ણ વર્ષ એપ્રિલ ૨૦૨૨ થી માર્ચ ૨૦૨૩ :**

આવક રૂ.૬૫,૩૫૮.૩૭ કરોડની તુલનાએ વધીને રૂ.૭૦,૮૨૭.૭૧કરોડ મેળવી ચોખ્ખો નફો રૂ.૧૨૦૭.૬૯ કરોડની તુલનાએ વધીને રૂ.૧૩૬૮.૨૮ કરોડ નોંધાવી શેર દીઠ આવક-ઈપીએસ રૂ.૫.૯૧ થી વધીને રૂ.૬.૪૧ હાંસલ કરી છે.

**(૨) પ્રથમ નવ માસિક એપ્રિલ ૨૦૨૩ થી ડિસેમ્બર ૨૦૨૩ :**

નવ માસિકમાં આવક રૂ.૪૯,૩૫૭.૨૦ કરોડની તુલનાએ ૪૭ ટકા વધીને રૂ.૭૨,૯૯૫.૭૬ કરોડ મેળવી ચોખ્ખો નફો રૂ.૧૦૦૬.૩૨ કરોડની તુલનાએ વધીને રૂ.૧૧૬૨.૪૪ કરોડ નોંધાવી શેર દીઠ નવ માસિક આવક રૂ.૪.૭૩ થી વધીને રૂ.૫.૪૦ હાંસલ કરી છે.

**(૩) અપેક્ષિત પૂર્ણ વર્ષ એપ્રિલ ૨૦૨૩ થી માર્ચ ૨૦૨૪ :**

અપેક્ષિત આવક રૂ.૧,૦૨,૨૬૫ કરોડ મેળવી ચોખ્ખો નફો રૂ.૧૬૦૨.૧૦ કરોડ નોંધાવી શેર દીઠ આવક રૂ.૭.૪અપેક્ષિત છે.

**(૪) અપેક્ષિત પૂર્ણ વર્ષ એપ્રિલ ૨૦૨૪ થી માર્ચ ૨૦૨૫ :**

અપેક્ષિત પૂર્ણ વર્ષની આવક રૂ.૧,૦૫,૩૫૬ કરોડ મેળવી ચોખ્ખો નફો રૂ.૨૫૪૨ કરોડ નોંધાવી શેર દીઠ આવક રૂ.૧૧.૮ અપેક્ષિત છે.

આમ (૧) લેખક ઉપરોક્ત કંપનીના શેરમાં કોઈ રોકાણ ધરાવતા નથી. લેખકના રીસર્ચ માટેના સ્ત્રોતોનું અંગત પ્રત્યક્ષ કે પરોક્ષ હિત-રોકાણ હોઈ શકે છે. કોઈપણ રોકાણ નિર્ણય લેતાં પહેલા ક્વોલિફાઈડ ઈન્વેસ્ટમેન્ટ ફાઈનાન્શિયલ એડવાઈઝરની સલાહ લેવી. રોકાણ પર સંભવિત કોઈ નુકશાની માટે લેખક, ગુજરાત સમાચાર કે અન્ય કોઈપણ વ્યક્તિ જવાબદાર રહેશે નહીં.(૨) ૫૦.૩૭ ટકા એચડીએફસી બેંકના પ્રમોટર્સ હોલ્ડિંગ ધરાવતી (૩) ખાનગી ઈન્સ્યોરન્સ કંપનીઓમાં ૧૦.૮ ટકા બજાર હિસ્સા સાથે અગ્રણી (૪) વિવિધ ગ્રાહકોની જરૂરીયાતો જેવી કે પ્રોટેકશન, પેન્શન, સેવિંગ્સ, રોકાણ, એન્યુઈટી અને હેલ્થ જેવી આવશ્યકતાઓ મુજબ ભારતમાં વ્યક્તિગત અને ગ્રુપ ઈન્સ્યોરન્સ સોલ્યુશન્સમાં લાંબા ગાળાની લાઈફ ઈન્સ્યોરન્સ સોલ્યુશન્સ આપતી (૫) અપેક્ષિત પૂર્ણ નાણાકીય વર્ષ ૨૦૨૪-૨૫માં ચોખ્ખો નફો રૂ.૨૫૪૨ કરોડ અપેક્ષિત સાથે અપેક્ષિત શેર દીઠ આવક રૂ.૧૧.૮ સામે રૂ.૧૦ પેઈડ-અપ શેર ૨,માર્ચ ૨૦૨૪ના બીએસઈ પર રૂ.૫૯૨.૪૫ (એનએસઈ પર રૂ.૫૯૧.૯૫) ભાવે ઉપલબ્ધ છે.

---

**વિશ્વબજારમાં સોનાના ભાવ ઓવરનાઈટ ૬૦ ડોલર ઉછળતા ખેલાડીઓ સ્તબ્ધ**

# સોનામાં રૂ.૧૧૦૦ તથા ચાંદીમાં રૂ.૧૦૦૦નો ઉછાળો

(ગુજરાત સમાચાર કાર્યાલય) મુંબઈ, તા. ૨

મુંબઈ ઝવેરીબજારમાં આજે શનિવારના કારણે બુલીયન બજાર સત્તાવાર બંધ રહી હતી. જોકે બંધ બજારે સોના- ચાંદીના ભાવમાં વિશ્વબજાર પાછળ ઝડપી ઉછાળો જોવા મળ્યો હતો. વિશ્વબજારમાં ભાવમાં ઓવરનાઈટ તીવ્ર તેજી આવતાં ઘરઆંગણે ઈમ્પોર્ટ કોસ્ટ ઝડપી વધી ગઈ હતી અને તેના પગલે દેશના ઝવેરીબજારોમાં આજે ભાવમાં ઝડપી તેજી જોવા મળી હતી એવું બજારના સૂત્રોએ જણાવ્યું હતું. અમદાવાદ ઝવેરીબજારમાં આજે સોનાના ભાવ ૧૦ ગ્રામદીઠ રૂ.૧૧૦૦ વધી ગયા હતા જ્યારે અમદાવાદ ચાંદીના ભાવ કિલોના રૂ.૧૦૦૦ ઉછળ્યા હતા.

## વિશ્વબજારમાં સોનાના ભાવ વધી ઔંશના ૨૧૦૦ ડોલર નજીક પહોંચ્યાઃ ક્રૂડ, કોપર, પ્લેટીનમ તથા પેલેડીયમના ભાવ પણ ઉછળ્યા : રૂપિયા સામે ડોલરમાં ઝડપી ઘટાડો



વિશ્વબજારમાં સોનાના ભાવ ઔંશના ૨૦૨૯થી ૨030 ડોલરવાળા ઉછળી ઉંચામાં ભાવ ૨૦૮૮થી ૨૦૮૯ થઈ છેલ્લે સપ્તાહના અંતે ભાવ ૨૦૮૨થી ૨૦૮૩ ડોલર રહ્યાના નિર્દેશો હતા. વૈશ્વિક સ્તરે ડોલર ઈન્ડેક્સ તથા બોન્ડ યીલ્ડની પીછેહટ વચ્ચે વૈશ્વિક સોનામાં ફંડોનું બાઈંગ નોંધપાત્ર વધ્યાના સમાચાર હતા. અમેરિકામાં આગળ ઉપર વ્યાજના દરમાં ક્યારે અને કેટલો ઘટાડો કરવામાં આવે છે તેના પર બજારની નજર રહી હતી. ત્યાં ડયુરેબલ ગુડ્સના વેંચાણના આંકડા નબળા આવ્યા હતા. જોબગ્રોથના ડેટા પર નજર હતી. ત્યાં જોબલેસ કલેઈમ્સ ૧૩ હજાર ઘટી ૨ લાખ ૧૫ હજાર આવતાં જોબ માર્કેટ મજબુત રહ્યાના નિર્દેશો હતા. વિશ્વબજારમાં સોના પાછળ ચાંદીના ભાવ પણ ઔંશના ૨૨.૩૪ વાળા ઉંચામાં ૨૩.૨૭ થઈ છેલ્લે ભાવ ૨૩.૧૨થી ૨૩.૧૩ ડોલર રહ્યા હતા.

અમદાવાદ ઝવેરીબજારમાં આજે સોનાના ભાવ વધી ૯૯.૫૦ના રૂ.૬૫૧૦૦ તથા ૯૯.૯૦ના રૂ.૬૫૩૦૦ બોલાતા થયા હતા જ્યારે અમદાવાદ ચાંદીના ભાવ વધી રૂ.૭૨૦૦૦ને આંબી ગયા હતા. વિશ્વબજારમાં ક્રૂડતેલના ભાવ પણ વધતાં વૈશ્વિક સોનાના ભાવ પર તેની પણ પોઝીટીવ અસર દેખાઈ હતી. બ્રેન્ટ ક્રૂડતેલના ભાવ બેરલદીઠ ૮૩.૩૯ વાળા વધી ૮૪.૩૪ થઈ ૮૩૫૫ ડોલર રહ્યા હતા જ્યારે યુએસ ક્રૂડના ભાવ ૭૮.૫૯ વાળા ઉંચામાં ૮૦.૮૫ થઈ છેલ્લે ૭૯.૯૭ ડોલર રહ્યા હતા. ઓપેકના ક્રૂડ ઉત્પાદક દેશો દ્વારા ઉત્પાદન કાપર પર બજારની નજર હતી. વૈશ્વિક પ્લેટીનમના ભાવ ઔંશદીઠ ૮૮૨વાળા ૮૯૦ થઈ ૮૮૮થી ૮૮૯ ડોલર રહ્યા હતા જ્યારે પેલેડીયમના ભાવ ૯૩૫ વાળા ૯૬૫ થઈ ૯૫૮થી ૯૫૯ ડોલર રહ્યા હતા. વૈશ્વિક કોપરના ભાવ છેલ્લે ૦.૩૮ ટકા પ્લસમાં રહ્યા હતા.

મુંબઈ કરન્સી બજારમાં આજે બંધ બજારે વિશ્વબજાર પાછળ રૂપિયા સામે ડોલરના ભાવ રૂ.૮૨.૯૧ વાળા ઘટી રૂ.૮૨.૮૩ બોલાઈ રહ્યા હતા. મુંબઈ બુલીયન બજારમાં આજે સોનાના ભાવ જીએસટી વગર ૯૯.૫૦ના રૂ.૬૧૯૯૨ વાળા રૂ.૬૩૩૦૦ તથા ૯૯.૯૦ના રૂ.૬૨૨૪૧ વાળા રૂ.૬૩૫૫૦ રહ્યા હતા જ્યારે મુંબઈ ચાંદીના ભાવ જીએસટી વગર રૂ.૬૯૩૧૨ વાળા ઉછળી રૂ.૭૦૬૫૦ બોલાતા થયા હતા. મુંબઈ સોના- ચાંદીમાં જીએસટી સાથેના ભાવ આ ભાવથી ત્રણ ટકા ઉંચા બોલાઈ રહ્યા હતા. RSBL સ્પોટ એક્સચેન્જમાં સપ્તાહના અંતે સોનાના ભાવ રૂા. ૬૩૨૦૮ તથા ચાંદીના ભાવ રૂા. ૭૦૬૪૧ બંધ રહ્યા હતા.

---

**સ્પેશ્યલ ટ્રેડિંગ સત્રમા એફઆઈઆઈની વેચવાલી**

# સેન્સેક્સમાં ૭૩૯૯૫ અને નિફ્ટી ૨૨૪૧૯નો નવો ઈતિહાસ રચાયો

(વાણિજ્ય પ્રતિનિધિ) મુંબઈ, તા. ૨

નેશનલ સ્ટોક એક્સચેન્જ-એનએસઈ અને બોમ્બે સ્ટોક એક્સચેન્જ-બીએસઈમાં આજે બે કલાકનું સ્પેશ્યલ ટ્રેડીંગ સત્ર ઈક્વિટી અને ઈક્વિટી ફયુચર્સ એન્ડ ઓપ્શન્સ (એફ એન્ડ ઓ) સેગ્મેન્ટમાં યોજાયું હતું. આ સ્પેશ્યલ ટ્રેડીંગ સત્ર સવારે ૯:૩૦ વાગ્યાથી ૧૦:૩૦ વાગ્યા સુધી અને ફરી ૧૧:૩૦ વાગ્યાથી ૧૨:૩૦ વાગ્યા સુધી બે કલાકમાં યોજાયું હતું. જેમાં સેન્સેક્સે ૭૩૯૯૫ અને નિફ્ટીએ ૨૨૪૧૯ની નવી વિક્રમી ઊંચાઈનો ઈતિહાસ રચ્યો હતો. અંતે સેન્સેક્સ ૬૦.૮૦ પોઈન્ટ વધીને ૭૩૮૦૬.૧૫ અને નિફ્ટી ૫૦ સ્પોટ ઈન્ડેક્સ ૩૯.૬૫ પોઈન્ટ વધીને ૨૨૩૭૮.૪૦ બંધ રહ્યા હતા. આ ખાસ ટ્રેડીંગ સત્ર એક્સચેન્જ દ્વારા ઈન્ટ્રા-ડે તેની ડિઝાસ્ટર રિકવરી(ડીઆર) સાઈટ પર સ્વિચ કરવાના હેતુંથી યોજવામાં આવ્યું હતું. કોઈપણ અઘટિત ઘટના ઘટવાના સંજોગોમાં એક્સચેન્જની ટ્રેડીંગ કામગીરી પર અસર થવાના સંજોગોમાં એક્સચેન્જની કામગીરીને ચાલુ રહી શકે એ માટે એક્સચેન્જોને મજબૂતી આપવા આ સ્પેશ્યલ ટ્રેડીંગ સેશન યોજાયું હતું.

સ્મોલ, મિડ કેપ, રોકડાના શેરોમાં આજે ફંડો, હાઈ નેટવર્થ ઈન્વેસ્ટરો, રીટેલ ઈન્વેસ્ટરોની વ્યાપક ખરીદી નીકળતાં માર્કેટબ્રેડથ અત્યંત પોઝિટીવ બની હતી. એફઆઈઆઈઝની આજે સ્પેશ્યલ ટ્રેડીંગ સત્રમાં શનિવારે કેશમાં રૂ.૮૧.૮૭ કરોડની ચોખ્ખી વેચવાલી થઈ હતી. જ્યારે ડીઆઈઆઈ-સ્થાનિક સંસ્થાકીય રોકાણકારોની આજે રૂ.૪૪.૭૧ કરોડના શેરોની ચોખ્ખી વેચવાલી થઈ હતી.

---


**શ્રી ભારતવર્ષ સ્થિત સમગ્ર જૈન સંઘ જોગ**

**તા. ૨૪-૨-૨૦૨૪ના રોજ થરાદમાં ત્રિસ્તુતીક સંઘના બેનર હેઠળ જૈન શાસનના આચાર્ય ભગવંત સાથે દુર્વ્યવહાર અને ધ્રુણાસ્પદ બનેલ ઘટનાને વખોડતું ભારતભરના જૈન સંઘોનું નિવેદન.**

મોગલ ઈતિહાસમાં પણ ન બન્યું હોય તેવી ઘટના, જૈન આચાર્ય અને તેજ નગરના એક મુનિ ભગવંતના પ્રવેશ વખતે બની આચાર્યને જાહેર રસ્તા ઉપર બેફામ ગાળો જે કે ગદ્દાર, આતંકવાદી, ભયાનક ચિચિયારીઓ, હિંસક ટોળું બની આચાર્ય અને સાધુઓ પાછળ દોડવું, જિનાલયમાં ચૈત્યવંદન કરતા પણ આચાર્ય ભગવંત માટે બહાર ચોકમાં બેફામ બોલાયું, પ્રવેશ રોકવા ગામે ગામથી તિનથુઈના માણસોને થરાદ બોલાવવામાં આવ્યા.

પૂ. આચાર્ય ભગવંતના પ્રવેશની વિનંતી કરનાર થરાદ નિવાસી કુમારપાળ ભાઈના સાંસારીક ધર્મપત્નીની તેમજ નાનકડા પૌત્રે આ સમુદાયમાં જૈન શાસનની દીક્ષા અંગીકાર કરી છે તેઓ પણ આ અવસરે પધારી રહ્યા હતા. શું થરાદ કોઈની બાપુકી માલીકી છે ? શું એક દાદા પોતાના સંયમી પૌત્રને નગરમાં પ્રવેશ ન કરાવી શકે ? શું એક પ્રભુવચન, સત્ય સંરક્ષક આચાર્ય ભગવંતને જૈનશાસ્ત્ર પ્રમાણે ઉપદેશનો અધિકાર નથી ? અરે તેજ બેનર હેઠળ એક ભાઈ પૌત્ર સાધુના સાંસારીક દાદા માટે એમ કહે છે કે "કુમારપાળ ભાઈનું કાળું મોઢું કરી ગધેડા ઉપર ન ફરવીએ તો આપણે દાદા ગુરુના નથી" આ જૈનત્વ તો દૂર રહ્યું, આર્યત્વ પણ દુર રહ્યું, સામાન્ય માનવતાથી પણ ચોજનો દુર તેવી ઘટના ત્રિસ્તુતીક થરાદ સંઘના બેનર હેઠળ બની તે સમજ જૈનશાસન અને સમગ્ર દેશ માટે કલંક રૂપ છે. (આ બધી ઘટનાના વિડીઓ ઉપલબ્ધ છે) વિચાર ભેદ અભિવ્યક્તિ કરવાનો જૈન શાસન અને આર્યદેશમાં એક પ્રણાલી છે, સૌ પોતાનો પક્ષ આધાર અને તર્ક સાથે જનતા સમક્ષ મુકે આ Lynch mob psychology ને જૈનશાસનમાં કે લોકશાહી દેશમાં કોઈ સ્થાન નથી.

અમે ઉપરોક્ત ઘટનાને શખ્ત શબ્દોમાં વખોડીએ છીએ.

આ અવસરે રાજ્યના પોલીસ તંત્રે અમારા આચાર્ય ભગવંતના તેમજ અમને બંધારણે આપેલ Fundamental rights ની રક્ષા કરી તે બદલ ધન્યવાદ પાઠવીએ છીએ. અમો શ્રાવકો બંધારણે Article 25 - 26 પ્રમાણે સૌને પોતાના ધર્મને આચરવાનો અને પ્રચારવાનો અધિકાર આપ્યો છે તેમાં અમે સંમત છીએ. અમને વિશ્વાસ છે અમે આઝાદ ભારતમાં વસવાટ કરીએ છીએ તાલીબાનમાં નહીં. ફરી એકવાર થરાદ પોલીસનો કાયદો વ્યવસ્થા જાળવવા બદલ આભાર. સુજનજનો વિડીઓ ઉપર હકિકત જાણ્યા પછી આપ પણ અસભ્ય વર્તનને વખોડશો.

લિ. રત્નત્રયી આરાધક સંઘ નવસારી
શ્રી ભવાનીપુર જૈન સંઘ કલકતાના આરાધકો
શ્રી ધાનેરા તપાગચ્છ જૈન સંઘના આરાધકો (જાજમ)

Videos મેળવવા Type Tharad videos on this number 99303 32226


---

# આગામી નાણાં વર્ષના જીડીપી અંદાજમાં એનાલિસ્ટો દ્વારા કરાયેલો વધારો

મુંબઈ, તા. ૨



વર્તમાન નાણાં વર્ષના ત્રીજા ત્રિમાસિક ગાળાના ગ્રોસ ડોમેસ્ટિક પ્રોડકટસ (જીડીપી)ના આંક પ્રોત્સાહક રહ્યા બાદ આગામી નાણાં વર્ષ માટેના આર્થિક વિકાસ દરને લઈને રેટિંગ એજન્સીઓ તથા ઈકોનોમિસ્ટો આશાસ્પદ બન્યા છે અને પોતાના અંદાજો વધારી રહ્યા છે. સ્ટેટ બેન્ક ઓફ ઈન્ડિયા દ્વારા જારી કરાયેલા રિપોર્ટમાં આગામી નાણાં વર્ષ માટે ભારતના આર્થિક વિકાસ દરનો અંદાજ આઠ ટકા મુકાયો છે.

દેશમાં ખાનગી ઈન્વેસ્ટમેન્ટસમાં વધારો તથા ઉપભોગ માગ ઊંચી રહેવાની ધારણાંએ બેન્ક ઓફ બરોડાના ચીફ ઈકોનોમિસ્ટે જીડીપી અંદાજ વધારી ૭.૮૦ ટકા કર્યો છે જે અગાઉ ૬.૮૦ ટકા મુકાયો હતો. સિટી બેન્કે પણ પોતાનો અંદાજ ૬.૫૦ ટકાથી વધારી ૬.૮૦ ટકા કર્યો છે.

જો કે બ્રોકરેજ હાઉસે દેશ સામે બહારી જોખમો અને કેટલાક રાજકોષિય પડકારો ચાલુ રહેવાની ધારણાં મૂકીને આગામી નાણાં વર્ષનો આર્થિક વિકાસ દર ૬ ટકાની નીચે રહેવાની ધારણાં મૂકી છે.

વર્તમાન નાણાં વર્ષના ત્રીજા ત્રિમાસિક ગાળાનો આર્થિક વિકાસ દર ૮.૪૦ ટકા સાથે અપેક્ષા કરતા વધુ આવતા એનાલિસ્ટોને આશ્ચર્ય થયું છે.

જાન્યુઆરી તથા ફેબ્રુઆરીનો ઉત્પાદન તથા સેવા ક્ષેત્રની પ્રવૃત્તિ ઊંચી જોવા મળી રહી હોવાનું જોતા વર્તમાન નાણાં વર્ષના અંતિમ ત્રિમાસિકના જીડીપી આંક પણ પ્રોત્સાહક આવવાની આશા રાખવામાં આવી રહી છે. પ્રમાણમાં ઊંચા વ્યાજ દર વચ્ચે પણ જીડીપી આંક વધીને આવતા રિઝર્વ બેન્ક આગામી બેઠકમાં રેપો રેટમાં વધારો નહીં કરે તેવી શકયતા વ્યકત કરવામાં આવી રહી છે.

દેશમાં ફુગાવો ખાસ કરીને ખાધાખોરાકીનો ફુગાવો હજુપણ પણ ઊંચો જોવા મળી રહ્યો છે.

## ત્રીજા ત્રિમાસિકના પ્રોત્સાહક આંકડાથી અર્થશાસ્ત્રીઓ દ્વારા નવેસરથી ગણતરી

---

# NEFTએ રચ્યો નવો રેકોર્ડ, રૂ. ચાર કરોડ ટ્રાન્ઝેકશન થયા

મુંબઈ, તા. ૨

ડિજિટલ પેમેન્ટના આગમનથી, લાંબા સમય સુધી બેંકની કતારમાં ઉભા રહેવાની મુશ્કેલીમાંથી મુક્તિ મળી છે. બિઝનેસથી લઈને સામાન્ય વ્યવહારો સુધી, ડિજિટલ ટ્રાન્ઝેક્શન હવે લોકોની પહેલી પસંદ છે. નેશનલ ઈલેક્ટ્રોનિક ફંડ ટ્રાન્સફર (એનઈએફટી), જે બેંક ટ્રાન્ઝેક્શનનો એક મોડ છે, તેણે રેકોર્ડ બનાવ્યો હતો. રિઝર્વ બેંકે કહ્યું હતું કે ૨૯ ફેબ્રુઆરી ૨૦૨૪ના રોજ કુલ રૂ.૪.૧૦ કરોડના એનઈએફટી ટ્રાન્ઝેક્શન થયા હતા.

## એનઈએફટી અને આરટીજીએસ સિસ્ટમમાં વોલ્યુમની દ્રષ્ટિએ અનુક્રમે ૭૦૦ અને ૨૦૦ ટકા વૃદ્ધિ

આ સાથે, છેલ્લા ૧૦ વર્ષના ડેટા પર, રિઝર્વ બેંકે કહ્યું હતું કે ૨૦૧૪-૨૦૨૩ દરમિયાન, એનઈએફટી અને રિયલ ટાઈમ ગ્રોસ સેટલમેન્ટ (આરટીજીએસ) સિસ્ટમ વોલ્યુમની દ્રષ્ટિએ અનુક્રમે ૭૦૦ ટકા અને ૨૦૦ ટકા વૃદ્ધિ થવા પામી છે, જ્યારે મૂલ્યની દ્રષ્ટિએ આ વૃદ્ધિ અનુક્રમે ૬૭૦ ટકા અને ૧૦૪ ટકા હતી.

રિઝર્વ બેંક રિટેલ અને હોલસેલ પેમેન્ટ્સનું સંચાલન કરવા માટે એનઈએફટી અને આરટીજીએસનું સંચાલન કરી રહી છે. ૧૬ ડિસેમ્બર ૨૦૧૯ના રોજ, જાહેરાત કરવામાં આવી હતી કે એનઈએફટી સિસ્ટમની સુવિધા ૨૪ કલાક કાર્યરત રહેશે, જ્યારે ૧૪ ડિસેમ્બર ૨૦૨૦ના રોજ, આરટીજીએસ સિસ્ટમ માટે આ સુવિધા લાગુ કરવાની જાહેરાત કરવામાં આવી હતી.નેશનલ ઈલેક્ટ્રોનિક ફંડ ટ્રાન્સફર દ્વારા, પૈસા એક બેંક ખાતામાંથી બીજા ખાતામાં ટ્રાન્સફર થાય છે. એનઈએફટી દ્વારા ફંડ તરત જ ટ્રાન્સફર થતું નથી, તેના બદલે એનઈએફટી માટે ફંડ ટ્રાન્સફર બેચ દર અડધા કલાકે બહાર પાડવામાં આવે છે. આ પ્રક્રિયા દ્વારા, જે લોકો તે અડધા કલાકની અંદર ફંડ ટ્રાન્સફર કરે છે.

---

# બેન્કિંગ સેક્ટરમાં લિક્વિડિટી ડેફિસિટ બે મહિનાના નીચલા સ્તરે

અમદાવાદ, તા. ૨ : બેંકિંગ સિસ્ટમમાં રોકડની અછત ૨ મહિનાના સૌથી નીચલા સ્તરે આવી ગઈ છે. સરકાર દ્વારા ખર્ચમાં વધારો થવાને કારણે આ સ્થિતિ સર્જાઈ છે. રિઝર્વ બેંક ઓફ ઈન્ડિયાના તાજેતરના ડેટા અનુસાર ગુરુવારે સિસ્ટમમાં રોકડની અછત સુધરીને રૂ. ૮૮,૬૯૮ કરોડ થઈ ગઈ છે. આ પહેલા ૧૫ ડિસેમ્બર, ૨૦૨૩ના રોજ બેન્કિંગ સિસ્ટમમાં લિક્વિડિટી ડેફિસિટ ઘટીને ૧ લાખ કરોડ રૂપિયાની નીચે આવી ગઈ હતી. બજારના સહભાગીઓએ જણાવ્યું હતું કે આ મહિને રૂ. ૧.૨૫ લાખ કરોડનો ટેક્સ એકત્ર થવાનો હોવાથી રોકડની સ્થિતિમાં હવે કોઈ વધારાનો સુધારો નહીં થાય. મની માર્કેટ ડીલરોનું કહેવું છે કે સેન્ટ્રલ બેંક ટૂંકા ગાળાના વેરિયેબલ રેટ રેપો ઓક્શન્સ અને વેરિયેબલ રેટ રિવર્સ રેપો ઓક્શન્સ દ્વારા જરૂરિયાત મુજબ દરમિયાનગીરી કરવાનું ચાલુ રાખશે.

---

# ફોરેક્સ વધીને ૬૧૯ અબજ ડોલર

અમદાવાદ, તા. ૨

રિઝર્વ બેંક ઓફ ઈન્ડિયાના સાપ્તાહિક ડેટા અનુસાર બે સપ્તાહના ઘટાડા બાદ ૨૩ ફેબ્રુઆરીએ પૂરા થયેલા સપ્તાહમાં દેશનું વિદેશી મુદ્રા ભંડાર ૨.૯૭૫ અબજ ડોલર વધીને ૬૧૯.૦૭૨ અબજ ડોલર થયું છે. ૧૬ ફેબ્રુઆરીના સપ્તાહે વિદેશી મુદ્રા ભંડાર ૧.૧૩૨ અબજ ડોલર ઘટીને ૬૧૬.૦૯૭ અબજ ડોલર થયું છે.

ટચુકડી જાહેરખબર

## નોકરી ખાલી છે

**પાર્લા સ્થિત**
હોલસેલ માટે એરિયા સેલ્સમેન- રીટેલ સ્ટોર માટે સેલ્સમેન, ગર્લ, હેલ્પર જોઈએ, 9320346345

Required Female Back office Cordinator at Dahisar west, Near Station call 9967580581

## લગ્ન સંબંધી

### જૈન

**હાઈ પ્રોફાઈલ**
ક્વોલિફાઈડ જૈન યુવક ઉમ્ર 30 માટે સુંદર, સંસ્કારી યુવતી આવકાર્ય, જ્ઞાતિબાધ નથી, સંપર્ક:- મૈરેજ મેનેજર, કાઉન્સિલર, લાઈફ કોચ મુકેશભાઈ મજીઠિયા 9819855366

50 વર્ષની આસપાસ નિ:સંતાન વિધવા અથવા છૂટાછેડાવાલી મહિલા સાંતાક્રૂઝ સ્થિતનાં 57 વર્ષના જૈન વેલસેટ વિધુર માટે અમૃત જૈનનો સંપર્ક કરે. 9099640010.

We are looking separated divorce widow female age 39-: 50 for my son Age 48 Any Gujarati Jain lohana kapol from mumbai or Gujarat Pls cal on Whatsapp no- 9819517513

MATRIMONIAL Seeking a Suitable Match for a Well Settled Innocent Divorced Groom Age 44, Company Secretary, Runs Family Financial Planning Consulting Firm in Rajkot. Looking for a Educated, Compassionate, Religious , Family Oriented Jain Or Upper Caste Girl. Please contact on 9426996716 or on mauli.bkapasi@gmail.com

### પટેલ

યુવક UK જન્મેલા અને કામ કરતા 1981 5' 6" ફેર મિડીયમ બિલ્ડ, BSc, Lecturer, લેવા પટેલ કુંવારા માટે, ઈંગ્લીશ જાણકાર યુવતી કુંવારી માટે સંપર્ક કરો. No Dowry, Email- jugdumbay@hotmail.com, Whats App- +44 7743291387

### મેરેજ બ્યુરો

**પરિચય મેળાવડો**
17/03/2024, રવિવારે, સમસ્ત ગુજરાતી/ કચ્છી/ જૈન જ્ઞાતિના 30 થી 45 વર્ષના, કુંવારા, છૂટાછેડા, વિધવા, વિધુર યુવક/ યુવતીઓ માટે મુંબઈમા રાખેલ છે, આયોજક- શ્રીહરિ ઈચ્છા ફાઉન્ડેશન- મુકેશભાઈ મજીઠિયા- 9082825482, 9321693211

**ગુજરાતી બેચલર્સ**
યોગ્ય જીવનસાથી માટે લગ્ન સંસ્થા છોકરીઓ માટે મફત રજિસ્ટ્રેશન સંપર્ક 9152539401

## વાહન

**પ્રતાપ પેકર્સ**
49 વર્ષથી ઓફિસ, ઘરસામાન, ફેરવવા. 9920955291, 9821070320, 23481647 લલિતભાઈ ઠક્કર

## પ્રોપર્ટી

### વેચવાનું છે

બંગલો વેચવાનો છે, વલસાડ તીથલ બીચ નજીક, સુંદર મોટો બંગલો, 5500 Sq. Ft. નો, 500 Sq yard પ્લોટ ઉપર, નવુંજ બાંધકામ, ગાર્ડન, કીંમત 1.4 CR. Ph. 9825176095

નદી નજીક કર્જત (મુંબઈ)માં 5 સ્ટાર રિસોર્ટ પાસે 10 એકર નું ફાર્મ વેચાણ માટે છે. 98901 84685

ઉભરાટ- મરોલી, નવસારી એરિયામાં ખેતીની જમીન ફાર્મહાઉસ તેમજ પચ્ચીગર, જીવરાજ જેવા જુના પ્રોજેક્ટસમાં પ્લોટ લેવા- વેચવા મળો- ફ્લેટના ભાવમાં બંગલો તથા 100થી 500 વારના પ્લોટ હપ્તેથી અપાવીશું. Ultimate Estate Managers, 8866298678

સુરત ભટારમાં 530 વાર જૂનો બંગલો વેચવાનો. વારનો ભાવ 110000. મો. 7383934977

**વડોદરામાં**
ન્યુ ગોત્રી એરિયામાં દર્શનમ ક્લબ લાઈફમાં 4 B 2 H K ફુલ્લી ફર્નિશ્ડ મોર્ડન વિલા પ્લોટ 1450/ 2700 ચોરસ ફુટ બાંધકામ તાત્કાલિક વેચાણ મો. 9979977271

વડોદરામાં કલાલી DPS સ્કુલની સામે આશરે 1710 સ્કવેર ફીટનો સુપર બિલ્ટઅપ 3 બી એચ કે નવો ફ્લેટ તાત્કાલિક વેચાણ આપવાનો છે. 9737405999

વેચવાની છે જમીન, 250 વીઘા, ગોળો Tata નેનો પ્લાન્ટ સામે, અદાણી લોજિસ્ટિક પાર્ક પાસે, અમદાવાદ વિરમગામ હાઈવે- 9724077778

સુરત ઈન્ડસ્ટ્રીયલ પ્લોટ વેચવાનો છે 5500 વાર/વારનો ભાવ 95000/- મો. 7383934977

અમદાવાદના પોશ વિસ્તાર નારણપુરામાં 3300 SFT G+2 મકાન વેચવાનો છે દરેક ધંધાને લાયક 8733805805

વડોદરા દહેજ કેમીકલ્સ નવી કંપની પ્લાન ચાલુ કરવા લાઈસન્સ પરવાનગી કેમીકલ્સ ઝોન જમીન GIDC ફાઈનલ પ્લોટ NA વેચવાનું. 7779016552

વેચવાનો છે કોમર્શિયલ બંગલો, પ્રાઈમ લોકેશન, રેડી પઝેશન, BU સાથે, આશરે 10,800 ચોરસ ફૂટ બાંધકામ, જ્વેલરી, સાડી, રેડીમેઈડ, ડૉક્ટર, દરેક ધંધાને લાયક, ગુરુકુળ મેઈન રોડ ટચ, મેમનગર, અમદાવાદ, સ્વાતી એસ્ટેટ- 9375501588

### ભાડે આપવાનું છે

વસઈ(ઈ) માં વ્યવસાયિક ગાલા ભાડે આપવાનું 1000 ચો. ફૂટ, ગૌરાઈપાડા. સરળ લોડિંગ/ અનલોડિંગ, પાર્કિંગ. રૂ. 40/ ચો. ફૂટ. 99608 87488

## સાઉથ મુંબઈ

### વેચવાનું છે

**LNT**
Crescent bay, Parel Fully furnished interiors High floor, sea views 3 bed, 1500+ cpt with decks 6.40cr Nego- 9819227923

**MATUNGA EAST**
OC RECEIVED- 4 Bed- 1722 carpet (furnished) with 3 covered Parkings full floor Private Apartment with life time Garden view on higher floors@ 10.50 cr (non nego). Serious buyers only Call -8097839330/ 8779694199

## સેન્ટ્રલ બોમ્બે

### ભાડે આપવાનું છે

**માટુંગા (ઈસ્ટ)**
વડાલા વેસ્ટ, Signature Isle, 2 B H K, New building, VJTI College અને Relax Hotelની બાજુમાં, Only Veg., વેચાણથી/ ભાડેથી લેવા. સંપર્ક- 9223944922/ 9224944922/ 9833726529 (Broker Excuse)

## અંધેરી/પાર્લા/સાન્તાક્રૂઝ

### વેચવાનું છે

**જુહુ બીચ**
4 B H K- 5000 Sq ft કાર્પેટ સી ફેસિંગ બંગલો વેચાણ માટે ઉપલબ્ધ છે. શ્રી.દેસાઈ: 9821096320

**જુહુ**
પ્રીમિયમ વેસ્ટલી 4 B H K- 2350 Sq ft પ્રાઈમ બિલ્ડિંગ 12મા માળે તમામ આધુનિક સુવિધાઓ જેમકે જીમ/ સ્વિમિંગ પૂલ વગેરે સાથે વેચાણ પર ઉપલબ્ધ છે. શ્રી.દેસાઈ: 7738934973/ 8591072299

**જુહુ**
ગુલમોહર રોડમાં સી-વ્યુ ફ્લેટ 4અને 6 B H K વેચાણ પર ઉપલબ્ધ છે, 10.5 છતની ઊંચાઈ સાથે 15મો માળ. શ્રી.દેસાઈ: 9769298908/ 7738934973

**વિલેપાર્લે (ઈસ્ટ)**
વેચાણથી 2 B H K હાયર ફ્લોર, 670 એગ્રીમેન્ટ, 775' યુઝેબલ કાર્પેટ, ઈસ્ટ વેસ્ટ એન્ટ્રી, OC અને પાર્કિંગ સાથે, વેલ મેન્ટેન સોસાયટી, સહાજી રાજે માર્ગ. "નવકાર એસ્ટેટ" ધીરેન ગડા- 9594925992

**જુહુ**
રેમ્પ પાર્કિંગ સાથે તમામ આધુનિક સુવિધાઓ સાથે જુહુ સ્કીમમાં પ્રીમિયમ પ્રોજેક્ટ ઉચ્ચ માળેથી સમુદ્રનો નજારો 3 B H K- 1250 Sq ft અને 4 B H K- 1800 Sq ft અને 6 B H K- 3500 sq ft કાર્પેટ શ્રી.દેસાઈ: 9821096320/ 7738934973

**વિલેપાર્લે (ઈસ્ટ)**
વેચાણથી પી.એમ. રોડ Suvidha Pearl 2 બેડરૂમ હોલ કિચન, 800 કારપેટ એરીયા, ઈસ્ટ- વેસ્ટ એન્ટ્રી, 1 ગાડીની પાર્કિંગ, એમિટીઝ લાઈક ક્લબ હાઉસ, જીમ, સ્વીમીંગ પુલ, ટેરેસ ગાર્ડન etc. ન્યુ બિલ્ડીંગ રેડી પઝેશન વિથ OC "નવકાર એસ્ટેટ" ધીરેન ગડા- 9594925992

**VILEPARLE EAST**
2 B H K- 650' @ 2.45Cr. & 685' @ 2.58Cr. ALL INCLUSIVE- 9930010989.

**અંધેરી (ઈસ્ટ)**
સ્ટેશન પાસે બજાજ એમરેલ્ડમાં 3 બેડરૂમના ફ્લેટો ભાડેથી તેમજ વેચાણથી નવકાર રીઅલ એસ્ટેટ- 9619674640

**અંધેરી (ઈસ્ટ)**
સ્ટેશન નજીક 3- બેડરૂમ 970', હાયર ફ્લોર, પાર્કિંગ સાથે 3.24Cr. –(Govt. Charges Extra)- 9869108628

**અંધેરી**
વ્યાજબી કિમતે સ્ટેશન નજીક ફ્લેટ્સ- ઓફિસ વેચાતા- ભાડાથી લેવા 9820601794 Bhart Mayani

**"સાંતાક્રુઝથી અંધેરીમાં"..**
ફ્લેટ (સ્ટુડન્ટસ પણ), ઓફીસ ભાડેથી/ વેંચાણથી લેવાં/ વેંચવા.. "Mukund"-- 9326759595

## જોગેશ્વરી થી મલાડ

### વેચવાનું છે

**મલાડ (ઈસ્ટ)**
2 બેડરૂમ, 550', ફુલ્લી ફર્નિશ્ડ, સ્ટેશન નજીક, 1.21 Cr. દિનેશ મિસ્ત્રી 9221832326

**મલાડ (વેસ્ટ)**
માર્વેરોડ, આદર્શ દુગ્ધાલયમાં 1- 2- 3- 4 બેડરૂમના ફ્લેટો વેચાણથી- ભાડેથી લેવા.- ભરત પટેલ- 9820054730, નિષીત- 9920041841

**મલાડ (વેસ્ટ)**
સોમવારી બઝાર, 1/ 2 બેડ એમિનિટીઝ સાથે, 92 લાખથી, ફિટઆઉટ પજેશન ડિસેમ્બર 2024. 8828845454

**મલાડ વેસ્ટ**
આદર્શ શંકરલેન, માર્વે રોડ, નર્સિંગલેન મામલતદારવાડી 1- 4 બેડ આઉટરાઈટ તથા ભાડેથી. લેવા/ વેચવા. જય અંબે, જીતુ પારેખ 9820007914.

1 Bedroom flat for sale in Goregaon West. 2 mins from Bangur Nagar Metro Station. Contact : 98196 99236

**"મલાડ (ઈસ્ટમાં)"..**
35 હજારમાં ભાડેથી લાગેલો: 1 બેડ ખરીદવાં-- 9870084299

### ભાડે આપવાનું છે

**મલાડ (ઈસ્ટ)**
2 બેડરૂમ 700' સેલ્ફ કન્ટેન્ડ 1,50,000/- ડિપોઝીટ 35,000/- ભાડામાં.- સુનિલ પંચાલ- 9167861860, 9321161701

## કાંદિવલી

### વેચવાનું છે

**કાંદિવલી (પશ્ચિમ)**
2 Bedroom રેડીમાં, 1.8Cr. નેગોટિયાબલ, એમ.જી. રોડ, 824 usable કાર્પેટ. સ્ટેશન માર્કેટ વિસ્તારથી 5 મિનિટ. સંપર્ક- 7666263383, 9323737062

**ઠાકુર કોમ્પ્લેક્ષમાં**
-વિલેજમાં "વન બેડ 91,00,000/-" "ટુ બેડ 1,51,00,000/-" "થ્રિ બેડ લોખંડવાલામાં 1,71,00,000/- " "શ્રીજી" 9820045571

**વેસ્ટમાં નવામાં**
"કનવર્ટેડ વન બેડ 71,00,000/-" "વન બેડ 1,11,00,000/-" "ટુ બેડ 1,41,00,000/-" "શ્રીજી" 9653185938

**ઠાકુર વિલેજમાં**
1 રૂમ કિચન 360 બિલ્ટઅપ, દત્તાની પાર્ક, ઓનર 9224449011, 9029488613

**Kandivali- West**
Nearing Completion Project with all 1 B H K with MASTER BEDROOM Near Mathuradas road starting from 91 Lacs plus govt taxes JODI also possible Amenities such as Terrace Garden & Sr Citizen Sitting Area Rera Regd Project Call -7039200200- 8828823199. No Brokerage

**કાંદિવલી (વેસ્ટ)**
મહાવીર નગરમાં ટાવરમાં ફર્નીશ્ડ 2 બેડરૂમ (1000' કારપેટ) વેચવાનો. 7400329049

### જોઈએ છે

**"દહીંસરથી કાંદીવલીમાં"..**
1 Room, 1 બેડ- નવાંમાં/ જૂનાંમાં જોઈએ-- 7506772541

## બોરીવલી/દહિંસર

### વેચવાનું છે

**દહિસર બોરીવલી**
ચાંડક (નિશ્ચયમાં) મોડર્ન 1, 2 બેડરૂમ વેંચાતા, ભાડેથી લેવા પંડ્યા એસ્ટેટ 9820621209.

**બોરીવલી વેસ્ટમાં**
ફ્લેટ, દુકાન, વેચાણ- ભાડેથી લેવા આપવા ગાંધી, 9967901008

## નાયગાંવ-વિરાર

### વેચવાનું છે

1 B H K vasai west C.A 400 sq. ft. Mobile- 8149640876

**વસઈ**
1 બેડરૂમ 375' યુઝેબલ કાર્પેટ ALL INCLUSIVE @ 23.50Lacs પઝેશન June-25 સંપર્ક 9137713655/ 9594133047

## ઘાટકોપર/વિદ્યાવિહાર

### વેચવાનું છે

**ઘાટકોપરમાં ગેરંટી**
ફ્લેટ, ઓફિસ, દુકાન ભાડેથી/ વેચાણથી, બઝાર ભાવે, સોદાની ગેરંટી. ભિમાની- 9920814333, 9820814333.

**ઘાટકોપર (ઈસ્ટ)**
1 બેડરૂમ 410' કારપેટ, 1.10 CR, 485' કારપેટ 1.28 CR, 2 બેડરૂમ- 630' કારપેટ, 1.75 CR, 650' કારપેટ- 1.90 CR, 720' કારપેટ- 2.30 CR, 2.5 બેડરૂમ- 700' કારપેટ- 2.20 CR, 3 બેડરૂમ- 860' કારપેટ- 2.25 CR. ''જીગ્નેશ છેડા''- 9892661495.

**ઘાટકોપર (ઈસ્ટ)**
વેચાણથી. હિંગવાલા 72 પાર્ક, 1, 2, 3 બેડરૂમ, મોર્ડન એમેનીટીઝ, ગેટેડ કોમ્યુનીટી, તુરંત કબજો. પ્રીફ્ડ ચેનલ પાર્ટનર- ''J.K. REAL ESTATE'' 9920378464, 9326085381.

**ઘાટકોપર (ઈસ્ટ)**
આરાધ્ય વન અર્થ, એડન, ફન, ગ્રુવ-IVY- 2, 3, 4 બેડરૂમ, જોડી શક્ય લેવા- વેચવા પ્રીફ્ડ ચેનલ પાર્ટનર- ''J.K. REAL ESTATE'' 9920378464, 9326085381.

## થાણા/મુલુંડ

### વેચવાનું છે

**મુલુન્ડ (વેસ્ટ)**
3.5 B H K, 1020' RERA કાર્પેટ, સેમી- ફર્નિશડ ફ્લેટ 2 ગેરેજ સાથે વેચવાનો છે. સર્વોદય નગર. સંપર્ક 9820834317, 9870357133

**Mulund West**
3 Bedroom Semi- Furnished Flat in Sheth Montana Rosa, Available For Sale. Contact 9969062541

## રીપેરીંગ

**100% વોટરપ્રૂફિંગ**
ટેરેસ, આઉટસાઈડ વોલ, છજ્જીયા, કેમીકલ ટ્રીટમેન્ટ 10% બાકી.- 8850316907

## ધંધાધારી

**એગ્રીમેન્ટ**
સ્ટેમ્પ ડ્યુટી, રજીસ્ટ્રેશન, ડોકયુમેન્ટેશન, જુના ડોકયુમેન્ટસ મેળવવા.- દર્શન- 9892911146

**મનસ્વી પાર્સલ**
અમેરિકા, ન્યુઝીલેંડ, ઓસ્ટ્રેલિયા, કેનેડા, દુનિયાભરમાં સસ્તામાં. 9820194719, 7208019515.

**સુરેશ મહારાજ**
બાસુંદી, પુરી, શાક, ફરસાણ, દાળ- ભાત, પાપડ.- 9870005838

વૃધ્ધો/ પથારીવશ/ લકવાગ્રસ્ત વડિલોની સાચવણી માટેનું શ્રેષ્ઠ કેન્દ્ર- સ્વર્ગ કોમ્યુનીટીકેર- 6353532053, 6353532054

## જ્યોતિષ

**મફત સલાહ**
ખાત્રીશિર સમાધાન, લવ- મેરેજ , ઘરકંકાસ, સૌતન છુટકારો, સાસ વહુત્રાસ. સંપર્ક આદિલશા 9769214783 બાંદ્રા (પ)

**પિતૃકૃપા જ્યોતિષ**
(મહાસમ્રાટ) મનપસંદ પ્યાર, સૌતનમુક્તી, લગ્નમાં રૂકાવટ, છુટાછેડા, મુઠચોટ, ગૃહક્લેશ, પતિપત્ની અનબનાવ. ઘેરબેઠા A to Z સમસ્યાંઓનુ સમાધાન. 9867567969 ઠાકુરદ્વાર, (ચર્નીરોડ) 400004

**અંબિકા જ્યોતિષ**
જન્માક્ષર સગાઈ લગ્નમાં રુકાવટ, ફેમિલી પ્રોબ્લેમ Outline 9136808000 કાંદિવલી (વેસ્ટ)

સચિન એસ ગોર દ્વારા મફત જ્યોતિષ માર્ગદર્શન 9870553900

## પેસ્ટ કંટ્રોલ

**ડીપી પેસ્ટકન્ટ્રોલ**
(1997) કોક્રોચ 560/-, માકડ 660/-, ઉધઈ 760/- , ફ્લેટ, ઓફિસ, સોફા ક્લિનિંગ- 9322504177/ 8080575877

**"અંકિત પેસ્ટ"**
ઉધઈ, વાંદા, માંકડ, કીડી, 9029089313, 9820489313, 7045216358, 02228691522.

## યાત્રા-સહેલગાહ

**બદ્રી કેદાર**
ગંગોત્રી, યમનોત્રી, હરીદ્વાર, ઋષિકેશ, તારીખ- 19મે, જૂન, સપ્ટેમ્બર. આપના કોઈપણ દર્શનીય ટુરનું ગ્રુપ આયોજન માટે જગદીશભાઈ જયઅંબે 9930929799/ 9869509133

**મારુતી ટૂર**
ચારધામ 16 દિવસ. 01, 15 જૂન. 9545658650

**મહાબળેશ્વર: 3333/-**
પોતાની: હોટલ- બસ- સાઈટસીઈંગ- ફુડ સાથે. સ્વામી ટૂર: 9323923183- 9324923183

લક્ષ્મી ટ્રાવેલ્સ (એપ્રિલ- મેના પ્રવાસો) (ચારધામ) (કાશ્મીર) (નેપાળ, પુલાશ્રમ, અયોધ્યા) (તિરૂપતિ, રામેશ્વર) (અયોધ્યા, બનારસ) 7043767616, 6353222787

## જમીન મિલકત

**ખેડૂત બનવાની**
ઉત્તમ તક સરકારમાન્ય કાયદેસર ખેડૂત બનો મહેશ કોઠારી 9820441241

**વલસાડ અબ્રામા**
ગામમાં અને હાઈવે પાસે જમીન વેચવાની છે. 8866866108.

**રાજકોટમાં જમીન**
જોઈએ છે આસપાસના ગામમાં, પ્લોટ- ખેતર, કાલાવડ રોડ, જામનગર રોડ, મોરબી રોડ, કુવાડવા રોડ, ગોંડલ રોડ. કીર્તિભાઈ કંસારા 9825160974, 7046710111.

## ફેકટરી વર્કશોપ

**વસઈ- કામણ**
સાતીવલી- વાલીવ- હાઈવે- સિરસાડ- પોમણ- બાપાને- સસુનવઘર- ઈન્ડસ્ટ્રીયલગાળા- શેડ- યુનિટ- પ્લોટ- લેવા- વેચવા- ભાડેથી- જીતેન્દ્રભાઈ- 9320404145 ગોપીભાઈ- 9326472399

**વસઈ**
સાતીવલી, વાલીવ, હાઈવે, નાયગાંવ ઈન્ડસ્ટ્રીયલ ગાળા/ બિલ્ડીંગ. લેવા- વેચવા- ભાડેથી રાજેશ દડિયા: 9326495003, 9322762805.

## ધંધાધારી જગ્યા

**બોરીવલી વેસ્ટ**
ગોરાઈ, 560 ચો. ફૂટ. ગાલા, અંદર બે કેબિન, ટોયલેટ બાથરૂમ, ઊંચાઈ 12 ફૂટ, સામે ખુલ્લી જગ્યા, કિંમત 1.25 કરોડ, નેગોસિએટ, સંપર્ક: 9969061536

**જુહુમાં**
સ્વસ્તિક પ્લાઝા જુહુમાં કલાનિકેતનની બાજુમા ઑફિસ ભાડા પર ઉપલબ્ધ છે 200 Sq ft ભાડું- 40k કમ્પલીટ ફર્નિશ્ડ. માલિક. શ્રી.દેસાઈ: 8591072299/ 9821638229

**બોરીવલી વેસ્ટ**
યોગી નગર દુકાન, કાર્પેટ 875 તેમજ 1211 ભાડેથી આપવાની છે, હિમેશ 9967902390.

**કાલાચૌકી લાલબાગ**
મેન રોડ ફેસિંગ, 46 વર્ષની ગુડવીલ સાથેનું G.P. CLINIC વેચવાનું (ગ્રાઉન્ડ+ મેઝેનાઈન) 1400' ફુટ, X-RAY, ECG, PATHOLOGY રેડી સેટઅપ સાથે. (કિંમત 5.50 CR) સંપર્ક 9820170335, 9819650318.

ROI ના બોસ. 7% ROI PA. બોરીવલી વેસ્ટ, કોડવર્ડ બોસના શ્રેષ્ઠ ગુપ્ત રહસ્યોમાં રોકાણ કરો. Ground+18 ફ્લોર ગ્લાસ ફેસેડ ઑફિસ બિલ્ડિંગ. કાર્પેટ એરિયા 421 sqft શરૂ થાય છે. અત્યારે જ રોકાણ કરો અને 10 લાખ સુધીની બચત કરો કૉલ 9821297384

**INVESTMENT**
નેશનલાઈઝડ બેંકને LONG LEASEથી ભાડે લાગેલી જગ્યા વેચવાની છે. 8879181869.

## મહિલા માટે

**બાપલી બંગલો**
મહેમાનોનો ઉતારો, બર્થડે, સગાઈ, સીમંત, પાર્ટી, ક્લાસીસ. રોજના ધોરણે બોરીવલી- 9821112796

**કાનનાં મોટાકાણાં**
દવાથી એકજ સીટીંગમા પુરાવો તરત બુટ્ટી પહેરો. નાક કાન વિંધાવો. બોરીવલી 9969388693/ 7506569229

**ઘરઘંટી રીપેરીંગ**
દરેક પ્રકારની પથ્થર બ્લેડની એક્સચેન્જ ઓફર- 9819602267/ 9702706388 સીએચ શાહ દાદર

**પંચોલી કેટરર્સ**
બાસુંદી, મીઠાઈ, ફરસાણ, શાક, દાળભાત, પુરી, આઈસ્ક્રીમ.- 9820666647

## મનોરંજન

**રાજુભાઈ સોનેજી**
લગ્નગીત, સંગીત સંધ્યા, D.J., LED SCREEN, સ્પેશ્યલ એન્ટ્રી ઈવેન્ટ્સ, પ્રાર્થનાસભા. 9987326689, 8779581274.

**હાસ્ય ધમાકા**
હાસ્ય દરબાર, સંગીતસંધ્યા, ડાયરો, લગ્નગીત, ગેમ્સ, એન્કરીંગ. 9820464530

**કાવ્યા આશર**
બર્થડે, સારા પ્રસંગો, ઈવેન્ટ માટે ગેમ્સ. સંપર્ક: 7506164141

**ભરતભાઈ પોપટ**
પ્રાર્થનાસભા, લગ્નગીત, સંગીત સંધ્યા, ભજન, ડાયરો બજેટથી- 9892907132

**મનરાજ સંગીત**
લગ્નગીત- મેંહદી- એનીવર્સરી- દાંડિયા- ડાયરો- પ્રાર્થના 6000/- 9821795355

## ધાર્મિક

**સસ્તામાં પૂજા**
સત્યનારાયણ કથા, રાંદલ, વાસ્તુ જ્યોતિષ, નવગ્રહ જાપ, 9324269593

**ગુજરાત સમાચાર**
વાચકોને આથી ભલામણ કરવાની કે આ પ્રકાશનમાં પ્રસિધ્ધ થતી કોઈપણ જાહેરખબરના સંદર્ભમાં પૈસા મોકલતા અગાઉ કે તબીબી ભલામણના આધારે થતા ખર્ચ અથવા તો તેવા જ પ્રકારની કોઈપણ વચનપૂર્તિ કરતા અગાઉ અધિકૃત પૂછપરછ અને સલાહ લેવી. ગુજરાત સમાચાર જૂથ જાહેરાતની કોઈપણ સેવા કે ઉત્પાદનો અંગે કોઈ જ દાવાની ચકાસણી કરતું નથી. પ્રીન્ટર, પબ્લિશર, તંત્રી, ગુજરાત સમાચાર જૂથ પબ્લિકેશનનાં માલિકો તેનાથી ઉપસ્થિત થતાં કોઈપણ પરિણામ કે દાવા જો જાહેરાતકારો નકારે તો તેની જવાબદારી લેશે નહીં.

# આર્થિક પ્રવૃત્તિમાં વધારા ઉપરાંત આકરા ઉનાળાને પગલે વીજ માગ ઊંચી રહેશે

નવી દિલ્હી, તા. ૨

દેશમાં ઔદ્યોગિક પ્રવૃત્તિ વધવા સાથે વીજ માગમાં પણ જોરદાર વધારો થઈ રહ્યાનું જોવા મળી રહ્યું છે. સરકારી આંકડા પ્રમાણે સમાપ્ત થયેલા ફેબ્રુઆરીમાં વીજ વપરાશ વાર્ષિક ધોરણે આઠ ટકાથી વધુ વધી ૧૨૭.૭૮ અબજ યુનિટસ રહ્યો છે.

## ફેબ્રુઆરીમાં દેશમાં ઊર્જા વપરાશમાં આઠ ટકા વૃદ્ધિ જોવા મળી



વર્તમાન વર્ષમાં ઉનાળો આકરો રહેવાના અંદાજ તથા ઔદ્યોગિક પ્રવૃત્તિમાં વધારાને જોતા આગામી દિવસોમાં વીજ માગમાં જોરદાર વધારો થવાની ધારણાં રાખવામાં આવી રહી છે.

આ વર્ષે લીપ યરને કારણે ફેબ્રુઆરીમાં ૨૯ દિવસ રહ્યા હોવાથી ગયા વર્ષના ફેબ્રુઆરીની સરખામણીએ વીજ વપરાશનો આંક ઊંચો જોવા મળ્યો હોવાનું સરકારી સુત્રોએ જણાવ્યું હતું.

ફેબ્રુઆરીમાં વીજની સૌથી વધુ માગ ૨૨૨ ગીગા વોટ રહી હતી. ઉત્તર ભારતમાં તાપમાન નીચું રહેતા અને ઠંડી વધી જતા વીજ માગમાં વધારો જોવાયો હોવાનું માનવામાં આવે છે.

દેશમાં આર્થિક પ્રવૃત્તિમાં વધારા સાથે ઉદ્યોગો તરફથી વીજ માગમાં વધારો જોવા મળવાની અપેક્ષા રાખવામાં આવી રહી છે. આ ઉપરાંત વર્તમાન વર્ષમાં ઉનાળાના પ્રારંભમાં જ ગરમીનો પારો ઊંચે જવાની ધારણાંને જોતા એસી, કુલરના ઉપયોગમાં વધારો થશે જેને કારણે પણ વીજ માગમાં વધારો જોવા મળવાની શકયતા છે.

દેશમાં લોડ શેડિંગ ટાળવા સરકારે ગયા વર્ષે કોલસા આધારિત વીજ પ્લાન્ટસને સંપૂર્ણ ક્ષમતાએ કામ કરવાની સૂચના આપી હતી જે આ વર્ષે પણ જોવા મળી શકે છે.

# ઈ-ટુ વ્હીલર્સના વેચાણમાં ગયા મહિને ૨૪ ટકાનો થયેલો વધારો

મુંબઈ, તા. ૨

દેશમાં વીજ સંચાલિત ટુ વ્હીલર્સ પ્રત્યેના આકર્ષણમાં સતત વધારો થઈ રહ્યાનું પ્રાપ્ત આંકડા જણાવે છે. સમાપ્ત થયેલા ફેબ્રુઆરીમાં વીજ સંચાલિત ટુ વ્હીલર્સ (ઈ-ટુ વ્હીલર્સ)ના વેચાણમાં વાર્ષિક ધોરણે ૨૪ ટકા વધારો થયો છે.



હાઈ સ્પીડ ઈ-ટુ વ્હીલર્સનું રજિસ્ટ્રેશન ગયા મહિને ૮૧૯૬૩ એકમ રહ્યું હતું. વર્તમાન નાણાં વર્ષના ફેબ્રુઆરી સુધીમાં ઈ-ટુ વ્હીલર્સનું મહિનાનું સરેરાશ વેચાણ ૭૩૧૯૦ રહ્યું છે જે ગયા નાણાં વર્ષમાં ૬૦૫૦૦ની સરેરાશ કરતા ૨૧ ટકા વધુ છે.

# રૂ. ૩૦ લાખ કરોડના ખનિજોની હરાજી

અમદાવાદ, તા. ૨

ખાણ મંત્રાલયે ૨૯ ફેબ્રુઆરીએ હરાજીના બીજા રાઉન્ડ માટે ૧૮ મહત્વપૂર્ણ ખનિજ બ્લોક્સની જાહેરાત કરી હતી. આ ખનિજ સંસાધનોની કુલ કિંમત ૩૦ લાખ કરોડ રૂપિયા છે. હરાજી માટે ગ્રેફાઈટ, નિકલ, પીજીઈ, કોબાલ્ટ વગેરે ખનિજ બ્લોક્સ ઓફર કરવામાં આવ્યા છે. આ બ્લોક્સ આંધ્ર પ્રદેશ, અરુણાચલ પ્રદેશ, છત્તીસગઢ, મહારાષ્ટ્ર, રાજસ્થાન, તમિલનાડુ વગેરે રાજ્યોમાં છે. હરાજીના બીજા રાઉન્ડમાં સરકાર ૧૭ સંયુક્ત લાઈસન્સ અને એક માઈનિંગ લીઝ આપશે. જોશીએ કહ્યું, 'સ્વદેશી માઈનિંગ આયાત ઘટાડવામાં મદદ કરશે અને સપ્લાય ચેઈન સંબંધિત પડકારોને દૂર કરવામાં પણ મદદ કરશે.'

# ચૂંટણીમાં વધુ લોકો વોટિંગ કરવા બહાર પડે એ માટે કોન્ફેડરેશન ઝુંબેશ ચલાવશે

મુંબઈ, તા. ૨ : લોકશાહી પ્રક્રિયામાં લોકોની સહભાગિતાને મજબૂત કરવાના હેતુથી, કોન્ફેડરેશન ઓફ ઓલ ઈન્ડિયા ટ્રેડર્સ (CAIT) એ મુખ્ય ચૂંટણી કમિશનર રાજીવ કુમારને એક પત્ર મોકલીને આગામી લોકસભા ચૂંટણીમાં મતદાનની ટકાવારી વધારવા માટે સક્રિય સહકાર સાથે આહવાન કર્યું છે. દિલ્હીસહિત દેશભરના વેપારી સંગઠનોએ સહકાર આપવાની ઓફર કરી છે, એવું કોન્ફેડરેશનના મહારાષ્ટ્ર પ્રદેશ ઉપાધ્યક્ષ સુરેશભાઈ ઠક્કર તથા મહામંત્રી શંકરભાઈ ઠક્કરે જણાવ્યું હતું.

દિલ્હીમાં લગભગ ૩૫૦૦ અને દેશભરમાં લગભગ ૪૮ હજાર વેપારી સંગઠનો કાર્યરત છે, જે દેશભરના ૯ કરોડથી વધુ વેપારીઓનું પ્રતિનિધિત્વ કરે છે અને દેશના સ્થાનિક વેપારમાંથી લગભગ ૨૫ કરોડ લોકોને પ્રત્યક્ષ કે પરોક્ષ રીતે રોજગાર મળે છે. આ મોટા નેટવર્કની પહોંચ દેશના દરેક ખૂણે છે.

ચૂંટણી પંચના સહયોગથી, લોકોને જાગૃત કરવા, માહિતીપ્રદ સામગ્રીનો પ્રસાર કરવા અને તેમના મતના અધિકારનો ઉપયોગ કરવા પ્રેરિત કરવાનો ઈરાદો ધરાવે છે, જેના કારણે ચૂંટણી પંચને પત્ર મોકલવામાં આવ્યો છે.

આગામી ચૂંટણીઓમાં મતદાનની ટકાવારી વધારવાના લક્ષ્યને હાંસલ કરવા માટે ચૂંટણી પંચ સાથે સંભવિત વ્યૂહરચના અને પહેલ પર ચર્ચા કરાશે જેથી મતદારોમાં મતદાન અંગે જાગૃતિ લાવવા માટે પંચ સાથે કામ કરી શકે. લોકશાહીમાં મતદાન એ ખૂબ જ મહત્વપૂર્ણ ફરજ છે, જે દેશમાં લોકશાહીના મૂળને મજબૂત બનાવે છે.

# બજારની વાત

**- અનાજનું ઉત્પાદન... :** ૨૦૨૩-૨૪ના ક્રોપ યર દરમિયાન



દેશમાં અનાજનું ઉત્પાદન ૬ ટકા ઘટીને ૩૦૯.૩૪ મીલીયન રહ્યું હતું. જે ગત વર્ષે ૩૨૯ મીલીયન ટન હતું.

**- ફુગાવાનો દર... :** ગત જાન્યુઆરી માસ દરમિયાન ઔદ્યોગિક કર્મચારીઓ માટેનો રીટેલ ફુગાવાનો દર ઘટીને ૪.૫૯ ટકા રહ્યો હતો.

**- કોલ લોજીસ્ટીક પોલિસી... :** સરકાર દ્વારા નવી કોલ લોજીસ્ટીક પોલિસી રજૂ કરવામાં આવી છે.

**- હિસ્સો વેચાયો... :** જાપાનના સોફ્ટ બેંક ગ્રુપ દ્વારા પેટીએમમાં હિસ્સો જે અગાઉ ૫.૦૧ ટકા હતો તેને ઘટાડીને ૨.૮૩ ટકા કરાયો છે.

**- લાઈસન્સ એગ્રીમેન્ટ... :** બાયોકોન બાયોલોજીએ ડ્રગ ઉત્પાદક જેનસીન કંપની સાથે લાઈસન્સ એગ્રીમેન્ટ કર્યા છે.

**- ફાર્મા કંપનીનું મર્જર... :** સુવેન ફાર્મા કંપનીનું કોહાન્સ લાઈફ સાયન્સ સાથે મર્જર થયું છે. જો કે, તેના ડીલવેલ્યુની જાહેરાત થઈ નથી.

**- બલ્ક ડીપોઝીટ... :** તરલતાની ખેંચના કારણે બલ્ક ડીપોઝીટના દરમાં વધારો જોવા મળ્યો છે.

**- ક્રોસ બોર્ડર ડીલ... :** એનસીપીઆઈ ઈન્ટરનેશનલ પેમેન્ટ કંપનીએ ગ્રીસની યુરો બેંકસાથે ક્રોસબોર્ડર પેમેન્ટ ડીલ માટે એમઓયુ કર્યો છે.

**- ગ્રામ્ય માગ વધશે... :** વિવિધ સાનુકૂળ પરિબળો પાછળ આગામી વર્ષે ગ્રામ્ય વિસ્તારોની માગમાં વધારો જોવાશે તેમ સરકારી સૂત્રોએ કહ્યું હતું.



**- નિયમોનો ભંગ.. :** માર્કેટ રેગ્યુલેટર સેબીએ નિયમોના ભંગ બદલ આઠ એન્ટીટીને રૂા. ૪૮ લાખનો દંડ કર્યો છે.

# ભારતની દાડમની નિકાસમાં નવું સીમાચિહ્ન સમુદ્ર માર્ગે શીપમેન્ટ અમેરિકા મોકલાઈ

થાણે, તા.૨

૨૮ ફેબ્રુઆરીએ ભારતે દરિયાઈ માર્ગે અમેરિકા તરફ દાડમની પ્રથમ ટ્રાયલ શિપમેન્ટની શરૂઆત સાથે મહત્વનું સીમાચિહ્ન હાંસલ કર્યું હતું એવી જાહેરાત એગ્રીકલ્ચરલ એન્ડ પ્રોસેસ્ડ ફૂડ પ્રોડક્ટ્સ એક્સપોર્ટ ડેવલપમેન્ટ ઓથોરિટી (એપીઈડીએ)એ કરી હતી. ૪,૨૦૦ બોક્સના સમાવેશ સાથે કુલ ૧૨.૬ ટનનું આ પ્રારંભિક શિપમેન્ટ આઈએનઆઈ ફાર્મ્સ દ્વારા નવી મુંબઈના વાશીમાં આઈએફસી સુવિધાથી રવાના કરાયું હતું.

દાડમ મહારાષ્ટ્રના સાંગોલામાંથી અનારનેટ પર રજિસ્ટર્ડ ખેડૂતો પાસેથી મેળવાયા હતા. નોંધપાત્ર છે કે ખેડૂતોને આ શિપમેન્ટથી અન્ય નિકાસ બજારની સરખામણીએ વીસ ટકા અને સ્થાનિક બજારની સરખામણીએ ૩૫ ટકા પ્રીમિયમ મળ્યું હતું. ભારત વિશ્વમાં દાડમનો સૌથી મોટો નિકાસકાર દેશ છે.

## એપીઈડીએની પહેલથી ખેડૂતોને વધુ ભાવ મળ્યા

ઉલ્લેખનીય છે કે ભારતમાં દાડમનું ઉત્પાદન વાર્ષિક ૨૦થી ૨૫ ટકાના તંદુરસ્ત દરે વધી રહ્યું છે. ભારતમાં મહારાષ્ટ્ર, ગુજરાત, કર્ણાટક, રાજસ્થાન અને આંધ્ર પ્રદેશ દાડમના મુખ્ય ઉત્પાદક રાજ્યો છે જેમાં મહારાષ્ટ્રનો ફાળો કુલ ઉત્પાદનના પચાસ ટકાથી વધુ છે.

એપીઈડીએએ ૨૦૨૨-૨૩માં અમેરિકા તેમજ યુએઈ, બાંગલાદેશ, નેપાળ, નેધરલેન્ડ્સ, સઉદી અરબ, શ્રી લંકા, થાઈલેન્ડ, બાહરેઈન અને ઓમાન ખાતે કરોડોની કિંમતના દાડમના નિકાસમાં સહાય કરી છે.

એપીઈડીએ દાડમની નિકાસ માટે સપ્લાય ચેન બોટલનેક્સ સુધારવા અને એક્સપોર્ટ પ્રમોશન ફોરમની સ્થાપના માટે સક્રિયપણે કાર્ય કરી રહ્યું છે. એપીઈડીએ દ્વારા દરિયાઈ માર્ગે દાડમ મોકલવાની પહેલથી ભારતીય નિકાસકારો અને વિદેશી આયાતકારો વચ્ચે ગુણવત્તાની ખાતરી બાબતે વિશ્વસનીયતા વધવામાં સહાયરૂપ થશે.

# વિન્ડફોલ ટેક્સ વધારીને રૂ. ૪૬૦૦ કરાયો

અમદાવાદ, તા. ૨ : સરકારે ૧ માર્ચથી પેટ્રોલિયમ ક્રૂડ પર વિન્ડફોલ ગેઈન ટેક્સ રૂ. ૩૩૦૦ થી વધારીને રૂ. ૪૬૦૦ પ્રતિ મેટ્રિક ટન કર્યો છે. સરકારના આદેશ મુજબ આજથી ડીઝલ પર વિન્ડફોલ ગેઈન ટેક્સ ૧.૫૦ રૂપિયા પ્રતિ લિટરથી ઘટાડીને શૂન્ય કર્યો છે. પેટ્રોલ અને એવિએશન ટર્બાઈન ઈંધણ પરનો ટેક્સ શૂન્ય હશે. ફેબ્રુઆરી મહિનામાં આ બે વખત વધારો કર્યા બાદ મહિનાના અંતિમ દિવસે સરકારે સ્થાનિક રીતે ઉત્પાદિત ક્રૂડ ઓઈલ પર સ્પેશિયલ એડિશનલ એક્સાઈઝ ડ્યુટીના રૂપનો આ ટેક્સ વધાર્યો છે.

## અર્જુનની આંખે છેલ્લા એક વર્ષમાં રીસર્ચ કરેલી કંપનીઓના શેરોમાંથી ટોપ 5 ગેઈનર્સ/લુઝર્સ

### TOP 5 GAINER

| સ્ક્રીપ | રીસર્ચ તારીખ | રીસર્ચ ભાવ | છેલ્લો બંધ ૦૨-૦૩-૨૪ | ટકાવારીમાં વધારો |
|---|---|---|---|---|
| ૧)ક્યુપિડ લિ. | ૧૧-૦૬-૨૩ | રૂ.૨૫૬.૩૫ | રૂ.૨૬૭૬.૮૦ | +૯૪૪% |
| ૨)વોલ્ટેમ્પ ટ્રાન્સફોર્મર્સ | ૧૯-૦૩-૨૩ | રૂ.૨૬૬૭.૭૫ | રૂ.૮૮૩૦.૦૦ | +૨૩૧% |
| ૩)શારદા મોટર ઈન્ડસ્ટ્રીઝ | ૨૬-૦૩-૨૩ | રૂ.૫૬૩.૩૩ | રૂ.૧૪૦૭.૫૦ | +૧૫૦% |
| ૪)ઈન્ટર. કમ્બસ્ટન ઈન્ડિયા | ૨૩-૦૭-૨૩ | રૂ.૭૪૨.૭૦ | રૂ.૧૭૯૯.૫૦ | +૧૪૨% |
| ૫)યુ.પી.હોટલ્સ લિ. | ૦૬-૦૮-૨૨ | રૂ.૬૩૫.૪૫ | રૂ.૧૪૪૪.૯૫ | +૧૨૭% |

### TOP 5 LOSER

| સ્ક્રીપ | રીસર્ચ તારીખ | રીસર્ચ ભાવ | છેલ્લો બંધ ૦૨-૦૩-૨૪ | ટકાવારીમાં ઘટાડો |
|---|---|---|---|---|
| ૧) HDFC BANK | ૧૩-૦૮-૨૩ | રૂ.૧૬૧૯.૦૫ | રૂ.૧૪૩૦.૩૫ | -૧૨% |
| ૨)ડીદેવ પ્લાસ્ટિક ઈન્ડ. | ૨૧-૦૧-૨૪ | રૂ.૨૨૩.૪૦ | રૂ.૧૯૭.૯૫ | -૧૧.૩૯% |
| ૩) રાણે બ્રેક લાઈનીંગ | ૨૪-૧૨-૨૩ | રૂ.૮૬૩.૮૦ | રૂ.૭૬૮.૪૦ | ૧૧% |
| ૪)યુનિપાર્ટસ ઈન્ડિયા | ૩૦-૦૪-૨૩ | રૂ.૬૩૪.૬૫ | રૂ.૫૮૧.૭૫ | -૦૮% |
| ૫) સીઆઈઈ ઓટોમોટીવ | ૦૫-૧૧-૨૩ | રૂ.૪૮૧.૩૦ | રૂ.૪૪૭.૮૫ | -૦૭% |

નોંધ : અર્જનનું આંખે છેલ્લા એક વર્ષમાં રિસર્ચ કરેલ પોર્ટફોલીયોમાં ૫૨ સ્ક્રિપોની ભલામણ કરાઈ છે. આ ૫૨ સ્ક્રિપોમાંથી ૪૦ સ્ક્રીપ પોઝિટીવ બંધ અને ૧૨ નેગેટીવ બંધ છે. આ એક વર્ષમાં બીએસઈ સેન્સેક્સ સરેરાશ ૧૨.૩૦ ટકા પોઝિટીવ રહ્યો છે. જ્યારે અર્જુનની આંખે પોર્ટફોલિયો એક્ત્રિત ધોરણે ૫૫.૬૭ ટકા પોઝિટીવ રહ્યો છે. ૧૨ નેગેટીવ સ્ક્રિપમાંથી ૧૨ સ્ક્રિપમાં ૦ થી ૧૯ ટકા ઘટાડો નોંધાયો છે. જ્યારે ૪૦ પોઝિટીવ કંપનીઓમાંથી ૧૫ સ્ક્રિપોમાં ૦ થી ૧૯ ટકાનો વધારો, ૦૫ સ્ક્રિપમાં ૨૦ થી ૩૯ ટકાનો વધારો, ૦૯ સ્ક્રિપમાં ૪૦ થી ૭૫ ટકા વધારો, ૦૪ સ્ક્રિપમાં ૭૫ થી ૧૦૦ ટકા વધારો, ૦૭ સ્ક્રિપમાં ૧૦૦ ટકાથી વધુ વધારો નોંધાવેલ છે.

# HDFC બેંક, HSBC સહિતે રૂ.૩૯ લાખ ચૂકવીને સેબી સાથે સેટલમેન્ટ કર્યું

મુંબઈ તા.૨ : ફોરેન પોર્ટફોલિયો ઈન્વેસ્ટર્સ (એફપીઆઈઝ) નિયમો હેઠળ નિર્ધારીત માન્યતાના માપદંડોનું કથિત પાલન નહીં કરવાના કેસમાં એચડીએફસી બેંક, એચએસબીસી, સિટી બેંક અને ડોઈશ બેંક એજી દ્વારા સેબી સાથે સેટલમેન્ટ કરાયું છે. આ બેંકો-એકમોએ સેટલમેન્ટ ચાર્જિસ તરીકે રૂ.૩૯.૩૬ કરોડ કુલ ચૂકવ્યા છે. જેમાં ડોઈશ બેંક એજીએ રૂ.૧૧.૦૫ લાખ, હોંગકોંગ એન્ડ શાંઘાઈ બેંકિંગ કોર્પોરેશન લિમિટેડ-એચએસબીસી દ્વારા રૂ.૧૦.૮૭ લાખ, એચડીએફસી બેંકે રૂ.૯.૧૮ લાખ અને સિટી બેંક એનએ દ્વારા રૂ.૮.૨૫ લાખ ચૂકવાયા છે. આ કેસમાં ગૂનાની સ્વિકૃતી કે ઈન્કાર વિના સેટલમેન્ટ આદેશ થકી સેટલમેન્ટ કરાયું છે.

## RK SWAMYએ એન્કર ઈન્વેસ્ટરોને શેરો ઈસ્યુ કર્યા

મુંબઈ તા.૨ : ભારતની ક્રિએટીવ, મીડિયા, ડાટા એનાલિટીક્સ અને માર્કેટ રિસર્ચ સર્વિસિઝ માટે સર્વાંગી સોલ્યુશન્સ ઓફર કરતી ઈન્ટીગ્રેટેડ માર્કેટીંગ સર્વિસિઝ ક્ષેત્રની અગ્રણી કંપની આર.કે. સ્વામી લિમિટેડે એન્કર ઈન્વેસ્ટરોને શેર દીઠ રૂ.૨૮૮ ભાવે ૬૫ લાખ શેરોની ફાળવણી કરી રૂ.૧૮૭ કરોડ મેળવ્યા છે. જેમાં ૨૮ લાખ શેરો ત્રણ મ્યુચ્યુઅલ ફંડોના સાત સ્કિમો થકી ફાળવવામાં આવ્યા છે. પ્રમુખ એન્કર ઈન્વેસ્ટરોમાં નિપ્પોન લાઈફ ઈન્ડિયા, એલઆઈસી મ્યુચ્યુઅલ ફંડ, આદિત્ય બિરલા સનલાઈફ, જેએમ ફાઈનાન્શિયલ મ્યુ. ફંડ સહિતનો સમાવેશ છે. કંપનીનો આઈપીઓ અન્ય ઈન્વેસ્ટરો માટે શેર દીઠ રૂ.૨૭૦થી રૂ.૨૮૮ પ્રાઈસ બેન્ડથી ૪, માર્ચ ૨૦૨૪ના ખુલશે અને ૬, માર્ચ ૨૦૨૪ના બંધ થશે.

## છેલ્લા ભાવ

મુંબઈ ચાંદી ૭૦૬૫૦
મુંબઈ સોનું (૯૯.૫) ૬૩૩૦૦
મુંબઈ સોનું (૯૯.૯) ૬૩૫૫૦
અમ. ચાંદી ૭૨૦૦૦
અમ. સોનું (૯૯.૯) ૬૫૩૦૦
અમ. સોનું (૯૯.૫) ૬૫૧૦૦
અમ. સિંગતેલ નવો ડબો ૨૭૦૦
અમ. કપાસિયા નવો ૧૭૦૦































































## મેં સમાજને કંઈ પાછું આપવા વનતારા કાર્યક્રમ શરૂ કર્યો છે: અનંત અંબાણી


# અનંતની ઈમોશનલ સ્પીચ સાંભળી મુકેશ અંબાણી ભાવુક થયા





અનંતની સ્પીચ









**જામનગર, તા. ૨**

જામનગરમાં શુક્રવારથી અનંત અંબાણી અને રાધિકા મર્ચન્ટનું પ્રિ વેડિંગમાં એક ખાસ કાર્યક્રમનું આયોજન કરાયું હતું. આ દરમિયાન અનંત અંબાણીએ પરિવારજનો, દેશવિદેશના બિઝનેસ ટાયકૂન, બોલિવૂડ સેલિબ્રિટી તેમજ રમતગમત ક્ષેત્રની હસ્તીઓને સંબોધીને એક ઈમોશનલ સ્પીચ આપી હતી. ત્યારે પુત્રની વાતો સાંભળીને મુકેશ અંબાણી ખુશીના આંસુ રોકી શક્યા ન હતા. જામનગરના ખાવડી ગામમાં બીજી માર્ચે ‘એ વૉક ઓન ધ વાઈલ્ડસાઈડ’ નામનો કાર્યક્રમ યોજાયો હતો. આ દરમિયાન અનંત અંબાણીએ મહેમાનોને આવકારીને કહ્યું હતું કે, ‘હું મારી માતાનો ખાસ આભાર માનું છું. આ બધી વ્યવસ્થા મારી માતાએ કરી છે, જે છેલ્લા ચાર મહિનાથી રોજ રોજ ૧૮-૧૯ કલાક સુધી આ તૈયારીમાં વ્યસ્ત હતા. થેંક્યુ મમ્મા. મને અને રાધિકાને સ્પેશિયલ ફિલ કરાવવા જામનગર સુધી આવેલા તમામ મહેમાનોનો હું આભાર માનું છું.’

આ સ્પીચ આગળ વધારતા અનંત અંબાણીએ મહેમાનોની સાથે માતાપિતા, ભાઈ-ભાભી અને બહેન બનેવીનો પણ આભાર માન્યો હતો. તેમણે કહ્યું કે, ‘ઘણાં લોકોને ખ્યાલ નહીં હોય કે મારું જીવન હંમેશા સરળ નથી રહ્યું. બાળપણમાં મેં આરોગ્યને લગતી ઘણી મુશ્કેલીઓ સહન કરી, પરંતુ મારા માતાપિતાએ મને ક્યારેય એવું ના લાગવા દીધું કે, હું પીડાઈ રહ્યો છું. મારા માતાપિતાએ મને હંમેશા સાથ આપ્યો.’ આ વાત સાંભળતા જ મુકેશ અંબાણી તેમના આંસુ રોકી શક્યા ન હતા.

રાધિકા વિશે વાત કરતા અનંત અંબાણીએ કહ્યું કે, ‘હું સો ટકા નસીબદાર છું. મને પણ ખ્યાલ નથી કે કેવી રીતે રાધિકા મળી, હું અને રાધિકા છેલ્લા સાત વર્ષથી સાથે છીએ. આમ છતાં મને એવું જ લાગે છે કે હું તેને ગઈકાલે જ મળ્યો. હું રોજેરોજ તેના વધુને વધુ પ્રેમમાં પડી રહ્યો છું.’ ત્યાર બાદ અનંતે રાધિકા અને તેના પરિવારનો આભાર માનતા કહ્યું હતું કે, ‘મને તમારા પરિવારમાં ઉમળકાથી સ્વાગત કરવા બદલ તમારો ખૂબ ખૂબ આભાર.’ આ પ્રસંગે અનંત અંબાણીએ તેમના દાદી અને નાનીને પણ યાદ કર્યા હતા. તેમણે કહ્યું હતું કે, ‘મારા દાદી અને નાનીએ પણ મને ઘણું શીખવ્યું છે. મારા દાદી મારો પ્રેરણા સ્ત્રોત છે. મારા દાદા જ્યાં પણ હશે, ત્યાંથી મને આશીર્વાદ આપતા હશે. જો કે નાનપણમાં મેં નાની સાથે ઘણો સમય વીતાવ્યો છે. મેં સમાજને કંઈ પાછું આપવા વનતારા કાર્યક્રમ શરૂ કર્યો છે. મારા દાદા કહેતા કે, ડેર ટુ ડ્રીમ, અને મેં પણ સપનું જોયું અને સાકાર કરી બતાવ્યું. હું એ વિશે બહુ વાત નહીં કરું, પરંતુ તમે પોતે જ એનો અનુભવ કરો...’


કોકિલાબેન મહેમાન સાથે


રિહાનાનું પરફોર્મન્સ


સૈફ અને કરીના


રણબીર અને દીપિકા


આલિયા ભટ્ટ


ઈવાન્કા અને નીતા અંબાણી


રિહાના સાથે અંબાણી પરિવાર


અજય દેવગણ અને અક્ષય કુમાર

## અનંતમાં મને મારા પિતાની ઝલક દેખાય છે: મુકેશ અંબાણી

**જામનગર, તા. ૨**

અનંત અંબાણી અને રાધિકા મર્ચન્ટના પ્રિ વેડિંગ ફંક્શનમાં આખું જામનગર વિશ્વભરમાં ચમકી રહ્યું છે. ત્રણ દિવસના આ કાર્યક્રમમાં પહેલી માર્ચે કૉકટેલ પાર્ટીનું આયોજન કરાયું હતું. આ કાર્યક્રમ દરમિયાન ડ્રોન શો, મુકેશ અંબાણી અને અનંત અંબાણીની પરિવાર માટે ભાવુક સ્પિચ અને સૌથી મહત્ત્વનું આકર્ષણ આંતરરાષ્ટ્રીય પોપ સિંગર રિહાનાનું ધમાકેદાર પર્ફોર્મન્સ રહ્યું હતું. આ કાર્યક્રમમાં દેશવિદેશના મહેમાનો બ્લેક એન્ડ વ્હાઈટ લૂકમાં જોવા મળ્યાં હતાં.આ દરમિયાન અનંત અંબાણીના ડ્રીમ પ્રોજેક્ટ ‘વનતારા’ને હજારોની સંખ્યામાં ડ્રોન ઉડાવીને આકાશમાં દેખાડાયો હતો, જેમાં વનતારાનાં તમામ પ્રાણીઓ જોવા મળ્યાં હતાં. પ્રથમ દિવસે મુકેશ અંબાણીએ મંચ ઉપરથી સ્પિચ આપી તમામ મહેમાનોનું સ્વાગત કરીને આભાર વ્યક્ત કર્યો હતો. તેમણે કહ્યું હતું કે, ‘મહેમાન ભગવાન સમાન હોય છે અને ભારતીય પરંપરામાં અમે એટલે જ અતિથિ દેવો ભવઃ કહીએ છીએ. આપ સૌએ આ પ્રસંગને મંગલમયી બનાવી દીધો છે, નવદંપતિને તમારા આશીર્વાદ આપજો. આજે મારા પિતા ધીરુભાઈ ઉપરથી આપણને સૌને આશીર્વાદ આપી રહ્યા છે. મને ખાતરી છે કે તેઓ આજે ખૂબ ખુશ હશે કારણ કે આપણે સૌ તેમના પ્રિય પૌત્ર અનંતના જીવનના સૌથી ખાસ પળોની ઉજવણી કરી રહ્યાં છીએ.’ આ વાત આગળ વધારતા તેમણે જણાવ્યું કે, ‘મને અનંતમાં અનંત શક્તિ દેખાય છે, જ્યારે પણ અનંતને જોઉં છું તો મને તેનામાં મારા પિતાની ઝલક દેખાય છે. અનંતની વિચારધારા બિલકુલ મારા પિતા જેવી જ છે. તેઓ કહેતા કે, દુનિયામાં કંઈ પણ અશક્ય નથી, હું કરી શકું છું અને હું કરીશ. અનંતને રાધિકાના સ્વરૂપમાં યોગ્ય જીવનસાથી મળી છે, આ તો ‘રબ ને બના દી જોડી’ છે.’

### જંગલ થીમ આધારિત ઉજવણી

અનંત અંબાણી અને રાધિકા મર્ચન્ટના પ્રિ વેડિંગ અંતર્ગત બીજી માર્ચે ‘એ વૉક ઓન ધ વાઈલ્ડસાઈડ’ નામનો કાર્યક્રમ યોજાયો હતો. વનતારા રેસ્ક્યુ એન્ડ રિહેબિલિટેશન સેન્ટરમાં યોજાયેલા આ કાર્યક્રમમાં મહેમાનો જંગલ ફિવર થીમ આધારિત ડ્રેસ કોડ અને આરામદાયક ફૂટવેરમાં આવ્યા હતા. આ પ્રસંગે મેટાના સીઈઓ માર્ક ઝુકરબર્ગ અને તેમના પત્ની જંગલ થીમ આધારિત ડ્રેસ કોડમાં આકર્ષણનું કેન્દ્ર બન્યા હતા. સોશિયલ મીડિયામાં તેમણે આ અંગેની તસવીર પણ શેર કરી હતી.



### ‘વનતારા’ પ્રોજેક્ટને હજારો ડ્રોન ઉડાવીને આકાશમાં દેખાડાયો









## જામનગરમાં ૧૪ ઈન્ટરનેશનલ ફ્લાઈટ સાથે એક જ દિવસમાં ૭૦ ફ્લાઈટ લેન્ડ થયાનો રેકર્ડ

**જામનગર, તા. ૨**

દેશના ટોચના ઉદ્યોગપતિ મુકેશ અંબાણીના પુત્ર અનંત અંબાણી અને રાધિકા મર્ચન્ટના પ્રિ-વેડિંગ સેરેમનીને લઈને જામનગરના એરપોર્ટ પર ગઈકાલે નવો કીર્તિમાન સ્થાપિત થયો હતો, અને એક જ દિવસમાં ૧૪ ઈન્ટરનેશનલ ફ્લાઈટ સહિત કુલ ૭૦ ફ્લાઈટ લેન્ડ થઈ હતી, જ્યારે આજે વધુ બોલીવુડ સીતારાઓ- તેમજ અન્ય સેલિબ્રિટી વગેરેને લઈને નવી ૨૨ ફ્લાઈટ લેન્ડ થઈ છે, જ્યારે કેટલાક મહેમાનો પરત ફરી રહ્યા છે, જેઓની ફ્લાઈટે અહીંથી પરત ઉડાન ભરી છે. આમ ૧૪૦ જેટલી ફ્લાઈટની અવરજવર થઈ હતી. ગઈકાલે વહેલી સવારથી મોડી રાત્રે સુધીમાં જામનગરના એરપોર્ટ પર કુલ ૭૦ ફ્લાઈટ લેન્ડ થઈ હતી, જે પૈકી ૧૪ ઈન્ટરનેશનલ ફ્લાઈટ નો સમાવેશ થાય છે, અને જામનગરના એરપોર્ટ માટેનો એક નવો કીર્તિમાન સ્થાપિત થયો છે. આજે પણ મહેમાનો આવવાનો સિલસિલા ચાલું જ રહ્યો હતો, અને વધુ ૨૨ જેટલી ફ્લાઈટ લેન્ડ થઈ હતી, જેમાં પણ અને બોલીવુડ સ્ટાર તેમજ ક્રિકેટ ખેલાડીઓ, ગીત સંગીત સાથે જોડાયેલા કલાકારો વગેરેનું જામનગરના એરપોર્ટ પર આગમન થયું હતું. આજે જામનગરના એરપોર્ટ પર બોલીવુડ ના ખ્યાતનામ કલાકારો પૈકીના વિકી કૌશલ, કેટરીના કેફ, શાહિદ કપૂર, કિરણ રાવ, તેમજ સિંગર ઉદિત નારાયણ, સુખવિંદર સિંઘ, મ્યુઝિક ડાયરેક્ટર પ્રીતમદા તેમજ ટાઈગર શ્રોફ વગેરે પણ જામનગરના એરપોર્ટ પર આવ્યા હતા, જેમાં ટાઈગર શ્રોફનો આજે જન્મદિવસ હોવાથી તેમના ફેન્સ દ્વારા એરપોર્ટ પર જ કેકનું કટિંગ કરવામાં આવ્યું હતું.

**એક દિવસમાં૧૪૦ ફ્લાઈટની અવરજવર : ૧૦ દિવસ માટે ઈન્ટરનેશનલ એરપોર્ટ થયુ**


ઈવાન્કા ટ્રમ્પ તેના પરિવાર સાથે


માર્ક ઝુકરબર્ગ અને પત્ની પ્રિસિલા ચાન


કિરણ રાવ, કેટરિના, વિકિ કૌશલ અને શાહિદ કપૂર

# સ્પોર્ટ્સ રાઉન્ડ અપ

ઈંગ્લેન્ડ સામેની શ્રેણી દરમિયાન જ ટીમ મેનેજમેન્ટે કિશનને કમબેકની ઓફર આપી હતી

## ઈશાને ભારતીય ટીમમાં પુનરાગમનનો ઈનકાર કર્યો હતો : આખરે કોન્ટ્રાક્ટમાંથી બાદબાકી થઈ

### ભરતના કંગાળ ફોર્મ બાદ ટીમ મેનેજમેન્ટને કિશન જેવા અનુભવીની જરુર હતી : કિશનની ગેરહાજરીમાં જુરેલને તક આપવાનો જોખમી નિર્ણય ટીમ મેનેજમેન્ટને લેવો પડ્યો, જે આખરે નિર્ણાયક સાબિત થયો

નવી દિલ્હી, તા.૨

છેક ડિસેમ્બરથી ક્રિકેટમાંથી અનિશ્ચિત સમય માટે બ્રેક લેનારા ઝારખંડના બેટસમેન ઈશાન કિશને ઘરઆંગણાના ક્રિકેટમાં રમવાની બીસીસીઆઈની સલાહની પણ ઉપેક્ષા કરી હતી. આખરે તેને બોર્ડે સેન્ટ્રલ કોન્ટ્રાક્ટમાંથી બાકાત રાખ્યો હતો. હવે એક રિપોર્ટમાં એવો ખુલાસો કરવામાં આવ્યો છે કે, ઈંગ્લેન્ડ સામે હાલ ઘરઆંગણે ચાલી રહેલી ટેસ્ટ શ્રેણી દરમિયાન જ ભારતીય ટીમ મેનેજમેન્ટને ઈન ફોર્મ વિકેટકિપરની ખોટ અનુભવાઈ હતી. આ તબક્કે ટીમ મેનેજમેન્ટે ઈશાન કિશનને ટેસ્ટ ટીમમાં પાછા આવવા માટેની તક આપી હતી. જોકે કિશને તે માટે ધરાર ઈનકાર કરી દીધો હતો. કિશનના વલણથી બોર્ડ પણ નારાજ થયું હતુ.

ઈંગ્લેન્ડ સામેની ટેસ્ટ શ્રેણીની શરૂઆતની બે ટેસ્ટમાં ભારતે કે.એસ. ભરતને વિકેટકિપર તરીકે ઉતાર્યો હતો. જોકે તેણે ચાર ઈનિંગમાં અનુક્રમે ૪૧, ૨૮, ૧૭ અને ૬ રન કર્યા હતા. તેણે છ કેચ પણ ઝડપ્યા હતા. પ્રથમ ટેસ્ટ બાદ અનુભવી બેટસમેન કે.એલ. રાહુલ ઈજાના કારણે બહાર થઈ ગયો હતો. આ તબક્કે ટીમ ઈન્ડિયાના મેનેજમેન્ટે કિશનને ટીમમાં પુનરાગમન કરવા માટેની ઓફર કરી હોવાનું મનાય છે. પ્રથમ ટેસ્ટની હાર બાદ ભારત પર દબાણ હતુ, ત્યારે ટીમને મોટો સ્કોર કરે તેવા અનુભવી વિકેટકિપરની જરુર હતી. ટીમની જરુરિયાતના તમામ પાસાં કિશનમાં હતા એટલે જ મેનેજમેન્ટે તેને પાછા ફરવાની ઓફર આપી હોવાનું મનાય છે.

કિશનના ધરાર ઈનકાર બાદ આખરે ભારતે ત્રીજી રાજકોટ ટેસ્ટમાં ભરતને પડતો મુકીને જુરેલ જેવા યુવા વિકેટકિપર બેટ્સમેનને તક આપવાનું જોખમ ખેડ્યું હતુ. ટીમ મેનેજમેન્ટનો આ નિર્ણય અસરકારક સાબિત થયો હતો અને જુરેલે કારકિર્દીની બીજી જ ટેસ્ટમાં ૯૦ અને અણનમ ૩૯ રન ફટકારતાં ટીમની જીતમાં નિર્ણાયક ભૂમિકા ભજવી હતી.

આ ઘટના બાદ જ બીસીસીઆઈએ સ્પષ્ટ સૂચના આપી હતી કે, જે ખેલાડીઓ આંતરરાષ્ટ્રીય ક્રિકેટ રમતાં ન હોય તેમણે ઘરઆંગણાના ક્રિકેટમાં ભાગ લેવો. બોર્ડના આ પ્રકારના સ્પષ્ટ નિર્દેશ છતાં પણ કિશન રણજી ટ્રોફી રમવા ઉતર્યો નહતો અને તેણે બરોડામાં હાર્દિક અને કૃણાલની સાથે પ્રેક્ટિસ શરૂ કરી હતી. કિશને બબ્બે વખત બીસીસીઆઈની સૂચના પર ધરાર અમલ ન કરતાં આખરે તેને સેન્ટ્રલ કોન્ટ્રાક્ટથી હાથ ધોવા પડ્યા હતા.

મહત્વની બાબત એ રહી કે, ભારતીય ટીમ મેનેજમેન્ટે કિશનને ટેસ્ટ ટીમમાં પુનરાગમન માટે ઓફર એવા નિર્ણાયક તબક્કે મુકી હતી,જ્યારે ભારત પર શ્રેણી જીતવાનું દબાણ હતુ. ઈંગ્લેન્ડે પ્રથમ ટેસ્ટ જીતી લીધી હતી. વળી, કોહલી જેવો અનુભવી બેટસમેન ટીમમાં ઉપલબ્ધ નહતો. રાહુલને પણ ઈજા થઈ હતી, ત્યારે ટીમ ઈન્ડિયાને આંતરરાષ્ટ્રીય અનુભવ ધરાવતા યુવા ખેલાડીની જરુર હતી. જોકે કિશને આ સમયે ઈનકાર કરતાં ભારતીય ટીમ મેનેજમેન્ટની મુશ્કેલી વધારી હતી.



### કિશન-ઐયરને કોન્ટ્રાક્ટ મળી શકે

બીસીસીઆઈએ ૧ ઓક્ટોબર, ૨૦૨૩થી લઈને ૩૦ સપ્ટેમ્બર, ૨૦૨૪ સુધીના સેન્ટ્રલ કોન્ટ્રાક્ટની યાદીમાં ઐયર અને કિશનને સામેલ કર્યા નહતા. જોકે આ બંને ખેલાડી આઈપીએલ પછી ૩ ટેસ્ટ કે ૮ વન ડે કે ૧૦ ટી-૨૦ રમશે તો બોર્ડની જાહેરાત મુજબ તેઓ આપોઆપ જ પ્રો-રેટાના ધોરણે ગ્રેડ-સીના કોન્ટ્રાક્ટમાં સામેલ થઈ જશે.

### ધ્રુવ જુરેલના મુદ્દે ગાવસ્કર વિ. ગાંગુલી

#### આ બીજો ધોની...



ગાવસ્કરે રાંચી ટેસ્ટની કોમેન્ટ્રીમાં કહ્યું કે, તેની રમત પ્રત્યેની સજાગતા જોતા મારે કહેવું પડશે કે, બીજો ધોની તૈયાર થઈ રહ્યો છે. હું જાણું છું કે, બીજો ધોની ક્યારેય થવાનો નથી, પણ તેની પાસે જે સમયસૂચકતા છે તેવી જ સમયસૂચકતા ધોનીમાં કારકિર્દીની શરૂઆતમાં જોવા મળી હતી.

#### ધોની બનતાં ૨૦ વર્ષ લાગ્યા



ગાંગુલીએ કહ્યું કે, જુરેલમાં ચોક્કસપણે વિશિષ્ટ પ્રતિભા છે. તેણે મુશ્કેલ પીચ પર તનાવ વચ્ચે સારો દેખાવ કરી બતાવ્યો છે. જોકે ધોનીની પોતાની અલગ ઉંચાઈ છે. ધોનીને ધોની બનતા ૨૦ વર્ષનો સમય લાગ્યો હતો. તો જુરેલને હજુ વધુને વધુ રમવા દેવો જોઈએ. તેણે તનાવ વચ્ચે સારો દેખાવ કર્યો. નોંધપાત્ર છે કે, આ જ ગાંગુલીએ ભારત સ્પિન ફ્રેન્ડલી પીચ કેમ બનાવે છે, તે અંગેની ટ્વીટમાં બંગાળના ૩ ટેસ્ટ રમેલા મુકેશ કુમારને બુમરાહ, શમી અને સિરાજની હરોળમાં મુક્યો હતો !

## કે.એલ. રાહુલ છેલ્લે ક્યારે રણજી ટ્રોફીમાં રમવા માટે ઉતર્યો હતો ?

### શ્રેયસ ઐયરના કેમ્પનો વેધક સવાલ : ઐયરે વન ડે વર્લ્ડ કપમાં રમવા માટે આઈપીએલની ગત સિઝનમાંથી ખસી જવાનો નિર્ણય લીધો હતો

નવી દિલ્હી, તા.૨

નેશનલ ક્રિકેટ એકેડમીએ ફિટ જાહેર કર્યા બાદ ટીમ ઈન્ડિયામાંથી પડતા મૂકાયેલા સ્ટાર ખેલાડી શ્રેયસ ઐયરે મુંબઈ તરફથી રણજી ટ્રોફીની ક્વાર્ટર ફાઈનલમાંથી ખસી જવાની જાહેરાત કરી હતી. જે પછી બીસીસીઆઈના સેન્ટ્રલ કોન્ટ્રાક્ટમાં ઐયરનો સમાવેશ થયો નહતો. હવે ઐયરના નજીકના સૂત્રોએ એક વેધક સવાલ કરતાં કહ્યું છે કે, શું કોઈ એવું પૂછે છે કે, કે. એલ. રાહુલ છેલ્લે ક્યારે રણજી ટ્રોફીની મેચ રમવા ઉતર્યો હતો. તે પણ ઈજાનો શિકાર બનેલો ખેલાડી છે અને એક ખેલાડીને જ તેની ઈજા અને શરીરની ક્ષમતાની ખબર હોય છે.

ઐયરની નજીકના સૂત્રોએ જણાવ્યું કે, તેણે વન ડે વર્લ્ડ કપ રમવા માટે તો ગત આઈપીએલની આખી સિઝનમાંથી ખસી જવાનો નિર્ણય લીધો હતો. સર્જરી બાદ તેણે દર્દને દૂર કરવા ઈન્જેક્શન લીધા હતા. તે સેમિ ફાઈનલ અને ફાઈનલમાં ઈજાના દર્દ સાથે ઉતર્યો હતો. વર્લ્ડ કપ બાદ તે ઓસ્ટ્રેલિયા સામે પાંચ ટી-૨૦ની શ્રેણી રમ્યો, ત્યાર બાદ સાઉથ આફ્રિકા પ્રવાસે ગયો, ત્યાંથી પાછા ફર્યા બાદ જાન્યુઆરીમાં તેને રણજી ટ્રોફીમાં રમવાની સૂચના મળી તો તે બે રણજી મેચ પણ રમ્યો હતો. તેણે ક્યારેય પાછી પાની કરી નથી.



#### ઐયરથી નારાજગી કેમ ?

ઐયરને ભારતીય ટીમમાંથી પડતો મૂકવામાં આવ્યો ત્યાર બાદ તે મુંબઈની કોલકાતા નાઈટ રાઈડર્સની એકેડમીમાં પહોંચ્યો હતો અને તેને તેની ઈજા પર ધ્યાન આપવું હતુ. ફ્રેન્ચાઈઝીના કોચ ચંદ્રકાંત પંડિત આ અંગે જાહેરાત કરી ચૂક્યા છે. વળી, કોલકાતા ફ્રેન્ચાઈઝીએ આ અંગે મુંબઈ ક્રિકેટ એસોસિએશનને પણ વિશ્વાસમાં લીધું હતુ. મુંબઈના કોચ ઓમકાર સાળવી નિયમિત રીતે કેકેઆરની એકેડમીમાં જતાં. ઐયરને શરૂઆતમાં ૬૦ બોલ રમ્યા પછી દુ:ખાવો થતો હતો. જોકે તબક્કાવાર તેની હાલત સુધરી છે, હવે તે એક સાથે ૨૦૦ બોલ રમી શકે છે.

રણજી ટ્રોફીની સેમિ ફાઈનલ : દેશપાંડેની ત્રણ વિકેટ

## મુંબઈનો મજબૂત પ્રારંભ : તમિલનાડુ પ્રથમ ઈનિંગમાં ૧૪૬ રનમાં ખખડ્યુ

### પ્રથમ દિવસની રમતના અંતે મુંબઈના ૨ વિકેટે ૪૫

મુંબઈ, તા. ૨

રણજી ટ્રોફીની સેમી ફાઇનલમાં મુંબઈએ મજબુત પ્રારંભ કરતા આજે પ્રથમ દિવસે તમિલનાડુને ૧૪૬ રનમાં જ ઓલઆઉટ કરી દીધું હતું.

તમિલનાડુના પ્રથમ ચાર બેટસમેન અનુક્રમે ઓપનર સાઇ સુદર્શન ૦, વિકેટકીપર જગદીશન ૪, રંજન પોલ ૮, કેપ્ટન સાઇ કિશોર ૧ અને ઈન્દ્રજીત ૧૧ રને આઉટ થતાં તમિલનાડુની ૪૨ રનમાં પાંચ વિકેટ ગુમાવી હતી. તેઓની ચોથી વિકેટ તો ૧૭ રને જ પડી ગઈ હતી. છઠ્ઠી વિકેટ ૯૦ રને વિજય શંકર (૪૪)ની પડી હતી.



ભારતની ટીમમાંથી રિલીઝ થયેલા સ્પિનર ઓલરાઉન્ડર વૉશિંગ્ટન સુંદરે ૪૩ રનનું યોગદાન આપ્યું હતું. મોહમ્મદ ૧૭, અજિથ રામ ૧૫ અને વોરિયર ૦ રને આઉટ થયા હતા. મુંબઈ તરફથી તુષાર દેશપાંડે ૩ અને શાર્દુલ ઠાકુર, તનુષ કોટીયન અને મુશીર ખાને ૨- ૨ વિકેટ ઝડપી હતી.

મુંબઈએ રમતના અંતે પૃથ્વી શૉ (૫) અને ભુપેન લાલવાની (૧૫) એમ બંને ઓપનરોની વિકેટ ગુમાવીને ૪૫ રન કર્યા હતા. મુશીરખાન ૨૪ અને મોહિત અવસ્થી ૧ રને રમતમાં છે. હજુ બેટિંગમાં કેપ્ટન રહાણે, શ્રેયસ ઐયર, શાર્દુલ ઠાકુર, શમ્સ મુલાની, વિકેટ કિપર હાર્દિક તામોરે, તનુષ કોટિયન અને તુષાર દેશપાંડે બાકી છે.

ફાસ્ટ બોલર અવેશખાનની ૪૯ રનમાં ૪ વિકેટ

## રણજી ટ્રોફી સેમિ ફાઈનલ : મધ્ય પ્રદેશે વિદર્ભને ૧૭૦ રનમાં ઓલઆઉટ કર્યુ

### મધ્યપ્રદેશના રમતના અંતે ૧ વિકેટે ૪૭ રન

નાગપુર, તા. ૨

વિદર્ભને ૧૭૦ રનમાં ખખડાવીને મધ્યપ્રદેશે રણજી ટ્રોફીની સેમી ફાઈનલમાં પ્રથમ દિવસે જ મજબૂત સ્થિતિ મેળવી લીધી છે. રમતના અંતે મધ્ય પ્રદેશના ૧ વિકેટે ૪૭ છે તે જોતાં તેઓને નિર્ણાયક સરસાઈ મેળવવાની તક આવતીકાલે ઝડપી લેવી જોઈએ. જો કે, વિદર્ભના બોલરો પણ તેઓના ઘરઆંગણાની પીચ પર મધ્યપ્રદેશને સસ્તામાં ઓલઆઉટ કરવા સક્ષમ છે.

વિદર્ભે ટોસ જીતીને પ્રથમ બેટિંગ લીધી હતી. કરૂણ નાયરે તેનું ફોર્મ જારી રાખતા ૬૩ અને ઓપનર અર્થવ તાઈડેના ૩૯ રનને બાદ કરતા અન્ય બેટસમેનો મધ્યપ્રદેશના ફાસ્ટ બોલર અવેશ ખાનની ૪૯ રનમાં ૪ વિકેટ લેતી બોલિંગ સામે નિષ્ફળ ગયા હતા. ખેજોલિયાએ અને વેંકટેશ ઐયરે ૨-૨ વિકેટ ઝડપી હતી.



વિદર્ભના ધ્રુવ શોરે ૧૩, મોખાડે ૧૩, યશ રાઠોડ ૧૭, કેપ્ટન વાડકર ૧, સરવતે ૧૨, વખારે ૦, ઠાકુર ૦, ઉમેશ યાદવ ૦ રને આઉટ થયા હતા.

મધ્યપ્રદેશનો ઓપનર યશ દુબે ૧૧ રને આઉટ થયો હતો. વિકેટ કીપર બેટસમેન હિમાંશુ મંત્રી ૨૬ અને હર્ષ ગવલી ૧૦ રને રમતમાં છે.

સાગર સોલંકી, કેપ્ટન શુભમ શર્મા, વેંકટેશ ઐયર, સુબોધ જૈન, કુમાર કાર્તિકિયા, અનુભવ અગ્રવાલ, ખેજોલીયા અન અવેશખાન મધ્યપ્રદેશના અન્ય ખેલાડીઓ છે.



### ચેન્નાઈ સુપર કિંગ્સે IPLની તૈયારી શરૂ કરી

આઈપીએલની ડિફેન્ડિંગ ચેમ્પિયન ચેન્નાઈ સુપર કિંગ્સ ટીમે આગામી સિઝનની તૈયારીઓ શરૂ કરી દીધી છે. આઈપીએલની ૧૭મી સિઝનને ૨૦ કરતાં પણ ઓછા દિવસ બાકી રહ્યા છે, ત્યારે ગાયકવાડ સહિતના ચેન્નાઈના ખેલાડીઓ અને સપોર્ટ સ્ટાફે પ્રેક્ટિસ શરૂ કરી દીધી છે. હવે તબક્કાવાર ટીમના અન્ય ખેલાડીઓ પણ જોડાશે. નોંધપાત્ર છે કે, ૨૨મી માર્ચના રોજ ચેન્નાઈ સુપર કિંગ્સ અને રોયલ ચેલેન્જર્સ બેંગ્લોરની ટીમ વચ્ચે એમ.એ. ચિદમ્બરમ સ્ટેડિયમમાં મુકાબલો ખેલાશે.

## ઓસ્ટ્રેલિયા-ન્યુઝીલેન્ડ વચ્ચેની પ્રથમ ટેસ્ટ મેચ રોમાંચક અંત તરફ અગ્રેસર

### ૩૬૯ના ટાર્ગેટ સામે ન્યુઝીલેન્ડના ત્રણ વિકેટે ૧૧૧, રવિન્દ્રના ૫૬*

### ત્રીજા દિવસની રમતમાં ૧૧ વિકેટ પડી : ફિલિપ્સની પાંચ વિકેટ, લાયનના ૪૧ રન : ઓસ્ટ્રેલિયા બીજી ઈનિંગમાં ૧૬૪માં સમેટાયું

વેલિંગ્ટન, તા.૨

ઓસ્ટ્રેલિયા અને ન્યુઝીલેન્ડ વચ્ચેની પ્રથમ ટેસ્ટ મેચ ભારે રોમાંચક અંત તરફ આગળ વધી રહી છે. ટેસ્ટમાં બીજા દિવસે ૧૩ તો આજે ત્રીજા દિવસે ૧૧ વિકેટ પડી હતી. જેના પરિણામે ન્યુઝીલેન્ડને જીતવા માટે ૩૬૯ રનનો ટાર્ગેટ મળ્યો હતો, જેની સામે યજમાન ટીમે ત્રણ વિકેટે ૧૧૧ રન નોંધાવી લીધા હતા. રવિન્દ્ર ૫૬ રને રમતમાં હતો. ન્યુઝીલેન્ડને જીતવા વધુ ૨૫૮ રનની જરુર છે, જ્યારે ઓસ્ટ્રેલિયાને જીતવા માટે બાકીની સાત વિકેટની તલાશ છે.

અગાઉ ઓસ્ટ્રેલિયાના ૩૮૩ના સ્કોર સામે ન્યુઝીલેન્ડ ૧૭૯માં ખખડ્યું હતુ. પ્રથમ ઈનિંગમાં ૨૦૪ રનની લીડ મેળવ્યા બાદ ઓસ્ટ્રેલિયાએ ત્રીજા દિવસે ૧૩/૨થી આગળ રમતાં બાકીની આઠ વિકેટ ૧૫૧ રનના ગાળામાં ગુમાવી હતી. લાયને ૪૧, ગ્રીને ૩૪ તેમજ હેડે ૨૯ અને ખ્વાજાએ ૨૮ રન કર્યા હતા. સ્પિનર ફિલિપ્સે ૪૫ રનમાં પાંચ તેમજ હેનરીએ ત્રણ અને સાઉથીએ બે વિકેટ ઝડપી હતી. ૩૬૯ના ટાર્ગેટ સામે ન્યુઝીલેન્ડે લાથમ (૮), વિલિયમસન (૯) અને યંગ (૧૫)ની વિકેટ ૫૯ રનમાં ગુમાવી હતી. રવિન્દ્રએ ૯૪ બોલમાં ૮ ચોગ્ગા અને ૧ છગ્ગા સાથે નોટઆઉટ૫૬ અને મિચેલે ૧૨* રન નોંધાવ્યા હતા.



#### સ્કોરબોર્ડ

ઓસ્ટ્રેલિયા પ્રથમ ઈનિંગ : ૩૮૩

ન્યુઝીલેન્ડ પ્રથમ ઈનિંગ : ૧૭૯

**ઓસ્ટ્રેલિયા બીજી ઈનિંગ**

| | રન | બોલ | ૪ | ૬ |
|---|---|---|---|---|
| સ્મિથ બો.સાઉથી | ૦ | ૩ | ૦ | ૦ |
| ખ્વાજા સ્ટ.બ્લન્ડેલ બો.ફિલિપ્સ | ૨૮ | ૬૯ | ૧ | ૦ |
| લાબુશૅન કો.બ્લન્ડેલ બો.સાઉથી | ૨ | ૧૩ | ૦ | ૦ |
| લાયન કો.યંગ બો.હેનરી | ૪૧ | ૪૬ | ૬ | ૦ |
| ગ્રીન કો.યંગ બો.ફિલિપ્સ | ૩૪ | ૮૦ | ૩ | ૧ |
| હેડ કો.કુગલાઈન બો.ફિલિપ્સ | ૨૯ | ૩૬ | ૪ | ૦ |
| માર્શ કો.યંગ બો.ફિલિપ્સ | ૦ | ૧ | ૦ | ૦ |
| કૅરી કો.સાઉથી બો.ફિલિપ્સ | ૩ | ૯ | ૦ | ૦ |
| સ્ટાર્ક બો.હેનરી | ૧૨ | ૨૭ | ૨ | ૦ |
| કમિન્સ કો.લાથમ બો.હેનરી | ૮ | ૧૫ | ૧ | ૦ |
| હેઝલવૂડ અણનમ | ૧ | ૮ | ૦ | ૦ |

વધારાના (બાય ૫, લેગબાય ૧) ૬

કુલ (૫૧.૧ ઓવરમાં ઓલઆઉટ) ૧૬૪

**વિકેટનો ક્રમ :** ૧-૦ (સ્મિથ ૦.૩), ૨-૪ (લાબુશૅન ૪.૪), ૩-૫૩ (લાયન ૧૫.૬), ૪-૮૧ (ખ્વાજા ૨૬.૫), ૫-૧૨૭ (હેડ ૩૮.૨), ૬-૧૨૭ (માર્શ ૩૮.૩), ૭-૧૩૯ (કૅરી ૪૨.૨), ૮-૧૪૬ (ગ્રીન ૪૪.૨), ૯-૧૫૯ (કમિન્સ ૪૭.૫), ૧૦-૧૬૪ (સ્ટાર્ક ૫૧.૧) **બોલિંગ :** સાઉથી ૧૧.૧-૨-૪૬-૨, હેનરી ૧૨.૧-૧-૩૬-૩, કુગલાઈન ૩-૦-૧૮-૦, ઓ'રોઉર્કે ૭.૫-૪-૧૧-૦, ફિલિપ્સ ૧૬-૪-૪૫-૫, રવિન્દ્રા ૧-૦-૨-૦.

**ન્યુઝીલેન્ડ બીજી ઈનિંગ**

| | રન | બોલ | ૪ | ૬ |
|---|---|---|---|---|
| લાથમ કો.કૅરી બો.લાયન | ૮ | ૧૮ | ૧ | ૦ |
| યંગ કો.સ્મિથ બો.હેડ | ૧૫ | ૫૨ | ૨ | ૦ |
| વિલિયમસન કો.સ્મિથ બો.લાયન | ૯ | ૧૯ | ૨ | ૦ |
| રવિન્દ્ર રમતમાં | ૫૬ | ૯૪ | ૮ | ૧ |
| મિચેલ રમતમાં | ૧૨ | ૬૩ | ૦ | ૦ |

વધારાના (બાય ૯, લેગબાય ૧, વાઈડ ૧)૧૧

કુલ (૪૧ ઓવરમાં ત્રણ વિકેટે)૧૧૧

**વિકેટનો ક્રમ :** ૧-૧૫ (લાથમ ૫.૨), ૨-૩૫ (વિલિયમસન ૧૧.૧), ૩-૫૯ (યંગ ૨૦.૩). **બોલિંગ :** સ્ટાર્ક ૬-૨-૨૨-૦, હેઝલવૂડ ૭-૨-૧૭-૦, લાયન ૧૬-૭-૨૭-૨, કમિન્સ ૮-૧-૨૫-૦, હેડ ૪-૧-૧૦-૧.

૮ એપ્રિલથી એશિયા-ઓસેનિયા ગ્રૂપ-વન મુકાબલા

## બિલી જેન કપ માટેની ભારતીય મહિલા ટેનિસ ટીમમાં અંકિતા રૈનાનો સમાવેશ

### વૈદેહી ચૌધરીની રિઝર્વ પ્લેયર તરીકે પસંદગી

નવી દિલ્હી, તા.૨

આવતા મહિને ચીનમાં યોજાનારી બિલી જેન કિંગ કપના એશિયા-ઓસેનિયા ગ્રૂપ-વનના મુકાબલામાં ભારતીય ટીમનો મદાર દેશની ટોચની ખેલાડી અને ગુજરાતની અંકિતા રૈના પર રહેશે. તારીખ ૮ થી ૧૩મી એપ્રિલ દરમિયાન ચીનના ચાંગશામાં યોજાનારી ટુર્નામેન્ટમાં ગુજરાતની વૈદેહી ચૌધરીને પણ રિઝર્વ પ્લેયર તરીકે પસંદ કરવામાં આવી છે.

ઓલ ઈન્ડિયા ટેનિસ ફેડરેશને જાહેર કરેલી ભારતીય ટીમમાં અંકિતાની સાથે સહાજા યમલાપલ્લી, ઋતુજા ભોસલે, શ્રીવલ્લી ભામીડિપાથી અને પ્રાર્થના થોમ્બારેનો સમાવેશ કરવામાં આવ્યો છે. ભારતીય ટીમ ભૂતપૂર્વ ખેલાડી શાલિની ઠાકુર ચાવલાની આગેવાનીમાં બિલી જેન કિંગ કપમાં ભાગ લેશે. ભારત અને યજમાન ચીનની સાથે ચાઈનીસ તાઈપેઈ, પેસેફિક ઓસેનિયા અને કોરિયા જેવી ટીમ પણ આ પ્રતિષ્ઠિત ટુર્નામેન્ટમા આગેકૂચ કરવાના ઈરાદા સાથે ઉતરશે. છેલ્લે ૨૦૨૩માં ઉઝબેકિસ્તાનના તાશ્કંદમાં બિલી જેન કિંગ કપ એશિયા-ઓસેનિયા ગ્રૂપ-વનનો મુકાબલો ખેલાયો હતો, જેમાં ભારત પાંચમાંથી બે મેચ જીત્યું હતુ.

### અંકિતા ગુરુગ્રામમાં ડબલ્સ ટાઈટલ જીતી



ગુજરાતની આંતરરાષ્ટ્રીય ખેલાડી અને ભારતની ટોચની સિંગલ્સ પ્લેયર અંકિતા રૈનાએ ગુરુગ્રામમાં યોજાયેલી આઈટીએફની વર્લ્ડ ટેનિસ ટુરની ડબલ્યુ૩૫ ટુર્નામેન્ટમાં ડબલ્સ ટાઈટલ જીત્યું હતુ. અંકિતા અને કઝાખસ્તાનની કુલમ્બાયેવાની ટોપ સીડ જોડીએ ફાઈનલમાં સેકન્ડ સીડ ધરાવતી સ્વિડનની જેકલીન અને લિથુનિયાની જસ્ટીનાને ૬-૪, ૬-૨થી હરાવી હતી. અંકિતા સિંગલ્સની સેમિ ફાઈનલમાં સાઉથ કોરિયાની યેઓન વૂ કૂ સામે ૭-૬ (૭-૪) ,૬-૩થી હારી હતી.

### પંત પાંચમી માર્ચે ફિટ જાહેર થશે : ગાંગુલી

**નવી દિલ્હી :** ભૂતપૂર્વ ભારતીય કેપ્ટન અને બીસીસીઆઈના પૂર્વ પ્રમુખ સૌરવ ગાંગુલીએ કહ્યું છે કે, નેશનલ ક્રિકેટ એકેડમી પાંચમી માર્ચે પંતને ફિટ જાહેર કરી દેશે. પંતને ૩૦મી ડિસેમ્બર, ૨૦૨૨ના રોજ ગમખ્વાર કાર અકસ્માત નડ્યો હતો. જેમાંથી તેનો ચમત્કારિક બચાવ થયો હતો. ગાંગુલીએ એક મુલાકાતમાં કહ્યું કે, પંતને પાંચમી માર્ચે ફિટ જાહેર કરવામાં આવે તે પછી અમે દિલ્હી કેપિટલ્સ ટીમના કેપ્ટન તરીકે બેકઅપ અંગેનો વિચાર કરીશું. તેની સામે લાંબી કારકિર્દી છે અને અમે કોઈ પ્રકારની ઉતાવળ કરવા માંગતા નથી. ગાંગુલી દિલ્હી કેપિટલ્સનો ડાયરેક્ટર ઓફ ક્રિકેટ છે.

### એકાપુલ્કો : રૂડે રૂનેને હરાવતા અપસેટ

**એકાપુલ્કો :** છઠ્ઠો સીડ ધરાવતા નોર્વેના રૂડે સેકન્ડ સીડ ધરાવતા ડેનમાર્કના રૂનેને સેમિ ફાઈનલમાં ૩-૬, ૬-૩ ,૬-૪થી હરાવીને મેક્સિકન ઓપન ટેનિસ ટુર્નામેન્ટમાં અપસેટ સર્જ્યો હતો. હવે ફાઈનલમાં તે ત્રીજો સીડ ધરાવતા ઓસ્ટ્રેલિયાના ડે મિનાઉર સામે રમશે. ડે મિનાઉરે ૬-૩, ૨-૬ બાદ ૪-૦થી સરસાઈ મેળવી, ત્યારે બ્રિટનનો ડ્રાપર ઈજાના કારણે ખસી ગયો હતો.

### ટોપ સીડ ધરાવતી પેગુલા સેમિ ફાઈનલમાં

**સાન ડિએગો :** ટોપ સીડ ધરાવતી અમેરિકાની મહિલા ટેનિસ ખેલાડી પેગુલાએ રશિયાની બ્લીન્કોવાને ૬-૧, ૨-૬, ૬-૨થી હરાવીને સાન ડિએગો ઓપનની સેમિ ફાઈનલમાં પ્રવેશ મેળવ્યો હતો. હવે તે યુક્રેનની છઠ્ઠો ક્રમાંક ધરાવતી કોસ્ત્યુક સામે રમશે. કોસ્ત્યુકે રશિયાની પેલ્યુચેન્કોવાને ૩-૬, ૬-૪, ૬-૩થી મહાત કરી હતી. અન્ય સેમિ ફાઈનલમાં નાવારો અને બોલ્ટર ટકરાશે.



ભારતના સાત પુરુષ અને બે મહિલા ખેલાડી સ્પર્ધામાં ઉતરશે

## ભારતના નવ બોક્સરોને પેરિસ ઓલિમ્પિક ક્વોલિફાય થવાની આશા

### ભારતની ચાર બોક્સરો પેરિસ ગેમ્સમાં ક્વોલિફાય થઈ ચૂકી છે

રોમ, તા.૨

ભારતના નવ બોક્સરો પેરિસ ઓલિમ્પિકમાં ક્વોલિફાય થવાની આશા સાથે આવતીકાલથી ઈટાલીના બુસ્ટા એર્સિઝીયોમાં શરૂ થઈ રહેલી પહેલી વર્લ્ડ ઓલિમ્પિક ક્વોલિફાયર્સમાં ઉતરશે. ભારતે સાત પુરુષ અને બે મહિલા ખેલાડીઓને આ ટુર્નામેન્ટમાં ભાગ લેવા માટે મોકલ્યા છે, જેમાં કુલ ૪૯ ઓલિમ્પિક ક્વોટા નિશ્ચિત થવાના છે.

બે વખતની વર્લ્ડ ચેમ્પિયન નિખત ઝરીન (૫૦ કિગ્રા), પ્રીતિ પવાર (૫૪ કિગ્રા), પ્રવીન હૂડા (૫૭ કિગ્રા) અને ટોક્યો ઓલિમ્પિકની બ્રોન્ઝ મેડાલીસ્ટ લવલીના બોર્ગોહેને (૭૫ કિગ્રા) પેરિસ ઓલિમ્પિકમાં સ્થાન નિશ્ચિત કરી લીધું છે.

પેરિસ ઓલિમ્પિકમાં ક્વોલિફાય થવાની આશા જે ભારતીય બોક્સરોને છે, તેમાં અનુભવી શિવ થાપાની સાથે દીપક ભોરિયા અને નિશાંત દેવનો સમાવેશ થાય છે. આંતરરાષ્ટ્રીય ઓલિમ્પિક સમિતિએ પેરિસ ઓલિમ્પિકના ક્વોટા નક્કી કરવા માટે ખાસ બોક્સિંગ યુનિટની રચના કરી છે.

ભારતીય ટીમ : દીપક ભોરિયા (૫૧ કિગ્રા), મોહમ્મદ હુસામુદ્દિન (૫૭ કિગ્રા), શિવ થાપા (૬૩.૫ કિગ્રા), નિશાંત દેવ (૭૧ કિગ્રા), લક્ષ્ય ચાહર (૮૦ કિગ્રા), સંજીત (૯૨ કિગ્રા), નરેન્દ્ર બેરવાલ (૯૨+ કિગ્રા)ની સાથે મહિલા બોક્સર જાસ્મીના લામ્બોરિયા (૬૦ કિગ્રા) અને અંકુશિતા બોરો (૬૬ કિગ્રા)નો સમાવેશ થાય છે.



ડબલ્યુપીએલ : એમિલીયા કૅર્રના ૨૪ બોલમાં ૪૦* રન

## બેંગ્લોરને હરાવીને મુંબઈ સિઝનના ત્રીજા વિજય સાથે પોઈન્ટ ટેબલમાં ટોચ પર

### ૧૩૨ના ટાર્ગટને મુંબઈએ ૧૫.૧ ઓવરમાં ત્રણ વિકેટ ગુમાવીને પાર પાડ્યો : એલિસ પેરીના લડાયક ૪૪* રન

બેંગાલુરુ, તા.૨

મુંબઈ ઈન્ડિયન્સે મહિલા પ્રીમિયર લીગમાં સિઝનનો ત્રીજો વિજય મેળવતા પોઈન્ટ ટેબલમાં ટોચનું સ્થાન હાંસલ કરી લીધું હતુ. એમિલીયા કૅર્રે ૨૪ બોલમાં ૭ ચોગ્ગા સાથે અણનમ ૪૦ રનની વિજયી ઈનિંગ રમતાં મુંબઈએ બેંગ્લોરને ૪.૫ ઓવર બાકી હતી, ત્યારે સાત વિકેટથી હરાવ્યું હતુ. જીતવા માટેના ૧૩૨ના ટાર્ગેટને મુંબઈએ ૧૫.૧ ઓવરમાં ત્રણ વિકેટ ગુમાવીને પાર પાડ્યો હતો.

ટોસ જીતીને મુંબઈએ ફિલ્ડિંગ લીધી હતી. માત્ર ૪૨ રનમાં ચાર (મંધાના ૯, મેઘના ૧૧, ડેવિન ૯ અને ઘોષ ૭)ની વિકેટ ગુમાવનારા બેંગ્લોર તરફથી એલિસ પેરીએ ૩૮ બોલમાં પાંચ ચોગ્ગા સાથે અણનમ ૪૪ રન ફટકાર્યા હતા. વારૅહામે ૨૭ રન કર્યા હતા. પૂજા વસ્ત્રાકર-નેટ સિવર-બ્રન્ટે ૨-૨ વિકેટ ઝડપી હતી. મુંબઈએ યાસ્તિકા ભાટિયાના ૩૧, એચ.મેથ્યૂસના ૨૬, નેટ સિવર બ્રન્ટના ૨૭ની સાથે કૅર્રના અણનમ ૪૦ની મદદથી આસાન જીત મેળવી હતી. બેંગ્લોરે આઠ બોલર અજમાવી હતી.



### એફ વન : વર્સ્ટાપ્પને સિઝનની પ્રથમ બહેરિન ગ્રાં પ્રિ જીતી



ડિફેન્ડિંગ ચેમ્પિયન રેડબુલના ડચ રેસર મેક્સ વર્સ્ટાપ્પને ફોર્મ્યુલા વન કાર રેસિંગની નવી સિઝનમાં જીત સાથે શરૂઆત કરતાં બહેરિન ગ્રાં પ્રી ટાઈટલ હાંસલ કર્યું હતુ. વર્સ્ટાપ્પન બાદ બીજા ક્રમે તેની રેડબુલ ટીમનો જ મેક્સિકન રેસર સર્જીયો પેરેઝ રહ્યો હતો. જ્યારે ત્રીજા સ્થાને સ્પેનનો ફરારી રેસર કાર્લોસ સૈન્ઝ જુનિયર હતો.

### એ.સી. મિલાને લાઝિયોને ૧-૦થી હરાવ્યું



નોહ ઓકાફોરના એકમાત્ર નિર્ણાયક ગોલની મદદથી એ.સી. મિલાને સેરેઈ 'એ' ફૂટબોલ ટુર્નામેન્ટમાં લાઝિયોને ૧-૦થી પરાજય આપ્યો હતો. એ.સી. મિલાન છેલ્લી ત્રણ મેચમાં જીત્યું નહીં હોઈ આ વિજયથી તેઓએ રાહત અનુભવી હશે. આ ટુર્નામેન્ટમાં એ.સી. મિલાન ૫૬ પોઈન્ટ સાથે ત્રીજા ક્રમે છે. બીજા ક્રમે યુવેન્ટ્સ તેઓ કરતા માત્ર એક પોઈન્ટ જ આગળ છે. પ્રથમ ક્રમે ઈન્ટર મિલાન ૧૩ પોઈન્ટની સરસાઈ આગળ છે. લાઝિયોના બે ખેલાડીને અમ્પાયરે પરત મોકલતા તેઓ આઠ ખેલાડીઓથી જ રમત હતા.



મીરા-ભાયંદરની મોકાણ : મીરા- ભાયંદર મહાપાલિકાએ આવક વધારવા માટે ૧૫ રસ્તા ઉપર પે એન્ડ પાર્ક માટે પીળા પટ્ટા દોરવાનું અને કેબિનો ગોઠવવાનું શરૂ કરી દીધું છે પીળા પટ્ટાની બહાર વાહનો ઉભા રાખવામાં આવશે તેને ટો કરી જવામાં આવશે. મીરા રોડના જાણીતા શાંતિનગર સહિતના વિસ્તારોના રહેવાસીઓ અને ખાસ તો દુકાનદારોએ વિરોધ દર્શાવ્યો છે. કરાણ કે પે એન્ડ પાર્કને માટે કન્ટેનર કેબિનો ઉભી કરી છે તેને લીધે અમુક દુકાનો સામે નડતર ઉભું થયું છે. મીરા-ભાયંદર મહાપાલિકા દેશની પહેલી એવી પાલિકા બનશે જે સાઈકલ ઉભી રાખવા માટે પણ પાર્કિંગ ચાર્જ વસૂલ કરશે.

### કરોડોની કિંમતનું ડ્રગ પકડાવાનો સિલસિલો

# પુણેમાં મેફેડ્રોન જેવો ૩૪૦ કિલો કેફીદ્રવ્યનો જથ્થો જપ્ત

(પ્રતિનિધિ દ્વારા) મુંબઈ,તા.૨

તાજેતરમાં પુણે પોલીસે આંતરરાષ્ટ્રીય ડ્રગ રેકેટનો પર્દાફાશ કરી રૂા. ચાર હજાર કરોડનું મેફેડ્રોન કબજે કર્યું હતું. ત્યારે ફરી આજે પુણે પોલીસે મોટી કાર્યવાહી કરી છે. પોલીસે વિશ્રાંતવાડીમાં દરોડા પાડીને ૩૪૦ કિલો મેફેડ્રોન જેવો નશીલા પદાર્થનો જથ્થો જપ્ત કર્યો છે.

## વિશ્રાંતવાડીમાં ગોદામ અને ટ્રક પર પોલીસના દરોડા

પુણે પોલીસ કમિશનર અમિતેશ કુમારે કહ્યું હતું 'પુણેમાં અગાઉ પકડાયેલી આરોપીની પૂછપરછ બાદ વિશ્રાંતવાડીના ગોદામમાં છાપો મારવામાં આવ્યો હતો.

આ ગોદામમાંથી ત્રણ કિલોમીટર દૂર પાર્ક કરાયેલા ટ્રકની તપાસણી કરવામાં આવી હતી.

આ કાર્યવાહી દરમિયાન ૩૪૦ કિલો ડ્રગનો જથ્થો મળી આવ્યો હતો. આ ટ્રકમાં મેફેડ્રોન જેવું કેફીદ્રવ્ય હતું એની તપાસ થઈ રહી છે.

પુણે ડ્રગ પ્રકરણમાં અત્યાર સુધી નવ આરોપીને પકડવામાં આવ્યા છે. જ્યારે આઠ આરોપી ફરાર છે.

ગત મહિને પુણે પોલીસે આંતરરાષ્ટ્રીય ડ્રગ રેકેટનો પર્દાફાશ કર્યો હતો. પુણેમાં મેફેડ્રોન બનાવતી કંપનીમાંથી મેફેડ્રોન મળી આવ્યું હતું. મીઠાના અને રેડી-ટુ-ઈટ ફૂડ પેકેટમાં મેફેડ્રોન રાખવામાં આવ્યું હતું.

પુણે, દિલ્હી, સાંગલીમાં સર્ચ ઓપરેશનમાં રૂા. ચાર હજાર કરોડનું મેફેડ્રોન જપ્ત કરાયું હતું. આરોપીને ત્રણ મહિનામાં બે હજાર કિલો મેફેડ્રોન બનાવવામાં ટાર્ગેટ આપવામાં આવ્યો હતો.

### ગરમીમાં શેકાતા મુંબઈગરાને થોડી રાહત

# મુંબઈમાં અચાનક ઠંડા પવાનો ફૂંકાવા માંડ્યા

(પ્રતિનિધિ દ્વારા) મુંબઈ,તા.૨

મુંબઈગરાંને આજે ગરમી અને ઉકળાટમાં ઘણી રાહત રહી હતી. આજે હવામાનમાં અચાનક સાનુકુળ પલટો આવ્યો હતો. બપોરે ઠંડા પવનો ફૂંકાયા હોવાથી વાતાવરણમાં પણ ટાઢક અનુભવાઈ હતી.

## મહત્તમ તાપમાનમાં સીધો સાડા ચાર ડિગ્રીનો ઘટાડો

હવામાન ખાતાએ એવી માહિતી આપી હતી કે આજે મહત્તમ તાપમાનમાં સીધો ૪.૫ ડિગ્રીનો, જ્યારે લઘુત્તમ તાપમાનમાં ૨.૨ ડિગ્રીનો ઘટાડો થયો હતો. આજે કોલાબામાં મહત્તમ તાપમાન ૩૦.૩ અને લઘુત્તમ તાપમાન ૨૨.૭ ડિગ્રી, જ્યારે સાંતાક્રૂઝમાં મહત્તમ તાપમાન ૩૦.૭ અને લઘુત્તમ તાપમાન ૨૩.૩ ડિગ્રી સેલ્સિયસ નોંધાયું હતું.

૧, માર્ચે સાંતાક્રૂઝમાં મહત્તમ તાપમાન ૩૫.૦ ડિગ્રી જેટલું ઉનું ઉનું રહ્યું હતું. જ્યારે લઘુત્તમ તાપમાન ૨૫.૫ ડિગ્રી સેલ્સિયસ નોંધાયું હતું. આજે કોલાબામાં ભેજનું પ્રમાણ ૮૮-૭૦ ટકા જ્યારે સાંતાક્રૂઝમાં ભેજનું પ્રમાણ ૮૩—૬૬ ટકા નોંધાયું હતું.

આવતા ૪૮ કલાક દરમિયાન મુંબઈનું ગગન આછેરું વાદળિયું રહેવાની સંભાવના છે. શહેરમાં અને પરાંમાં ઝરમર વર્ષા થવાની પર શક્યતા ખરી. જ્યારે મહત્તમ તાપમાન ૩૩/૩૨.૦ ડિગ્રી જ્યારે લઘુત્તમ તાપમાન ૨૨/૨૦.૦ ડિગ્રી સેલ્સિયસ જેટલું રહેવાની શક્યતા છે.

હવામાન ખાતાના ડેપ્યુટી ડાયરેક્ટર જનરલ સુનીલ કાંબળેએ એવી માહિતી આપી હતી કે હાલ વેસ્ટર્ન ડિસ્ટર્બન્સ (ડબલ્યુ.ડી.)ની વધુ એક સાયક્લ શરૂ થઇ રહી છે. ડબલ્યુ.ડી.ની અસર અફઘાનિસ્તાન અને તેના નજીકના આકાશમાં ૩.૧ થી ૧૨.૬ કિલોમીટરના અંતરેથી ભારતના પશ્ચિમ હિસ્સા ભણી આવી રહી છે. સાથોસાથ હાલ મુંબઈ પર ઘણા દિવસો બાદ ઉત્તર-પશ્ચિમ-ઉત્તર

(અનુસંધાન છટ્ઠા પાને)

# ગૃહપ્રધાન અમિત શાહનું નામ વાપરી બિઝનેસમેન સાથે રૂ. એક કરોડની છેતરપિંડી

મુંબઈ, તા. ૨

નાગપુરના બાંધકામ વ્યાવસાયિક સાથે સીએસઆર ફંડના નામે મુંબઈના દંપતી સહિત અન્ય આરોપીએ રૂ. એક કરોડની છેતરપિંડી કરી હતી. આરોપી દ્વારા ગૃહ પ્રધાન અમિત શાહના નામનો પણ ઉપયોગ કર્યો હોવાનું કહેવાય છે. તેણે રાજકારણીઓના પૈસા સંચાલન કરવાનો દાવો કર્યો હતો.

## સીએસઆર ફંડના બહાને મુંબઈના દંપતીએ પૈસા પડાવ્યા

આ મામલે નાગપુર પોલીસે કેસ નોંધી આરોપીઓની શોધખોળ હાથ ધરી છે.

બાંધકામ વ્યાવસાયિક મોહમ્મદ ગુલશાહની તેના એક મિત્ર દ્વારા અંધેરીમાં રહેતા એલેક્સ મિરાંડા અને તેની પત્ની અંજલી સાથે ઓળખ થઈ હતી.

એક કંપનીના સીએસઆર ફંડના ૪૬૦ કરોડ મળવાના હોવાનો દાવો આ ટોળકીએ કર્યો હતો.

આ ફંડમાંથી રૂ. ૪૦૦ કરોડ કંપનીને રોકડમાં પરત કરવાના અને બાકીના ૬૦ કરોડમાંથી રૂ. ૩૦ કરોડ બિઝનેસમેનને આપવાના આરોપીએ સ્વપ્ન દાખવ્યા હતા. તેઓ મોહમ્મદ ગુલશાહને જુદી જુદી જગ્યાએ લઈ ગયા હતા. તેમને વાતોમાં ભોળવીને રૂ. એક કરોડ પડાવી લીધા હતા.

આરોપીએ થોડા સમયમાં ગુલશાહના ખાતામાં રૂ. ૩૦ કરોડ જમા થઈ જશે એમ કહ્યું હતું, પરંતુ લાંબા સમય બાદ પણ ખાતામાં પૈસા આવ્યા નહોતા. આથિ બિઝનેસમેને પૂછપરછ કરી હતી ત્યારે દિલ્હીમાં સીબીઆઈએ એક આરોપી ધરપકડ કરી હોવાથી હાલમાં પૈસા મળશે નહીં એનો એવો દાવો ટોળકીએ કર્યો હતો.

આમ ગુલશાદને છેતરપિંડી થઈ હોવાનું જમાતા પોલીસનો સંપર્ક કર્યો હતો.

### ૨૦૧૯માં મીરા રોડની કોન્વેન્ટ સ્કૂલની ઘટનામાં ચુકાદો

# નર્સરીની બાળકીના જાતીય શોષણ બદલ સ્કૂલબસ ડ્રાઈવરને સાત વર્ષની જેલ

મુંબઈ, તા.૨

ત્રણ વર્ષ અને આઠ મહિનાની નર્સરીમાં ભણતી બાળકીનું જાતીય શોષણ કરવાના કેસમાં સ્કૂલ બસના ડ્રાઈવરને થાણેની કોર્ટે સાત વર્ષની સખત કેદની સજા ફટકારી છે. આ ઘટના ૨૦૧૯માં બની હતી. બસની મહિલા અટેન્ડન્ટને પણ કસૂરવાર ઠેરવાઈ હતી પણ તેણે જેલમાં વિતેલો સમય તેની સજા સામે સરભર કરાયો હતો. બાળકીએ આપેલી જુબાની પરથી આરોપીનો ગુનો પુરવાર થયો હતો.

## સ્કૂલને જાણ નહીં કરતાં મહિલા અટેન્ડન્ટ પણ કસૂરવાર

બાળકી મીરા રોડ વિસ્તારમાં આવેલી કોન્વેન્ટ સ્કૂલની નર્સરીમાં ભણતી હતી. સ્કૂલેથી સ્કૂલ બસમાં પાછી ફરી રહી હતી ત્યારે આ ઘટના બની હતી.

વિશેષ કોર્ટના જજ ડી. એસ. દેશમુખે ડ્રાઈવર કમ ક્લિનર ડેનિસ થોમસ લુઈસ (૬૭) અને મહિલા અટેન્ડન્ટ જેનેવિયા અનિલ મેથાઈસ (૩૬)ને કસૂરવાર ઠેરવ્યા હતા. બંનેને રૂ. ૫૦૦૦નો ગંડ પણ ફટકારાયો હતો.

૧૩ ડિસેમ્બર ૨૦૧૯ના રોજ સ્કૂલેથી પાછી ફરેલી બાળકીનું વર્તન બદલાયેલું લાગતાં માતાએ પૂછપરછ કરી હતી. જેમાં આ વાત બહાર આવી હતી. તાત્કાલિક પોલીસ ફરિયાદ નોંધાવતાં પોલીસે કેસ નોંધીને આરોપીની ધરપકડ કરી હતી. મહિલા અટેન્ડન્ટને જાણ હોવા છતાં તેણે સ્કૂલ મેનેજમેન્ટને ફરિયાદ કરી નહોતી.

આરોપી પાર્કિન્સન બીમારીથી પીડાય છે અને તેની વયને ધ્યાનમાં રાખીને તેમ જ ટ્રાલ દરમ્યાન તેના વર્તનને જોતાં ઉદારતા દાખવવામાં આવી હતી. મહિલા અટેન્ડન્ટને નાના બાળકો છે અને કોઈ ધ્યાન રાખવાવાળું નહોવાની દલીલને પણ ધ્યાનમાં લેવાઈ હતી.

### નાશિકમાં માનસિક બીમારીથી પીડિત શખસે કૉલ કર્યો

# કોંગ્રેસના નેતા રાહુલ ગાંધીને બોમ્બથી ઉડાવી દેવાની ધમકી

(પ્રતિનિધિ દ્વારા) મુંબઈ તા.૨

કોંગ્રેસ નેતા રાહુલ ગાંધીને તેમના પિતા રાજીવ ગાંધીની જેમ બોમ્બથી ઉડાવી દેવાના ધમકીભર્યો પોન નાશિક પોલીસ કન્ટ્રોલરૂમને આવ્યો હતો. આ કૉલ બાદ વહીવટીતંત્ર એલર્ટ મોડ પર છે. રાહુલ ગાંધી અને તેમના નિવાસસ્થાનની સુરક્ષા વધારવામાં આવી છે. આ મામલે પોલીસે એક વ્યક્તિની અટકાયત કરી હતી. તેની માનસિક સ્થિતી સારી ન હોવાનું જાણવા મળ્યું છે.

## ભારત જોડો ન્યાય યાત્રામાં નીકળેલા રાહુલની સુરક્ષા વધારવામાં આવી

રાહુલ ગાંધી ભારત જોડો ન્યાય યાત્રા પર છે અને ૧૦મીએ મહારાષ્ટ્રમાં પ્રવેશવાના છે, ત્યારે ધમકી મળતા ચકચાર જાગી છે. નાશિક પોલીસ કન્ટ્રોલ રૂમમાં દસ દિવસ અગાઉ રાજીવ ગાંધીની જેમ રાહુલ ગાંધીને બોમ્બથી ઉડાવી દેવાની ધમકીનો ફોન આવ્યો હતો. નાશિક પોલીસે આ કોલની માહિતી કેન્દ્રીય તપાસ એજન્સીઓને આપી હતી. આ ધમકની ગંભીર નોંધ લઈને ક્રાઈમ બ્રાન્ચ, એન્ટી ટેરરિઝમ સ્કવૉડ અને અન્ય સિક્યુરિટી એજન્સીએ તાત્કાલિક ઝીણવટભરી તપાસ શરૂ કરી હતી.

દરમિયાન નાશિકના ગંગાપુર વિસ્તારમાં રહેતા માનસિક બીમારીથી પીડિત વ્યક્તિએ આ કૉલ કર્યો હોવાનું તપાસમાં માલૂમ પડ્યું હતું.

પોલીસે તેની અટકાયત બાદ પૂછપરણ કરી હતી. આ શખસને દસ વર્ષથી દારૂ પીવાની આદત હતી. તેણે નશાની હાલતમાં ફોન કર્યો હોવાનું કહેવાય છે. આ કોલને ગંભીરતાથી લેવામાં આવ્યો છે. પોલીસ સંબંધિત વ્યક્તિ પર નજર રાખી રહી છે.

રાહુલ ગાંધીની ભારત જોડો યાત્રા મહારાષ્ટ્રમાં છ જિલ્લામાંથી પસાર થઈને નાશિક પહોંચ્યા બાદ થાણેમાં સમાપ્ત થશે.

વડાપ્રધાન નરેન્દ્ર મોદી, ઉદ્ધવ ઠાકરે જાન્યુઆરીમાં નાશિકમાં કાળારામ મંદિરની મુલાકાતે ગયા હતા. તેમણે મંદિરમાં

# મુંબઈ પાલિકાએ પ્રોપર્ટી ટેક્સ ભરવાની મુદત ૨૫ મે સુધી લંબાવી

(પ્રતિનિધિ દ્વારા) મુંબઈ, તા. ૨

મુંબઈગરા, રાજકીય પક્ષો અને વિધાનસભામાં થયેલા વિરોધ બાદ બેકફૂટ પર આવેલી મુંબઈ મહાનગર પાલિકાએ પ્રોપર્ટી ટેક્સ ભરવાની મુદત વધારી આપી છે. મુંબઈગરા ૨૫ મે સુધી પ્રોપર્ટી ટેક્સ ભરી શકશે. ત્યાં સુધી પાલિકા મિલકતધારકોને દંડ નહીં ફટકારે.

## ૩૧મી માર્ચ પછી વેરો ભરનારાની પાસેથી બે ટકા દંડ નહીં લેવાય

પાલિકાએ નાણાકીય વર્ષ ૨૦૨૩-૨૪માં પ્રોપર્ટી ટેક્સના બિલ ૨૭ ફેબ્રુઆરી ૨૦૨૪થી મોકલવાના શરૂ કર્યા હતા. જેમાં ૩૧ માર્ચ સુધી બિલ ન ભરનારાને બે ટકા દંડ વસુલ કરવાની જોગવાઈ છે.

પાલિકાના નિયમ અનુસાર છ-છ મહિને એમ વર્ષમાં બે વખત પ્રોપર્ટી ટેક્સ બિલ ભરવા માટે મિલકતધારકોને મોકલવામાં આવે છે. બિલ ભરવા માટે કરદાતાને ત્રણ મહિનાની મુદત આપવામાં આવે છે, પરંતુ આ વર્ષે બિલ મોકલવામાં વિલંબ થયો છે. અને એક સાથે બિલ મોકલાવ્યા છે.

પાલિકાના આ પ્રકારના પગલાનો જોરદાર વિરોધ કોંગ્રેસ અને સ.પા.એ કર્યો છે. કારણ કે મુંબઈગરા સંપૂર્ણ વર્ષનું બિલ ભરવા માટે ફક્ત એક મહિનાનો સમય મળ્યો છે.

પાલિકાએ વર્ષ ૨૦૨૩-૨૪માં ૪૫૦૦ કરોડ રૂપિયા પ્રોપર્ટી ટેક્સ વસુલ કરવાનો ટાર્ગેટ રાખ્યો છે. પરંતુ અત્યાર સુધી માત્ર ૮૦૦ કરોડ રૂપિયા પાલિકાએ વસુલ કરી શકી છે. હજી ૩૭૦૦ કરોડ રૂપિયા વસુલ કરવાના બાકી છે.

# છત્રપતિ શિવાજી એક પણ ચૂંટણી હાર્યા નહોતા: અજિત પવાર

(પ્રતિનિધિ દ્વારા) મુંબઈ, તા.૨

છત્રપતિ શિવાજી મહારાજ તેમની કારકિર્દી દરમ્યાન એક પણ ચૂંટણી હાર્યા નહોતા એમ નાયબ મુખ્ય પ્રધાન અજિત પવારે મંચ પરથી સંબોધન કરતા કહ્યું હતું. આ સાંભળીને શ્રોતાઓ અને મંચ પર બેઠેલા નેતાઓ સ્તબ્ધ થઈ ગયા હતા. તરત જ મંચ પર બેઠેલા દેવેન્દ્ર ફડણવીસે ભૂલ સુધારતા કહ્યું હતું કે ચૂંટણી નહીં એક પણ લડાઈ નહોતા હાર્યા એમ આથી પવારે તરત જ ભૂલ સુધારી લીધી હતી.

## નાયબ મુખ્યપ્રધાનની જીભ લપસ્યા બાદ ફડણવીસે ભૂલ સુધારી

છત્રપતિ સંભાજી મહારાજના બલિદાનથી પાવન બનેલી શ્રીક્ષેત્ર તુળાપૂર અને શ્રીક્ષેત્ર વઢૂ બુદ્રુકમાં મહારાજાની સમાધીસ્થળના વિકાસના પ્લાનને ૩૯૭ કરોડ રૂપિયા મંજૂર કરાયા છે. તે પૈકી ૨૭૦ કરોડ રૂપિયા વિકાસના કામના ભૂમિપૂજન સમારંભ શ્રીક્ષેત્ર તુળાપૂર ઠેકાણે કરાયું હતું.

આ સમારંભમાં અજિત પવારની જીભ લપસી પડી હોવાનું ધ્યાન ત્યાં મંચ પર ઉપસ્થિત નાયબ મુખ્યપ્રધાન દેવેન્દ્ર ફડણવીસને આવતાં વિધાનસભ્ય રાહુલ કુલને કહીને ચૂંટણી નહિ લડાઈમાં હાર્યા નથી એવો સંદેશ અજિત પવારને અપાવીને તેમની ભુલ સુધારાવી હતી. શિવાજી મહારાજ ચૂંટણી નહિ પણ એક પણ લડાઈ હાર્યા નથી.

### હાર્બરમાં માનખુર્દ અને નેરુલ સ્ટેશનો વચ્ચે બ્લોક રહેશે

# આજે સીએસટી- વિદ્યાવિહાર સ્ટેશન વચ્ચે મેગાબ્લોક

મુંબઈ, તા.૨

રવિવારે સવારે સેન્ટ્રલ રેલવેમાં સીએસટી અને વિદ્યાવિહાર તથા હાર્બરમાં માનખુર્દ અને નેરુલ વચ્ચે મેગાબ્લોક રહેશે. પ્રાપ્ત જાણકારી મુજબ સેન્ટ્રલમાં સવારે ૧૦.૪૮થી બપોરે ૩.૪૯ વાગ્યા દરમિયાન સીએસટીથી છુટનારી ડાઉન ધીમી સેવાઓ સીએસટી- વિદ્યાવિહાર સ્ટેશનો વચ્ચે ડાઉન ફાસ્ટ લાઈન પર ડાયવર્ટ કરવામાં આવશે.

## સેન્ટ્રલ રેલવેમાં રજાને દિવસે રામાયણ


આ ટ્રેનો ભાયખલા, પરેલ, દાદર, માટુંગા, સાયન અને કુર્લા સ્ટેશને થોભશે. વિદ્યાવિહાર બાદ ફરીથી ટ્રેનો ડાઉન ધીમી લાઈન પર ડાયવર્ટ કરવામાં આવશે.

સવારે ૧૦.૪૧ વાગ્યાથી બપોરે ૩.૫૨ વાગ્યા સુધી ઘાટકોપરથી ઉપડનારી અપ ધીમી લોકલો વિદ્યાવિહાર અને સીએસટી વચ્ચે અપ ફાસ્ટ લાઈન પર દોડશે. ડાઉન સ્લો લાઈન પર બ્લોક પૂર્વે અંતિમ ટ્રેન થાણે લોકલ સવારે ૧૦.૧૮ વાગ્યે સીએસટીથી ઉપડશે. લોક બાદ પ્રથમ લોકલ ડોમ્બિવલીથી સાંજે ૪.૦૧ વાગ્યે સીએસટીથી ઉપડશે. અપ સ્લો લાઈન પર બ્લોક પૂર્વે અંતિમ લોકલ સવારે ૯.૧૩ વાગ્યે કલ્યાણથી ઉપડશે. બ્લોક બાદ પ્રથમ ટ્રેન થાણે લોકલ બપોરે ૩.૩૬ વાગ્યે થાણેથી ઉપડશે.

હાર્બરમાં સવારે ૧૦.૧૮થી બપોરે ૩.૨૮ સુધી સીએસટીથી છુટનારી પનવેલ/બેલાપુર/વાશી માટેની ડાઉન હાર્બર લાઈનની ટ્રેનો અને સવારે ૧૦.૩૭ વાગ્યાથી બપોરે ૩.૪૫ સુધી પનવેલ/ બેલાપુર/ વાશીથી છુટનારી સીએસટી અપ હાર્બર ટ્રેનો રદ રહેશે. બ્લોક પૂર્વ પનવેલ માટે સીએસટીથી પ્રથમ લોકલ ૧૦.૧૪ વાગ્યે છુટશે. વાશી માટે સવારે ૧૦.૧૮ વાગ્યે લોકલ ઉપડશે. તથા પનવેલ માટે બપોરે ૩ બ્લોક બાદ ૩.૩૬ વાગ્યે ટ્રેન સીએસટીથી ઉપડશે.

પ્રીમીયમ પેકેજ
ચારધામ
લેહ-લદાખ
કાશ્મીર
ગુજરાતી, કાઠીયાવાડી, પંજાબી, મુંબઈ ફાસ્ટ ફુડ, પ્યોર વેજ. રસોડું.
Hazel Tours
khar (w). Since 2003
PANKAJ CHHEDA
9869559938

સ્પેન-પોર્ટુગલ-મોરોક્કો
10 મે, 10 દિવસ
યુરોપ લંડન સાથે 1 જુલાઈ, 15 દિવસ
યુનાઈટેડ કિંગડમ 15 ઓગસ્ટ, 10 દિ.
લંડન, સ્કોટલેન્ડ, આયર્લેન્ડ, વેલ્સ
સ્વિસ-પેરિસ-લંડન 22 ઓગસ્ટ, 8 દિ.
મોરેશિયસ
1 જૂન અને 1 ઓક્ટો., 6 દિવસ
વૈષ્ણવી ટુર્સ દાદર
9769318856 / 9769318872



કર્ણાક બ્રિજનું કમઠાણ : મસ્જિદ બંદરમાં અંગ્રેજોએ બાંધેલો કર્ણાક બ્રિજ જૂનો થઈ જવાથી તેને તોડી પાડી નવેસરથી પુલનું બાંધકામ શરૂ થયું છે. પુલનું બાંધકામ ધીમી ગતિએ ચાલી રહ્યું હોવાથી દક્ષિણ મુંબઈના આ એરિયામાં ટ્રાફિકની સમસ્યા વધુને વધુ વિકટ બનતી જાય છે. આ પરિસ્થિતિમાં કર્ણાક બ્રિજ માટેના ગર્ડરો સાઈટ પર આવી પહોંચતા લોકોને આશા બંધાણી છે કે વહેલા-મોડું પુલનું કામ પૂરૂં થશે ખરૂં.

### સોશ્યલ મીડિયા પર ગેરમાર્ગે દોરતા સમાચાર અપલોડ કરવા બદલ

# કોંગ્રેસ પ્રમુખ ખડગે, મહામંત્રી જયરામ રમેશને નીતિન ગડકરીની કાનૂની નોટિસ

(પીટીઆઈ) નાગપુર, તા.૨

કેન્દ્રીય પ્રધાન નીતિન ગડકરીએ પોતાના વિશે માઈક્રો બ્લોગિંગ સાઈટ 'એક્સ'પર બદનક્ષીભર્યા અને ગેરમાર્ગે દોરનારા સમાચાર વહેતા કરવા બદલ કોંગ્રેસના પ્રમુખ મલ્લિકાર્જુન ખારગે અને મહામંત્રી જયરામ રમેશને કાનૂની નોટિસ મોકલાવી છે.

## ભાજપના પ્રધાનની મુલાકાતને હેતુપૂર્વક તોડીમરોડીને અપલોડ કરાયાનો આક્ષેપ

ગડકરીના વકિલ બાલેન્દુ શેખરે જણાવ્યું હતું કે અમારા અસીલ આ વાત જાણીને આઘાત પામ્યા છે. ખરગે અને રમેશે હેતુપૂર્વક ૧૯ સેકન્ડની વિડિયો ક્લિપ વહેતી કરી છે જેમાં ગડકરીએ 'ધલલ્લનટોપ' વેબ પોર્ટલને આપેલી મુલાકાતની છેડછાડ કરેલી ક્લિપ છે. ગડકરીને જનતાની નજરમાં ઉતારી પાડવા, સનસનાટી મચાવવા અને ગૂંચવણ ઊભી કરવાના બદઈરાદે આવું કૃત્ય કરવામાં આવ્યાનું નોટિસમાં જણાવાયું છે. આગામી લોકસભા ચૂંટણીમાં જીત નિશ્ચિત હોવાથી ભારતીય જનતા પાર્ટી (ભાજપ)માં ફૂટ પડાવવાનો નિરર્થક પ્રયાસ હોવાનું પણ નોટિસમાં જણાવાયું છે.

'આજ ગાંવ, મઝદૂર ઔર કિસાન દુખી હૈ, ગાંવમે અચ્છે રોડ નહીં હૈ, પીને કે લીયે શુદ્ધ પાની નહીં હૈ- મોદી સરકાર કે મંત્રી નીતિન ગડકરી' એમ હિન્દીમાં કેપ્શન સાથે હેતુપૂર્વક વિડિયો ચલાવાયો છે.

સરકારના પ્રયાસો વિશે જણાવતી ગડકરીની મુલાકાતની સત્યતાથી વાકેફ હોવા છતાં વિડિયો હિન્દી લખાણ સાથે વિડિયો ક્લિપ અપલોડ કરીને ગડકરીની પ્રતિમા મલિન કરવાનો પ્રયાસ કરાયો છે.

નોટિસમાં બંને જણને માઈક્રો બ્લોગિંગ સાઈટ એક્સ પરથી આ સાહિત્ય ૨૪ કલાકમાં દૂર કરવાનું સાથે જ માફીનામું અપાવાનું જણાવ્યું છે. આમ નહીં કરવામાં અવાતાં અમારા અસીલ ઉપલબ્ધ એવા તમામ માર્ગ અપનાવશે જેમાં દિવાની અને ફોજદારી પગલાંનો સમાવેશ થાય છે જે બંનેના જોખમે અને ખર્ચે હશે, એમ નોટિસમાં જણાવાયું છે.

### ચાંદીવાલા આયોગનો રિપોર્ટ જાહેર કરો : દેશમુખ

# 'અંબાણીના નિવાસસ્થાનની બહાર વિસ્ફોટકના કાવતરાના માસ્ટર માઈન્ડ પરમબીર સિંહ'

(પ્રતિનિધિ દ્વારા) મુંબઈ તા.૨

ભારતના સૌથી શ્રીમંત ઉદ્યોગપતિ મુકેશ અંબાણીના નિવાસસ્થાન સામે સ્કોર્પિઓ જીપમાં વિસ્ફોટકો રાખવા ચકચારી કિસ્સા પાછળ માસ્ટર માઈન્ડ મુંબઈના તત્કાલિન પોલીસ કમિશનર પરમબીર સિંહ હતા. તેમના પ્લાનમાં સચિન વાઝે, અને ચાર એ.પી.આઈ સામેલ હોવાનું તપાસ કરતા પ્રકાશમાં આવ્યું હોવાની ઘટસ્ફોટ આજે નાશિક ખાતે પત્રકાર પરિષદમાં રાજ્યના ભૂતપૂર્વ ગૃહ મંત્રી અને શરદ પવાર ગ્રુપની એન.સી.પી.ના ધારાસભ્ય અનિલ દેશમુખે કર્યો હતો.

## ભૂતપૂર્વ ગૃહ પ્રધાન અનિલ દેશમુખનો આક્ષેપ

એટલું જ નહિં આ કેસના મામલે ચાંદીવલીના આયોગનો રિપોર્ટ જનતા સમક્ષ જાહેર કરવાની સરકાર સમક્ષ માંગણી અનિલ દેશમુખે કરી હતી. દોઢ વર્ષ વીતી ગયું પણ મુખ્ય પ્રધાને આ ચાંદીવલા રિપોર્ટ જાહેર કરતાં કેમ ખચકાય છે. એવો સવાલ પણ તેમણે ઉપસ્થિત કર્યો હતો

રાજ્યના ભૂતપૂર્વ ગૃહમંત્રી અનિલ દેશમુખે નાશિકની મુલાકાત દરમિયાન પત્રકાર પરિષદમાં કહ્યું હતું કે ઉદ્યોગપતિ મુકેશ અંબાણીના નિવાસસ્થાન એન્ટેલિયાની સામે સ્કોર્પિયો કારમાં વિસ્ફોટક મૂક્યા બાદ તેના માલિકની હત્યા કરાઈ હતી. આ અંગે તપાસ બાદ રિપોર્ટ મળતાં પરમબીર સિંહ માસ્ટર માઈન્ડ હોવાનું પ્રકાશમાં આવ્યું હતું. આથી અમે પરમબીર સિંહની બદલી કરી હતી. અને સચિન વાઝેને સસ્પેન્ડ સુદ્ધા કર્યા હતા. ત્યાર બાદ વિપક્ષોએ આ બન્નેને એક સાથે બોલાવ્યા હતા અને અમારા પર આરોપ મૂકવાનું કહેવામાં આવ્યું હતું. ત્યાર બાદ પરમબીર સિંહે ૧૦૦ કરોડની ખંડણીનો આરોપ મૂક્યો હતો. આ આરોપ મારા પર મૂકતા મેં તત્કાલીન મુખ્યમંત્રી ઉદ્ધવ ઠાકરેને પત્ર લખીને આ કિસ્સાની ઝીણવટભરી તપાસ કરવાની માંગણી કરી હોવાનું અનિલ દેશમુખે

(અનુસંધાન છટ્ઠા પાને)

### યોગ્ય સમયે મારી પાસેની પેનડ્રાઈવ શું છે તે કહીશ : અનિલ દેશમુખ

મારી પાસે જે પેનડ્રાઈવ છે તેમાં શું છે તે યોગ્ય સમયે હું કહીશ. જો અનિલ દેશમુખે કંઈ કર્યું હોત તો મારે ૧૪ વર્ષ જેલમાં રહેવું પડ્યું હોત પણ અત્યારે મેં ૧૩ મહિના કારવાસ ભોગ્યો છે. આખા દેશમાં આવું જ થઈ રહ્યું છે. રાજકીય વિરોધીઓને પરેશાન કરવામાં આવી રહ્યા છે. રાજ્યના ભૂતપૂર્વ ગૃહ મંત્રી અનિલ દેશમુખે આરોપ લગાવ્યો છે કે સિસ્ટમનો દુરુપયોગ થઈ રહ્યો છે.

### પાંચ કલાકની ભારે જહેમત બાદ આગ પર કાબુ મેળવ્યો

# સાકીનાકામાં બે કર્મિશયલ યુનિટમાં આગ લાગી, જાનહાનિ ટળી

(પ્રતિનિધિ દ્વારા) મુંબઈ તા.૦૨

અંધેરીના સાકીનાકામાં જરીમરી વિસ્તારમાં આજે સવારે બે કોમર્શિયલ યુનિટમાં આગ ફાટી નીકળી હતી. આ ઘટનામાં કોઈ જાનહાનિ થઈ ન હતી, પરંતુ આગ લાગવાને કારણે અંધેરી- કુર્લા રોડ પર વાહનવ્યવહાર ખોરવાઈ ગયો હતો, એમ ફાયર વિભાગ અધિકારીએ કહ્યું હતું.

## આગ લાગવાને કારણે અંધેરી- કુર્લા રોડનો વાહનવ્યવહર ખોરવાયો

અંધેરી - કુર્લા રોડ પર બસ સ્ટોપ નજીક એક માળની ઈમારતમાં સવારે ૯.૪૦ વાગ્યે આગ લાગી હતી. આગ બે યુનિટમાં આશરે ૧૫૦૦૦ ચો.ફુટ વિસ્તારમાં લાગી હતી.

આ આગમાં ઈલેક્ટ્રિક વાયરિંગ, ઈલેક્ટ્રિક ઈન્સ્ટોલેશન, મશીનરી, કાગળના બંડલ, કપડાં, સિલાઈ મશીન, લાકડાના દરવાજા, બારીઓ, લાકડાના ફર્નિચર વગેરે બળીને ખાખ થઈ ગયા હતાં.

આગ લાગતા મળતી મુજબ તાત્કાલિક ત્રણ ફાયર વિભાગના બંબા, અને એમ્બ્યુલન્સ ઘટનાસ્થળે પહોંચી ગયા હતાં અને પ્રથમ બચાવ કામગીરી હાથ ધરવામાં આવી હતી, એમ અધિકારીએ વધુમાં કહ્યું હતું.

ફાયર વિભાગે ભારે જહેમત બાદ પાંચ કલાક પછી આગ પર કાબુ મેળવી લીધો હતો. આ આગ લેવલ એકની હતી. આ

(અનુસંધાન છટ્ઠા પાને)

AJAY MODI
INDIA 0 KM.
અજય મોદી સમર ધમાકા (APR TO JUN)
Ex. MUMBAI - 4* STAR HOTEL ACCOMMODATION
MEALS - SIGHTSEEING & MANY MORE
DUBAI *Only Land Package 5N Starting from 59999* P.P.
BALI 7N Starting from 69999* P.P.
PHUKET KRABI BANGKOK 7N Starting from 96999* P.P.
SINGAPORE MALAYSIA 6N Starting from 113599* P.P.
CRUISE SINGAPORE MALAYSIA 8N Starting from 148499* P.P.
SINGAPORE MALAYSIA THAILAND 11N Starting from 134599* P.P.
SOUTH AFRICA + SEYCHELLES 11N Starting from 259999* P.P.
USA *Only Land Package 12N Starting from 361999* P.P.
EUROPE 12N Starting from 334999* P.P.
KANDIVALI (W) 63596 19321